ભાવાર્થ આ પ્રમાણે છે - આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકરનો માતાની કુક્ષિમાં અવતાર થયા પછી તેમના પિતાના જ્ઞાતકુળમાં ચાંદી, સોનું, ધન, ધાન્ય, પ્રેમ, સત્કાર વગેરે વધવા લાગ્યું. તેથી પ્રભુના જન્મ પછી બારમા દિવસે માતા-પિતાએ તેમનું ગુણને અનુરૂપ એવું 'વર્ધમાન' એવું નામ રાખ્યું. એકવાર પ્રભુ આમલકી ક્રીડા માટે મિત્રોની સાથે નગરની બહાર ગયા. ત્યારે ઇન્દ્રે પોતાની સભામાં પ્રભુના ધૈર્યગુણની પ્રશંસા કરી.

તેથી કોઈક મિથ્યાદૃષ્ટિ દેવે સાપનું રૂપ કરીને અને કુમારનું રૂપ કરીને પ્રભુની પરીક્ષા કરી. તે પરીક્ષામાં પ્રભુનું સત્ત્વ ચલિત ન થયું. એ જોઈને ઇન્દ્રે પ્રભુનું 'શ્રીવીર' એવું નામ કર્યું. આઠ પ્રકારના કર્મોનો નાશ કરે તે વીર. તપથી શોભે તે વીર. તપ કરવાની શક્તિથી યુક્ત હોય તે વીર.

શ્રીવીરપ્રભુના ગૌતમગોત્રવાળા શ્રીઇન્દ્રભૂતિ વગેરે અગિયાર ગણધરો હતા. **શ્રીનન્દીસૂત્ર**માં કહ્યું છે -

'પહેલા ઇન્દ્રભૂતિ, બીજા વળી અગ્નિભૂતિ, ત્રીજા વાયુભૂતિ, પછી વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ - આ શ્રીવીરપ્રભુના અગિયાર ગણધરો છે. (૨૦, ૨૧)'

શ્રીવીરપ્રભુના અને શ્રીગૌતમસ્વામી વગેરે ગણધરોના ચરણોમાં નમસ્કાર કરીને ગ્રન્થકારે મંગલ કર્યું. સજ્જનોનો આ સિદ્ધાંત છે કે, 'કોઈ પણ કલ્યાણકારી કાર્ય કરતાં પૂર્વે મંગળ કરવું.' આ મંગળ વિઘ્નોનો વિનાશ કરે છે. તેથી વિઘ્ન વિના ગ્રન્થની સમાપ્તિ થાય છે.

'ગુરુના ગુણોની છત્રીસ છત્રીસીઓ કહીશ' - શ્લોકના આ પાછલા અર્ધભાગથી ગ્રંથકારે અભિધેય (ગ્રંથનો વિષય) કહ્યું. તેનાથી ગ્રંથમાં કહેવાનો વિષય જણાય છે. તેથી જિજ્ઞાસુઓની ગ્રંથમાં પ્રવૃત્તિ થાય છે.

પ્રયોજન અને સંબંધ તો સામર્થ્યથી જાણવા યોગ્ય છે. તેમાં ગ્રંથકારનું અનંતર પ્રયોજન પરોપકાર છે. શ્રોતાનું અનંતર પ્રયોજન ગુરુના ગુણોને જાણવાનું છે. બન્નેનું પરંપર પ્રયોજન મોક્ષની પ્રાપ્તિ છે. શ્રદ્ધાને અનુસરનારા જીવોને આશ્રયીને ગુરુપરંપરારૂપ સંબંધ જાણવો. આ ગ્રંથના પદાર્થો પહેલા શ્રીવીરપ્રભુએ પોતાની દેશનામાં કહ્યા. પછી ગુરુપરંપરાથી તે ગ્રંથકારના ગુરુ સુધી આવ્યા. તેમણે તે પદાર્થો ગ્રંથકારને કહ્યા. ગ્રંથકારે તે પદાર્થો આ કુલકમાં ગૂંથ્યા. આમ આ કુલકનું મૂળ સર્વજ્ઞ એવા તીર્થંકરભગવંતો છે. તેથી એની શ્રદ્ધા કરવી. એમાં અવિશ્વાસ ન કરવો. તર્કને અનુસરનારા જીવો માટે ઉપાય-ઉપેયભાવરૂપ સંબંધ જાણવો. આ ગ્રંથ ઉપાય છે. ગુરુના ગુણોનું જ્ઞાન તે ઉપેય છે. ઉપાયથી ઉપેયની પ્રાપ્તિ થાય છે. આ ગ્રંથથી ગુરુના ગુણોનું જ્ઞાન થાય છે.

**પ્રશ્ન** - ગુરુના ગુણો શા માટે કહેવાય છે ?

**જવાબ** - ગુણવાન ગુરુ જ પદાર્થોના સાચા સ્વરૂપને જાણે છે અને બીજાને સમજાવે છે. આમ તે પોતાને અને બીજાને તારવા સમર્થ થાય છે.

**ગુરુતત્ત્વવિનિશ્ચય**માં અને તેની **વૃત્તિ** માં કહ્યું છે -

'આચારમાં રહેનાર આચારની પ્રરૂપણામાં અશંક્ય રહે છે, એટલે કે 'આ આચારની પ્રરૂપણા શાસ્ત્ર મુજબ કરે છે કે શાસ્ત્રવિરુદ્ધ કરે છે ?' એવી શંકા બીજાઓને થતી નથી. પણ જે આચારથી ભ્રષ્ટ છે તે યથાવસ્થિત ચારિત્રની પ્રરૂપણામાં વિકલ્પિત છે, એટલે કે તે લોકોને ભગવાને જેવું ચારિત્ર કહ્યું છે તેવું જ બતાવે કે ન પણ બતાવે. (૨/૧૨૧)'

**જ્ઞાનસાર**માં અને તેની **વૃત્તિ**માં પણ કહ્યું છે -

**'ગાથાર્થ** - જ્ઞાની, ક્રિયામાં તત્પર, શાન્ત, જેણે આત્માને ભાવિત કર્યો હોય તે અને જેણે ઇન્દ્રિયોને જીતી હોય તે - આવો મુનિ સંસારસાગરથી પોતે તર્યો છે અને બીજાને તારવા સમર્થ છે.

**ટીકાર્થ** - હે આત્મન્ ! જે જ્ઞાની છે એટલે કે જેણે ગુરુના મુખેથી ભગવાને કહેલા શુદ્ધ આગમો લીધા છે તે. ક્રિયા એટલે બન્ને સમય પ્રતિક્રમણ, પડિલેહણ, નિર્દોષ ભિક્ષાચર્યા, ઉગ્ર વિહાર વગેરે. તત્પર એટલે તેમાં ઉદ્યમવાળો કે તેમાં શ્રેષ્ઠ. ક્રિયામાં તત્પર તે ક્રિયાપર. શાન્ત એટલે જેણે વિષયો અને કષાયોનો સંગ છોડી દીધો છે તે. ભાવિતાત્મા એટલે જેણે સમ્યક્ત્વ, ભાવના, ધ્યાન, શુભ ભાવ વગેરેથી મનના ઉપયોગને વાસિત કર્યો છે તે. જિતેન્દ્રિય એટલે જેણે શ્રોત્રેન્દ્રિય વગેરે પાંચે ઇન્દ્રિયો વિષયોમાંથી પાછી વાળીને પોતાના વશમાં કરી છે તે. આ પૂર્વે કહેલા બધા ગુણોવાળો મુનિ સંસારરૂપી સમુદ્રમાંથી પોતે પારને પામ્યો છે અને શરણે આવેલા બીજા ભવ્ય પ્રાણીને સંસારસમુદ્રના સામા કિનારે પહોંચાડવા એ જ સમર્થ છે. માટે તું પણ એ પ્રમાણે જ્ઞાનપૂર્વકની ક્રિયામાં તત્પર થા એમ અર્થ છે. (૯/૧)'

**સંવેગરંગશાળા**માં પણ કહ્યું છે -

'જેમ મધ અને ઘીથી સિંચાયેલ અગ્નિ શોભે છે તેમ ગુણોમાં સારી રીતે રહેલાનું વચન શોભે છે. જેમ સ્નેહ (મધ, ઘી વગેરે) વિનાનો દીવો શોભતો નથી તેમ ગુણ વિનાના ગુરુનું વચન શોભતું નથી. (૮૯૦૭)'

**માર્ગપરિશુદ્ધિ**માં પણ કહ્યું છે -

'તેથી ચારિત્રરૂપી ધનને વધારવા ગુરુકુળવાસનો આશ્રય કરવો. ગુરુ પણ ગુણવાન હોય તો નિર્મળ બુદ્ધિવાળા જીવોની પ્રશંસાને પામે છે. (૧૭)'

માટે ગુરુ ગુણવાન જ શોધવા જોઈએ. ગુરુના ગુણો અગણિત છે. છતાં પણ ગુરુના કેટલાક ગુણો જાણવા માટે ગુરુના ગુણો આ કુલકમાં કહ્યા છે. એક છત્રીશીમાં ગુરુના છત્રીશ ગુણો કહ્યા છે. આવી છત્રીશ છત્રીશીઓ આ કુલકમાં કહી છે. આમ આ કુલકમાં ગુરુના બારસોને છન્નું ગુણો બતાવ્યા છે. ગુરુના આ ગુણો જાણીને ગુરુ ઉપર બહુમાન પ્રગટ કરવું.

**પ્રશ્ન** - કેમ આટલા બધા વિસ્તારપૂર્વક ગુરુના ગુણો કહેવાય છે ?

**જવાબ** - ગુરુ સમ્યગ્જ્ઞાન આપીને જીવોને ભયંકર સંસારસમુદ્રથી પાર ઉતારે છે. તેથી ગુરુ શ્રેષ્ઠ ઉપકારી છે અને શ્રેષ્ઠ હિતચિંતક છે. તેથી ગુરુ વિનય અને બહુમાનને યોગ્ય છે.

**ઉપદેશકલ્પવલ્લી**માં કહ્યું છે -

'જે ધર્મના સ્વરૂપને કહે છે, જે મોક્ષ માટે ભોમિયા જેવા છે, જે પોતાનું અને બીજાનું હિત કરે છે તે ગૌરવને યોગ્ય એવા ગુરુ જાણવા. (૧૬૭)'

વળી **શ્રીમુનિચન્દ્રસૂરિ મહારાજે મોક્ષોપદેશપંચાશક**માં કહ્યું છે -

'ગુરુ શાસ્ત્રોના અર્થને જાણનારા હોય છે, શ્રેષ્ઠ સંગરહિતપણાને પામેલા હોય છે. ભવ્ય જીવોરૂપી કમળોને વિકસિત કરવા ગુરુ સૂર્યના મંડલ સમાન છે. (૪૬) જેના થકી ગુણોનું પાલન અને વૃદ્ધિ થાય છે તે ભવઅટવીથી રક્ષણ કરનાર એવા ગુરુ છે. (૪૭)'

**યોગશાસ્ત્ર**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'અથવા અન્ય જન્મના સંસ્કાર વિના પણ ગુરુના ચરણની સેવા કરનારા, શાંત રસ સેવનારા અને શુદ્ધમનવાળા યોગીને ગુરુની કૃપાથી આ જ ભવમાં અવશ્ય તત્ત્વનો બોધ થાય છે એટલે કે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. (૧૨/૧૪)

બન્ને રીતે ગુરુનું આલંબન લેવું અનિવાર્ય છે - એ કહે છે - તેમાં અન્ય જન્મમાં અભ્યાસ કરેલા તત્ત્વજ્ઞાનમાં ગુરુ (આ ભવમાં) સંવાદક (સંવાદ કરનાર - મેળ કરનાર) છે. ગુરુએ બતાવેલા તત્ત્વજ્ઞાનમાં તો ગુરુ બતાવનાર છે. માટે તત્ત્વજ્ઞાન માટે હંમેશા ગુરુની જ સેવા કરવી. (૧૨/૧૫)

ગુરુની જ સ્તુતિ કરે છે -

જેમ ગાઢ અંધારામાં રહેલ વસ્તુને સૂર્ય પ્રકાશિત કરે છે તેમ અહીં અજ્ઞાનના અંધારામાં

રહેલ તત્ત્વને ગુરુ પ્રકાશિત કરે છે. (૧૨/૧૬)'

**પ્રશમરતિમાં અને તેની વૃત્તિમાં કહ્યું છે -**

**'ગાથાર્થ** - જે કારણથી શાસ્ત્રોની બધી ય પ્રવૃત્તિઓ ગુરુને આધીન છે, તે કારણથી હિતને ઇચ્છનારાએ ગુરુની આરાધનામાં તત્પર થવું. (૬૯)

**ટીકાર્થ** - શાસ્ત્રોના અર્થને સમજાવે તે ગુરુ. શાસ્ત્રની પ્રવૃત્તિઓ ગુરુને આધીન છે, એટલે કે સૂત્રનો પાઠ લેવાની પ્રવૃત્તિ અને અર્થ સાંભળવાની પ્રવૃત્તિ ગુરુને આધીન છે. કાલગ્રહણ લેવું, સજ્ઝાય પઠાવવી, ઉદ્દેશ - સમુદ્દેશ - અનુજ્ઞા રૂપ પરિકરવાળી શાસ્ત્રની પ્રવૃત્તિઓ તે બધી ય શાસ્ત્રપ્રવૃત્તિઓ કહેવાય છે. તેથી ગુરુની આરાધનામાં તત્પર થવું. ગુરુની આરાધના એટલે હંમેશા એમના ચરણોની સેવા કરવી, સારી રીતે એમનું કાર્ય કરવું, મનુષ્ય-પાણી-પ્યાલો ઉપસ્થિત કરવો, દાંડો લેવો, ગુરુ જાય તો સાથે જવું, તેમણે કહેલું કાર્ય વિચાર્યા વિના કરવું વગેરેથી તેમને પોતાની સન્મુખ કરવા. તત્પર થવું એટલે તેમાં ઉપયોગવાળા થવું. (૬૯)

ગુરુ ઉપદેશ આપે ત્યારે 'હું પુણ્યશાળી છું કે ગુરુએ મારી ઉપર કૃપા કરી, ગુરુ મને બહુ માને છે' એવું સૂચિત થાય છે પણ 'હું ગુરુના ધિક્કારને પાત્ર છું' એમ સૂચિત થતું નથી એ બતાવે છે -

**ગાથાર્થ** - અહિતના આચરણરૂપી ગરમીને શાંત કરનાર, ગુરુના મુખરૂપી મલય-પર્વતમાંથી નીકળેલ, વચન રૂપી સરસ ચંદનનો સ્પર્શ (પાઠાંતરમાં વચન રૂપી પાણીવાળા ચંદનનો સ્પર્શ) ધન્ય જીવની ઉપર પડે છે. (૭૦)

**ટીકાર્થ** - જ્ઞાન વગેરે ધનને પામે તે ધન્ય એટલે પુણ્યશાળી. તેની ઉપર વચનરૂપી સરસચંદનનો સ્પર્શ પડે છે. તે કેવો છે ? અહિત એટલે સૂત્રવિરુદ્ધ. આચરણ એટલે કરવું. ગરમી એટલે તાપ. ઠારનાર એટલે દૂર કરનાર. તે વચન સૂત્રવિરુદ્ધ કરવારૂપી તાપને દૂર કરનાર છે. ગુરુ એટલે આચાર્ય. તે વચન તેમના મુખરૂપી મલયપર્વતમાંથી નીકળેલ છે. તે વચન સ્નેહથી યુક્ત હિતના ઉપદેશવાળુ હોવાથી સરસ છે. સ્પર્શ એટલે ગરમી દૂર કરવા સમર્થ ઠંડો સ્પર્શ. તે વચન સરસ ચંદનના ઠંડા સ્પર્શ સમાન છે. મલયપર્વતના પક્ષમાં સરસચંદન એટલે ભીનું નવું છેદેલું ચંદન. તેનો સ્પર્શ અવશ્ય ગરમીને દૂર કરે છે. અથવા વચનરૂપી રસચંદનનો સ્પર્શ એવા પાઠાંતરમાં રસચંદન એટલે પાણીવાળુ ચંદન. (૭૦)

આ પ્રમાણે હિતનો ઉપદેશ આપીને શિષ્યો પર ઉપકાર કરનારા આચાર્યનો શિષ્યે શી

રીતે બદલો વાળવો - એ કહે છે -

**ગાથાર્થ** - આ લોકમાં માતા-પિતા, માલિક અને ગુરુ - આ ત્રણના ઉપકારનો બદલો વાળવો મુશ્કેલ છે. તેમાં ગુરુના ઉપકારનો બદલો વાળવો તો આ ભવમાં અને પરભવમાં ખૂબ મુશ્કેલ છે. (૭૧)

**ટીકાર્થ** - દુષ્પ્રતિકાર એટલે જેનો પ્રતિકાર (બદલો વાળવો) દુઃખેથી થઈ શકે તે. માતા-પિતાના ઉપકારોનો બદલો વાળવો તો મુશ્કેલ છે. જન્મેલા સંતાનને માતા માલીશ, સ્નાન, સ્તનનું દૂધ પીવડાવવું, મૂત્ર વગેરે ગંદકી ધોવી વગેરે ઉપકારો વડે મોટો કરે છે. પૂર્વે નહીં જોયેલા અને જેણે પહેલા ઉપકાર નથી કર્યો એવા સંતાનની ઉપર માતા નાસ્તા વગેરેના સમયે ભોજન આપીને ઉપકાર કરે છે. તેણીના ઉપકારનો બદલો વાળી શકાતો નથી. પિતા પણ હિતનો ઉપદેશ આપે છે, ભણાવે છે, ભોજન આપે છે, પહેરવાના કપડા આપે છે. આવા ઉપકારો કરનારા તેમના ઉપકારનો બદલો પણ મુશ્કેલીથી વળે છે. માલિક એટલે રાજા વગેરે. તે પાણી આપનારા સરોવરો વગેરે બંધાવીને નોકરો પર ઉપકાર કરે છે. નોકરો તે ઉપકારનો બદલો વાળવા સમર્થ નથી. જો નોકરો પ્રાણના ભોગે માલિકને બહુ કિંમતી લક્ષ્મી લાવી આપે તો પણ તેમણે તો માલિકના ઉપકારનો બદલો વાળવા તે કર્યું છે, જ્યારે માલિકે તો કોઈ ઉપકાર વિના જ નોકરો પર ઉપકાર કર્યો હતો. ગુરુ એટલે આચાર્ય વગેરે. તેઓ સાચા માર્ગનો ઉપદેશ આપનારા છે, શાસ્ત્રોના અર્થો સમજાવનારા છે અને સંસારસાગરથી પાર ઉતારવામાં કારણભૂત છે. તેથી આલોકમાં અને પરલોકમાં તેમના ઉપકારનો બદલો વાળવો ખૂબ જ મુશ્કેલ છે. (૭૧)'

**શ્રીમુક્તિવિમલગણિ** વિરચિત **ઉપદેશપ્રદીપ**માં કહ્યું છે -

'જેમ નોકરો વિના રાજાનું કામ બરાબર થતું નથી તેમ લોકમાં ગુરુ વિના જ્ઞાન ક્યારેય થતું નથી. (૩૪૯) જેમ ગાઢ અંધારામાં રહેલ વસ્તુને દીવો પ્રકાશિત કરે છે તેમ પદાર્થોના સ્વરૂપને ગુરુ સમજાવે છે. (૩૫૦) જે કોઈની હિંસા કરતાં નથી, ખોટું બોલતાં નથી, ચોરી કરતાં નથી, સ્ત્રીનો ભોગ કરતાં નથી તે ગુણોથી ભારે એવા ગુરુ કહેવાય છે. (૩૫૧) ગુરુને દોષોની ઈચ્છા ન હોય. તે દંભી ન હોય. તે સોના વગેરેનો સંગ્રહ ન કરે. તે વેપાર ન કરે. તે દુરાચાર ન સેવે. તેમને રાત્રિભોજન પ્રિય ન હોય. (૩૫૨) ગુરુ અનાજ વગેરેનો સંગ્રહ ન કરે, બીજાના નુકસાનને ન વિચારે, પાંચ વિષયોમાં આસક્ત ન થાય, બીજાના છિદ્રો ન જુવે. (૩૫૩) ગુરુ સર્વ રીતે ત્યાગ કરવાના સ્વભાવાળા હોય અને સર્વ રીતે બ્રહ્મચર્યનું પાલન કરનારા હોય. આવા સંસારથી તારનારા સદ્ગુરુની સારી રીતે સેવા કરવી

જોઈએ. (૩૫૪) ગુરુ પિતા છે. ગુરુ માતા છે. ગુરુ ભાઈ છે. ગુરુ સહાયક છે. ગુરુ મિત્ર છે. સંસારસાગરથી તારનારા ગુરુની જ હંમેશા સેવા કરવી જોઈએ. (૩૫૫) જેમ પારસમણિના સંસર્ગથી લોઢું સોનું બની જાય છે તેમ ગુરુની સુંદર દૃષ્ટિથી મૂઢ પણ વિદ્વાનોની સભામાં બોલે છે અને મુગટની જેમ મસ્તકે ધારણ કરાય છે. (૩૫૬) સંસાર કઠણ લાગે છે. કાર્યો પણ તેવા (કઠણ) લાગે છે. આ લોકો વિશેષ અજ્ઞાનથી મોહ પામેલા અને મંદબુદ્ધિવાળા છે. (૩૫૭) વસ્તુના ગુણોને સમજાવતાં સદ્‌ગુરુ જ્ઞાનરૂપી દીપક વડે જડતાની પરંપરાનો નાશ કરીને આ જીવોને સન્માર્ગે લઈ જાય છે. (૩૫૮) જેમના ચરણનો હંમેશા આશ્રય કરીને ઘણા ભવ્ય જીવો સન્માર્ગે જાય છે, જશે અને ગયા તે ગુરુ વિશ્વને વ્હાલા છે. (૩૫૯) એક અક્ષરનું જ્ઞાન આપનાર પણ સન્માર્ગની બુદ્ધિ આપનાર છે. એને ગુરુ જ સમજવા. એમના વિના એની (જ્ઞાન લેનારની) સિદ્ધિ નથી. (૩૬૦)'

**મહોપાધ્યાયશ્રીમેઘવિજયજી**વિરચિત-**અર્હદ્‌ગીતા**માં પણ કહ્યું છે -

'ગુરુ આંખ છે. ગુરુ દીવો છે. ગુરુ સૂર્ય-ચંદ્ર છે. ગુરુ દેવ છે. ગુરુ માર્ગ છે. ગુરુ દિશા છે. ગુરુ સદ્‌ગતિ છે. (૧૫) શાસ્ત્રમાં સૂર્ય અને ચંદ્ર કરતા ગુરુનું પદ ઊંચું કહ્યું છે, કેમકે ગુરુના સંપૂર્ણ પ્રભાવથી અવશ્ય મોક્ષનો યોગ થાય છે. (૧૭) દુઃખેથી તરી શકાય એવા સમુદ્રમાં ગુણોથી યુક્ત, સાક્ષાત્ પારને પામેલા, સફેદ વસ્ત્રોને ધારણ કરનારા એવા ગુરુ વહાણની જેમ તારનારા છે. (૨૦) ગુરુના યોગથી બન્ને રીતે અક્ષરપદની (અક્ષરપદ = જ્ઞાન, અક્ષરપદ = મોક્ષ) પ્રાપ્તિ થાય છે. પૃથ્વીતલ ઉપર ગુરુના સ્વરૂપમાં સાક્ષાત્ પરમેશ્વર અવતર્યા છે. (૨૧)'

**ઉપાધ્યાયશ્રીવિનયસાગરજી**વિરચિત-**હિંગુલપ્રકરણ**માં પણ કહ્યું છે -

'જે ગુરુએ લોઢા જેવા પણ માણસને સોનાના મુગટ જેવો બનાવ્યો તે ગુરુના ઉપકારનો બદલો વાળવો અશક્ય છે. (૧૭૩) ગુરુ સંસારરૂપી સમુદ્રથી તારવા માટે સાચા વહાણ સમાન છે. જેમકે, કેશી ગણધર પ્રદેશી રાજાને તારનારા થયા. (૧૭૪) ઘરના અગ્નિ, ચંદ્ર અને સૂર્ય કરતા વધુ તેજસ્વી ગુરુરૂપી જ્યોતિ છે કે જેમણે મને તેજના પુંજ જેવો બનાવ્યો. (૧૭૫) થાંભલો ઘરનો આધાર છે, લાકડી ઘરડાનો આધાર છે, ભોજન શરીરનો આધાર છે, ગુરુ ભવ્યજીવોનો આધાર છે. (૧૭૬)'

**મહોપાધ્યાયશ્રીયશોવિજયજી**વિરચિત-**માર્ગપરિશુદ્ધિ**માં પણ કહ્યું છે -

'માટે ગુરુને પરતંત્ર એવા માષતુષ મુનિ વગેરેને મોક્ષપુરુષાર્થની સિદ્ધિ થઈ. જેમ

સ્ફટિકમાં ફુલના રૂપનું પ્રતિબિંબ પડે છે તેમ ગુરુને પરતંત્ર જીવમાં ગુરુના જ્ઞાનનું પ્રતિબિંબ પડે છે. (૧૨) જેમ ધનવાન ઐશ્વર્યને વધારવા માટે રાજાની સેવા કરે છે તેમ માંડલીમાં પ્રવેશ થયા પછી શિષ્ય ચારિત્રધનને વધારવા માટે અને 'ગુરુની સેવા એ પ્રભુની આજ્ઞા છે' એવા સમ્યગ્દર્શનની પ્રીતિથી વિનય વધારવાપૂર્વક ગુરુની સેવા કરે. ગુરુસેવાથી જ ગૌતમસ્વામીની જેમ જ્ઞાન વગેરેની શુદ્ધિ થાય છે. (૧૧૩) ગુરુની સેવાના અભ્યાસવાળા સુશિષ્યોને આ ભવમાં અને પરભવમાં શુભનો અનુબંધ થાય છે. ગુરુનો પરિવાર તે ગચ્છ. તેમાં રહેવાથી પુષ્કળ નિર્જરા થાય છે. (૧૧૪)'

**શ્રીહરિભદ્રસૂરિજી**વિરચિત-**ષોડશકપ્રકરણ**માં અને **મહોપાધ્યાયશ્રીયશોવિજયજી** રચિત તેની **વૃત્તિ**માં પણ કહ્યું છે -

**'ગાથાર્થ** - ગુરુની પરાધીનતા જ તેમના બહુમાનને લીધે સારા ભાવથી યુક્ત એવું પરમાત્માની પ્રાપ્તિનું આ જગતમાં બીજ છે અને તેનાથી મોક્ષ થાય છે. (૨/૧૦)

**ટીકાર્થ** - ગુરુની પરાધીનતા એટલે ગુરુની આજ્ઞામાં રહેવાપણું. ગુરુનું બહુમાન એટલે ગુરુ સંબંધી અંદરની વિશેષ પ્રીતિ. શુભ ભાવ એટલે 'આ ગુરુ મારા સંસારના ક્ષયમાં કારણ છે' એવો સારો ભાવ. પરમગુરુની પ્રાપ્તિ એટલે સર્વજ્ઞનું દર્શન. ગુરુની પરાધીનતા જ તેમના પ્રત્યેના બહુમાનને લીધે, માત્ર વેઠ સમજીને નહીં, શુભ ભાવથી, નહીં કે જાતિ વગેરેના સમાન સંબંધના જ્ઞાનથી, યુક્ત એવું પરમગુરુની પ્રાપ્તિનું આ જગતમાં બીજ છે. ગુરુબહુમાનથી તેવા પ્રકારનું પુણ્ય પેદા થવાથી સર્વજ્ઞનું દર્શન થાય છે અને તે કારણથી મોક્ષ થાય છે. માટે સાધુએ ગુરુની પરાધીનતા અવશ્ય સ્વીકારવી. આમ અધ્યાહાર સહિત વ્યાખ્યા કરવી. (૨/૧૦)'

**યોગદૃષ્ટિસમુચ્ચય**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'ગુરુભક્તિના સામર્થ્યથી અર્થાત્ તેનાથી ઉપાર્જિત પુણ્યકર્મના ઉદયથી ભગવાનનું દર્શન કરવાનું ઈષ્ટ છે. તે કેવી રીતે ? સમાપત્તિ આદિના પ્રકારથી. સમાપત્તિ એટલે ધ્યાનથી સ્પર્શના. આદિ શબ્દથી (૧) તીર્થંકરનામકર્મના બંધનો ઉદય અને (૨) પરમાત્મભાવની પ્રાપ્તિની સુઘટિતતાનું ગ્રહણ છે. એની જ વિશેષતા બતાવે છે - તે ભગવાનનું દર્શન મોક્ષનું અમોઘ (નિષ્ફળ ન જાય એવું) કારણ છે. (૬૪)'

**ધર્મરત્નકરંડક**માં કહ્યું છે -

'ધન્ય જીવોના મનમાં હંમેશા સંસારસમુદ્રથી તારનારી અને દુઃખોને દૂર કરનારી દૃઢ નાવડી જેવી ગુરુભક્તિ વસે છે. (૭૭) પહેલા અને છેલ્લા તીર્થંકરોને જંગલમાં જે

તીર્થંકરનામકર્મનું બીજ મળ્યું તેમાં ગુરુભક્તિ કારણ છે. (૭૯) પાપથી હણાયેલી બુદ્ધિવાળા જેમના મનમાં ગુરુભક્તિ રહેલી નથી તેમનામાં શ્રેષ્ઠ સમ્યગ્દર્શન ક્યાંથી હોય ? (૮૦) ગુરુ ધર્મમાર્ગનો ઉપદેશ આપનારા છે અને સંસારસાગરથી પાર ઉતારવા સેતુ (પુલ) સમા છે. આ ગુરુનો ગૌરવ કરવો જોઈએ, તેમને માનવા જોઈએ અને પ્રયત્નપૂર્વક તેમની સેવા કરવી જોઈએ. (૮૭) જેમના મનમાં હંમેશા મોટી એવી ગુરુભક્તિ હોય છે તેમનો અહીં જન્મ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી થયો કહેવાય છે. (૯૪) જેઓ ગુરુ પ્રત્યે ઉદાસીન હોય એટલે કે તેમની ભક્તિ વગેરે ન કરતા હોય અને છતાં તેમના ઋદ્ધિ વગેરે દેખાતાં હોય તેમનો જન્મ પાપાનુબંધી પુણ્યના ઉદયથી થયો કહેવાય છે. (૯૫) જેમના મનમાં ગુરુ ઉપર ઘણી અભક્તિ હોય એટલે કે આશાતના, અવજ્ઞા વગેરે હોય તેમનો જન્મ પાપાનુબંધી પાપથી થયો છે એમ જણાય છે. (૯૬) ગુરુભક્તિ માટે જેઓ એમ કહે છે કે, 'અમે પહેલા ઘણી ગુરુભક્તિ કરી છે ને હવે અમારે ગુરુભક્તિ કરવાની જરૂર નથી.' અથવા 'હમણા અમે બહુ કામમાં છીએ, એટલે ગુરુભક્તિ કરવાનો અમારી પાસે સમય નથી, અમે ભવિષ્યમાં ગુરુભક્તિ કરીશું.' તેઓ ખરેખર કાળરાત્રી (મરણની રાત) તે જગતમાં પ્રસિદ્ધ છે તેને ભૂલી ગયા છે કે જેનો આવવાનો સમય જણાતો નથી અને જેમાં બધા કાર્યો એક ક્ષણમાં પૂરા થઈ જાય છે. (૯૭, ૯૮) હે લોકો ! બહુ વિચાર કરવાથી શું ? જો સુખ જોઈતું હોય તો બધા કદાગ્રહો છોડીને ગુરુભક્તિ કરો. (૯૯)'

**શ્રીસૂરાચાર્ય**વિરચિત-**દાનાદિપ્રકરણ**માં કહ્યું છે -

'વ્યાખ્યાન સિવાયના કાળમાં પણ એમના (ગુરુના) ચિત્તને જે ન ગમે તેને હિતને ઇચ્છનાર મનુષ્ય અપથ્યની જેમ દૂરથી વર્જે. (૨/૪૧) શિષ્ય જાણે કે ગુરુના મનમાં પ્રવેશી ગયો હોય તેમ બધી બાબતોમાં ગુરુના ચિત્તને અનુસારે પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરે, ગુરુનું હિત કરે, ગુરુને પ્રિય કરે. (૨/૪૨) શિષ્ય જેવો પહેલા હોય તેવો પછી હોય, જેવો આગળ હોય તેવો પાછળ હોય. આમ કપટવૃત્તિ વિનાનો શિષ્ય ગુરુના મનને હંમેશા સુખી કરે. (૨/૪૩) આમ પ્રયત્નપૂર્વક ગુરુજનની ભક્તિથી આરાધના કરીને શિષ્યો નિર્મળ મનવાળા થાય છે, ધન્યવાદને પાત્ર બને છે, લોકોમાં માન્ય બને છે, બુદ્ધિશાળી બને છે, ખૂબ મોટા એવા શ્રુતસમુદ્રના પારને પામીને સુખી થયેલા તેઓ તરત શ્રેષ્ઠ સંપત્તિના પદને (મોક્ષને) પામે છે. (૨/૪૪) જેમ જગતમાં શ્રેષ્ઠ એવા જિનેશ્વર ભગવાનને બીજા મનુષ્યોની સાથે સરખાવી ન શકાય તેમ આ જગતમાં ગુરુના ઉપકારને બીજા ઉપકારોની સાથે સરખાવી ન શકાય. (૨/૪૬) મનુષ્યો સેંકડો ભવોમાં પણ ગુરુના ઋણમાંથી છૂટી શકતાં નથી, સિવાય કે તેમણે આપેલા ગુણોનું તેમને દાન કરવામાં આવે. તે ગુણો તો તેમની પાસે છે જ. (૨/૪૭) તેથી પુણ્યશાળી જીવ હંમેશા કૃતજ્ઞભાવે

ગુરુના ચરણકમળની સેવા કરે. તેથી તેને પદ, મોટી સંપત્તિ, બીજું ઇચ્છિત, હિતકારી વસ્તુ, સુંદર વસ્તુ અને યશ મળે છે. (૨/૪૮)'

**શ્રીજયશેખરસૂરિજી**વિરચિત-**પ્રબોધચિંતામણિ**માં કહ્યું છે -

'જેઓ ગુરુના ઉપદેશની બહાર છે, સ્વચ્છંદ આચારવાળા છે, અંકુશ વિનાના છે તેઓ વેષથી ઢંકાયેલા ઘેટા જેવા છે. તેમનો જન્મ નકામો છે. (૪/૨૫૬)'

**પંડિતસુમતિવિજયગણિ**રચિત-**ઉપદેશકલ્પવલ્લી**માં કહ્યું છે -

'ગુરુની આજ્ઞાને મુગટરૂપે ધારણ કરનારો, ગુરુના વચનને કુંડલરૂપે ધારણ કરનારો અને ગુરુની ભક્તિને હારરૂપે ધારણ કરનારો સુશિષ્ય ખૂબ શોભે છે. (૧૭૭)'

**મહોપાધ્યાયશ્રીયશોવિજયજી**વિરચિત-**અધ્યાત્મસાર**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - ગુરુની આજ્ઞાની પરાધીનતા વડે દ્રવ્યથી દીક્ષા લેવા છતાં પણ વીર્યોલ્લાસના ક્રમે ઘણા પરમપદને પામ્યા. (૨/૨૭)

**ટીકાર્થ** - ગુરુ એટલે અધિકજ્ઞાનવાળા પૂજ્યો. આજ્ઞા એટલે આદેશને પરાધીનપણું એટલે વશમાં રહેવાપણું. દ્રવ્યથી દીક્ષા લેવી એટલે છઠ્ઠા ગુણઠાણાના ભાવ પામ્યા વિના રજોહરણ વગેરે સાધુનું લિંગ ધારણ કરવું. વીર્ય એટલે અંદરની રુચિ. ઉલ્લાસ એટલે ક્રિયામાં કે પરાક્રમની વૃદ્ધિ. ક્રમ એટલે ઉત્તરોત્તર શુદ્ધિને પામવી. પરમપદ એટલે અતિશય ઉત્કૃષ્ટ આનંદરૂપ મોક્ષ. ગુરુના આદેશના વશમાં રહેવા વડે દ્રવ્યથી દીક્ષા લઈને અંદરની રુચિની વૃદ્ધિથી ઉત્તરોત્તર શુદ્ધિને પામીને ઘણા ભવ્ય જીવો મોક્ષે ગયા છે અને મહાવિદેહક્ષેત્ર વગેરેમાં જાય છે. (૨/૨૭)'

**મહોપાધ્યાયશ્રીયશોવિજયજી**વિરચિત-**યતિલક્ષણસમુચ્ચય**માં કહ્યું છે -

'ગુણોમાં રક્ત મુનિ ગુરુની આજ્ઞાની અવશ્ય આરાધના કરે, કેમકે ઘણા ગુણરત્નોના ભંડાર સમા તેમના (ગુરુના) થકી કોઈ પણ અધિક નથી. (૧૩૬) ત્રણના ઉપકારનો બદલો મુશ્કેલીથી વળે છે - માતાપિતાના, માલિકના અને ધર્માચાર્યના. ગુરુના ઉપકારનો બદલો વિશેષે કરીને મુશ્કેલીથી વળે તેવો છે. (૧૩૭) ગુરુની આજ્ઞાનો ત્યાગ કરવા પર સ્વચ્છંદ રીતે વિહાર કરનારાઓને ભગવાનની આજ્ઞાનું પાલન અવશ્ય થતું નથી, કેમકે હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે - 'ગુરુનો ત્યાગ કરવા પર ખરેખર ભગવાનની આજ્ઞાનો ત્યાગ કર્યો છે, અને ભગવાનની આજ્ઞાનો ત્યાગ કરવા પર બન્ને ય લોકો (આલોક અને પરલોક)નો ત્યાગ થાય છે.' (૧૪૩, ૧૪૪)'

**શ્રીરત્નસિંહસૂરિવિરચિત-ધર્માચાર્યબહુમાનકુલકમાં કહ્યું છે -**

'જ્ઞાન વગેરેથી યુક્ત એવા ગુરુઓ સંપૂર્ણ લોકમાં પૂજ્ય છે. શિષ્યો માટે તો ગુરુ નજીકના ઉપકારી છે. માટે પોતાના શિષ્યો માટે નજીકના ઉપકારના કારણોને લીધે તો શું કહેવું ? અર્થાત્ પોતાના શિષ્યો માટે તો ગુરુ અવશ્ય પૂજ્ય છે. (૨) કદાચ શિષ્ય મોટા ગુણો વડે ગુરુ કરતાં ચઢિયાતો હોય તો પણ શિષ્યોએ તે ગુરુની આજ્ઞા મસ્તકે ધારણ કરવી. (૩) જો ગુરુ તીવ્ર દંડ કરે, નાના પણ અવિનયમાં ગુસ્સે થાય, કર્કશ વાણીથી પ્રેરણા કરે, કદાચ લાકડીથી મારે, અલ્પજ્ઞાનવાળા હોય, સુખશીલીયા હોય, થોડા પ્રમાદી પણ હોય તો પણ શિષ્યો તે ગુરુને દેવતાની જેમ પૂજે છે. (૪, ૫) તે જ શિષ્ય ખરો શિષ્ય છે જે ગુરુજનના ઇંગિત (હાવભાવ) પરથી તેમના મનને જાણીને હંમેશા તેમનું કાર્ય કરે છે, બાકીના વચનનું પાલન કરનારા તો નોકર છે. (૬) જેના હૃદયમાં ગુરુ પ્રત્યેની ભક્તિ વજ્રની રેખાની જેમ વસતી નથી, માત્ર વિટંબણા રૂપ (નાટક રૂપ) તેના જીવનથી શું ફાયદો ? અર્થાત્ તેનું જીવન નકામું છે. (૭) જે ગુરુની સામે કે તેમની પીઠ પાછળ તેમની નિંદા કરે છે તેને તો બીજા ભવમાં પણ ભગવાનનું વચન દુર્લભ બને છે. (૮) આ સંસારમાં શિષ્યોને જે કોઈ ઋદ્ધિઓ મળે છે તે સ્પષ્ટ રીતે ગુરુભક્તિરૂપી વૃક્ષના પુષ્પો સમાન છે. (૯) પાણી આપનારના ઉપકારનો બદલો પણ વાળી શકાતો નથી, તો જે સંસારસાગરથી તારે છે તે શુભગુરુના ઉપકારનો બદલો તો શી રીતે વાળી શકાય ? અર્થાત્ ન વાળી શકાય (૧૦) આ જ શ્રેષ્ઠ કળા છે, આ ધર્મ છે અને આ શ્રેષ્ઠ તત્ત્વ છે કે શિષ્યો ગુરુના મનને અનુકૂળ વર્તન કરે છે. (૧૩) ગુરુનું વચન યોગ્ય જ હોય, અથવા નસીબજોગે અયોગ્ય હોય તો પણ એ તીર્થ છે, જે થશે તે પણ કલ્યાણ થશે. (૧૪) ફાંસીની સજા પામેલા ચોરને શણગારવા જેવી તે ઋદ્ધિથી શું ફાયદો કે જેને શિષ્યો ગુરુના મનને અવગણીને કોઈ પણ રીતે ઇચ્છે છે ? અર્થાત્ કંઈ ફાયદો નથી. (૧૫) ખંજવાળવું, થૂંકવું, શ્વાસોચ્છ્વાસ લેવા વગેરે અતિશય નાના કે વારંવાર કરવા પડે તેવા કાર્યની બહુવેલના આદેશથી રજા લઈને બાકીના દરેક કાર્યની અલગથી રજા લેવી જોઈએ. (૧૬) એક કાર્યની રજા લઈને બીજા બે-ત્રણ કાર્યો ન કરવા. નાના કાર્યોમાં પણ સારા સાધુઓની આ મર્યાદા હોય છે. (૧૭) મોટું પણ કાર્ય કરીને ગુરુને કહેતાં નથી, ગુરુ પૂછે તો પણ છૂપાવે છે. જે આવા ચરિત્રવાળા છે તેમને ગુરુકુળવાસથી શું ફાયદો છે ? અર્થાત્ કંઈ ફાયદો નથી. (૧૮) કોઈ કારણને લીધે શિષ્યોનું યોગ્ય-અયોગ્ય સ્વરૂપ જાણીને ગુરુઓ શિષ્યોને વિષે ઓછા-વત્તા સન્માન વગેરે બતાવે છે. (૧૯) આ હંમેશા પણ માર્ગ છે કે શિષ્યો એકસ્વભાવવાળા હોતા નથી. આ હકીકતને જાણીને ગુરુને વિષે ખેદ ન કરવો. (૨૦) વળી આવું ન વિચારતાં કે, 'અમને ગુરુમાં કંઈ વિશેષતા દેખાતી નથી. ગુરુ તો રાગી છે, મૂઢ છે અને અસમર્થ છે. એમાં અમે

શું કરીએ ?' (૨૧) એક રત્નની પરીક્ષા કરનારાને છોડીને બધા ય ગામડીયા મળીને સમાન તેજવાળા અને રંગવાળા રત્નોના ભેદને શું જાણે છે ? અર્થાત્ જાણતાં નથી. (૨૨) આ વાતને જાણનારા શિષ્યો જ પરલોકને સાધે છે. બાકીના પેટ ભરીને પૃથ્વીતલ પર સમય પસાર કરે છે. (૨૩) એમ પણ ન કહો કે જેઓ મધ્યસ્થ થઈને વસ્તુના સાચા સ્વરૂપને વિચારે છે તેવા ગુરુ દેખાતાં નથી. (૨૪) સમયને અનુસારે જે ગુરુ છે તેમની ગૌતમસ્વામીની જેમ સેવા કરવી. જો મોક્ષ સાધવા ઇચ્છતા હો તો ખરાબ વિચારો ન કરો. (૨૫) કેટલાક વક્ર અને જડ શિષ્યો કંઈપણ અણઘટતું વિચારે છે. છતાં પણ પોતાના કર્મોને દોષ દેવો, ગુરુને નહીં. (૨૬) ગુરુભક્તિવાળાને ચક્રવર્તીપણું, ઇન્દ્રપણું, ગણધર પદ-અરિહંત પદ વગેરે સુંદર પદ અને મનમાં ઇચ્છેલું બીજું પણ મળે છે. (૨૭) ગુરુની આરાધના સિવાય આ જગતમાં બીજું કોઈ અમૃત નથી. તેમની વિરાધના સિવાય બીજું ઝેર નથી. (૨૮) આ સાંભળીને પણ જેના હૃદયમાં નિર્મળ ગુરુભક્તિ પ્રગટ થતી નથી તેના માટે ભવિતવ્યતા પ્રમાણ છે, તેને બીજું શું કહીએ ? (૨૯) પરલોકની લાલસાથી કે માત્ર આ લોકને યાદ કરીને, હૃદયથી કે દબાણથી, કોઈ પણ રીતે આ જગતમાં જે શિષ્યે પોતાના ગુરુના મનરૂપી કમળમાં પોતાના આત્માને ભમરાની જેમ સ્થાપ્યો નહીં તેના જીવન, જન્મ અને દીક્ષાથી શું લાભ છે ? અર્થાત્ કંઈ લાભ નથી. (૩૧, ૩૨) ગુરુની આજ્ઞા પર 'આ યોગ્ય છે કે અયોગ્ય છે ?' એવો વિચાર કરવો યોગ્ય નથી. નસીબજોગે કદાચ અનિષ્ટ થશે તો પણ કલ્યાણ થશે. (૩૩)'

**મહોપાધ્યાયશ્રીવિનયવિજયજી**વિરચિત **લોકપ્રકાશ**માં કહ્યું છે -

'ગુરુજનના વિનયથી થયેલી આલોક અને પરલોકને સફળ કરનારી, ધર્મ, અર્થ, કામ તથા શાસ્ત્રાર્થને વિષે તીવ્રતાવાળી બુદ્ધિ 'વૈનયિકી' કહેવાય છે. (૩/૭૨૬) ગુરુ વગેરે પ્રત્યેના ભક્તિભાવથી, દયાથી તથા કષાયોનો પરાજય કરવાથી દૃઢધર્મી દાતા પુરુષ, સાતાવેદનીય કર્મ બાંધે છે. (૧૦/૨૫૪) ગુરુ વગેરેની ભક્તિ વિનાનો, કષાયથી કલુષિત ભાવવાળો, કંજુસ જીવ અસાતાવેદનીય કર્મ બાંધે છે. (૧૦/૨૫૫) ગુરુ એટલે ધર્મનો ઉપદેશ આપનાર....(૩૦/૪)' —

**મહોપાધ્યાયશ્રીયશોવિજયજી**વિરચિત **ધર્મપરીક્ષા**માં અને તેની **સ્વોપજ્ઞ વૃત્તિ**માં કહ્યું છે -

'ગુરુઓ સુવર્ણસમાન છે એ વાતની ભાવના કરતા ગ્રન્થકાર કહે છે -

**ગાથાર્થ-ટીકાર્થ - દશવૈકાલિક** વગેરે શાસ્ત્રોમાં સાધુના જે ગુણો કહ્યા છે તે ગુણોથી યુક્ત ગુરુ સુવર્ણસમાન કહેવાયા છે. તેથી તે ગુરુમાં હમણાં આગળ કહેવાનાર વિષઘાતી વગેરે

રૂપ સુવર્ણગુણોને કહે છે. (૮૯)

આ બાબતમાં સુવર્ણના આઠ ગુણોનું પ્રતિપાદન કરવા અને ભાવસાધુરૂપ ગુરુમાં તેને ઘટાવવા માટે પૂર્વાચાર્ય (શ્રી હરિભદ્રસૂરિ મ.)ની ત્રણ ગાથાઓને ગ્રન્થકાર કહે છે -

**ગાથાર્થ** - સુવર્ણના આ આઠ અસાધારણ ધર્મરૂપ ગુણો હોય છે - વિષઘાતી, રસાયણ, મંગલાર્થ, વિનીત, પ્રદક્ષિણાવર્ત્ત, ગુરુ, અદાહ્ય અને અકુત્સ્ય (૯૦)

**ટીકાર્થ** - સુવર્ણના આઠ અસાધારણ ધર્મો - (૧) **વિષઘાતી** - સોનું ઝેરના દોષને હણી નાખવાના સ્વભાવવાળું હોય છે. (૨) **રસાયણ** - સોનું ઉંમરની અસરોને અટકાવનાર છે. (૩) **મંગલાર્થ** - સોનું મંગલનું પ્રયોજન સારે છે. (૪) **વિનીત** - જેમ વિનીત બાળકને જેવો ઘડવો હોય તેવો ઘડી શકાય છે તેમ સુવર્ણ પણ કડા, બાજુબંધ વગેરે રૂપે જેવું ઘડવું હોય તેવું ઘડી શકાય એવું હોય છે. (૫) **પ્રદક્ષિણાવર્ત** - સોનાને અત્યંત તપાવવામાં આવે તો તે પ્રદક્ષિણાવર્ત ફરે છે. (૬) **ગુરુક** - સોનું હલકું = તુચ્છ હોતું નથી. (૭) **અદાહ્ય** - સોનું અગ્નિથી બળતું નથી અને (૮) **અકુત્સ્ય** - સોનું કોહવાયેલી ગંધ વિનાનું હોઈ દુર્ગંછા કરવા યોગ્ય હોતું નથી. (૯૦)

આને સમાન ગુરુના આઠ ગુણોને ગ્રન્થકાર જણાવે છે -

**ગાથાર્થ - ટીકાર્થ** - સુવર્ણની જેમ ગુરુ પણ (૧) વિવેકરૂપી ચૈતન્યને દૂર કરનાર મોહરૂપી વિષને મોક્ષમાર્ગની પ્રરૂપણાથી હણે છે માટે **વિષઘાતી** છે. તથા (૨) ગુરુ મોક્ષમાર્ગના ઉપદેશ દ્વારા જ જેમાં ઘડપણ અને મરણ નથી એવી રક્ષાના કારણરૂપ હોઈ રસાયણની જેમ રસાયણ છે. તથા (૩) ગુરુ સ્વગુણોના પ્રભાવે **મંગલાર્થ** હોય છે, અર્થાત્ મંગલ જેમ પાપનો ઉપશમ કરે છે તેમ ગુરુ પણ પાપને ઉપશમાવે છે. તેમજ (૪) ગુરુ યોગ્યતાના કારણે સ્વભાવથી જ **વિનીત** હોય છે, એટલે કે વિનયવાળા હોય છે. (૯૧)

તથા-

**ગાથાર્થ - ટીકાર્થ** - (૫) ગુરુ સર્વત્ર જે માર્ગાનુસારિપણું જાળવે છે એ જ તેનું **પ્રદક્ષિણાવર્તત્વ** છે. (૬) ગુરુ તુચ્છતા-ક્ષુદ્રતા વિનાના ચિત્તવાળા હોઈ **ગુરુક** હોય છે. તથા (૭) ગુરુ ક્રોધરૂપી અગ્નિથી **અદાહ્ય** હોય છે, એટલે કે બળતા નથી. તેમજ (૮) ગુરુ હંમેશા શીલરૂપ સુગંધથી યુક્ત હોઈ **અકુત્સ્ય** હોય છે. (૯૨)

આ આઠ ગુણોનો ઉપસંહાર કરતાં ગ્રન્થકાર કહે છે -

**ગાથાર્થ** - આ પ્રમાણે સુવર્ણતુલ્ય તથા પરિપૂર્ણ કે અધિકગુણવાળા સાધુ ગુરુ જાણવા. મૂળગુણોથી રહિત ન હોય તેવા ઇતર પણ સમુચિતગુણવાળા સાધુ ગુરુ જાણવા. (૯૩)

**ટીકાર્થ** - સામાન્યથી ભાવસાધુના ગુણો હોવાથી સુવર્ણસમાન, અને એમાંનો એકપણ ગુણ ઓછો ન હોવાથી પ્રતિપૂર્ણગુણી, તેમજ પ્રતિરૂપવગેરે વિશેષગુણોથી પણ યુક્ત હોવાથી અધિકગુણી આવા સાધુને ગુરુ જાણવા. અપવાદના અભિપ્રાયથી ઉત્તરાર્ધમાં કહે છે કે - કાળ વગેરેની હીનતાના કારણે એક-બે વગેરે ગુણોથી હીન હોય યાવત્ ચોથા ભાગના કે અડધા ભાગના ગુણોથી હીન હોય તો પણ એમને ગુરુ જાણવા. પણ મૂલગુણોથી રહિત હોય તેને ગુરુ ન માનવા, કેમકે તેનામાં ગુરુપણાના લક્ષણો હોતા નથી એવું શાસ્ત્રમાં કહ્યું છે. **પંચાશક (૧૧-૩૫)**માં કહ્યું છે કે 'ગુરુગુણરહિત તરીકે અહીં તે સાધુ લેવા જે મૂળગુણરહિત હોય.' મૂળગુણની હાજરી હોય તો તો સમુચિતગુણો હાજર હોઈ કોઈ કોઈ ગુણની ગેરહાજરી હોવા માત્રથી અગુરુ માની ન લેવા. કહ્યું છે કે 'એકાદ ગુણમાત્રવિહીન હોય તેને ગુરુગુણ રહિત ન માનવા. એમાં **ચંડરુદ્રાચાર્ય** ઉદાહરણરૂપ જાણવા' (૯૩)

વળી 'ઉચિતગુણવાળા ગુરુનો ત્યાગ ન કરવો, કિન્તુ તેમની આજ્ઞામાં જ રહેવું' એવું ગ્રન્થકાર જણાવે છે -

**ગાથાર્થ - ટીકાર્થ** - આવા ઉચિતગુણવાળા ગુરુને કુલવધૂના દૃષ્ટાન્તમુજબ છોડવા નહિ. જેમ કુલવધૂ પતિ તરફથી તિરસ્કાર પામે તો પણ પતિના ચરણોને છોડતી નથી તેમ સુશિષ્યે ગુરુવડે ઠપકારાય તો પણ ઉચિતગુણવાળા ગુરુના ચરણની સેવા છોડવી નહિ. ઉપરથી ઉચિતગુણવાળા આ ગુરુની આજ્ઞાનુસારે જ સુશિષ્યે ધર્મમાં પ્રવર્ત્તવું. (૯૪)

આવા ઉચિતગુણવાળા ગુરુની આજ્ઞામાં રહેલ સાધુને જે ગુણ (લાભ) થાય છે તે હવે ગ્રન્થકાર જણાવે છે -

**ગાથાર્થ - ટીકાર્થ** - ગુર્વાજ્ઞામાં રહેલા, પરિણતવ્યવહારવાળા તેમજ વિહિત એવી આવશ્યક વગેરે ક્રિયારૂપ બાહ્યાનુષ્ઠાનથી શુદ્ધચિત્તવાળા થયેલા સાધુને અધ્યાત્મધ્યાનમાં પણ એકાગ્રતા વિલસે છે. ઉક્તક્રિયાયોગથી જ્ઞાનયોગપ્રતિબંધક કર્મમલ દૂર થઈ હૃદય-અંતઃકરણ વિશદ બને છે. આવા વિશદ અંતઃકરણવાળા સાધુને નિશ્ચયનું અવલંબન કરવાની દશામાં શુદ્ધ એવી આત્મ-સ્વભાવપરિણતિ પ્રગટ થવા પર અધ્યાત્મધ્યાનમાં પણ એકાગ્રતા આવે છે. (૯૫)'

(સટીક ધર્મપરીક્ષાના આ. શ્રીઅભયશેખરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

**મહોપાધ્યાયશ્રીયશોવિજયજી**વિરચિત **ગુરુતત્ત્વવિનિશ્ચય**માં અને તેની **સ્વોપજ્ઞ વૃત્તિ**માં કહ્યું છે -

'ગુરુતત્ત્વનો વિશેષરૂપે નિર્ણય કરવામાં પ્રથમ ગુરુનું જ માહાત્મ્ય જણાવે છે -

શુદ્ધ સામાચારી રૂપ ગુર્વાજ્ઞાથી સકલકર્મક્ષય રૂપ મોક્ષ થાય છે. ગુરુકૃપાથી અણિમાદિ

આઠ સિદ્ધિઓ પ્રગટે છે. (અણિમાદિ આઠ સિદ્ધિઓ - (૧) **અણિમા**-પરમાણુ જેટલા નાના બની શકાય. (૨) **મહિમા**-પર્વત જેટલા મોટા બની શકાય. (૩) **લઘિમા**-રૂ જેવા હલકા થઈ શકાય. (૪) **ગરિમા**-વજ્ર જેવા ભારે થઈ શકાય, અથવા **યત્રકામાવસાયિત્વ**-જેનાથી ઇચ્છા મુજબ ગમન કરી શકાય તે. (૫) **ઈશિત્વ**-સર્વ ઉપર સામ્રાજ્ય ચલાવી શકાય. (૬) **વશિત્વ**-બધા વશ બની જાય. (૭) **પ્રાકામ્ય**-પાણીની જેમ જમીનમાં ડૂબકી મારી શકાય. (૮) **પ્રાપ્તશક્તિ**-શરીરનાં અનેક રૂપો કરી શકાય, અથવા **પ્રાપ્તિ** - જેનાથી ભૂમિ ઉપર રહેલ વ્યક્તિ સૂર્ય વગેરેને સ્પર્શી શકે તે.) ગુરુભક્તિથી વિદ્યાઓ અવશ્ય સફળ બને છે. (૧/૨)

અત્યંત ગહન સંસારરૂપ અટવીમાં મોક્ષમાર્ગને અનુસરનારા ભવ્ય જીવોને મોક્ષ-માર્ગના ઉપદેશક ગુરુ સિવાય અન્ય કોઈ પણ શરણ છે નહિ, થશે નહિ અને થયેલ પણ નથી, અર્થાત્ અહીં ત્રણ કાળમાં ગુરુ જ શરણ છે. (૧/૩)

જેમ દયાળુ (=નિષ્કપટપણે પરદુઃખોને દૂર કરવાની ભાવનાવાળો) વૈદ્ય તાવવાળા લોકોનું ઔષધ આદિથી દ્રવ્ય-સ્વાસ્થ્ય કરે છે, તેમ ગુરુ ભવરૂપ તાવથી ઘેરાયેલા જીવોને રત્નત્રયી રૂપ ઔષધ આપીને ધર્મરૂપ ભાવ-સ્વાસ્થ્ય કરે છે. ગુરુ ભાવ આરોગ્ય કરનારા હોવાથી પરમ વૈદ્ય છે. (૧/૪)

જેમ દીપક પ્રકાશશક્તિ રૂપ ગુણના યોગથી પોતાને અને બીજાઓને પ્રકાશિત કરે છે, તેમ ગુરુ પણ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીના યોગથી મોહરૂપ અંધકારને દૂર કરીને સ્વ-પરને પ્રકાશિત કરે છે. ગુરુ પોતાને ઉપાદાનભાવથી અને પરને નિમિત્તભાવથી પ્રકાશિત કરે છે. (અર્થાત્ ગુરુ પોતાના આત્માને જુએ છે, તેમાં પોતે ઉપાદાનકારણ છે અને બીજા જીવોને તેમના (=બીજા જીવોના) આત્માનાં દર્શન કરાવે છે, તેમાં નિમિત્તકારણ બને છે. દરેક જીવ પોતાના આત્માને જોઈ શકે છે. પણ આત્મામાં મોહરૂપ અંધકાર હોય ત્યાં સુધી ન જોઈ શકે. ગુરુ આ મોહરૂપ અંધકારને દૂર કરે છે. મોહાંધકાર દૂર થતાં જીવને પોતાના આત્માનાં દર્શન થાય છે. આમ ગુરુ બીજા જીવોનાં આત્મદર્શનમાં મોહાંધકાર દૂર કરવા વડે નિમિત્ત બની જાય છે. માટે ગુરુ બીજા જીવોનાં આત્મદર્શનમાં નિમિત્તકારણ છે.) આમ ગુરુ ભાવ-દીપક હોવાથી અધિક પૂજ્ય છે. (૧/૫)

ખરેખર ! આત્માને ન માનવાથી અતિશય પાપી, મોહયુક્ત હોવાથી દુષ્ટ, કુવાસના અને અભિમાનના કારણે ધિક્કા, સ્વચ્છંદતાના કારણે નિર્લજ્જ એવા પણ પ્રદેશી રાજા વગેરે જીવો કેશી ગણધર વગેરેના હાથના આલંબનથી ઉક્ત દોષોનો નાશ અને સુવાસનાનો વાસ થવાથી પરમપદને = પુણ્યાનુબંધી પુણ્ય ભોગવવાને યોગ્ય સ્થાનને પામ્યા. આમ ગુરુ કરેલાં પાપોનો અને પાપોના અનુબંધનો નાશ કરનારા હોવાથી ગુરુનું જ શરણું લેવું જોઈએ. (૧/૬)

ખરેખર ! ઘરનો ત્યાગ કરીને ઉપવાસાદિ તપ કરવા છતાં કૌડિન્ય વગેરે બાલ તપસ્વીઓને કષ્ટનું જે ફળ ન મળ્યું તે ફળ ગુરુભક્તિથી જ મળ્યું. કૌડિન્ય વગેરે ૧૫૦૦ તાપસોને શ્રીગૌતમગુરુની નિશ્રાના પ્રભાવથી કેવળજ્ઞાન થયું. આ પ્રમાણે ગુરુભક્તિથી જ કષ્ટનું ફળ મળે છે. ગુરુભક્તિથી કષ્ટ સફળ બને છે, ગુરુભક્તિ વિના કષ્ટ સફળ બનતું નથી. એટલે ગુરુભક્તિ ક્રિયાની સફળતામાં કારણ હોવાથી ગુરુનો જ આદર કરવો જોઈએ. (૧/૭)

દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્ય ઘણા લોકોને હોય છે. ઘણા લોકો કેવળ વર્તમાનકાલીન દુઃખના કારણે વૈરાગ્યવાળા બને છે. આ વૈરાગ્યમાં આર્તધ્યાન હોવાથી આ વૈરાગ્ય દુઃખગર્ભિત છે. ઘણા લોકો [1]ક્ષણિક અને નૈરાત્મ્ય વગેરે મિથ્યા માન્યતાના કારણે મોહગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. જૈનેતર લોકોમાં કોઈ દુઃખગર્ભિત વૈરાગ્યવાળા હોય છે, તો કોઈ મોહગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. જૈનોમાં પણ પાસત્થા, નિહ્નવો આદિના અસદ્ વિચારોથી છેતરાઈ જવાના કારણે ઘણા લોકો દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. આવા લોકો જૈન દેખાતા હોવા છતાં જૈન નથી, કિંતુ જૈનાભાસ છે. વૈરાગ્યનો માત્ર વેષ ધારણ કરનારા જૈનેતરો અને જૈનાભાસો ઘણા જોવામાં આવે છે. તેમનો વૈરાગ્ય દુઃખગર્ભિત કે મોહગર્ભિત હોય છે. પણ ગુરુને આધીન બનેલા જીવો જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. કારણ કે गुरुपारतंतं नाणं (પંચા. ૧-૭) ગુરુપરતંત્રતા એ જ જ્ઞાન છે એ વચનથી ગુરુપરતંત્રતા એ જ જ્ઞાનનું લક્ષણ છે. (કારણ કે જ્ઞાનનું જે ફળ છે, તે ફળ, ગુરુપારતંત્ર્યથી મળે છે.) આમ ગુરુ જીવોમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું સ્થાપન કરનારા હોવાથી ગુરુ જ મહાન છે. (૧/૮)

અમારા જેવા મૂર્ખાઓ પણ ગુરુભક્તિના પ્રભાવથી પંડિતોની પંક્તિમાં પ્રવેશ કરે છે. ગુરુભક્તિથી થનારો આનાથી બીજો ક્યો આશ્ચર્યકારી બનાવ છે ? અર્થાત્ ગુરુભક્તિથી થતા આશ્ચર્યકારી લાભોમાં આ લાભ સૌથી મહાન છે. કારણ કે આ (=મૂર્ખ પણ પંડિત બને તે) કાર્ય પાષાણને નચાવવા સમાન દુષ્કર છે. આથી ગુરુ જ અચિંત્ય સામર્થ્યવાળા છે.[2] (૧/૯)

ગુરુના ગુણગણોનું કીર્તન કરવા ઇન્દ્રો પણ સમર્થ નથી, તો પછી ભક્તિથી ગુરુના ગુણોનું કીર્તન કરવાની ભાવના છતાં મારા જેવા બીજા મનુષ્યોની શી શક્તિ હોય ? ગુરુ

---

૧. બૌદ્ધો સર્વ પદાર્થોને ક્ષણિક માને છે, આથી જ તેમના મતે આત્મા જ નથી. વસ્તુને કથંચિત્ નિત્ય માનવામાં આવે તો જ આત્મા સિદ્ધ થાય. નૈરાત્મ્ય એટલે આત્માનો અભાવ. બૌદ્ધો સર્વથા આત્માના અભાવનું દર્શન થાય તો તૃષ્ણાની હાનિ થાય એમ માને છે. જુઓ યોગબિંદુ ગાથા-૪૫૮ વગેરે. ૨. પંચાશક-૧૧ ગાથા-૩૬ની ટીકા. निर्भाग्योऽपि जडोऽप्यनाकृतिरपि...

અવર્ણનીય અનંતગુણોના મહાન પાત્ર હોવાથી એના કેટલા ગુણો કહી શકાય ? અહીં કરેલ ગુરુગુણોનું વર્ણન શ્રોતાઓના પ્રોત્સાહન માટે માત્ર દિગ્દર્શન કરવા પૂરતું છે. (૧/૧૦)

ગુરુ અનંતગુણોથી યુક્ત હોવાથી શાસ્ત્રમાં શું કહ્યું છે તે કહે છે -

ગુરુ અનંતગુણોથી યુક્ત હોવાથી જ શાસ્ત્રમાં ગુરુકુલવાસને પ્રથમ આચાર કહ્યો છે. આચારાંગમાં પ્રારંભમાં જ સુઅં મે આઉસંતેણ એ સૂત્રનો નિર્દેશ છે. (આચારાંગના પહેલા સૂત્રમાં ''સુઅં મે આઉસંતેણ ભગવયા એવમક્ખાયં'' = શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય શ્રીજંબૂસ્વામીને કહે છે કે, ''હે આયુષ્મન્ જંબુ ! ગુરુકુલવાસમાં (=ભગવાન પાસે) રહેતા મેં સાંભળ્યું છે કે ભગવાને આમ કહ્યું છે.'' એમ કહીને ગુરુકુલમાં વાસ કરવાનું સૂચન કર્યું છે. આચારાંગ સૂત્રમાં સાધુઓના આચારોનું વર્ણન છે. માટે જ તેનું આચાર + અંગ = આચારાંગ એવું નામ છે. તેના પહેલા જ સૂત્રમાં ગુરુકુલવાસનું સૂચન કર્યું હોવાથી બધા આચારોની પહેલા ગુરુકુલવાસ રૂપ આચાર જણાવ્યો છે આથી ગુરુકુલવાસ પ્રથમ આચાર છે.) આ વિષયનો **ઉપદેશપદ** (ગાથા ૬૮૦ વગેરે), **પંચાશક** (૧૧-સાધુધર્મપંચાશક, ગાથા ૧૯ વગેરે) આદિ ગ્રંથોના આધારે **ઉપદેશરહસ્ય** (ગા. ૧૩), **યતિલક્ષણસમુચ્ચય** આદિ ગ્રંથોમાં વિશેષ નિર્ણય કર્યો છે. માટે ફરી અહીં તે વિષયનું વિવેચન કર્યું નથી. જિજ્ઞાસુએ આ વિષય ત્યાંથી જ જાણી લેવો. (૧/૧૧)

જે શુદ્ધવચનથી ભવ્યજનોનો સંસારથી ઉદ્ધાર કરે છે, તેમાં નિઃશંકપણે ગુરુપણું છે અને તે ત્રિભુવનને પણ પૂજ્ય છે. (૪/૧૫૮)

આ પ્રમાણે ગુરુતત્ત્વનો વિશેષ નિર્ણય કરીને આ ગ્રંથનું ફળ કહે છે -

હે ભવ્યજનો ! સર્વત્ર અર્થથી અભિન્ન અને ક્યાંક સૂત્રથી પણ અભિન્ન પ્રવચનની ગાથાઓથી (=આ ગ્રંથની પ્રવચનાનુસારિણી ગાથાઓથી) નિશ્ચિત કરેલા ગુરુતત્ત્વને સાંભળીને ગુરુની આજ્ઞાથી સદા ચારિત્રપાલનમાં ઉદ્યમ કરો. ગુર્વાજ્ઞાપૂર્વક જ ચારિત્ર-પાલન પરમ કલ્યાણરૂપ છે. (૪/૧૫૯)

ઉક્ત વિષયનું જ સમર્થન કરે છે -

ગુર્વાજ્ઞાથી સંયમમાં પ્રયત્ન કરતા જીવો કર્મમલનો નાશ કરીને શુદ્ધ, અકલંક અને અતુલ આત્મસ્વભાવને પ્રાપ્ત કરે છે. કર્મમલ =અધ્યાત્મપ્રાપ્તિમાં પ્રતિબંધ કરનાર કર્મ-મલિનતા. શુદ્ધ=ચારિત્રપર્યાયના ક્રમથી તેજોલેશ્યાની (=શુદ્ધ ધ્યાનની) વૃદ્ધિથી શુદ્ધ અને અત્યંતશુદ્ધ પરિણામથી અતિશય નિર્મળ. અકલંક=ક્રોધાદિની કાલિમાથી રહિત હોવાથી કલંકરહિત. અતુલ=સહજ આનંદના ઝરણાથી સુંદર હોવાથી અન્યની તોલે ન આવે તેવો.

(૪/૧૬૦)'

(સટીક ગુરુતત્ત્વવિનિશ્ચયના આ. શ્રીરાજશેખરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

**શ્રીશ્રીધર**વિરચિત-**ગુરુસ્થાપનાશતક**માં કહ્યું છે-

'જે ગુરુની આજ્ઞાથી ભ્રષ્ટ થઈને લાંબા કાળ સુધી પણ તીવ્ર તપ કરે છે કૂલવાલકની જેમ તેનો ધર્મ નાશ પામે છે અને તે દુર્ગતિને પામે છે. (૭૬) પોતાના ગુરુના વચનની અવગણના કરનારો સૂત્ર-અર્થને જાણતો હોવા છતાં અને અગિયાર અંગોમાં હોંશિયાર હોવા છતાં પણ જમાલીની જેમ સંસારમાં દુઃખ પામે છે. (૭૭) હાલ સારા ગુરુઓ વિના છદ્મસ્થ જીવોને કોઈ આધાર નથી, કેમકે સાધુ ભગવંતોના વિરહમાં શ્રાવકો પણ મિથ્યાત્વી થયા. (૭૮) મનુષ્યોએ ઘણો ઉદ્યમ કરીને મેળવેલી વિદ્યા પણ ગુરુનો અપલાપ કરવાથી (ગુરુને છુપાવવાથી) રથનૂપુરના શ્રેષ્ઠ મલ્લની જેમ અનર્થોનું કારણ થાય છે. (૮૪)'

**મહોપાધ્યાયશ્રીઈન્દ્રહંસગણિ**વિરચિત-**ઉપદેશકલ્પવલ્લી**માં કહ્યું છે -

'વચનરસરૂપી કલ્પવૃક્ષને ઉત્પન્ન થવા માટે મેરુપર્વત સમાન, જેમનું મન શાસ્ત્રો અને આગમોની વાણીના પાનરૂપી દીવાથી પ્રકાશિત છે, જુદા જુદા દેશમાં વિહાર કરનારા, શીલરૂપી અલંકારથી શોભિત, તપથી સુકાયેલા શરીરવાળા, ગુરુગુણરૂપી લક્ષ્મીના ભાજન, ધર્મનો ઉપદેશ આપનારા, નિશ્ચય અને વ્યવહારને જાણનારા - આવા ગુણોથી યુક્ત ગુરુની શ્રાવકોએ સેવા કરવી જોઈએ. (૨૧/૨, ૩, ૪) શ્રાવકોએ ધર્મ આપનાર ગુરુનું ધ્યાન કરવું જોઈએ, તેમની સ્તુતિ કરવી જોઈએ અને તેમની સેવા કરવી જોઈએ, કેમકે ધર્મરૂપી વૃક્ષ માટે ગુરુ વાદળ સમાન છે. (૨૧/૫) કહ્યું છે કે - ધર્મને જાણનારા, ધર્મને કરનારા, હંમેશા ધર્મની પ્રવૃત્તિ કરાવનારા, જીવોને ધર્મશાસ્ત્રોના અર્થોનો ઉપદેશ આપનારા ગુરુ કહેવાય છે. (૨૧/૬) જે પાપ વિનાના માર્ગે પોતે ચાલે છે અને કોઈ અપેક્ષા વિના બીજાને ચલાવે છે તે ગુરુ સ્વયં તરે છે અને બીજાને તારવા સમર્થ છે. પોતાના હિતની ઇચ્છાવાળાએ તે ગુરુની સેવા કરવી. (૨૧/૭)

**સંવેગરંગશાળા**માં કહ્યું છે -

'એ કારણે શિષ્યો ગુરુની ઇચ્છામાં આનંદ અને રુચિ ધરાવનારા, ગુરુની દૃષ્ટિ પડતાં જ (માત્ર ઇશારાથી) સ્વેચ્છાચારને રોકનારા અને ગુરુને ગમે તેવા વિનયવાળા અને વેષવાળા તથા કુળવધૂ જેવા હોય છે. (૪૫૫૫)'

**શ્રીહરિભદ્રસૂરિ**રચિત **પંચવસ્તુક**માં અને તેની **સ્વોપજ્ઞ વૃત્તિ**માં કહ્યું છે -

'ગુરુને થયેલા સંતોષથી, ગુરુભક્તિથી અને ગુરુવિનયથી શિષ્ય વિવિધ ઇચ્છિત સૂત્ર-અર્થનો પાર જલ્દી પામે છે. કારણ કે આ જ વિધિથી (જ્ઞાનાવરણીય વગેરે) કર્મોનો ક્ષય થાય છે. ભક્તિ એટલે બાહ્ય સેવા. વિનય એટલે આંતરિક રાગ. (૧૦૦૮)'

**ગચ્છાચારપયન્ના**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'ગુરુએ કારણે કે કારણ વિના કઠણ, કર્કશ, દુષ્ટ, નિષ્ઠુર વાણીથી કંઈક કરવા માટે કે ન કરવા માટે કહ્યું હોય ત્યારે 'આપ જે રીતે જે કહો છો તે રીતે જ તે છે' એમ જે ગચ્છમાં શિષ્યો કહે છે તે ગચ્છ છે એમ તીર્થંકરો અને ગણધરો વગેરે કહે છે. ઘંટાલાલાન્યાયથી 'કહે છે' ક્રિયાપદનો અહીં પણ સંબંધ થાય છે. ગાથા છંદ છે. (૫૬)'

**શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણરચિત વિશેષાવશ્યકભાષ્ય**માં અને **મલધારી શ્રીહેમચન્દ્રસૂરિજી**રચિત તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'માત્ર ગુરુચિત્તઉપક્રમ (ગુરુના ભાવ જાણવા) વ્યાખ્યાનનું પ્રથમ અંગ છે, એટલું જ નહીં પરંતુ શાસ્ત્રો વગેરેનાં ઉપક્રમ-પુસ્તક-ઉપાશ્રય-આહાર-વસ્ત્ર-પાત્ર વગેરે સહાયક કારણો પણ વ્યાખ્યાનના જે અંગો છે, તે સર્વ ગુરુની પ્રસન્નતાને આધીન છે. તેથી જેમ ગુરુ પ્રસન્ન થાય તેમ શિષ્યે કરવું જોઈએ એમ બતાવતાં કહે છે -

ગુરુનું મન ત્યારે ખૂબ પ્રસન્ન થાય છે જ્યારે ઈંગિત અને આકાર વગેરેને જાણનારો શિષ્ય ગુરુચિત્તોપક્રમને અનુકૂળ રીતે પ્રવૃત્તિ કરે. માટે ગુરુના ચિત્તનો ઉપક્રમ અહીં અપ્રસ્તુત નથી, એમ કહેવાનો ભાવ છે. (૯૩૧)

ગુરુનું ચિત્ત પ્રસન્ન કરવા ઉપાયો કહે છે -

ગુરુ મહારાજ જે પ્રકારે કરણ-વિનય-અનુવૃત્તિઆદિવડે પ્રસન્ન થાય, તેમ શિષ્યે કરવું જોઈએ, કારણ કે શિષ્યને તે જ ગુરુઆરાધનાનો નિર્વિઘ્ન માર્ગ છે. કરણ એટલે ગુરુએ કરેલા આદેશનું પાલન કરવું. વિનય એટલે સામે જવું, આસન આપવું, સેવા કરવી, હાથ જોડવા, પાછળ જવું વગેરે. અનુવૃત્તિ એટલે ઈંગિત વગેરેથી ગુરુના મનને જાણીને તેને અનુકૂળ રીતે વર્તવું. આકાર અને ઈંગિતમાં કુશળ એવા શિષ્યને જો ગુરુમહારાજ 'કાગડો સફેદ છે' એમ કહે, તો પણ તેમનું તે કથન મિથ્યા ન કરે, પરન્તુ એકાન્તમાં તેનું કારણ પૂછે. રાજાના કહેવાથી ગુરુએ શિષ્યને કહ્યું કે, 'ગંગા કઈ તરફ વહે છે ?' શિષ્યે તે સાંભળીને ગુરુએ કહ્યું તે જ પ્રમાણે સર્વ કાર્ય કર્યું. તેમ બધા કાર્યોમાં કરવું. આ ત્રીજી ગાથાનો શબ્દાર્થ છે.

ભાવાર્થ તો કથાનકથી કહેવાય છે - કાન્યકુબ્જ નગરમાં (કનોજમાં) કોઈક રાજાએ કોઈ આચાર્ય સાથે વાતચીત કરતાં કહ્યું, 'મહારાજ ! અમારા રાજપુત્રો વિનીત હોય છે'

આચાર્યે કહ્યું, 'ના, સાધુઓ વિનીત હોય છે.' આમ પરસ્પર વિવાદ થતાં આચાર્યે કહ્યું, 'તમારા રાજપુત્રોમાંથી જે કોઈ ઉત્કૃષ્ટ વિનયવાન હોય તેની પરીક્ષા કરો, અને અમારા સાધુઓમાંથી જે તમને અવિનીત જણાય તેની પરીક્ષા કરો, એટલે જણાશે કે બન્નેમાં કોણ વિનીત છે અને કોણ અવિનીત છે.' આચાર્ય મહારાજનું એ કથન અંગીકાર કરીને રાજાએ પોતાનો જે પુત્ર વિનયગુણથી ઘણો જ પ્રસિદ્ધ હતો તેને આજ્ઞા કરીને કહ્યું, 'રાજકુમાર ! ગંગા કઈ તરફ વહે છે ? તે શોધી લાવ.' રાજાની આવી આજ્ઞા સાંભળીને કુમારે કહ્યું, 'મહારાજ ! એમાં શું શોધવાનું છે ? નાના બાળકો પણ જાણે છે કે ગંગા પૂર્વ તરફ વહે છે.' આથી રાજાએ ગુસ્સે થઈને કહ્યું, 'અરે ! ખાલી અહીં રહીને જ જેમ-તેમ શા માટે બોલે છે ? ત્યાં જઈ તપાસ કરી, આવીને કહે.'

એ પ્રમાણે રાજાએ કહેવાથી કુમારને ઘણો ગુસ્સો ચડ્યો. પણ તે અન્તરમાં સમાવી ઇચ્છા વિના રાજદ્વારમાંથી બહાર નીકળ્યો. મુખ્યદ્વારમાંથી નીકળતાં તેના કોઈ મિત્રે પૂછ્યું, 'ભાઈ ! ક્યાં જાઓ છો ?' કુમારે અસૂયાથી કહ્યું, 'અરણ્યમાં રોઝને મીઠું આપવા.' આથી આશ્ચર્ય પામી મિત્રે કહ્યું, 'એમ કેમ કહો છો ? સત્ય વાત શું છે ? તે જો ગુપ્ત રાખવા યોગ્ય ન હોય તો જણાવો.' મિત્રના કહેવાથી રાજકુમારે રાજાની સર્વ આજ્ઞા જણાવી. આથી મિત્રે હસીને કહ્યું 'અરે કુમાર ! રાજાને એવો કદાગ્રહ થયો, તો શું તમને પણ એવો કદાગ્રહ છે ? કે જેથી નકામા રખડવા જાઓ છો. થોડો કાળ પસાર કરીને રાજા પાસે જઈને કહો કે ગંગા પૂર્વ તરફ વહે છે.' રાજપુત્રે પણ તેમજ કર્યું. આ બાબતની ગુપ્તચરપુરુષે રાજાને ખબર આપી, એટલે રાજા વિલખો થઈ બોલ્યો, 'ઠીક હવે સાધુની પરીક્ષા કરીએ.'

આચાર્યના શિષ્યોમાંથી જે શિષ્ય રાજાને અવિનીત જણાયો, તેને ગુરુએ આજ્ઞા કરી, 'હે ભદ્ર ! જઈને તપાસ કર કે ગંગા કઈ તરફ વહે છે ? ગુરુની આજ્ઞા સાંભળીને શિષ્યે વિચાર્યું, 'ગંગા પૂર્વ તરફ વહે છે એવું ગુરુમહારાજ જાણે છે, છતાં શા માટે મને તપાસ કરવાનું કહેતા હશે ? અવશ્ય એવી આજ્ઞા કરવાનું કંઈક કારણ હશે. કારણ સિવાય એવી આજ્ઞા કરે નહિ. માટે મારી ફરજ છે, મારે ગુરુની આજ્ઞાનુસાર ગંગા કઈ તરફ વહે છે ? એ બરાબર તપાસીને કહેવું.' એમ વિચારી ગુરુની આજ્ઞા સ્વીકારીને તે તરત જ બહાર નીકળ્યો. બહાર જઈને ગંગા નદી પર ગયો. ત્યાં જોયું કે ગંગા પૂર્વ તરફ વહે છે. બીજાઓને પૂછતાં પણ જણાયું કે તે પૂર્વ તરફ વહે છે. સુકા ઘાસ વગેરેને વહેણમાં વહેતાં જોઈને અન્વય-વ્યતિરેકથી 'ગંગા પૂર્વ તરફ વહે છે.' એમ નિશ્ચય કરી, ગુરુ પાસે આવી, કહ્યું, 'ગુરુમહારાજ ! ગંગા પૂર્વ તરફ વહે છે. મેં તે નક્કી કરવા માટે આ પ્રમાણે કર્યું. તત્ત્વ તો આપ જાણો.' ગુપ્તચરે પણ ખાનગીમાં એ જ હકીકત કહી. એટલે રાજાને ગુરુવચનમાં પ્રતીતિ થઈ કે, 'રાજપુત્રો વિનીત નથી પણ સાધુઓ જ વિનીત છે.' એમ રાજાએ હર્ષપૂર્વક

ગુરુવચન સ્વીકાર્યું. (૯૩૨-૯૩૩-૯૩૪.)

કરવા યોગ્ય અને નહીં કરવા યોગ્ય બધું ગુરુમહારાજ જાણે છે. તેથી વિનયની પ્રાપ્તિ માટે શ્વાસોચ્છ્વાસ વગેરે (વારંવાર કરવા યોગ્ય કાર્યો) સિવાયના કાર્યો ગુરુને પૂછ્યા વિના કરવાનો નિષેધ કર્યો છે. (૩૪૬૪)'

(સટીક વિશેષાવશ્યકભાષ્યના શાહ ચુનીલાલ હકમચંદ કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

**યતિશિક્ષાપંચાશિકા**માં કહ્યું છે -

'આચારાંગના પહેલા સૂત્રમાં સ્પષ્ટ રીતે ગુરુસેવા જ કહી છે. એમ જાણીને હે પંડિત ! તું શા માટે પોતાના ગુરુની સેવામાં સીદાય છે ? (૫)'

**શ્રીશય્યંભવસૂરિ**રચિત **દશવૈકાલિકસૂત્ર**માં અને **શ્રીહરિભદ્રસૂરિ**રચિત તેની **વૃત્તિ**માં કહ્યું છે -

**ગાથાર્થ** - 'માનથી, ક્રોધથી, માયા કે પ્રમાદથી ગુરુ પાસે વિનય ન શીખે. તેનો તે જ અભૂતિભાવ છે. જેમ કીચકનું ફળ વધને માટે થાય છે. (૯/૧/૧)

**ટીકાર્થ** - જાતિ, કુળાદિ નિમિત્તથી ઉત્પન્ન થયેલા અભિમાનથી કે અક્ષમા સ્વરૂપ ક્રોધથી, કપટથી કે નિદ્રાદિ પ્રમાદથી જે સાધુ આચાર્યાદિ ગુરુની પાસે વિનયને = આસેવનાશિક્ષાના ભેદોથી જુદા જુદા વિનયને ગ્રહણ કરતો નથી...

તેમાં અહંકારથી ''હું જાત્યાદિવાળો શી રીતે જાત્યાદિહીનની પાસે શીખું ?''

એમ ક્રોધથી આ પ્રમાણે કે કોઈક બાબતમાં સાધુએ ખોટું કર્યું અને ગુરુએ ઠપકો આપેલો હોય તો એ સાધુ ગુરુ પાસે ગ્રહણાદિ શિક્ષા ન લે. અથવા તો બીજા કોઈ કારણસર રોષ થવાથી એ શિક્ષા ન લે.

માયાથી આ પ્રમાણે કે, ''મને શૂળ થાય છે'' એ બહાનાથી શિક્ષા ન લે.

પ્રમાદથી આ પ્રમાણે કે, ''પ્રસ્તુતમાં ઉચિત શું છે ? એ નહિ જાણતો તે ઊંઘ વગેરેના વ્યાસંગથી (નિદ્રામાં લીનતા દ્વારા) શિક્ષા ન લે.'' (અત્યારે મારે ગુરુ પાસે શિક્ષા લેવી ઉચિત છે...એ બધું ન સમજે અને ઊંઘ વગેરેમાં જ મસ્ત રહે...)

અહીં માન, ક્રોધ વગેરે ક્રમે ઉપન્યાસ આ રીતે જ આ માનાદિની વિનયવિઘ્નહેતુતાને આશ્રયીને પ્રધાનતા બતાવવા માટે કરેલો છે. (માન વિનયમાં વિઘ્ન કરનાર સૌથી પ્રધાન કારણ છે. ક્રોધ એના કરતાં નાનું કારણ...એમ નિદ્રા સૌથી ગૌણ કારણ...)

આમ આ રીતે સ્તંભાદિના કારણે ગુરુ પાસે સાધુ વિનય ન શીખે.

બીજાઓ આ પ્રમાણે પાઠ માને છે કે, ''ગુરુ પાસે વિનયમાં ન વર્તે.'' એટલે કે વિનયને ન સેવે.

અહીં તે જ વિનયશિક્ષામાં વિઘ્નનું કારણભૂત સ્તંભાદિ તે જડમતિવાળાને અભૂતિભાવ છે. ભૂતિ = સંપત્તિ, અભૂતિ = અસંપત્તિ. તેનો ભાવ છે.

**પ્રશ્ન :** સ્તંભાદિ અસંપત્તિભાવરૂપ શા માટે ?

**ઉત્તર :** કેમકે સ્તંભાદિકષાયો ગુણરૂપી ભાવપ્રાણના વિનાશ માટે થાય છે.

દૃષ્ટાન્ત કહે છે કે જેમ વંશનું ફલ વંશના વધ માટે થાય, કેમકે વંશને ફલ આવે એટલે વંશનો નાશ થાય છે, તેમ સમજવું. (૯/૧/૧)

**ગાથાર્થ - ટીકાર્થ -** જે કોઈક દ્રવ્યસાધુ, અગંભીર જીવો છે. તેઓ પોતાના ગુરુને મંદ તરીકે જાણીને....

**પ્રશ્ન :** ગુરુ મંદ શી રીતે ?

**ઉત્તર :** ક્ષયોપશમની વિચિત્રતાના કારણે એવું બને કે ગુરુ શાસ્ત્રની યુક્તિઓની વિચારણા કરવામાં અસમર્થ હોય, સુંદર પ્રજ્ઞા વિનાના હોય...આથી એ મંદ ગણાય.

તથા કોઈક કારણસર નાની ઉંમરવાળા સાધુને ગુરુ તરીકે સ્થાપેલા હોય, તો એ શિષ્ય નાની ઉંમરવાળા ગુરુને ''આ તો સાવ નાના છે'' એમ જાણીને...

તથા એ આગમોને ભણેલા નથી એમ જાણીને...

જે શિષ્યો આ બધું જાણીને સૂયાથી (કટાક્ષથી) કે અસૂયાથી ગુરુની હીલના કરે...એમાં સૂયાથી આ પ્રમાણે કે, ''તમે તો વધુ પ્રજ્ઞાવાળા છો, વયોવૃદ્ધ છો, બહુશ્રુત છો.''

અસૂયાથી આ પ્રમાણે કે, ''તમે મંદપ્રજ્ઞાવાળા છો, નાના છો, અલ્પશ્રુત છે...''

''ગુરુની હીલના ન કરવી જોઈએ'' આ પ્રકારના તત્ત્વને ઊંધી રીતે જાણતા તે દ્રવ્ય સાધુઓ ગુરુઓની = આચાર્યોની આશાતના કરે છે. આશાતના એટલે લઘુતાનું આપાદન. (મહાન એવા ગુરુને હલકા ચીતરવા.)

**પ્રશ્ન :** કોઈપણ સાધુના ગુરુ તો એક જ હોય, તો અહીં ગુરુઓમાં એમ બહુવચન-પ્રયોગ શા માટે કર્યો ?

**ઉત્તર :** ગુરુની સ્થાપનાનું એણે બહુમાન ન કરવા દ્વારા એક ગુરુની આશાતના કરી,

અને એક ગુરુની આશાતનામાં તમામે તમામ ગુરુઓની આશાતના ગણાય એટલે એ દૃષ્ટિએ અહીં બહુવચનનો પ્રયોગ કરેલો છે. (ગુરુવ્યક્તિઓ લાખો છે, પણ તમામ ગુરુઓમાં ગુરુત્વની સ્થાપના એક છે, એટલે એક વ્યક્તિમાં ગુરુત્વસ્થાપનાનું અબહુમાન વસ્તુતઃ સઘળી વ્યક્તિમાં ગુરુત્વસ્થાપનાનું અબહુમાન ગણાઈ જાય...)

અથવા તો

આ હીલના કરનારા સાધુઓ ગુરુસંબંધી આશાતના કરે છે એટલે કે પોતાના સમ્યગ્દર્શનાદિ ભાવોની હાનિ થવા રૂપ આશાતના કરે છે. પોતાના જ ગુણોનો નાશ એ આશાતના, પણ એ ગુરુના નિમિત્તે થાય છે, માટે એ ગુરુસંબંધી આશાતના કહેવાય. (૯/૧/૨)

તેથી ગુરુ હીલના કરવા યોગ્ય નથી, કહ્યું છે કે -

**ગાથાર્થ - ટીકાર્થ** - ગાથામાં एक શબ્દ છે, એનો અર્થ 'કેટલાક વયોવૃદ્ધો' એમ લેવાનો. એના પછી अपि પણ સમજવાનો. એટલે આ પ્રમાણે અર્થ થશે કે કેટલાકો વયોવૃદ્ધ હોય તો પણ સ્વભાવથી કર્મની વિચિત્રતાને લીધે સદ્બુદ્ધિરહિત પણ હોય છે. (એટલે ''મારા ગુરુ નાના છે, માટે મંદ છે.'' ઇત્યાદિ ન વિચારવું, કેમકે મોટાઓ પણ મંદ પણ સંભવે જ છે.)

તથા બીજાઓ ઉંમરથી પરિણત નથી, નાના છે, તેઓ અમંદ હોય છે. (એટલે ઉંમરને મંદતા સાથે સંબંધ નથી...) અહીં अमन्दा भवन्ति એ લખેલું નથી, એ બહારથી જોડી દેવું.

**પ્રશ્ન :** એ નાનાઓ કેવા વિશિષ્ટ છે ?

**ઉત્તર :** જેઓ શ્રુતથી અથવા બુદ્ધિભાવથી સુંદરપ્રજ્ઞાવાળા છે. તેઓ ભવિષ્યની અપેક્ષાએ અલ્પશ્રુતવાળા છે. (આશય એ છે નાનાઓ અત્યારે શ્રુતાદિસંપન્ન હોય, પણ ભવિષ્યમાં એ જ અલ્પશ્રુત બની જાય...)

પણ આ બધા જો સર્વથા જ્ઞાનાદિઆચારવાળા હોય, સંગ્રહ-ઉપગ્રહ વગેરે ગુણોમાં ભાવપ્રધાન રીતે સ્થિર થયેલો છે આત્મા જેમનો એવા તેઓ હોય...તો તેવા ગુરુઓ હીલના કરવા જેવા નથી. (શિષ્યાદિને ઉત્પન્ન કરવા એ સંગ્રહ અને એમને વસ્ત્રાદિ સામગ્રીઓ પૂરી પાડીને પોષવા એ ઉપગ્રહ....)

આ એવા ગુરુઓ છે કે જે હીલના કરાયેલા છતાં અગ્નિ જેમ લાકડાના સમૂહને બાળે એમ જ્ઞાનાદિગુણોના સંઘાત = સમૂહને ખતમ કરી દે.

(સાર એમ જણાય છે કે મોટી ઉંમર, વધુ જ્ઞાન - આ બે ગુણો શિષ્ય જુએ છે. અભાવ

હોય તો એ હીલના કરી બેસે છે...અહીં એ કહે છે કે કોઈ વધુ જ્ઞાન વિનાના હોય, પણ વધુ ઉંમરવાળા હોય, કોઈ નાના હોય પણ વધુ જ્ઞાનવાળા હોય...મોટી ઉંમરમાં એ પાછા અલ્પજ્ઞાનવાળા બનવાના હોય...આ બધું તો કર્મની વિચિત્રતાથી ચાલ્યા જ કરવાનું.

શિષ્યે એટલું જોવાનું કે નાના કે મોટા, અલ્પજ્ઞાની કે વધુજ્ઞાની મારા ગુરુ સર્વથા જ્ઞાનાચારાદિથી સંપન્ન છે કે નહિ ? એ સંગ્રહાદિગુણોમાં સક્ષમ છે કે નહિ ?....એ હોય તો એમની હીલના ન કરવી....) (૯/૧/૩)

નાના ગુરુની હીલનાનાં દોષને વિશેષથી બતાવે છે કે

**ગાથાર્થ** - જેઓ સાપને નાનો જાણીને આશાતના કરે, તે તેમના અહિત માટે થાય. તેમ આચાર્યની પણ હીલના કરતો મંદ નક્કી જાતિપથને પામે છે. (૯/૧/૪)

**ટીકાર્થ** - કોઈક અજ્ઞાની માણસ સાપને બાલ છે એમ જાણીને કિલિંચ (લાકડાનો ટુકડો....)થી એની કદર્થના કરે, તો પરેશાન કરાતો સર્પ તે કદર્થકના અહિતને માટે થાય છે. તે સાપ ભક્ષણ દ્વારા = ડંખ દ્વારા પ્રાણનાં નાશ માટે થાય છે.

આ દૃષ્ટાન્ત છે. અર્થનો ઉપનય આ પ્રમાણે કરવો -

એ પ્રમાણે કારણસર નાની ઉંમરના જ ગુરુ સ્થપાયેલા હોય તો એવા નાના આચાર્યની પણ હીલના કરતો અજ્ઞાની જીવ સંસારમાં બેઇન્દ્રિયાદિ જાતિઓનાં માર્ગમાં ભમે છે. (૯/૧/૪)

અહીં જ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં મોટું અંતર છે એ કહે છે કે -

**ગાથાર્થ** - અત્યંત રુષ્ટ સર્પ જીવનાશથી વધુ શું કરે ? અપ્રસન્ન આચાર્ય તો આશાતનાથી અબોધિ કરે. મોક્ષ ન થાય. (૯/૧/૫)

**ટીકાર્થ** - સાપ પણ અત્યંત વધારે ગુસ્સે થયેલો હોય તો પણ મૃત્યુ સિવાય બીજું શું કરવાનો ? કંઈ જ નહિ. જ્યારે પૂજનીય આચાર્ય જો હીલનાને લીધે અકૃપા કરવામાં પ્રવર્તેલા થાય, તો એ શિષ્યને અબોધિ કરે.

**પ્રશ્ન :** ગુરુ શિષ્યને બોધિ-અભાવ કરી આપે એમ ?

**ઉત્તર :** (ગુરુ કંઈ એવા ખરાબ ભાવવાળા નથી, પરંતુ) ગુરુ નિમિત્તકારણ તરીકે શિષ્યને મિથ્યાત્વની સંહતિ = મિથ્યાત્વનો સમૂહ કરી આપે છે. શિષ્ય ગુરુની આશાતના દ્વારા મિથ્યાત્વ બાંધે. એટલે એમ કહેવાય કે ગુરુ તેને મિથ્યાત્વસંહતિ કરાવનારા બન્યા. (પણ એ નિમિત્ત રૂપે...સાક્ષાત્ કર્તારૂપે નહિ...)

આવું છે, માટે ગુરુની આશાતનાથી મોક્ષ ન થાય.

**પ્રશ્ન :** મોક્ષ કેમ ન થાય ?

**ઉત્તર :** અબોધિની પરંપરાનો અનુબંધ ચાલે, એનાથી અનંતસંસારીપણું થાય એટલે મોક્ષ ન થાય. (૯/૧/૫)

**ગાથાર્થ** - જે બળેલા અગ્નિને અપક્રમે, સાપને ગુસ્સે કરે, જીવિતાર્થી જે ઝેર ખાય...ગુરુની આશાતના સાથે આ ઉપમા છે. (૯/૧/૬)

**ટીકાર્થ** - જે ભડભડ બળતા અગ્નિનો ટેકો લઈને ઊભો રહે, અથવા તો સાપને ગુસ્સો કરાવે, અથવા તો જીવવાની ઇચ્છાવાળો ઝેર ખાય, ગુરુસંબંધી કરાયેલી આશાતના સાથે આ ઉપમા અપાય. અર્થાત્ નુકસાનોની પ્રાપ્તિ પ્રત્યે આ ઉપમા છે.

અર્થાત્ અગ્નિ, સર્પ, ઝેર દ્વારા જેમ નુકસાનો થાય, તેમ ગુરુની આશાતનાથી નુકસાનો થાય. (૯/૧/૬)

આમાં વિશેષતા બતાવે છે કે -

**ગાથાર્થ** - કદાચ અગ્નિ તેને ન બાળે, કદાચ ગુસ્સે થયેલ સર્પ ડંખે નહિ, કદાચ હલાહલ ઝેર ન મારે તો પણ ગુરુહીલનાથી મોક્ષ ન થાય. (૯/૧/૭)

**ટીકાર્થ** - કદાચ એવું બને કે મંત્રાદિના પ્રતિબંધના કારણે અગ્નિ એ માણસને ન બાળે. કદાચ એવું બને કે ગુસ્સે થયેલો સર્પ ડંશ ન મારે. મંત્રાદિના પ્રતિબંધના કારણે જ આવું બને. કદાચ એવું બને કે અતિભયંકર ઝેર પણ ન મારે.

આમ આ બધું કદાચ બની જાય, પણ ગુરુની કરાયેલી આશાતનાથી મોક્ષ (તો ક્યારેય) ન થાય. (૯/૧/૭)

**ગાથાર્થ** - જે મસ્તકથી પર્વતને ભેદવા ઇચ્છે, ઊંઘેલા સિંહને જગાડે, જે શક્તિના અગ્રભાગમાં પ્રહાર આપે ગુરુની આશાતના સાથે આ ઉપમા છે. (૯/૧/૮)

**ટીકાર્થ** - જે માણસ પર્વતને મસ્તકથી ભેદવા માટે ઇચ્છે, અથવા પર્વતની ગુફામાં ઊંઘેલા સિંહને જગાડે, અથવા જે શક્તિ નામના એક શસ્ત્રવિશેષની ધાર ઉપર હાથથી પ્રહાર કરે...ગુરુની આશાતના સાથે આ ઉપમા છે...આ પણ પહેલાની જેમ જ સમજવું. (૯/૧/૮)

અહીં વિશેષતા દર્શાવે છે -

**ગાથાર્થ** - કદાચ મસ્તકથી પર્વતને ભેદે, કદાચ કોપિત સિંહ ખાઈ ન જાય, કદાચ શક્તિનો અગ્રભાગ (હસ્તાદિને) ન ભેદે પણ ગુરુની હીલનાથી મોક્ષ નથી. (૯/૧/૯)

**ટીકાર્થ** - ક્યારેક એવું બને કે કોઈ વાસુદેવાદિ પ્રભાવના અતિશયથી મસ્તક દ્વારા પર્વતને પણ ભેદે. કદાચ એવું બને કે ક્રોધિત સિંહ(પણ) મંત્રના સામર્થ્યને કારણે માણસને ન ખાય. કદાચ એવું બને કે પ્રહાર આપવા છતાં પણ શક્તિનો અગ્રભાગ દેવતાનાં અનુગ્રહાદિનાં કારણે હસ્તાદિને ન ભેદે. પણ ગુરુની આશાતનાથી મોક્ષ ન થાય. (૯/૧/૯)

આ પ્રમાણે 'અગ્નિ વગેરેની આશાતના કરતાં ગુરુની આશાતના મોટી છે એ આશયનું પ્રદર્શન કરવા માટે કહે છે કે -

**ગાથાર્થ** - આચાર્ય અપ્રસન્ન હોય તો અબોધિ, આશાતના થાય. મોક્ષ ન થાય. તેથી અનાબાધ-સુખાભિકાંક્ષી ગુરુપ્રસાદાભિમુખ રમે. (૯/૧/૧૦)

**ટીકાર્થ** - પૂજનીય આચાર્ય અપ્રસન્ન થાય તો...ઇત્યાદિ પૂર્વાર્ધ = ગાથાનો પ્રથમ અડધો ભાગ પૂર્વની જેમ જાણવો.

આવું છે, માટે મોક્ષસુખની અભિલાષાવાળો સાધુ આચાર્યાદિની કૃપા મળે એને વિશે ઉદ્યમવાળો બને. (૯/૧/૧૦)

ક્યા પ્રકારે ઉદ્યમવાળો બને ? એ દેખાડે છે -

**ગાથાર્થ** - જેમ આહિતાગ્નિ વિભિન્ન આહુતિમંત્રપદોથી અભિષિક્ત અગ્નિને નમે, તેમ અનંતજ્ઞાનોપગત એવો પણ સાધુ આચાર્યને સેવે. (૯/૧/૧૧)

**ટીકાર્થ** - કરાયેલું છે આવસથ = અગ્નિકુંડાદિ જેના વડે એવો બ્રાહ્મણ અગ્નિને નમસ્કાર કરે.

એ અગ્નિ કેવો છે ? એ દર્શાવે છે કે ઘીનો પ્રક્ષેપ કરવો વગેરે આહુતિ છે. અગ્નયે સ્વાહા વગેરે મંત્રપદો છે. આ બધાથી અભિષેક કરાયેલો એવો તે અગ્નિ છે. એટલે કે મંત્રદીક્ષાથી સંસ્કારિત કરાયેલો અગ્નિ છે.

આમ અગ્નિની સેવા જેમ બ્રાહ્મણ કરે, એમ સાધુ વિનય વડે આચાર્યની સેવા કરે.

એ સાધુ કેવો છે ? એ દર્શાવે છે કે સ્વપર્યાય અને પરપર્યાયની અપેક્ષાએ અનંત એવી વસ્તુ જે જ્ઞાનથી જણાય તે અનંતજ્ઞાન, તેને પામેલો એવો પણ સાધુ ગુરુને સેવે. તો બીજાઓ તો શું ? (તેઓ તો અવશ્ય સેવા કરે જ....)

(વસ્તુમાં પોતાના કહેવાતા ગુણો-પર્યાયો એ સ્વપર્યાયો અને વસ્તુમાં ન રહેલા ગુણો-

પર્યાયો એ પરપર્યાયો...) (૯/૧/૧૧)

આ જ વાતને સ્પષ્ટ કરે છે કે -

**ગાથાર્થ** - જેની પાસે ધર્મપદોને શીખે, તેની પાસે વિનય પ્રયુંજે. અંજલિવાળો નિત્ય કાય, વચન અને મનથી મસ્તકથી સત્કાર કરે. (૯/૧/૧૨)

**ટીકાર્થ** - જેની પાસે ધર્મરૂપી ફળને આપનારા એવા સિદ્ધાન્તપદોને ભણે એટલે કે એ પદોને સ્વીકારે, તેની પાસે વિનય કરવો. વિનય એ જ વૈનયિક કહેવાય છે.

**પ્રશ્ન :** કેવી રીતે વિનય કરવો ?

**ઉત્તર :** અભ્યુત્થાનાદિ પૂર્વે કહેલા પ્રકારે વિનય કરવો.

તથા મસ્તકથી પ્રોદ્ગત અંજલિવાળો = માથા ઉપર ઊંચે જોડેલા હાથવાળો સાધુ દેહથી, વાણીથી = મસ્તકેન વન્દે એવા શબ્દથી અને મનથી = ભાવપ્રતિબંધથી = બહુમાનથી સદાય સત્કાર કરે.

માત્ર સૂત્રનું ગ્રહણ કરવાના કાળે જ વિનય ન કરવો (પણ સદા કરવો), નહિ તો પુણ્યાનુબંધનો વ્યવચ્છેદ થવાનો પ્રસંગ આવે. (૯/૧/૧૨)

આ પ્રમાણે મનમાં વિચારવું કે -

**ગાથાર્થ** - કલ્યાણભાગીનાં વિશોધિસ્થાનભૂત જે લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્યને ગુરુ મને સતત કહે છે, હું તે ગુરુની સતત પૂજા કરું છું. (૯/૧/૧૩)

**ટીકાર્થ** - લજ્જા = નિંદાનો ભય. દયા = અનુકંપા. સંયમ = પૃથ્વી વગેરે જીવ સંબંધી સંયમ. બ્રહ્મચર્ય = વિશુદ્ધ તપાનુષ્ઠાન.

આ બધું કલ્યાણને ભજનારા જીવને કર્મમલનો વિનાશ કરવાનું સ્થાન છે.

**પ્રશ્ન :** એ જીવ કલ્યાણને ભજનારો શી રીતે બને છે ?

**ઉત્તર :** અલજ્જા, અદયા, અસંયમ, અબ્રહ્મચર્ય આ બધા વિપક્ષોનો એ ત્યાગ કરે છે, એ ત્યાગ કરવા દ્વારા એ લજ્જાદિ કુશલપક્ષમાં પ્રવૃત્તિ કરે છે, એટલે એ કલ્યાણને ભજનારો બને છે. (અથવા વિપક્ષ = અકુશલપક્ષ...)

જે આચાર્ય આ વિશોધિસ્થાન વડે મને સતત અનુશાસન કરે છે એટલે કે મને કલ્યાણની યોગ્યતા પમાડે છે, તે એવા પ્રકારના ગુરુની હું સતત પૂજા કરું છું. ગુરુ સિવાય બીજો કોઈ પૂજાને યોગ્ય નથી. (૯/૧/૧૩)

વળી આ કારણથી પણ તેઓ પૂજ્ય છે...એ કહે છે કે -

**ગાથાર્થ** - જેમ રાત્રિના અંતે સૂર્ય કેવલ ભારતને પ્રકાશિત કરે છે. એમ આચાર્ય શ્રુતશીલબુદ્ધિથી (પદાર્થોને પ્રકાશિત કરે છે, આ આચાર્ય) દેવોની મધ્યમાં ઇંદ્રની જેમ શોભે છે. (૯/૧/૧૪)

**ટીકાર્થ** - જે રીતે રાત્રિના અંતે, દિવસે તપતો એવો સૂર્ય આખા ભરતક્ષેત્રને પ્રકાશિત કરે છે, તુ શબ્દથી સમજવાનું કે ક્રમશઃ બીજા ક્ષેત્રને પણ પ્રકાશિત કરે છે.

એમ સૂર્યની જેમ આચાર્ય આગમથી, પરદ્રોહની વિરતિ(હિંસાત્યાગ)રૂપ શીલથી અને સ્વાભાવિક બુદ્ધિથી યુક્ત છતાં જીવાદિ ભાવોને પ્રકાશિત કરે છે.

**व्याख्या** - **दीनेषु** मतिश्रुताज्ञानविभङ्गबलेन प्रवर्तितकुशास्त्रेषु स्वयं नष्टेषु परानपि नाशयत्सु अत एव दयास्पदत्वाद्दीनेषु । तथाऽऽर्त्तेषु नवनवविषयार्जनपूर्वार्जितपरिभोगजनिततृष्णाग्निना दन्दह्यमानेषु, हिताहितप्राप्तिपरिहारविपरीतवृत्तिषु अर्थार्जनरक्षणव्ययनाशपीडावत्सु च । तथा **भीतेषु** विविधदुःखपीडिततया अनाथकृपणबालवृद्धप्रेष्यादिषु सर्वतो

बिभ्यत्सु । तथा वैरिभिराक्रान्तेषु रोगपीडितेषु मृत्युमुखमधिशयितेष्विव **याचमानेषु** प्रार्थयमानेषु **जीवितं** प्राणत्राणम् । एतेषु दीनादिषु "अहो कुशास्त्रप्रणेतारः तपस्विनो यदि कुमार्गप्रणयनान्मोच्येरन्, भगवानपि हि भुवनगुरुः स (उ)न्मार्गदेशनात्सागरोपमकोटिकोटिं यावद्भवे भ्रान्तः तत्काऽन्येषां स्वपापप्रतीकारं कर्तुमशक्नुवतां गतिः ?, तथा धिगमी विषयार्जनभोगतरलहृदया अनन्तभवानुभूतेष्वपि विषयेष्वसन्तृप्तमनसः कथं नाम प्रशमामृततृप्ततया वीतरागदशां नेतुं शक्याः ? इति, तथा बालवृद्धादयोऽपि विविधभयहेतुभ्यो भीतमनसः कथं नामैकान्तिकात्यन्तिकभयवियोगभाजनीकरिष्यन्ते ? इति, तथा मृत्युमुखमधिशयिताः स्वधनदारपुत्रादिवियोगमुत्प्रेक्षमाणा मारणान्तिकीं पीडामनुभवन्तः सकलभयरहितेन पारमेश्वरवचनामृतेन सिक्ताः कथमजरामरीकरिष्यन्ते ?" इत्येवं **प्रतीकारपरा** या **बुद्धिः**, न तु साक्षात्प्रतीकार एव, तस्य सर्वेष्वशक्यक्रियत्वात्, सा **कारुण्यमभिधीयते** । या तु अशक्यप्रतीकारेषु सर्वान् जन्तून् मोचयित्वा मोक्षं यास्यामीति सौगतानां करुणा, न सा करुणा, वाङ्मात्रत्वात्, न ह्येवं शक्यं भवितुं संसारिषु मुक्तेषु मया मोक्तव्यमिति, संसारोच्छेदप्रसङ्गेन सर्वसंसारिणां मुक्त्यभावात्, तस्माद्वाङ्मात्रमेतत् मुग्धजनप्रतारकं सौगतानां कारुण्यम् । एतच्च कुर्वन् हितोपदेशदेशकालापेक्षान्नपानाश्रयवस्त्र(पात्र)भेषजैरपि तानुगृह्णातीति ॥४/१२०॥

अथ माध्यस्थ्यस्वरूपमाह -

**क्रूरकर्मसु निःशङ्कं देवतागुरुनिन्दिषु ।**
**आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम् ॥४/१२१॥**

**व्याख्या** - क्रूराणि अभक्ष्यभक्षणापेयपानागम्यगमनऋषिबालस्त्रीभ्रूणघातादीनि कर्माणि येषां तेषु, तेऽपि कदाचिदवाप्तसंवेगा नोपेक्षणीयाः स्युरत आह - **देवतागुरुनिन्दिषु** देवताश्चतुस्त्रिंशदतिशयादियुक्ता वीतरागाः, गुरवः तदुक्तानुष्ठानस्य पालका उपदेष्टारश्च तान् रक्तद्विष्टमूढपूर्वव्युद्ग्राहिततया निन्दन्तीत्येवं शीलाः तेषु, तथाविधा अपि कथञ्चन वैराग्यदशापन्ना आत्मदोषदर्शिनो नोपेक्षणीयाः स्युरित्याह - **आत्मशंसिषु** आत्मानं सदोषमपि शंसन्ति प्रशंसन्तीत्येवंशीला आत्मबहुमानिन इत्यर्थः तेषु मुद्गशैलेष्विव पुष्करावर्त्तवारिभिर्मृदूकर्तुमशक्येषु देशनाभिः, **योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम्** ॥४/१२१॥'

यद्वा पिण्डस्थ-पदस्थ-रूपस्थ-रूपातीतभेदात् चतुर्विधं धर्मध्यानम् । यदाह **ध्यानदीपिकायाम्**-

'पिण्डस्थं च पदस्थं च रुपस्थं रूपवर्जितम् ।
इत्यन्यच्चापि सद्ध्यानं च ध्यायन्ति चतुर्विधम् ॥१३५॥

पिण्डस्थे पञ्चधारणा

पिण्डस्थे पञ्च विज्ञेया धारणा तत्र पार्थिवी ।
आग्नेयी मारुती चापि वारुणी तत्त्वभूस्तथा ॥१३६॥

पार्थिवीधारणा

तिर्यग्लोकसमं ध्यायेत् क्षीराब्धिं तत्र चाम्बुजम् ।
सहस्त्रपत्रं स्वर्णाभं जम्बूद्वीपसमं स्मरेत् ॥१३७॥

तत्केसरततेरन्तः स्फुरत्पिङ्गप्रभाञ्चिताम् ।
स्वर्णाचलप्रमाणां च कर्णिकां परिचिन्तयेत् ॥१३८॥

श्वेतसिंहासनासीनं कर्मनिर्मूलनोद्यतम् ।
आत्मानं चिन्तयेत्तत्र पार्थिवी धारणेत्यसौ ॥१३९॥

आग्नेयीधारणा

ततोऽसौ निश्चलाभ्यासात् कमलं नाभिमण्डले ।
स्मरत्यतिमनोहारि षोडशोन्नतपत्रकम् ॥१४०॥

प्रतिपत्रसमासीनस्वरमालाविराजितम् ।
कर्णिकायां महामन्त्रं विस्फुरन्तं विचिन्तयेत् ॥१४१॥

रेफरुद्धं कलाबिन्दुलाञ्छितशून्यमक्षरम् ।
लसद्विन्दुछटाकोटीकान्तिव्याप्तहरिन्मुखम् ॥१४२॥

[ अर्हं ] तस्य रेफाद्विनिर्यान्तीं शनैर्धूमशिखां स्मरेत् ।
स्फुलिङ्गसन्ततिं पश्चात् ज्वालालीं तदनन्तरम् ॥१४३॥

तेन ज्वालाकलापेन वर्धमानेन सन्ततम् ।
दहत्यविरतं धीरः पुण्डरीकं हृदि स्थितम् ॥१४४॥

तदष्टकर्मनिर्माणमष्टपत्रमधोमुखम् ।
दहत्येव महामन्त्रध्यानोत्थप्रबलानलः ॥१४५॥

ततो देहाद् बहिर्ध्यायेत् त्रिकोणं वह्निमण्डलम् ।
ज्वलत्स्वस्तिकसंयुक्तं वह्निबीजसमन्वितम् ॥१४६॥

देहं पद्मं च मन्त्रार्चिरन्तर्वह्निपुरं बहिः ।
कृत्वाशु भस्मसाच्छाम्येत्स्यादाग्नेयीति धारणा ॥१४७॥

मारुतीधारणा

ततस्त्रिभुवनाभोगं पूरयन्तं समीरणम् ।
चालयन्तं गिरीनब्धीन् क्षोभयन्तं विचिन्तयेत् ॥१४८॥

तच्च भस्मरजस्तेन शीघ्रमुद्धूय वायुना ।
दृढाभ्यासः प्रशान्तिं तमानयेदिति मारुती ॥१४९॥

वारुणीधारणा

स्मरेद्वर्षत्सुधासारैः घनमालाकुलं नभः ।
ततोऽर्धेन्दुसमकान्तं मण्डलं वारुणाङ्कितम् ॥१५०॥

नभस्तलं सुधाम्भोभिः प्लावयेत्तत्पुरं ततः ।
तद्रजः कायासम्भूतं क्षालयेदिति वारुणी ॥१५१॥

तत्त्वभूधारणा

सप्तधातुविनाभूतं पूर्णेन्दुविशदद्युतिम् ।
सर्वज्ञकल्पमात्मानं शुद्धबुद्धिः स्मरेत्ततः ॥१५२॥

ततः सिंहासनासीनं सर्वातिशयभासुरम् ।
विध्वस्ताशेषकर्माणं कल्याणमहिमान्वितम् ॥१५३॥

स्वाङ्गगर्भे निराकारं स्वं स्मरेदिति तत्त्वभूः ।
साभ्यास इति पिण्डस्थे योगी शिवसुखं भजेत् ॥१५४॥

पिण्डस्थध्यानफलम्

अश्रान्तमिति पिण्डस्थे कृताभ्यासस्य योगिनः ।
प्रभवन्ति न दुर्विद्यामन्त्रमण्डलशक्तयः ॥१५५॥

शाकिन्यः क्षुद्रयोगिन्यः पिशाचा पिशिताशनाः ।
त्रस्यन्ति तत्क्षणादेव तस्य तेजोऽसहिष्णवः ॥१५६॥

दुष्टा करटिनः सिंहा शलभा पन्नगा अपि ।
जिघांसवोऽपि तिष्ठन्ति स्तम्भिता इव दूरतः ॥१५७॥

पदस्थध्यानम्

पुण्यमन्त्रपदान्येव तथागमपदानि वा ।
ध्यायन्ते यद्बुधैर्नित्यं तत्पदस्थं गतं बुधैः ॥१५८॥

ओमर्हादिकमन्त्राणां मायाबीजजुषां ततिम् ।
परमेष्ठ्यादिपदव्रातं पदस्थध्यानगः स्मरेत् ॥१५९॥

रूपस्थध्यानम्

सर्वातिशययुक्तस्य केवलज्ञानभास्वतः ।
अर्हतो रूपमालम्ब्य ध्यानं रूपस्थमुच्यते ॥१६०॥

रागद्वेषमहामोहविकारैरकलङ्कितम् ।
शान्तकान्तं मनोहारि सर्वलक्षणलक्षितम् ॥१६१॥

जिनेन्द्रप्रतिमारूपमपि निर्मलमानसः ।
निर्निमेषदृशा ध्यायन् रुपस्थध्यानवान्भवेत् ॥१६२॥

रूपातीतध्यानम्

लोकाग्रस्थं परात्मानममूर्तं क्लेशवर्जितम् ।
चिदानन्दमयं सिद्धमनन्तानन्दगं स्मरेत् ॥१६९॥

यस्यात्र ध्यानमात्रेण क्षीयन्ते जन्ममृत्यवः ।
उत्पद्यते च विज्ञानं स ध्येयो नित्यमात्मना ॥१७०॥

तत्स्वरूपाहितं स्वान्तं तद्गुणग्रामरञ्जितम् ।
योजयत्यात्मनात्मानं स्वस्मिन् तद्रूपसिद्धये ॥१७१॥

इत्यजस्रं स्मरन् योगी तत्स्वरूपावलम्बितः ।
तन्मयत्वमवाप्नोति ग्राह्यग्राहकवर्जितः ॥१७२॥

**अनन्यशरणीभूय स तस्मिन् लीयते तथा ।**
**ध्यातृध्यानोभयाभावे ध्येयेनैक्यं यथा व्रजेत् ॥१७३॥**

**यः परात्मा परं सोऽहं योऽहं स परमेश्वरः ।**
**मदन्यो न मयोपास्यो, मदन्येन च नाप्यहम् ॥१७४॥'**

अथ शुक्लध्यानं चतुर्विधम् । तद्यथा - १ पृथक्त्ववितर्कसविचारं, २ एकत्व-वितर्काविचारं, ३ सूक्ष्मक्रियाप्रतिपाति ४ व्युपरतक्रियानिवर्त्ति च । तथा चाह **योगशास्त्रे तद्वृत्तौ** च -

'शुक्लध्यानस्य भेदानाह -

**ज्ञेयं नानात्वश्रुतविचारमैक्यश्रुताविचारं च ।**
**सूक्ष्मक्रियमुत्सन्नक्रियमिति भेदैश्चतुर्धा तत् ॥११/५॥**

**व्याख्या** - नानात्वं पृथक्त्वं श्रुतं वितर्कः विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः इति पृथक्त्ववितर्कं सविचारं प्रथमम् । ऐक्यमपृथक्त्वं एकत्ववितर्कमविचारं च द्वितीयम् । **सूक्ष्मक्रियम**प्रतिपातीति तृतीयम् । **उत्सन्नक्रियम**निवर्तीति चतुर्थम् । एवं चतुर्विधं शुक्ल-ध्यानम् ॥११/५॥

अथाद्यभेदं व्याचष्टे -

**एकत्र पर्ययाणां विविधनयानुसरणं श्रुताद्द्रव्ये ।**
**अर्थव्यञ्जनयोगान्तरेषु सङ्क्रमणयुक्तमाद्यं तत् ॥११/६॥**

**व्याख्या** - एकस्मिन् परमाण्वादौ द्रव्ये **पर्याया**णामुत्पादस्थितिभङ्गमूर्त्तत्वामूर्त्तत्वादीनां विविधनयैर्द्रव्यार्थिकपर्यायार्थिकादिभिर्यदनुसरणमनुचिन्तनं, **श्रुतात्** पूर्वविदां पूर्वगत-श्रुतानुसारेण, इतरेषां त्वन्यथा, तदाद्यं शुक्लमिति सम्बन्धः । कथम्भूतं ? **अर्थव्यञ्जन-योगान्तरेषु सङ्क्रमणयुक्तं,** अर्थो द्रव्यं तस्माद्व्यञ्जने शब्दे शब्दाच्चार्थे सङ्क्रमणं, योगाद्योगान्तरसङ्क्रमणं तु मनोयोगात् काययोगे वा वाग्योगे वा सङ्क्रान्तिः, एवं काययोगान्मनोयोगे वाग्योगे वा, वाग्योगान्मनोयोगे काययोगे वा सङ्क्रमणं, तेन युक्तम् । यदाहुः -

**''उप्पायठिईभंगाइपज्जवाणं जमेगदव्वम्मि ।**
**नाणानयानुसरणं पुव्वगयसुयाणुसारेण ॥७७॥**

**सवियारमत्थवंजणजोगंतरओ तयं पढमसुक्कं ।**
**होइ पुहुत्तवियक्कं सवियारमरागभावस्स ॥७८॥'' ( ध्यानशतकम् )**

(**छाया**- उत्पादस्थितिभङ्गादिपर्यवाणां यदेकद्रव्ये ।
नानानयानुसरणं पूर्वगतश्रुतानुसारेण ॥७७॥

सविचारमर्थव्यञ्जनयोगान्तरतः तत् प्रथमशुक्लम् ।
भवति पृथक्त्ववितर्कं सविचारमरागभावस्य ॥७८॥)

ननु अर्थव्यञ्जनयोगान्तरेषु सङ्क्रमणात् कथं मनःस्थैर्यं ? तदभावाच्च कथं ध्यानत्वं ? उच्यते - एकद्रव्यविषयत्वे मनःस्थैर्यसम्भवाद्ध्यानत्वमविरुद्धम् ॥११/६॥

द्वितीयं भेदं व्याचष्टे -

**एवं श्रुतानुसारादेकत्ववितर्कमेकपर्याये ।**
**अर्थव्यञ्जनयोगान्तरेष्वसङ्क्रमणमन्यत्तु ॥११/७॥**

**व्याख्या - एवं श्रुतानुसारादिति** पूर्वविदां पूर्वगतश्रुतानुसारादितरेषामन्यथापि एकपर्यायविषयमेकत्ववितर्कं नाम द्वितीयं शुक्लध्यानं, तच्चार्थव्यञ्जनयोगेष्वसङ्क्रमणरूपम् । यदाहुः -

**''जं पुण सुणिप्पयंपं निवायसरणप्पईवमिव चित्तं ।**
**उप्पायठिईभंगाइयाण एगम्मि पज्जाये ॥७९॥**

**अवियारमत्थवंजणजोगंतरओ तयं बीयसुक्कं ।**
**पुव्वगयसुयालंबणमेगत्तवियक्कमवियारं ॥८०॥'' ( ध्यानशतकम् ) ॥११/७॥**

(**छाया**- यत्पुनः सुनिष्प्रकम्पो निवातशरणप्रदीप इव चित्तम् ।
उत्पादस्थितिभङ्गादिकानामेकस्मिन् पर्याये ॥१॥

अविचारमर्थव्यञ्जनयोगान्तरतः तकं द्वितीयशुक्लम् ।
पूर्वगतश्रुतालम्बनमेकत्ववितर्कमविचारम् ॥२॥)

तृतीयभेदं व्याचष्टे -

**निर्वाणगमनसमये केवलिनो दरनिरुद्धयोगस्य ।**
**सूक्ष्मक्रियाप्रतिपाति तृतीयं कीर्तितं शुक्लम् ॥११/८॥**

**व्याख्या** - **निर्वाणगमनसमये** मोक्षगमनप्रत्यासन्नसमये **केवलिनः** सर्वज्ञस्य मनो-योगवाग्योगद्वये निरुद्धे सति बादरे च काययोगे निरुद्धे सूक्ष्मा उच्छ्वासनिःश्वासादिका कायक्रिया यत्र तत्तथा । अप्रतिपाति अनिवर्ति । दरशब्दः प्राकृतवत् संस्कृतेऽपि दृश्यते, यथा "**दरदलितहरिद्राग्रन्थिगौरं शरीरम्**" (इत्यादौ) ॥११/८॥

चतुर्थं भेदं व्याचष्टे -

**केवलिनः शैलेशीगतस्य शैलवदकम्पनीयस्य ।**
**उत्सन्नक्रियमप्रतिपाति तुरीयं परमशुक्लम् ॥११/९॥**

**व्याख्या** - स्पष्टः ॥११/९॥

चतुर्ष्वपि योगसङ्ख्यां निरूपयति -

**एकत्रियोगभाजामाद्यं स्यादपरमेकयोगानाम् ।**
**तनुयोगिनां तृतीयं निर्योगाणां चतुर्थं तु ॥११/१०॥**

**व्याख्या** - **आद्यं** पृथक्त्ववितर्कं सविचारं मनःप्रभृत्येकयोगभाजां योगत्रयभाजां वा, तच्च भङ्गिकश्रुतपाठकानां भवति । **अपरमेकत्ववितर्कमविचारं** मनःप्रभृत्येकयोगभाजां योगान्तरे सङ्क्रमाभावात् । **तृतीयं** सूक्ष्मक्रियमनिवर्ति तत् तनुयोगे काययोगे सूक्ष्मे, न तु योगान्तरे । **चतुर्थं** व्युत्सन्नक्रियमप्रतिपाति निर्योगाणामयोगिकेवलिनां शैलेशीगतानां भवति । योगस्तु कायवाग्मनोभेदात्त्रिविधः । तत्रौदारिकवैक्रियाहारकतैजसकार्मणशरीरवतो जीवस्य वीर्यपरिणतिविशेषः काययोगः । औदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृतवाग्द्रव्यसमूह-साचिव्याज्जीवव्यापारो वाग्योगः । औदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृतमनोद्रव्यसमूह-साचिव्याज्जीवव्यापारो मनोयोगः ॥११/१०॥'

गुरुः प्रत्येकं चतुर्विधान्येतानि चत्वारि ध्यानानि वेत्ति ।

इत्थं षट्त्रिंशद्गुणसमन्वितस्य गुरोर्विजयो भवतु ॥२॥

**इति प्रथमा षट्त्रिंशिका समाप्ता ।**

●●●

# પહેલી છત્રીસી

હવે ગુરુના ગુણોની છત્રીસ છત્રીસીઓમાં પહેલી છત્રીસી કહે છે -

**શબ્દાર્થ** - ચાર પ્રકારની દેશના, ચાર પ્રકારની કથા, ચાર પ્રકારના ધર્મ, ચાર પ્રકારની ભાવના, ચાર પ્રકારના સ્મારણા વગેરેમાં કુશળ બુદ્ધિવાળા અને ચાર પ્રકારના ચાર ધ્યાનોને જાણનારા - આમ છત્રીસ ગુણોવાળા ગુરુ જય પામો. (૨)

**પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ** - જય પામો એટલે બધે અસ્ખલિત પ્રસરવાળા થાઓ.

બીજાને સમજાવવામાં તત્પર એવી વચનોની પદ્ધતિ તે દેશના. તે ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે - ૧ આક્ષેપિણી, ૨ વિક્ષેપિણી, ૩ સંવેજની અને ૪ નિર્વેદિની. આમનું સ્વરૂપ આગળ ચાર પ્રકારની કથાના વિવરણમાં બતાવાશે.

કહેવાય તે કથા. તે ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે છે - ૧ અર્થકથા, ૨ કામકથા, ૩ ધર્મકથા અને ૪ મિશ્રકથા. **શ્રીદશવૈકાલિકસૂત્ર**ના **ત્રીજા અધ્યયનની નિર્યુક્તિ**માં અને તેની **હારિભદ્રીયવૃત્તિ**માં કહ્યું છે -

'હવે 'કથા'ને કહે છે.

**ગાથાર્થ** - અર્થકથા, કામકથા, ધર્મકથા અને મિશ્રિતકથા. એમાંની એક-એક કથા અનેકપ્રકારની જાણવી. (૧૮૮)

વિદ્યા, શિલ્પ, ઉપાય, અનિર્વેદ, સંચય, દક્ષતા, સામ, દંડ, ભેદ, ઉપપ્રદાન એ અર્થકથા છે. (૧૮૯)

સાર્થવાહપુત્ર દક્ષતાથી, શ્રેષ્ઠીપુત્ર રૂપથી, મંત્રીપુત્ર બુદ્ધિથી, રાજપુત્ર પુણ્યથી જીવે છે. (૧૯૦)

પુરુષની દક્ષતા પાંચ રૂપિયાની છે, સુંદરતા ૧૦૦ રૂપિયાની છે, બુદ્ધિ હજાર રૂપિયાની છે, પુણ્ય ૧ લાખ રૂપિયાનું છે. (૧૯૧)

**ટીકાર્થ** : વિદ્યા વગેરે અર્થ છે. તેની પ્રધાનતાવાળી કથા એ અર્થકથા કહેવાય. એ પ્રમાણે કામકથા, ધર્મકથા અને મિશ્રકથા પણ સમજવી.

આ કથાઓમાંની એક એક કથા અનેકપ્રકારની છે. (૧૮૮)

હવે અર્થકથા કહે છે. વિદ્યા, શિલ્પ, ઉપાય, અનિર્વેદ, સંચય, દક્ષતા, સામ, દંડ, ભેદ, ઉપપ્રદાન આ અર્થકથા છે. કેમકે એ અર્થપ્રધાન છે. આ અક્ષરાર્થ છે. ભાવાર્થ તો વૃદ્ધવિવરણથી જાણવો. તે આ છે -

● વિદ્યાને આશ્રયીને અર્થકથા આ પ્રમાણે કે જે વિદ્યાથી ધનનું ઉપાર્જન કરે છે. એકજણે જે વિદ્યા સાધી, તે (વિદ્યા) તેને દરરોજ સવારે પાંચ રૂપિયા આપે છે. અથવા તો જેમ વિદ્યાધરોનાં ચક્રવર્તી સત્યકિએ વિદ્યાનાં પ્રભાવથી ભોગો મેળવ્યા. સત્યકિની ઉત્પત્તિ જે રીતે થઈ, જે રીતે તે શ્રાવકકુલમાં રહ્યો, જે રીતે મહેશ્વર એનું નામ કરાયું...આ બધું જે રીતે આવશ્યકમાં बत्तीसेहिं जोगसंगहेहिं સૂત્રનાં વર્ણનમાં દર્શાવેલું છે એ પ્રમાણે અહીં કહેવું.

વિદ્યાદ્વાર પૂર્ણ થયું.

● શિલ્પથી ધન મેળવાય છે. એમાં ઉદાહરણ કોકાસ નામનો શિલ્પી છે. એ આવશ્યક પ્રમાણે જાણવું. શિલ્પદ્વાર પૂર્ણ થયું.

● ઉપાય દ્વારા ધન મેળવાય છે. આમાં દૃષ્ટાન્ત ચાણક્ય છે, જે રીતે ચાણક્યે જુદા જુદા ઉપાયોથી ધન મેળવ્યું.

**પ્રશ્ન :** ક્યા ઉપાયોથી ?

**ઉત્તર :** ''મારે ધાતુથી રંગાયેલ બે....'' આ પણ કથાનક જે રીતે આવશ્યકમાં છે, તે રીતે કહેવું. ઉપાય દ્વાર પૂર્ણ થયું.

● હવે અનિર્વેદ અને સંચયમાં એક જ ઉદાહરણ છે. મમ્મણ વાણિયો, તે પણ જે રીતે આવશ્યકમાં છે, તે પ્રમાણે કહેવું.

(ધનોપાર્જનમાં કંટાળો ન આવવો જોઈએ તથા ઉપાર્જિતધન ધીમે ધીમે બચાવી બચાવીને ભેગું કરવું જોઈએ.)

● હવે દક્ષત્વનો અવસર છે. પ્રસંગપૂર્વક એ દક્ષત્વનું વર્ણન કરે છે કે સાર્થવાહપુત્રની દક્ષતા = કાર્યચપળતા પાંચ રૂપિયાનાં ફલવાળી થઈ, શ્રેષ્ઠિપુત્રનું સૌંદર્ય ૧૦૦ રૂ. ના ફળવાળું થયું, મન્ત્રીપુત્રની બુદ્ધિ ૧૦૦૦ રૂ. ના ફલવાળી થઈ અને રાજપુત્રનું પુણ્ય લાખ રૂ. ના ફલવાળું થયું. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ છે - બ્રહ્મદત્ત રાજકુમાર, કુમાર મંત્રીપુત્ર, શ્રેષ્ઠીપુત્ર, સાર્થવાહપુત્ર આ ચારેય પરસ્પર વાતચીત કરે છે ''કોણ શેના આધારે જીવે છે ?'' ત્યાં રાજપુત્રે કહ્યું કે, ''હું પુણ્યથી જીવું

છું.'' કુમાર મંત્રીપુત્રે કહ્યું કે, ''હું બુદ્ધિથી જીવું છું.'' શ્રેષ્ઠિપુત્રે કહ્યું કે, ''હું રૂપથી જીવું છું.'' સાર્થવાહપુત્રે કહ્યું કે, ''હું દક્ષતાથી જીવું છું.''

તેઓ કહે છે, ''અન્યસ્થાને જઈ આપણે આની પરીક્ષા કરીએ.''

તેઓ અન્યનગરમાં ગયા, કે જ્યાં કોઈ એમને ઓળખતું નથી. ઉદ્યાનમાં રહ્યા. દક્ષને આદેશ અપાયો કે, ''જલ્દી ભોજન-પાણીના ખર્ચને લાવ.'' (અર્થાત્ ભોજન માટે જરૂરી ધન લઈ આવ.) તે બજારમાં જઈને એક વૃદ્ધવણિકની દુકાને ઊભો રહ્યો. તેને ઘણાં ગ્રાહકો આવે છે. તે દિવસે કોઈક ઉત્સવ છે. વણિક પડિકા બાંધવામાં પહોંચી વળતો નથી. પછી સાર્થવાહપુત્ર દક્ષ હોવાથી જેને જે મીઠું, તેલ, ઘી, ગોળ, સુંઠ, મરચાં વગેરે ઉપયોગી હોય, તેને તે આપે છે. વણિકને ઘણો વધારે નફો થયો. ખુશ થયેલો તે બોલે છે કે, ''તમે આ નગરમાં બહારથી આવેલા છો કે અહીંના રહેવાસી છો ?'' તે કહે છે કે, ''બહારથી આવ્યા છીએ.'' વણિક કહે કે, ''તો અમારા ઘરે ભોજનનો સ્વીકાર કરો.'' તે કહે છે કે, ''મારા બીજા મિત્રો ઉદ્યાનમાં છે. તેમના વિના હું ભોજન નહિ કરું.'' તેણે કહ્યું કે, ''બધા જ આવો.'' વાણિયાએ તેઓના ભોજનદાન, તંબોલાદિમાં જેટલું વાપર્યું, એ પાંચ રૂપિયાનું થયું.

બીજા દિવસે રૂપવાન્ વણિક્પુત્રને કહેવાયું કે, ''આજે તારે ભોજનનો ખર્ચ આપવાનો છે.'' વણિક્પુત્રે કહ્યું, ''સારું.'' તે ઊભો થઈને વિભૂષિત થઈને વેશ્યાઓનાં વાડામાં ગયો. ત્યાં દેવદત્તા નામની વેશ્યા પુરુષ ઉપર દ્વેષવાળી હતી. ઘણાં રાજપુત્રો વગેરેએ એની માંગણી કરી પણ એ કોઈને ઇચ્છતી નથી. તે વેશ્યા તે વણિક્પુત્રનાં સુંદર રૂપસમુદાયને જોઈને ક્ષોભ પામી. એની પાસે રહેલી દાસીએ જઈને તેની માતાને કહ્યું કે, ''દેવદત્તા સુંદરયુવાન ઉપર દૃષ્ટિ કરે છે.'' તેથી તે કહે કે, ''તું એ યુવાનને કહે કે મારા ઘરે કોઈપણ મુશ્કેલી-સંકોચ વિના આવો, અને અહીં જ ભોજન કરો.'' એ ચારે મિત્રો એ જ રીતે આવ્યા અને ત્યાં ૧૦૦ રૂ.નો ખર્ચ થયો.

ત્રીજા દિવસે બુદ્ધિમાન્ મંત્રીપુત્રને સંદેશો અપાયો કે, ''આજે તું ભોજનખર્ચ આપ.'' એ કહે, ''સારું.'' પછી તે અદાલત, ન્યાયાલયમાં ગયો. ત્યાં એક કેસ એવો હતો કે જેનો નિકાલ છેલ્લા ત્રણ દિવસથી આવતો ન હતો. તે કેસ આ પ્રમાણે હતો કે બે શોક્યો હતી. તેમનો પતિ મરી ગયો. એક શોક્યનો પુત્ર છે. એક શોક્ય પુત્રરહિત છે. તે છોકરાને સ્નેહથી સાચવે છે અને કહે છે કે, ''મારો પુત્ર છે.'' પુત્રની સગી માતા કહે છે કે, ''મારો પુત્ર છે.'' તે બે વચ્ચે ચુકાદો થતો નથી. મંત્રીપુત્રે કહ્યું કે, ''હું આ કેસનો નિકાલ કરી આપું.'' છોકરાના બે ટુકડા કરો અને ધનનાં પણ બે ભાગ કરો.'' પુત્રની માતા કહે છે કે,

''મારે ધનનું કામ નથી. છોકરો પણ તે શોક્યનો થાઓ. એ જીવતો હશે તો એનું દર્શન પામીશ.'' બીજી શોક્ય મુંગી ઊભી રહે છે. ત્યારે મંત્રીપુત્રે એ બાળક ખરી પુત્રમાતાને સોંપ્યો. ત્યાં ૧૦૦૦ રૂા.નો ઉપયોગ થયો. એટલે કે મંત્રીપુત્રને ૧૦૦૦ રૂા. મળ્યા.

ચોથા દિવસે રાજપુત્રને કહેવાયું કે, ''આજે પુણ્યના સ્વામી એવા તમારે ચારેયનું યોગવહન કરવાનું છે.'' રાજપુત્રે કહ્યું, ''સારું.'' પછી રાજપુત્ર તેમની પાસેથી નીકળીને ઉદ્યાનમાં ગયો. તે નગરમાં પુત્ર વિનાનો રાજા મૃત્યુ પામ્યો. અશ્વને અધિવાસિત કર્યો. જે વૃક્ષની છાયા નીચે રાજપુત્ર ઊંઘેલો, તે છાયા દૂર થતી નથી. પછી અશ્વે તેની ઉપર રહીને હેસારવ કર્યો, એનો રાજા તરીકે અભિષેક કર્યો. અનેક લાખો રૂપિયા મળ્યાં. આ પ્રમાણે ધનની ઉત્પત્તિ થાય છે. દક્ષતાદ્વાર પૂર્ણ થયું.

હવે જે રીતે સામ, ભેદ, દંડ અને ઉપપ્રદાનથી ધન મેળવાય છે એ વાત કરે છે. તેમાં આ ઉદાહરણ છે કે ભમતાં શિયાળે એક મરેલા હાથીને જોયો. તે વિચારે છે કે, ''મેં આને મેળવ્યો. હવે હોંશિયારીપૂર્વક નક્કી મારે જ ખાવો છે. (બીજાને આપવો નથી.)'' ત્યાં સિંહ આવ્યો. શિયાળે વિચાર્યું કે, ''આની સામે સારી ચેષ્ટાવાળા રહેવું.'' સિંહે કહ્યું કે, ''અરે, ભાણિયા ! કેમ ઊભો છે ?'' શિયાળે કહ્યું, ''હા, મામા !'' સિંહ કહે છે, ''આ શું મરેલું છે ?'' શિયાળ કહે, ''હાથી.'' સિંહ કહે, ''કોણે માર્યો ?'' શિયાળ કહે, ''વાઘે માર્યો.'' સિંહ વિચારે છે કે, ''હું મારાથી નીચલી જાતિવાળાએ મારેલા પશુને કેવી રીતે ખાઉં ?'' સિંહ જતો રહ્યો.

ત્યાં વાઘ આવ્યો. શિયાળે તેને કહ્યું કે, ''સિંહે આ હાથી માર્યો છે. તે પાણી પીવા ગયો છે.'' વાઘ ભાગી ગયો. આ ભેદ છે.

ત્યાં કાગડો આવ્યો. શિયાળે વિચાર્યું કે, ''જો આને માંસ નહિ આપું તો કા...કા શબ્દનો ફેલાવો કરશે, એ શબ્દથી બીજા પણ કાગડાઓ આવશે. તે બધા કાગડાઓનાં કા...કા રૂપ શબ્દથી બીજા પણ શિયાળાદિ આવશે. હું કેટલાને અટકાવીશ. તેથી આને કંઈક દાન કરું.'' પછી શિયાળે તે મૃતકમાંથી એક ટુકડો છેદીને કાગડાને આપ્યો. તે એ લઈને જતો રહ્યો.

ત્યાં શિયાળ આવ્યો. આ શિયાળે વિચાર્યું કે, ''આને તો બળથી દૂર કરીશ.'' અને ભ્રમર ચઢાવીને તેની તરફ દોટ મૂકી. પેલો શિયાળ ભાગી ગયો.

કહ્યું છે કે, ''ઉત્તમને નમસ્કાર કરીને જોડવો. શૂરવીરને ભેદથી જોડવો. નીચને થોડું આપીને જોડવો અને સમાનને પરાક્રમોથી જોડવો.'' (અર્થાત્ ઉત્તમની સાથે નમ્રતાપૂર્વક વ્યવહાર કરવો. શૂરવીરોમાં ભાગલા પડાવી સ્વાર્થ સાધવો. નીચ લોકોને થોડું થોડું આપીને

શાંત રાખવા અને સરખે સરખા હોય એમને પરાક્રમથી ઠંડા પાડવા...) (૧૮૯, ૧૯૦, ૧૯૧)

કથાની ગાથાનો ભાવાર્થ કહ્યો.

અર્થકથા કહેવાઈ ગઈ.

હવે કામકથા કહે છે.

**ગાથાર્થ :** રૂપ, ઉંમર, વેષ, દક્ષતા, વિષયોમાં શિક્ષિત, દૃષ્ટ, શ્રુત, અનુભૂત, સંસ્તવ આ કામકથા છે. (૧૯૨)

**ટીકાર્થ :** સુંદર રૂપ, ઉદગ્ર (ઉછળતી) ઉંમર, ઉજ્જ્વલ વેષ, મૃદુતા, કળાઓમાં શિક્ષણ, અદ્‌ભુતદર્શનને આશ્રયીને દૃષ્ટ, શ્રુત, અનુભૂત અને પરિચય આ બધી કામકથા છે. (આ બધા પદાર્થોની પ્રરૂપણા કરવી એ કામકથા છે.)

રૂપમાં વસુદેવ વગેરે ઉદાહરણ છે.

યુવાનવયમાં પ્રાયઃ બધા જ કમનીય = ઇચ્છનીય હોય, કેમકે ત્યારે લાવણ્ય હોય છે. કહ્યું છે કે, ''ઉદગ્રકાળમાં યૌવન વિરૂપમાં પણ લાવણ્યને કહે છે. યૌવન પાકસમયે લીમડાનાં ફલની પણ મધુરતાને દેખાડે છે.''

(ઉદગ્રકાલીન યૌવન - ભરયૌવનકાળ સમજવો. લીમડાનાં ફલ જ્યારે પાકતાં હોય ત્યારે એ મીઠા હોય છે.)

તથા ઉજ્જ્વલ વેષ કામનું અંગ છે. કેમકે, **''સ્ત્રી કોઈપણ ઉજ્જ્વલ વેષવાળા પુરુષને જોઈને તેની ઇચ્છા કરે.''** એમ કહ્યું છે. એ રીતે દાક્ષિણ્ય પણ કામનું અંગ છે. કેમકે, **''પંચાલ કહે છે કે સ્ત્રીઓને વિશે મૃદુતા રાખવી એજ કામશાસ્ત્રનો સાર છે.''** આ પ્રમાણે વચન છે.

કળાઓમાં શિક્ષણ એ કામનું અંગ છે. કેમકે એ ચતુરાઈ = હોંશિયારી છે. કહ્યું છે કે, **''કલાઓનું ગ્રહણ કરીએ, એટલા માત્રથી જ સૌભાગ્ય ઉત્પન્ન થઈ જાય. દેશકાળને અપેક્ષીને એ કળાઓનો પ્રયોગ તો થાય કે ન પણ થાય.''** (આશય એ છે કે શીખેલી કળાઓ બીજાને દેખાડીએ ત્યારે જ લોકપ્રિયતા વધે એવું નથી. કલાનો પ્રયોગ કદાચ તે તે દેશ-કાળની અપેક્ષાએ ન કર્યો હોય તો પણ કળાનું ગ્રહણ પણ કરેલું હોય તો એનાથી લોકપ્રિયતા, સૌભાગ્ય પ્રાપ્ત થઈ જાય છે...)

અન્યલોકો વળી આ 'કળાઓમાં શિક્ષણ' દ્વારમાં અચલ અને મૂલદેવને દૃષ્ટાન્ત તરીકે

જણાવે છે. બેય જણ દેવદત્તા નામની વેશ્યામાં રાગી હતા. અક્કાનાં કહેવાથી બેયની પરીક્ષા કરવા માટે દેવદત્તાએ બંને પાસે દાસી મોકલાવી જણાવ્યું કે, ''દેવદત્તાને શેરડી ખાવાની ભાવના છે.'' મુગ્ધ અચલ સાર્થવાહે ગાડું ભરીને શેરડીના સાઠા મોકલી આપ્યા. જ્યારે મૂલદેવે એક થાળી જેવા વાસણમાં છાલ ઉતારેલ શેરડીમાં મસાલાદિથી તૈયાર કરાયેલા ટુકડાઓ મોકલ્યા, કે જે તરત જ ખાઈ શકાય.

● દૃષ્ટને આશ્રયીને કામકથા આ પ્રમાણે કે નારદે રુક્મિણીનું રૂપ જોઈને વાસુદેવ આગળ એનું વર્ણન કર્યું તે.

● શ્રુતને આશ્રયીને કામકથા આ પ્રમાણે કે પદ્મનાભરાજાએ નારદ પાસેથી દ્રૌપદીનું રૂપ સાંભળીને પૂર્વપરિચિત દેવોની આગળ એ રૂપનું વર્ણન કર્યું. (અહીં રાજાએ રૂપ જોયું નથી. માત્ર સાંભળ્યું જ છે.)

● અનુભૂતને આશ્રયીને કામકથા આ પ્રમાણે કે - તરંગવતી રાજકુમારી પોતાના અનુભવનું કથન કરે છે તે. (એણે કામસંબંધમાં જે જે અનુભવ કરેલા, તે બધા જ એ બીજાને કહે છે, ત્યારે તે કામકથા અનુભૂત કામકથા બને.)

● સંસ્તવ એટલે કામકથાનો પરિચય.

આ બધા કામનાં કારણો છે. कारणानि શબ્દ ગાથામાં લખેલો નથી. પરંતુ કામસૂત્રમાં આ બધાને કામના કારણો કહ્યા છે, એટલે તે પાઠને અનુસારે આ બધા કારણો કહેવાય.

કોઈક વળી એમ કહે છે કે, ''એકવાર વિજાતીયદર્શનથી પ્રેમ થાય, પ્રેમથી રતિ, રતિથી વિશ્વાસ, વિશ્વાસથી પ્રણય...આમ પાંચ પ્રકારે પ્રેમ વધે છે.'' (૧૯૨)

કામકથા કહેવાઈ ગઈ.

ધર્મકથા કહે છે.

**ગાથાર્થ :** ધર્મકથા ચાર પ્રકારની ધીરપુરુષોથી કહેવાયેલી છે - (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) નિર્વેદ (૪) સંવેગ. (૧૯૩)

આ આક્ષેપણી કથા ચાર પ્રકારે છે. આચારમાં, વ્યવહારમાં, પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદ. (૧૯૪)

જે કથામાં વિદ્યા, ચરણ, તપ, પુરુષાર્થ, સમિતિ-ગુપ્તિ ઉપદેશાય, તે આક્ષેપણીનો રસ છે. (૧૯૫)

સ્વસમયને કહીને પરસમય કહે, અથવા ઊંધું કહે. એજ પ્રમાણે મિથ્યાવાદ અને

સમ્યગ્વાદમાં બે ભેદ થાય. (૧૯૬)

જે કથા સ્વસમયરહિત હોય, લોકવેદસંયુક્ત હોય, અને જે પરસમયની કથા હોય, તે વિક્ષેપણીકથા. (૧૯૭)

જે પૂર્વે સ્વસમયથી કહેવાયેલી હોય, તેને પરસમયમાં ફેંકે, પરશાસનનાં વ્યાક્ષેપથી પરનાં સમયને કહે. (૧૯૮)

આત્મશરીર અને પરશરીર સંબંધી, આલોકસંબંધી અને પરલોકસંબંધી આ ચાર પ્રકારની સંવેજની કથા છે. (૧૯૯)

વીર્ય, વૈક્રિયઋદ્ધિ, જ્ઞાન-દર્શન-ચારિત્રની ઋદ્ધિ જે કથામાં ઉપદેશાય, તે સંવેજનીનો રસ છે. (૨૦૦)

જેમાં અશુભકર્મોનો આલોકમાં અને પરલોકમાં અશુભ વિપાક-કહેવાય, તે નિર્વેદની કથા છે. (૨૦૧)

જે કથામાં એવું કહેવાય કે થોડું પણ પ્રમાદથી કરાયેલું કર્મ પુષ્કળ અશુભપરિણામવાળું બને છે, તે નિર્વેદની કથાનો રસ છે. (૨૦૨)

સિદ્ધિ, દેવલોક, સુકુલમાં ઉત્પત્તિ, આનાથી સંવેગ થાય. નારક, તિર્યંચયોનિ, કુમાનુષ્ય, એનાથી નિર્વેદ થાય. (૨૦૩)

વૈનયિકને પ્રથમ આક્ષેપણી કથા કહેવી. પછી સ્વસમયનો અર્થ ગ્રહણ કરી ચૂકેલા એને વિક્ષેપણી કથા કહેવી. (૨૦૪)

આક્ષેપણીથી ખેંચાયેલા જે જીવો હોય, તેઓ સમ્યક્ત્વ પામે. વિક્ષેપણી કથામાં ભજના છે. વધુ ગાઢમિથ્યાત્વ પણ પામે. (૨૦૫)

**ટીકાર્થ :** ધર્મસંબંધી કથા એ ધર્મકથા. એ ચાર પ્રકારની તીર્થંકરો, ગણધરોએ પ્રરૂપેલી છે.

આ ચાર ભેદ જ બતાવે છે કે આક્ષેપણી - વિક્ષેપણી - સંવેગ અને નિર્વેદ.

(**પ્રશ્ન :** આક્ષેપણી એટલે આક્ષેપ કરનારી - ખેંચનારી કથા. વિક્ષેપણી એટલે વિક્ષેપ કરનારી કથા. પણ સંવેગ એ કંઈ કથા નથી, નિર્વેદ એ કંઈ કથા નથી. એ તો આત્મપરિણામ છે.)

**ઉત્તર :** ''સૂત્રનું કામ સૂચન કરવાનું છે'' એટલે અહીં સંવેગ = સંવેજની = સંવેગ

ઉત્પન્ન કરનારી તથા નિર્વેદ = નિર્વેદની = વૈરાગ્ય ઉત્પન્ન કરનારી એમ અર્થ લેવો.

આ ગાથાનો અક્ષરાર્થ થયો. (૧૯૩)

હવે ભાવાર્થ કહે છે.

આક્ષેપણીનાં ચાર પ્રકારો છે.

એમાં **આચાર** એટલે લોચ, અસ્નાન વગેરે.

**વ્યવહાર** એટલે સાધુને કોઈપણ પ્રકારે કોઈક દોષ લાગી જાય તો એને દૂર કરવા પ્રાયશ્ચિત્ત કરવું તે.

**પ્રજ્ઞપ્તિ** એટલે સંશય પામેલા શિષ્યાદિને મધુરવચનોથી પદાર્થો કહેવા તે.

**દૃષ્ટિવાદ** એટલે જે શ્રોતા સમજી શકે એમ હોય, તેને સૂક્ષ્મજીવાદિ ભાવોનું કથન કરવું તે.

કેટલાંકો એમ કહે છે કે આચાર, વ્યવહાર....એમ જે ચાર નામ ગાથામાં લખ્યા છે, એનાથી તે તે નામવાળા શાસ્ત્રો જ લેવા, કેમકે તે તે શાસ્ત્રોમાં તેનું તેનું જ વર્ણન છે. દા.ત. આચારશાસ્ત્રમાં આચારનું, વ્યવહારશાસ્ત્રમાં પ્રાયશ્ચિત્તનું, પ્રજ્ઞપ્તિમાં ઉપર દર્શાવેલી પ્રજ્ઞપ્તિનું વર્ણન છે.

આ ચાર પ્રકારે આક્ષેપણી કથા છે.

ગાથામાં ખલુ શબ્દ વિશેષ અર્થ દર્શાવવા માટે છે. તે વિશેષ અર્થ એ છે કે શ્રોતાની અપેક્ષાએ આચારાદિ ભેદોને આશ્રયીને અનેકપ્રકારની છે. (જઘન્યશ્રોતાની અપેક્ષાએ ૪ ભેદ, મધ્યમશ્રોતાની અપેક્ષાએ ૪ ભેદ...એ રીતે અનેકપ્રકારો સંભવિત છે.)

તુ શબ્દ એવકાર અર્થવાળો છે. એનો ભાવ એ છે કે પ્રજ્ઞાપકવડે કહેવાતી આ કથા જ છે. પણ અન્ય વડે કહેવાતી આ કથા નથી. અર્થાત્ પ્રજ્ઞાપક જો આનો ઉપદેશ આપે તો જ એ કથા બને. (અપ્રજ્ઞાપક કદાચ આ કથા કરે, તો પણ એ અપ્રજ્ઞાપક છે, એનો અર્થ જ એ છે કે એને બરાબર પ્રરૂપણા કરતાં આવડતું નથી. એટલે એની કથાનો ચોક્કસપ્રકારનો લાભ નહિ થાય...માટે એના થકી કહેવાતી કથા પણ કથાનાં ફળવાળી ન હોવાથી કથા ગણી નથી.)

આક્ષેપણીનો અર્થ આ પ્રમાણે છે કે જે કથા દ્વારા ભવ્યજીવો મોહમાંથી છૂટી તત્ત્વ તરફ = મોક્ષાદિ તરફ આકર્ષાય તે કથા આક્ષેપણી કથા છે. (૧૯૪)

હવે આક્ષેપણીનાં રસને જણાવે છે.

વિદ્યા = અત્યંત અપકારી એવા ભાવઅંધકારભૂત અજ્ઞાનનો નાશ કરનાર જ્ઞાન.

ચરણ = સમગ્રવિરતિરૂપ ચારિત્ર.

તપ = અનશનાદિ.

પુરુષાર્થ = કર્મશત્રુ પ્રત્યે પોતાના વીર્યનો ઉત્કર્ષ.

સમિતિ, ગુપ્તિઓ પૂર્વે કહી જ દીધી છે.

આ બધું જ્યાં ક્યાંય પણ ઉપદેશ કરાય, તે આક્ષેપણી કથાનો રસ = નિષ્યન્દ = સાર છે.

ઉપદેશ એટલે શ્રોતાનાં ભાવ પ્રમાણે નજીકથી કથન. (શ્રોતાને જે પદાર્થો વધુ અસર કરે તે એના માટે ઉપદેશ રૂપ બને. એની યોગ્યતા સમ્યક્ત્વનાં પદાર્થોની હોય અને એને વિરતિનાં પદાર્થો કહેવાય તો એ એના ભાવની દૃષ્ટિએ દૂરનું કથન છે એટલે એ ઉપદેશ ન ગણાય. ટૂંકમાં, શ્રોતાનાં ભાવને જે જલ્દી અસર કરે, એ એના ભાવની અપેક્ષાએ નજીકનું કહેવાય. એનું કથન એ ઉપદેશ કહેવાય.) (૧૯૫)

આક્ષેપણી કહેવાઈ ગઈ.

વિક્ષેપણી કહે છે -

(૧) સ્વસિદ્ધાન્તને કહીને પરસિદ્ધાન્તને કહે આ એક ભેદ.

(૨) પરસિદ્ધાન્તને કહીને સ્વસિદ્ધાન્તને કહે આ બીજો ભેદ. પહેલા ભેદથી આ ઊંધો છે. મિથ્યાવાદ અને સમ્યગ્વાદમાં પણ આ જ પ્રમાણે બે ભેદો પડે. તે આ પ્રમાણે -

(૩) મિથ્યાવાદને કહીને સમ્યગ્વાદને કહે.

(૪) સમ્યગ્વાદને કહીને મિથ્યાવાદને કહે.

જે કથા દ્વારા જીવ સન્માર્ગમાંથી કુમાર્ગમાં ફેરવાય કે કુમાર્ગમાંથી સન્માર્ગમાં ફેરવાય એ વિક્ષેપણીકથા છે.

આ ગાથાનો અક્ષરાર્થ કહ્યો.

ભાવાર્થ તો વૃદ્ધવિવરણથી જાણવો. તે વૃદ્ધવિવરણ આ છે. (વૃદ્ધવિવરણ એટલે શ્રીજિનદાસગણિમહત્તરની ચૂર્ણિ)

વિક્ષેપણીકથા ચાર પ્રકારની કહેવાયેલી છે. તે આ પ્રમાણે -

(૧) સ્વસમયને કહીને પરસમયને કહે.

(૨) પરસમયને કહીને સ્વસમયને કહે.

(૩) મિથ્યાવાદને કહીને સમ્યગ્વાદને કહે.

(૪) સમ્યગ્વાદને કહીને મિથ્યાવાદને કહે.

એનો ભાવાર્થ એ છે કે

(૧) પહેલા સ્વસમયને કહીને પરસમયને કહે. પોતાના શાસ્ત્રનાં ગુણોને પ્રગટ કરે અને પરશાસ્ત્રનાં દોષોને પ્રગટ કરે. આ પહેલી વિક્ષેપણીકથા છે.

(૨) હવે બીજી કહે છે. પહેલાં પરસમયને કહીને તેના જ દોષો દેખાડે, પછી સ્વશાસ્ત્રને કહે અને તેના ગુણો દેખાડે. આ બીજી વિક્ષેપણીકથા છે.

(૩) હવે ત્રીજી કહે છે - પરસમયને કહીને તે જ પરસમયમાં જે પદાર્થો એવા હોય જે જિનેશ્વરોએ કહેલા પદાર્થોની સાથે વિરોધવાળા હોય, ખોટાં જ કલ્પેલા હોય, તે પદાર્થોને પહેલાં કહે, પછી તેના દોષો પણ દર્શાવે, પછી જે પદાર્થો જિનેશ્વરે કહેલા ભાવોની સાથે સરખા હોય, ઘુણાક્ષરની જેમ કોઈપણ રીતે સારા કહેવાઈ ગયા હોય, તેને કહે. (લાકડામાં ઉત્પન્ન થતાં એકપ્રકારનાં જીવો ઘુણ કહેવાય છે. તેઓ લાકડાને અંદરથી ખાઈ જાય, ત્યારે ઘણીવાર ક, ખ, ગ...વગેરે અક્ષરોનાં આકાર પડી જાય. હવે ઘુણને કંઈ એવો ખ્યાલ નથી કે હું ક કોતરું, પણ છતાં એની મેળે એ ક કોતરાઈ જાય છે. એમ જૈનેતરોએ જે કંઈ સારા પદાર્થો કહ્યા છે, એ એમના અંદરના સારા ભાવોમાંથી પ્રગટેલા નથી, પણ બીજા પાસેથી સાંભળવાદિ દ્વારા જે પદાર્થો તેઓએ જાણ્યા એ જ પદાર્થો તેઓ પ્રરૂપી દે છે...)

અથવા તો મિથ્યાવાદ એટલે નાસ્તિકતા અને સમ્યગ્વાદ એટલે આસ્તિકતા કહેવાય. તેમાં પહેલાં નાસ્તિકવાદીઓની માન્યતાઓને કહી પછી અસ્તિત્વપક્ષવાદીઓની માન્યતા કહે. આ ત્રીજી વિક્ષેપણીકથા છે.

હવે ચોથી વિક્ષેપણીકથા કહે છે. તે પણ ઉપર પ્રમાણે જ છે પરંતુ એટલો ફરક કે પહેલા ઘુણાક્ષરતુલ્ય સારા ભાવોને કહે અને પછી ખરાબ ભાવોને કહે. (ઉપર ત્રીજી કથા બે રીતે બતાવી છે એમાં પહેલા પ્રકારમાં ક્રમ બદલી કરીને આ ચોથી દર્શાવી છે. બીજા પ્રકારને અહીં લીધો નથી. સમજી લેવો.) આ રીતે શ્રોતાને વિક્ષેપવાળો કરે. (વિક્ષેપવાળો કરવો એટલે એનું મન એક સ્થાનેથી ઉઠાડી દઈ અન્યસ્થાને લગાડી દેવું...) (૧૯૬)

હવે આ વિક્ષેપણીકથાને જ બીજા પ્રકારે કહે છે કે જે કથા સ્વસમયથી રહિત હોય એટલે કે જેમાં સ્વસમયમાં દર્શાવેલા પદાર્થો ન હોય...

ગાથામાં જે **खलु** શબ્દ છે એ વિશેષ અર્થવાળો છે, એટલે આ પ્રમાણે વિશેષ અર્થ કરવો કે જે કથા અત્યંત પ્રસિદ્ધનીતિથી સ્વસિદ્ધાન્તશૂન્ય હોય તે...બાકી જો આમ ન કરો તો તો વાંધો એ આવે કે સ્વસમય વિધિ અને પ્રતિષેધ દ્વારા વિશ્વવ્યાપક હોવાથી સ્વસમયરહિત કોઈપણ કથા જ નથી. એટલે **સ્વસમયવર્જા કથા જ ન મળે.**

(**ભાવાર્થ :** અજૈનશાસ્ત્રોની એવી એક પણ વાત નથી કે જે જૈનશાસ્ત્રોમાં આવેલી ન હોય. ફરક માત્ર એટલો જ પડે કે જૈનશાસ્ત્રમાં જેની હા પાડી હોય, એની જ તેઓએ ના પાડી હોય. જૈનશાસ્ત્રોમાં જેની ના પાડી હોય એની જ તેઓએ હા પાડી હોય. દા.ત. ''યજ્ઞાદિમાં પંચેન્દ્રિયવધ ન કરાય.'' આ રીતે જૈનશાસ્ત્રમાં યજ્ઞહિંસાનું નિરૂપણ આવે છે, પણ એનો નિષેધ કરવામાં આવેલો છે. હવે અજૈનશાસ્ત્રમાં એમ લખેલું હોય કે ''યજ્ઞમાં પશુની હિંસા કરવી.'' તો આ વાત જૈનશાસ્ત્રમાં છે તો ખરી જ. પણ આટલું વિશેષ કહેલું હોય કે ''આ માન્યતા ખોટી છે.'' અજૈનશાસ્ત્રે એ જ વાતને કર્તવ્ય ગણી હોય. આમ ખરેખર તો એ અજૈનની વાત સાવ જ જૈનદર્શનરહિત નથી. એમાં જૈનદર્શનનું વાક્ય આવેલું જ છે.

એમ જૈનશાસ્ત્રે કહ્યું હોય કે ''સ્વજનાદિનો ત્યાગ કરી દીક્ષા લેવી એ શૂરવીરતા છે.'' તો અજૈનશાસ્ત્રે કહ્યું હોય કે ''સ્વજનાદિનો ત્યાગ કરી દીક્ષા લેવી એ નિષ્ઠુરતા, કાયરતા છે.'' આમાં જૈનશાસ્ત્રે જેની હા કહી, અજૈનશાસ્ત્રે તેની ના કહી. આમ દુનિયાનાં કોઈપણ પદાર્થો લાવો, એ જૈનશાસ્ત્રમાં છે જ, ફરક માત્ર આટલો પડે કે જૈનશાસ્ત્ર ઈતરશાસ્ત્રની માફક હા-ના પાડનાર નથી...પણ હવે સીધી રીતે જોવા જઈએ તો તો કોઈપણ કથા-વાક્ય જૈનસમયવર્જિત તો ન જ કહેવાય. એટલે અહીં ખુલાસો આપ્યો કે જૈનસમયવર્જિત કથા એ અત્યંત પ્રસિદ્ધનીતિની અપેક્ષાએ જાણવી. અર્થાત્ ''યજ્ઞમાં હિંસા કરવી એ જૈનો કદિ ન કહે.'' એમ જ અત્યંત પ્રસિદ્ધનીતિ છે. એટલે એ દૃષ્ટિએ તો આ કથા સ્વસમયવર્જિતા છે જ.

આ પદાર્થ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવો.

અથવા તો આનો બીજો અર્થ એ પણ થાય કે જિનશાસન સ્યાદ્વાદરૂપ હોવાથી એણે કોઈપણ વસ્તુનું એકાન્તે વિધાન કે એકાન્તે નિષેધ કરેલ નથી. એણે તમામે તમામ બાબતનું અપેક્ષાએ વિધાન અને અપેક્ષાએ નિષેધ કરેલ છે. આમ જૈનશાસ્ત્ર વિધિ પ્રતિષેધ દ્વારા વિશ્વવ્યાપક છે. એટલે એવું એકાન્તે તો ન જ કહેવાય કે, ''યાજ્ઞિકહિંસા જૈનદર્શનને

એકાન્તે અમાન્ય છે.'' એટલે કોઈપણ ઈતરદર્શનનું વાક્ય એ કોઈક અપેક્ષાએ તો જૈનદર્શનનું વાક્ય છે જ. પણ અત્યંતપ્રસિદ્ધ તો એ જ છે કે. ''યાજ્ઞિકહિંસા જૈનોને માન્ય નથી.'' એટલે એ દૃષ્ટિએ તો યાજ્ઞિકહિંસાનું પ્રતિપાદન કરનાર વાક્ય પ્રસિદ્ધનીતિ પ્રમાણે તો જૈનદર્શનવર્જિત કહેવાય...)

તથા જે કથા લોક અને વેદથી સંયુક્ત હોય. અહીં લોકશબ્દના ગ્રહણથી રામાયણ વગેરે લેવા. વેદો તો ઋગ્વેદાદિ છે જ.

આમાં કહેવાયેલી કથા.

તથા સાંખ્ય, શાક્ય વગેરે સિદ્ધાન્તોની જે કથા તે સામાન્યથી કે દોષદર્શન દ્વારા કરાય તે વિક્ષેપણી કથા.

(**ભાવાર્થ** : જે કથા સ્વસમયવર્જિત હોય, લોક અને વેદમાં કહેવાયેલી હોય, સાંખ્યાદિ સિદ્ધાન્તોમાં કહેવાયેલી હોય તે કથાઓને સાધુ શ્રોતા આગળ બે રીતે કહે, કાં તો સીધે સીધી એ કથા-વાત કહી દે કે ''વેદમાં આમ કહ્યું છે કે...'' ''રામાયણમાં આમ કહ્યું છે કે...'' અથવા તો પછી એમાં દોષો દેખાડે કે ''આ પ્રમાણે જે કહ્યું છે, તે માનવામાં કેવા કેવા દોષો આવે છે.'' આમ સામાન્યથી કે દોષ દેખાડવા દ્વારા આ લોક, વેદ કે સાંખ્ય-શાસ્ત્રાદિનાં પદાર્થો કહેવા એ વિક્ષેપણીકથા છે.)

જે કથા દ્વારા શ્રોતા સન્માર્ગમાંથી કુમાર્ગમાં વિક્ષેપ પામે કે કુમાર્ગમાંથી સન્માર્ગમાં વિક્ષેપ પામે તે કથા વિક્ષેપણી કહેવાય.

(**પ્રશ્ન** : પણ ઉપર પ્રમાણે કથાઓ = પદાર્થનિરૂપણો કરવામાં આવો વિક્ષેપ શી રીતે સંભવે ?)

**ઉત્તર** : જો સામાન્યથી જ રામાયણાદિનાં પદાર્થો કહેવામાં આવે, એમાં દોષ દેખાડવામાં ન આવે તો શ્રોતા તો એમ સમજે કે ''આ પણ તત્ત્વ છે, સાચું છે...'' આમ એને રામાયણાદિ સાચા લાગે. હવે એ જૈનદર્શનરૂપી સન્માર્ગ તરફ અભિમુખ થયેલો, પણ સરળમતિવાળો તે રામાયણાદિ શાસ્ત્રોને સાચા માની એ પ્રમાણે પ્રવૃત્તિ કરવા લાગે. આમ એની કુમાર્ગમાં પ્રવૃત્તિ થાય.

હવે જો રામાયણાદિનાં દોષો દેખાડવાપૂર્વક રામાયણાદિનાં પદાર્થો કહો તો પણ જે શ્રોતા એકેન્દ્રિય જેવો હશે, એટલે કે રામાયણાદિમાં જડ મમત્વવાળો હશે એને એવો જ વિચાર આવશે કે ''આ તો બધા ઈર્ષ્યાળુ-ક્રોધી છે.'' અને આ ખોટા વિચારનાં કારણે જે કંઈ થોડો ઘણો પણ સન્માર્ગ તરફ વળેલો, તે પણ હવે વક્તા તરફ દ્વેષ થવાથી વધુ કુમાર્ગમાં

દૃઢ બનશે.

(एकेन्द्रियप्रायस्य વિશેષણ લખવાનું કારણ એ જ છે કે વક્તાએ ઈતરદર્શનનાં પદાર્થોમાં જે જે દોષો દર્શાવ્યા, એ તો સાચા જ હતાં. એમાં કંઈ જ ખોટું ન હતું. એટલે શ્રોતા જો વિચક્ષણ હોય તો એ કદાચ રામાયણાદિને માનનારો હોય તો પણ મધ્યસ્થ બનીને વિચારશે કે ''રામાયણાદિમાં આ વક્તાએ દર્શાવેલા દોષો છે તો ખરા જ, એટલે એની પ્રામાણિકતા ન ગણાય...'' આમ શ્રોતા જો બરાબર હોય તો એ ધર્મ પામે, પણ રામાયણાદિમાં જડરાગવાળો હોય તો એ એમ નહિ જ વિચારે કે ''આ જે દોષો બતાવેલા છે, તે ખરેખર સાચા છે કે નહિ ?'' એ તો એટલું જ વિચારે કે ''વક્તાએ મારા રામાયણને ખોટું કહ્યું જ કેમ ? એણે એમાં દોષો બતાવ્યા જ શા માટે ?) (૧૯૭)

(**પ્રશ્ન :** આમ વિક્ષેપણીકથામાં તો નુકસાન છે, તો પછી એનું કથન ન કરવું સારું ને ?)

**ઉત્તર :** ઉપર દર્શાવ્યા પ્રમાણે તો આ વિક્ષેપણીકથા ન કરવી એમ નક્કી થયું, પણ જો વિધિપૂર્વક વિક્ષેપણીકથા કરાય તો વાંધો ન આવે. શાસ્ત્રકાર હવે વિક્ષેપણીકથા કરવાની વિધિ જ બતાવી રહ્યા છે.

સ્વસિદ્ધાન્તવડે પૂર્વે જે કથા કહેવાયેલી હોય, તે કથાને પરસમયમાં ફેંકે, પણ એ કામ પરસમયમાં કલંક દોષ દેખાડવાપૂર્વક કરે.

દા.ત. અમારા જૈનદર્શનમાં અહિંસા, સત્યાદિરૂપ ધર્મ છે. સાંખ્યો પણ આ જ પ્રમાણે ધર્મ માને છે, કેમકે એમનું વચન છે કે હિંસા નામનો ધર્મ થયો નથી કે થશે નહિ. (આમાં જૈન અને સાંખ્ય એ બંને ધર્મો એક સરખા પ્રરૂપાયા, એટલે ''સાંખ્યો જૈનથી વધુ સારા.'' એ બુદ્ધિ તો આના દ્વારા અટકી જ જવાની હવે ''જૈનો સાંખ્યો કરતાં વધુ સારા.'' એ બુદ્ધિ ઉત્પન્ન કરાવવા માટે આગળની વાત કરે છે કે) પરંતુ આ અહિંસાદિ ધર્મ અપરિણામી, એકાન્તનિત્ય કે એકાન્તઅનિત્ય આત્મામાં ઘટતો નથી. એનું કારણ એ છે કે એકાન્તનિત્ય અને એકાંતઅનિત્ય આત્માની હિંસા જ થઈ ન શકે. હવે જો હિંસા જ ન થતી હોય તો પછી હિંસાનો ત્યાગ કરવારૂપ અહિંસા શી રીતે સંભવે ? (પૂર્વે એના ધર્મને સારો કહ્યો છે, એટલે વક્તા પ્રત્યે દ્વેષ નહિ જાગે, અને આ દોષો દેખાવાથી એ શ્રોતા સાંખ્યને જૈન કરતાં નીચો ધર્મ માનતો થઈ જ જવાનો...)

અથવા તો બીજી રીતે પણ આ વિક્ષેપણીકથા કહી શકાય છે. परशासनव्याक्षेपात् અહીં પંચમીવિભક્તિનો અર્થ તૃતીયામાં લેવો. આ રીતે વિભક્તિઓમાં ફેરફાર થઈ શકે છે. આશય એ છે વક્તા પરશાસનનું = ઈતરદર્શનનું નિરૂપણ કરે, એનાથી શ્રોતા સન્માર્ગ તરફ

અભિમુખ થાય કે ''જૈનો કેવા ઉદાર છે ! પોતાના દર્શનની વાત કરવાને બદલે આપણાં દર્શનની વાતો કરે છે...'' આ રીતે શ્રોતા આકર્ષણ પામે તો પછી વક્તા જૈનદર્શનનાં પદાર્થો દર્શાવ્યા વિના એકલા ઈતરદર્શનને જ દેખાડે પણ એમાં એ દોષો દેખાડવાપૂર્વક જ ઈતરદર્શનને પ્રરૂપે. (૧૯૮)

વિક્ષેપણીકથા કહેવાઈ ગઈ.

હવે સંવેજનીકથા કહે છે.

(૧) આત્મશરીરસંબંધી (૨) પરશરીરસંબંધી (૩) ઈહલોકસંબંધી (૪) પરલોકસંબધી. આ પ્રકારે સંવેજનીકથા ચાર પ્રકારે છે. જે કથાથી શ્રોતા સંવેગ પામે એ કથા સંવેજનીકથા.

આ અધિકૃતગાથાનો અક્ષરાર્થ કહ્યો.

ભાવાર્થ તો વૃદ્ધવિવરણથી જાણવો. તે વૃદ્ધવિવરણ આ છે -

સંવેજનીકથા ચાર પ્રકારની છે. (૧) આત્મશરીર સંવેજની (૨) પરશરીર સંવેજની (૩) ઈહલોક સંવેજની (૪) પરલોક સંવેજની. તેમાં આત્મશરીર સંવેજની આ પ્રમાણે કે, ''જે આ આપણું શરીર છે એ વીર્ય લોહી, માંસ, ચરબી, મેદ, મજ્જા, હાડકાં, સ્નાયુ, ચામડી, વાળ, રૂંવાટી, નખ, દાંત, આંતરડા વગેરેનાં સમૂહથી બનેલું હોવાથી અને મૂત્ર-સ્થંડિલનું ભાજન હોવાથી અશુચિ છે.'' આ પ્રમાણે કથાને કરતો સાધુ શ્રોતાઓને સંવેગ ઉત્પન્ન કરાવે છે. આ આત્મશરીર સંવેજની છે. એ જ પ્રમાણે પરશરીર સંવેજની પણ સમજવી. પરશરીર પણ આવા પ્રકારનું જ અપવિત્ર છે. અથવા તો એમ અર્થ કરવો કે પરના શરીરનું વર્ણન કરતો સાધુ શ્રોતાને સંવેગ ઉત્પન્ન કરાવે. પરશરીર સંવેજની પૂર્ણ થઈ.

હવે ઈહલોકસંવેજની કહે છે. ''આ આખું મનુષ્યપણું અસાર, અશાશ્વત, કેળનાં થાંભલા જેવું છે.'' આ પ્રમાણે કથા કહેતો ધર્મકથી શ્રોતાને સંવેગ ઉત્પન્ન કરાવે. આ ઈહલોકસંવેજની પૂર્ણ થઈ. (કેળનો થાંભલો મોટો હોય, પણ એમાં સાર કંઈ ન હોય. એક ઝાટકે એ કપાઈ જાય એવો તુચ્છ હોય છે. એમ મનુષ્યભવ પણ ક્યારે કપાઈ જાય એ નિશ્ચિત નથી...)

હવે પરલોકસંવેજની કહે છે - ''દેવો પણ ઈર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, લોભ વગેરે દુઃખોથી પરાભવ પામેલા છે = પરેશાન થયેલા છે, તો પછી તિર્યંચો-નારકોની તો શી વાત કરવી ?'' આવા પ્રકારની કથા કહેતો ધર્મકથી શ્રોતાને સંવેગ ઉત્પન્ન કરી આપે છે. આ પરલોકસંવેજની પૂર્ણ થઈ. (૧૯૯)

હવે શુભકર્મનાં ઉદયનું અને અશુભકર્મનાં ક્ષયનું ફલ કહેવા દ્વારા સંવેજનીકથાનાં રસને

કહે છે કે વીર્યવૈક્રિયઋદ્ધિ - તપનાં સામર્થ્યથી ઉત્પન્ન થયેલી આકાશગમન, જંઘાચારણાદિ-રૂપી વીર્યશક્તિ અને વૈક્રિય શરીરને બનાવવારૂપી વૈક્રિયશક્તિ.

જ્ઞાન, દર્શન, ચારિત્રની ઋદ્ધિ.

એમાં **જ્ઞાનઋદ્ધિ** : ''હે ભગવાન્ ! ચૌદપૂર્વી એક ઘડામાંથી એક હજાર ઘડા અને એક વસ્ત્રમાંથી એક હજાર વસ્ત્ર બનાવવા માટે સમર્થ છે ? હા ! બનાવવા માટે સમર્થ છે.''

તથા ''અજ્ઞાની ઘણાં કરોડ વર્ષે જે કર્મ ખપાવે, ત્રિગુપ્તિથી ગુપ્ત જ્ઞાની ઉચ્છ્વાસ-માત્રમાં તે કર્મને ખપાવી દે.'' આ બધી જ્ઞાનની ઋદ્ધિ છે.

**ચારિત્રઋદ્ધિ** : ચારિત્રને માટે કંઈપણ અસાધ્ય નથી. ચારિત્રવાળાઓને તો દેવો પણ પૂજે છે.

**દર્શનઋદ્ધિ** : પ્રશમાદિ એ દર્શનઋદ્ધિ છે.

તથા સમ્યગ્દષ્ટિજીવ વૈમાનિકદેવલોક સિવાયનું આયુષ્ય બાંધતો નથી. જો એ સમ્યક્ત્વભ્રષ્ટ ન થયો હોય તો અથવા તો જો એ પૂર્વે આયુષ્ય બાંધી ચૂક્યો ન હોય તો. (સમ્યક્ત્વીજીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય, તો તો વૈમાનિક આયુષ્ય ન પણ બાંધે. એમ સમ્યક્ત્વીજીવ સમ્યક્ત્વ પામ્યા પૂર્વે આયુષ્ય બાંધી ચૂક્યો હોય તો પછી એ સમ્યક્ત્વ પામ્યા બાદ પણ વૈમાનિકદેવાયુષ્ય ન બાંધે.)

આ પણ દર્શનની ઋદ્ધિ છે.

જે પ્રસંગમાં આ બધું કહેવાય, એ સંવેજનીકથાનો રસ છે. (૨૦૦)

સંવેજની કહેવાઈ ગઈ.

નિર્વેદનીકથા કહે છે. જે કથામાં ચોરી વગેરેથી કરાયેલા પાપકર્મોનો આ લોકમાં અને પરલોકમાં અશુભ વિપાક દર્શાવાય, તે નિર્વેદનીકથા છે.

અશુભવિપાક એટલે દારુણપરિણામ.

આનાથી ચતુર્ભંગી કહી.

જે કથાથી શ્રોતા સંસારથી વૈરાગ્ય પામે એ નિર્વેદનીકથા કહેવાય.

આ ગાથાનો અક્ષરાર્થ છે.

ભાવાર્થ તો વૃદ્ધવિવરણથી જાણવો. તે વૃદ્ધવિવરણ આ છે -

હવે નિર્વેદનીકથા કહે છે. તે ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે-ઈહલોકમાં ખરાબ કામોથી

ભેગા કરેલા કર્મો ઈહલોકમાં જ દુઃખનાં વિપાકવાળા થાય છે. દા.ત. ચોરો અને પરસ્ત્રીલંપટોને ચોરી અને વ્યભિચારનું ફળ ફાંસી વગેરે આ જ ભવમાં મળે છે. આ પહેલી નિર્વેદનીકથા થઈ.

હવે બીજી કથા કહે છે.

ઈહલોકમાં પાપ કરીને ભેગા કરેલા કર્મો પરલોકમાં દુઃખવિપાકવાળા બને, એ શી રીતે ? એનો ઉત્તર આપે છે કે જેમ નારકજીવોએ અન્યભવમાં કરેલું કર્મ નારકભવમાં ફળ આપે છે. (નારકજીવો જ્યારે મનુષ્ય હતાં, ત્યારે આરંભ-પરિગ્રહાદિ કરીને નરકાયુષ્ય બાંધેલું. અહીં શાસ્ત્રકારભગવંત બોલે છે એટલે ઈહલોક તરીકે મનુષ્યભવ સમજવો. નરક એ પરભવ કહેવાય.) આ બીજી નિર્વેદની કથા પૂર્ણ થઈ.

હવે ત્રીજી કહે છે. પરલોકમાં પાપ કરીને ભેગા કરેલા કર્મો આલોકમાં દુઃખ વિપાકવાળા બને છે. આ શી રીતે ? તે કહે છે કે હલકા કુળોમાં ઉત્પન્ન થયેલા બાલપણથી જ માંડીને ક્ષય, કોઢ વગેરે રોગોથી અને ગરીબાઈથી પરેશાન થયેલા દેખાય છે. આ ત્રીજી નિર્વેદનીકથા ગઈ. (તિર્યંચાદિભાવોમાં જીવોએ પાપો કરેલા હોય, એનું ફળ આ મનુષ્યભવમાં મળે છે. એટલે આ રીતે આ ત્રીજી કથા સંગત થાય છે.)

હવે ચોથી નિર્વેદનીકથા કહે છે. પરલોકમાં પાપ કરીને ભેગા કરેલા કર્મો પરલોકમાં જ દુઃખવિપાકવાળા બને છે. એ શી રીતે ? તે કહે છે કે જેમ પૂર્વે ખરાબ કામોથી એકઠા કરેલા કર્મો દ્વારા જીવ સાણસીનાં જેવા મોઢાવાળા પક્ષીઓમાં ઉત્પન્ન થાય છે. પછી તેઓ અસંપૂર્ણ એવા નરકપ્રાયોગ્ય કર્મોને તે પક્ષીજાતિમાં પૂર્ણ કરે છે. પૂરીને નરકભવમાં તેને ભોગવે છે. આ ચોથી નિર્વેદનીકથા પૂર્ણ થઈ. (દેવનાં ભવમાં ખૂબ પાપ કરે તો પણ નરકમાં જઈ શકાય એટલા પાપ ન કરી શકે, એટલે એ પક્ષી થાય, ત્યાં નરકમાં જવા માટે જે કર્મો ખુટતા હતાં, એ કર્મો ભેગા કરીને નારકમાં જતાં રહે. આમાં દેવ, તિર્યંચ ભવરૂપી પરભવમાં ભેગા કરેલા કર્મો નારકભવરૂપી પરભવમાં અનુભવે છે...મનુષ્યભવ સિવાય બધા જ પરભવ છે...એ દૃષ્ટિએ આ પદાર્થ સમજવો...)

આ પ્રમાણે ઈહલોક કે પરલોક પ્રજ્ઞાપક = વક્તાને આશ્રયીને થાય છે. તેમાં પ્રજ્ઞાપક શાસ્ત્રકાર છે, એટલે એમને માટે મનુષ્યભવ ઈહલોક છે, બાકીની ત્રણેય ગતિઓ પરલોક છે. (જો આ બધી વાતો દેવ કરતો હોય તો એ દેવભવને ઈહલોક ગણશે, બાકીની ત્રણગતિ પરલોક બનશે...) (૨૦૧)

હવે આ નિર્વેદનીના જ રસને કહે છે.

જ્યાં એવું કહેવામાં આવે કે, ''થોડું પણ પ્રમાદથી કરેલું વેદનીયાદિ કર્મ ઘણાં તીવ્ર ફળવાળું થાય છે. જેમકે યશોધર વગેરેને થયું...'' તે નિર્વેદની કથાનો રસ - સાર-ઝરણું જાણવું.

(યશોધરે માતાનાં આગ્રહથી માત્ર લોટનાં બનેલા કુકડાદિ માર્યા, તો પણ એના પરિણામે એને અનેક ભવોમાં ભયંકર દુઃખો ભોગવવા પડ્યા.) (૨૦૨)

હવે સંવેગનું કારણ શું ? અને નિર્વેદનું કારણ શું ? એ પદાર્થ સંક્ષેપથી કહે છે - મોક્ષ, દેવલોક, સુકુલમાં ઉત્પત્તિ આ સંવેગ છે, એટલે કે આ પદાર્થોની પ્રરૂપણા સંવેગ છે.

(**પ્રશ્ન :** આ બધું તો સંવેગનું કારણ છે ને ? સંવેગ શી રીતે કહેવાય ?)

**ઉત્તર :** એ સંવેગનું કારણ હોવાથી જ કારણમાં કાર્યોપચાર કરીને એને સંવેગ કહ્યું છે.

એ રીતે નારક, તિર્યંચયોનિ, કુમાનુષતા આ બધું નિર્વેદ છે. (આ બધાની પ્રરૂપણા નિર્વેદનું કારણ છે...) (૨૦૩)

આ ચાર પ્રકારની કથાઓમાંથી જેને જે કથા કરવાની છે, તે કહે છે -

જે વિનયપૂર્વક પ્રવૃત્તિ કરે તે વૈનયિક, અર્થાત્ શિષ્ય. એને સૌથી પહેલીવાર કથા કરવાની હોય તો આક્ષેપણીકથા કહેવી. એનાથી એને પોતાના સિદ્ધાન્તનાં પદાર્થો ગ્રહણ થઈ જાય એટલે પૂર્વે કહેલા લક્ષણવાળી વિક્ષેપણીકથાને કહેવી. (૨૦૪)

**પ્રશ્ન :** આવું શા માટે ?

**ઉત્તર :** આક્ષેપણીકથાથી આકર્ષાયેલા જે જીવો હોય, તે સમ્યક્ત્વને પામે.

(**પ્રશ્ન :** એ શી રીતે ?)

**ઉત્તર :** આક્ષેપણી કથાથી એ જીવો આવર્જિત થાય એટલે એમને શુભભાવ પ્રગટે જ, અને એ શુભભાવ મિથ્યાત્વમોહનીયનાં ક્ષયોપશમનું કારણ છે. એટલે એ જીવો સમ્યક્ત્વ પામે.

જ્યારે વિક્ષેપણીકથામાં તો ભજના છે. કદાચ એ જીવો સમ્યક્ત્વ પામે, કદાચ ન પામે...

**પ્રશ્ન :** આવું બનવાનું શું કારણ ?

**ઉત્તર :** વિક્ષેપણીકથાનાં શ્રવણ દ્વારા તેવા પ્રકારનાં પરિણામ થતાં હોવાથી આ ભજના છે. (આશય એ કે જો સીધું પડી જાય, તો તો એ સમ્યક્ત્વ પામે. પણ જો એને એમ લાગે કે

''આ બધા તો નિંદકો છે,...તો મુશ્કેલી ઊભી થાય. એને ભાવ ન જાગે. આમ બંને પ્રકારનાં ભાવોનો સંભવ હોવાથી આ ભજના થાય છે.)

અથવા તો ક્યારેક એવું બને કે જીવ ગાઢતરમિથ્યાત્વ પામે, કેમકે જો શ્રોતા જડબુદ્ધિવાળા હોય તો વક્તાએ એને પરશાસ્ત્રમાં જે દોષો દર્શાવ્યા હોય, એ સમજી ન શકે. એટલે એને તો એમ જ લાગે કે ''પરદર્શનમાં કોઈ દોષ છે જ નહિ. આ લોકો ખોટી નિંદા કરે છે. આમનું મોઢું જ ન જોવું.'' આમ આવા પ્રકારનાં અભિનિવેશને કારણે એ વધુ ગાઢમિથ્યાત્વ પામે. (૨૦૫)

ધર્મકથા કહી દીધી.

હવે મિશ્રકથા કહે છે.

**ગાથાર્થ** : જે સૂત્રોમાં, કાવ્યોમાં, લોકમાં, વેદમાં, સમયમાં ધર્મ, અર્થ અને કામનો ઉપદેશ અપાય તે મિશ્રિત કથા જાણવી. (૨૦૬)

**ટીકાર્થ** : ધર્મ પ્રવૃત્તિ, નિવૃત્તિ વગેરેરૂપ છે. અર્થ એટલે વિદ્યા વગેરે. કામ એટલે ઇચ્છકામ, મદનકામાદિ. સૂત્રોમાં કે કાવ્યોમાં = કાવ્યનાં લક્ષણવાળા પદોમાં આ બધું ઉપદેશાય તે મિશ્રિતકથા કહેવાય.

**પ્રશ્ન** : ક્યા ગ્રન્થોમાં સૂત્ર કે કાવ્યાદિમાં આ ત્રણ વસ્તુ પ્રરૂપાય છે ?

**ઉત્તર** : રામાયણાદિ લૌકિકગ્રન્થોમાં, યજ્ઞક્રિયાદિનિરૂપક વેદોમાં અને તરંગવતી વગેરે સ્વગ્રન્થોમાં સૂત્ર કે કાવ્યોમાં આ બધું વર્ણન કરાય છે. (આ બધા ગ્રન્થોમાં કોઈક સૂત્રરચના છે, કોઈક કાવ્યરચના છે...)

આને મિશ્રકથા કહેવાય છે, કેમકે એમાં સંકીર્ણ = ભેગાં પુરુષાર્થોનું કથન કરેલું છે.

મિશ્રકથા કહેવાઈ ગઈ, તેના કથન દ્વારા ચાર પ્રકારની કથા કહેવાઈ ગઈ. (૨૦૬)'

(સટીક દશવૈકાલિકસૂત્રના મુનિશ્રી ગુણહંસવિજયજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

દુર્ગતિમાં પડનારા પ્રાણીઓના સમૂહને ધારણ કરવામાં સમર્થ હોય તે ધર્મ. **શ્રીઆવશ્યકસૂત્રની નિર્યુક્તિની વૃત્તિમાં શ્રીમલયગિરિસૂરિ મહારાજે** કહ્યું છે, 'જે કારણથી દુર્ગતિમાં સરકેલા જીવોને ધારણ કરે છે (બચાવે છે) અને એમને શુભ સ્થાનમાં ધારણ કરે છે તે કારણથી ધર્મ એ પ્રમાણે કહેવાય છે.'

તે ધર્મ ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે - ૧ દાનધર્મ, ૨ શીલધર્મ, ૩ તપધર્મ અને ૪ ભાવધર્મ. **શ્રીશાંતસુધારસમાં** કહ્યું છે, 'જિનેશ્વર ભગવાન રૂપી ભાઈએ જગતના હિત માટે દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારનો જે ધર્મ કહ્યો છે તે મારા મનમાં રાત-

દિવસ રમો. (૧૦/૧)'

તેમાં બીજા ઉપર કૃપા કરવા માટે પોતાના ધન વગેરે આપવા તે દાન. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં કહ્યું છે - 'અનુગ્રહ માટે પોતાનું આપવું તે દાન. (૭/૩૩)' દાન ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ જ્ઞાનદાન, ૨ અભયદાન અને ૩ ધર્મોપગ્રહકરદાન. **શ્રીવિંશતિવિંશિકા** અંતર્ગત **દાનવિંશિકામાં શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** આમનું સ્વરૂપ આ રીતે બતાવ્યું છે -

'દાન ત્રણ પ્રકારનું છે - જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહકર દાન. અહીં દાનના પ્રસ્તાવમાં સદ્ધર્મમાં યોગ્ય જીવો માટે વિધિપૂર્વકનું પહેલું જ્ઞાનદાન પ્રશંસા કરાયું છે. (૧૨૧)

જેણે ગુરુકુલવાસને સેવ્યો હોય, જે વિશુદ્ધ વચનવાળો હોય, જે ગુરુ વડે રજા અપાયેલ હોય, જે બધે નિશ્ચિત બુદ્ધિવાળો હોય તે જ્ઞાનનો દાતા જાણવો. (૧૨૨)

આ જ્ઞાનદાનને ગ્રહણ કરનાર પણ સાંભળવાની ઇચ્છાથી યુક્ત જીવ જાણવો. પાણીનો પ્રવાહ ન હોય તો માત્ર ખોદવાથી કુવામાં પાણી આવતું નથી. (૧૨૩)

આચાર્યએ મીઠી વાણીથી સામાયિકધર્મના પરિણામ પેદા કરનાર ઉપદેશ વિનીતને ઉત્સર્ગથી પણ ગ્રહણ કરનારના બાળ, મધ્યમ, પંડિત એવા વિભાગ પ્રમાણે આપવો. (૧૨૪)

અવિનીતને આદેશ કરનાર ખેદ પામે છે અને ખોટું બોલે છે. ઘંટ માટેનું લોહું જાણીને કોણ ચટાઈ કરવામાં પ્રવર્તે. (૧૨૫)

બધા જીવોને મન-વચન-કાયાના યોગોથી કરણ-કરાવણ-અનુમોદન રૂપ સર્વ રીતે અભય આપવું તે શ્રેષ્ઠ અભયદાન જાણવું. (૧૨૬)

જે કારણથી આ અભયદાન ઉત્તમ છે તે કારણથી અનુત્તમ (અવિરત) જીવ આ અભયદાન આપી શકતો નથી અને એના પરિણામને સાચવી શકતો નથી. સમભાવ ન હોય તો આપેલું અભયદાન પણ નાશ પામે છે. (૧૨૭)

અહીં અભયદાનના અધિકારમાં શ્રુતજ્ઞાનના ઉપયોગવાળો અને ગુરુકુળની મર્યાદાનો આશ્રય કરનાર ઉત્તમ જાણવો, બીજી રીતે નહીં. (૧૨૮)

અભયદાન આપીને જે મૂઢ ફરી હિંસા-પરિગ્રહ વગેરેના આરંભમાં પ્રવર્તે છે તે ભાવથી દરિદ્ર એવો અવશ્ય દાનધર્મોથી દૂર છે. (૧૨૯)

અભયદાન વડે જીવોને આલોકમાં અને પરલોકમાં ક્યારેય પણ ભય થતો નથી. તે અભયને કરનાર જે સર્વવિરતિધર છે તે અભયદાનનો દાતા છે. (૧૩૦)

એ પ્રમાણે અભયદાનનો દેશથી પણ દાતા ત્રસજીવોના વિષયમાં આવો (શ્રુતજ્ઞાનવાળો અને શ્રાવકકુળની મર્યાદાના આશ્રયવાળો) છે. અન્યથા એનું દાન આપેલું ફરી આંચકી લેવા બરાબર છે. (૧૩૧)

જ્ઞાનદાન અને અભયદાનનો દાતા ક્ષમાપ્રધાન વિરતિથી આપે છે. ક્ષમાપ્રધાનવિરતિ વિનાનો બીજો દાતા દરિદ્રના પ્રતિષેધવચન જેવો છે. (એટલે કે જેમ સભામાં દરિદ્રના પ્રતિષેધ કરનારા વચનનો આદર થતો નથી તેમ બીજા દાતાનો અનાદર થાય છે. અથવા જેમ યાચક માટે દરિદ્રનું પ્રતિષેધવચન નકારાત્મક હોય છે તેમ બીજો દાતા નકારાત્મક છે એટલે કે નથી.) (૧૩૨)

આ રીતે અહીં દાનના અધિકારમાં અભયદાન જ બધા દાનોમાં શ્રેષ્ઠ છે. એથી જ અભયદાનનો પણ દાતા અવશ્ય ભાવથી ઐશ્વર્યવાળો જ હોય છે. (૧૩૩)

એ રીતે ઉપકારમાં પ્રવૃત્ત થયેલ હોવાથી ધર્મોપગ્રહકર દાન અશન વગેરેના વિષય-વાળું છે. જેમ ભોજનસમયે રોગી માટે પથ્યભોજન ઉત્તમ છે તેમ તે ધર્મોપગ્રહકરદાન ઉત્તમ જાણવું. (૧૩૪)

અને ઉચિત કાળે, બીજાનો ઉપઘાત ન થાય તે રીતે, ભગવાને કહેલ વિધિપૂર્વક, શ્રદ્ધા અને સત્કાર સાથે, ક્રમથી - આ રીતે અપાયેલું ધર્મોપગ્રહકર દાન અતિશય પરિશુદ્ધ થાય છે. (૧૩૫)

પિતા વગેરે વડિલોએ જેની ઉપર કુટુંબના ભરણ-પોષણનો ભાર નાંખ્યો હોય, જેણે ન્યાયથી ધન કમાયેલું હોય, જેના પરિવારજનો દુઃખી ન હોય, બધે સમાન રીતે જે દયાળુ હોય તે આ ધર્મોપગ્રહકરદાનનો દાતા છે. (૧૩૬)

કરુણાપ્રધાન જીવનું અનુકંપાના વિષયરૂપ જીવોને વિષે અનુકંપાદાન પણ ધર્મબીજના આધાનનું કારણ થાય છે. (૧૩૭)

જે કારણથી અનુકંપાદાન ધર્મબીજના આધાનનું કારણ છે તે કારણથી અનુકંપાદાન પણ પ્રશંસાપાત્ર છે. (ચોવીશમા) તીર્થંકર ભગવાને ગૃહસ્થાવસ્થામાં વરસીદાનરૂપે પોતે અનુકંપાદાન કર્યું હતું અને ચારિત્ર લીધા પછી ગૃહસ્થ એવા પણ બ્રાહ્મણને દેવદૂષ્ય આપીને અનુકંપાદાન કર્યું હતું. (૧૩૮)

જે કારણથી વિરતિરૂપ શીલ દાનની પછી છે અને જે કારણથી દ્રવ્યદાનથી અટકેલા

એવા સાધુ પણ અવશ્ય ગુરુને પોતાનું સમર્પણ કરે છે તે કારણથી ધર્મનું પહેલું પગથીયું આ દાન છે. (૧૩૯)

આ દાનથી જ શેષ ગુણોની સિદ્ધિ થાય છે. માટે કરુણાથી યુક્ત ભવ્ય જીવોએ શક્તિને અનુરૂપ દાન કરવું. (૧૪૦)'

શીલ એટલે ચારિત્ર. તે ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ સદાચારશીલ, ૨ અઢાર હજાર શીલાંગોરૂપ શીલ અને ૩ બ્રહ્મચર્યરૂપ શીલ. કહ્યું છે - 'અનિંદનીય એવી શુદ્ધ સામાચારી, અઢાર હજાર ભેદોવાળુ અને બ્રહ્મચર્ય નામનું મહાવ્રત - એમ ત્રણ પ્રકારનું શીલ કેવળીઓ કહે છે.'

તેમાં નિંદનીય આચારના ત્યાગપૂર્વક સારા આચારને આચરવારૂપ સદાચારશીલ છે.

**શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** રચેલ **ચૌદમા પંચાશકમાં** અને **શ્રીઅભયદેવસૂરિ મહારાજે** રચેલ તેની **ટીકામાં** અઢાર હજાર શીલાંગરૂપ શીલનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે -

'યોગ, કરણ, સંજ્ઞા, ઇન્દ્રિય, પૃથ્વીકાય વગેરે અને શ્રમણધર્મ એ બધાના સંયોગથી અઢાર હજાર શીલાંગો થાય છે. (૩)

યોગ વગેરેનું સ્વરૂપ :-

યોગ :- કરવું, કરાવવું અને અનુમોદવું. કરણ:-મન, વચન અને કાયા. સંજ્ઞા:- આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ. આ ચાર સંજ્ઞાઓ અનુક્રમે વેદનીય, ભય, (વેદરૂપ) મોહ અને લોભ કષાયના ઉદયથી થતા અધ્યવસાય વિશેષરૂપ છે. ઇંદ્રિય :- શ્રોત્ર, ચક્ષુ, નાસિકા, રસના અને સ્પર્શ. (૪)

પૃથ્વીકાયાદિ :- પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય એ નવ જીવકાય અને દશમો સર્વજ્ઞોએ જેને ત્યાજ્ય કહ્યો છે તે અજીવકાય. ત્યાજ્ય અજીવકાય આ પ્રમાણે છે :- મહામૂલ્યવાળાં વસ્ત્ર-પાત્ર અને સુવર્ણ-ચાંદી વગેરે, પુસ્તકો, પ્રતિલેખના ન થઈ શકે તેવાં તૂલી વગેરે વસ્ત્રો, બરોબર પ્રતિલેખના ન થઈ શકે તેવાં પ્રાવારક વગેરે વસ્ત્રો, કોદરા વગેરેનું તૃણ, બકરી વગેરેનું ચામડું. આ ત્યાજ્ય અજીવ આગમમાં (પુસ્તકપંચક, દુષ્યપંચક, તૃણપંચક, ચર્મપંચક તરીકે) પ્રસિદ્ધ છે. શ્રમણધર્મ :- ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ (સંતોષ), તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય, બ્રહ્મચર્ય.

યોગ આદિની મૂળસંખ્યાને પાટી આદિમાં ઉપર નીચે સ્થાપતાં (૩×૩×૪×૫×૧૦×૧૦=૧૮૦૦૦) અઢાર હજાર શીલાંગો થાય છે. તેની ઘટના નીચેની

૬ થી ૯ એ ચાર ગાથામાં બતાવ્યા પ્રમાણે છે. (૫)

અઢાર હજાર શીલાંગોની ઘટના :-

આહારસંજ્ઞા રહિત, શ્રોત્રેંદ્રિયના સંવરવાળો (શ્રોત્રેંદ્રિયની રાગાદિ દોષોવાળી પ્રવૃત્તિને રોકનાર), ક્ષમાયુક્ત, મનથી, પૃથ્વીકાયની હિંસા ન કરે. આ પ્રમાણે શ્રમણધર્મનો પહેલો એક ભાંગો થયો. (૬)

આ જ પ્રમાણે માર્દવ, આર્જવ વગેરેના સંયોગથી પૃથ્વીકાયને=પૃથ્વીકાયના સમારંભને આશ્રયીને દશ ભેદો થાય. એ રીતે અપ્કાય આદિને આશ્રયીને કુલ સો ભેદો થાય. (૭)

આ સો ભેદો શ્રોત્રેંદ્રિયના યોગથી થયા. બાકીની ચક્ષુ વગેરે ચાર ઇંદ્રિયોના યોગથી પણ પ્રત્યેકના આ રીતે સો ભેદો થાય. આથી કુલ પાંચસો ભેદો થયા. આ પાંચસો ભેદો આહારસંજ્ઞાના યોગથી થયા. બાકીની ત્રણ સંજ્ઞાના યોગથી પણ પ્રત્યેકના આ રીતે પાંચસો ભેદો થાય. આથી કુલ બે હજાર ભેદો થયા. (૮)

આ બે હજાર ભેદો મનથી થયા. વચન અને કાયાથી પણ પ્રત્યેકના બે હજાર ભેદો થાય. આથી કુલ છ હજાર ભેદો થયા. આ છ હજાર ભેદો ન કરવાથી થયા. ન કરાવવાથી અને ન અનુમોદવાથી પણ પ્રત્યેકના છ હજાર ભેદો થાય. આથી કુલ અઢાર હજાર ભેદો થયા. (૯)'

(સટીક પંચાશક પ્રકરણના આ. શ્રીરાજશેખરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

બીજે પણ કહ્યું છે - 'જે ક્ષમાશીલ, શ્રોત્રેન્દ્રિયના નિગ્રહવાળા, આહારસંજ્ઞાના જયવાળા મુનિ મનથી પૃથ્વીકાયની હિંસા કરતા નથી તેમને હું વંદન કરું છું.

ગુણાકારો આ પ્રમાણે છે - ૧૦×૧૦=૧૦૦, ૧૦૦×૫=૫૦૦, ૫૦૦×૪=૨૦૦૦, ૨૦૦૦×૩=૬,૦૦૦, ૬૦૦૦×૩=૧૮,૦૦૦.

આ રીતે ૧૮,૦૦૦ શીલાંગોની ગાથા આ પ્રમાણે સમજવી -

જે મનથી કરાવતા નથી, જે મનથી અનુમોદના કરતા નથી, તથા વચનથી, કાયાથી. તથા ભયસંજ્ઞાના જયવાળા વગેરે. તથા ચક્ષુરિન્દ્રિયના નિગ્રહવાળા વગેરે. તથા અપ્કાયની હિંસા કરતા નથી....વનસ્પતિકાયની હિંસા કરતા નથી, બેઇન્દ્રિયની હિંસા કરતા નથી...પંચેન્દ્રિયની હિંસા કરતા નથી, અજીવકાયનો આરંભ (અજયણા) કરતા નથી, તથા મૃદુતાવાળા, આર્જવવાળા, મુક્તિવાળા, તપવાળા, સંયમવાળા, સત્યવાળા, શૌચવાળા, અકિંચન (મમત્વરહિત), બ્રહ્મચર્યવાળા.'

મૈથુનથી અટકવારૂપ બ્રહ્મચર્ય અઢાર પ્રકારનું છે.

**યોગશાસ્ત્ર**માં અને તેની વૃત્તિમાં કહ્યું છે,

**ગાથાર્થ** - 'દિવ્ય અને ઔદારિક કામોનો કૃત, કારિત અને અનુમતિ વડે મન, વચન અને કાયાથી ત્યાગ કરવો તે અઢાર પ્રકારનું બ્રહ્મચર્ય કહ્યું છે. (૧/૨૩)

**ટીકાર્થ** - દેવલોકમાં થયેલા તે દિવ્ય કામો. તે વૈક્રિયશરીરથી થયેલા છે. ઔદારિક કામો ઔદારિક એવા તિર્યંચ અને મનુષ્યના શરીરથી થયેલા છે. જેમની કામના કરાય તે કામ. દિવ્ય અને ઔદારિક કામોનો ત્યાગ એટલે કે અબ્રહ્મનો નિષેધ તે બ્રહ્મચર્યવ્રત. તે અઢાર પ્રકારનું છે - મનથી અબ્રહ્મ નહીં કરું, નહીં કરાવું, કરનારા બીજાની અનુમોદના નહી કરું. એમ વચનથી અને કાયાથી. દિવ્ય બ્રહ્મમાં નવ ભેદ છે. એમ ઔદારિકમાં પણ. એમ અઢાર થયા. કહ્યું છે - ''દિવ્ય કામરતિસુખથી ત્રિવિધે ત્રિવિધે અટકવું એમ નવ, તેમ ઔદારિકથી પણ, તે અઢાર વિકલ્પવાળુ બ્રહ્મચર્ય છે. (૧૭૭)'' (પ્રશમરતિ)

(સટીક યોગશાસ્ત્રના આ. શ્રીહેમસાગરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

'કરેલ, કરાવેલ અને અનુમતિ વડે' એ અને 'મન-વચન-કાયાથી' એ મધ્યમાં કરાયેલ હોવાથી આગળ-પાછળના મહાવ્રતોમાં પણ જોડવા. (૧/૨૩)'

કર્મોને તપાવે તે તપ. **શ્રીઆવશ્યનિર્યુક્તિની વૃત્તિ**માં કહ્યું છે, 'આઠ પ્રકારના કર્મને તપાવે તે તપ.' તપ બે પ્રકારનો છે. તે આ પ્રમાણે - બાહ્ય અને અભ્યંતર. તે દરેકના છ પ્રકાર છે.

**શ્રમણપાક્ષિકસૂત્ર**માં કહ્યું છે, 'છ પ્રકારનું અભ્યંતર અને છ પ્રકારનું બાહ્ય તપકર્મ છે.'

**શ્રીપ્રવચનસારોદ્ધાર**માં અને તેની **વૃત્તિ**માં બાહ્ય-અભ્યંતર ભેદવાળા તપનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે -

**'ગાથાર્થ** - અણસણ, ઊનોદરિ, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા - આ બાહ્યતપ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ-એ અભ્યંતરતપ છે. આ બાર પ્રકારનો તપાચાર, સારી રીતે ન કરે, તો બાર પ્રકારના અતિચાર છે. (૨૭૦, ૨૭૧)

**ટીકાર્થ** - બાહ્યતપ -

**૧. અનશન :-** ખાવું તે અશન અને ન ખાવું તે અનશન, જેમાં આહાર નથી તે અનશન આહારત્યાગરૂપ કહેવાય છે. તે અનશન ઇત્વરકથિક અને યાવત્કથિક એમ બે પ્રકારે છે.

ઇત્વર એટલે થોડા કાળનું. તે વીરશાસનમાં નવકારશીથી લઈ છ મહિના સુધીનું છે. ઋષભદેવના તીર્થમાં એક વર્ષ સુધીનું અને મધ્યના તીર્થંકરના તીર્થમાં આઠ મહિના સુધીનું અનશન છે.

યાવત્કથિક અનશન જીંદગી પર્યંતનું હોય છે. તે ક્રિયા, ભેદ, ઉપાધિના ભેદથી ત્રણ

પ્રકારે છે, જેમ કે પાદપોપગમન, ઇંગિતમરણ અને ભક્તપરિજ્ઞા-આ ત્રણેનું સ્વરૂપ ૧૫૭મા દ્વારથી જાણવું.

૨. **ઊનોદરિકા** :- ઊન એટલે ઓછું. ઉદર એટલે પેટ. ભૂખ કરતાં ઓછું ખાવું તે ઊનોદરિકા. તે ઊણોદરી બે પ્રકારે છે - દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યઊણોદરી ત્રણ પ્રકારની છે - ઉપકરણ, ભોજન, પાણી વિષયક -

ઉપકરણ વિષયક ઊણોદરી જિનકલ્પી વગેરે તેમ જ જિનકલ્પ વગેરેનો અભ્યાસ કરનારાને જાણવી. બીજાઓને તો ઉપધિના અભાવે સંયમનું બરાબર પાલન થતું નથી. પરંતુ સ્થવિરકલ્પીઓએ વધારાના ઉપકરણ ન લેવા તે તેમના માટે ઉપકરણ ઊનોદરિકા છે. કહ્યું છે કે,

''જે સંયમમાં ઉપકાર કરે તે ઉપકરણ કહેવાય. વધારાના ઉપકરણને અજયણાવાળો સાધુ વાપરે તો તે અધિકરણ કહેવાય.''

ભોજન-પાણીની ઊણોદરિકા પોતાના આહારના પ્રમાણથી ન્યૂન જાણવી. આહારનું પ્રમાણ આ પ્રમાણે જાણવું - ''પુરુષ માટે બત્રીસ કોળીયા આહાર અને સ્ત્રી માટે અઠ્યાવીસ કોળીયા આહાર તૃપ્તિ માટે પૂરો છે. કોળીયાનું પ્રમાણ કુકડીના ઇંડા પ્રમાણ જાણવું. જે મોઢામાં નાખવાથી મોઢું વિકૃત થાય નહિ.''

તે ઊણોદરિકા અલ્પાહાર વગેરે ભેદથી પાંચ પ્રકારે હોય છે. એક કોળીયાથી આઠ કોળીયા સુધી અલ્પાહાર કહેવાય. આમાં એક કોળીયા પ્રમાણ જઘન્ય અલ્પાહાર. બે થી સાત કોળીયા મધ્યમ અલ્પાહાર અને આઠ કોળીયા પ્રમાણ આહાર એ ઉત્કૃષ્ટ અલ્પાહાર.

નવ કોળીયા જઘન્ય અપાર્ધ ઊણોદરિકા, ૧૦ થી ૧૧ કોળીયા મધ્યમ અપાર્ધ ઊણોદરિકા અને ૧૨ કોળીયા પ્રમાણ ઉત્કૃષ્ટ અપાર્ધ ઊણોદરિકા.

૧૩ કોળીયા જઘન્ય દ્વિભાગ ઊણોદરિકા, ૧૬ કોળીયા પ્રમાણ ઉત્કૃષ્ટ દ્વિભાગ ઊણોદરિકા અને વચ્ચેના કોળીયા મધ્યમ દ્વિભાગ ઊણોદરિકા જાણવી.

૧૭ કોળીયા પ્રમાણ જઘન્ય પ્રાપ્તોનોદરિકા, ૨૪ કોળીયા પ્રમાણ ઉત્કૃષ્ટ પ્રાપ્તોનોદરિકા, વચ્ચે મધ્યમ પ્રાપ્તોનોદરિકા.

૨૫ કોળીયા પ્રમાણ જઘન્ય કિંચિત્ ઊણોદરિકા, ૩૧ કોળીયા પ્રમાણ ઉત્કૃષ્ટ કિંચિત્ ઊણોદરિકા, વચ્ચેના કોળીયા મધ્યમ કિંચિત્ ઊણોદરિકા. એ પ્રમાણે પાણીમાં પણ ઊણોદરિકા જાણવી. પુરુષાનુસારે સ્ત્રીઓને પણ જાણવી.

ક્રોધાદિનો ત્યાગ તે ભાવ-ઊણોદરિકા. કહ્યું છે કે,

''જિનવચનની ભાવનાનુસારે ક્રોધ વગેરેનો જે ત્યાગ, તે ભાવઊણોદરિકા વીતરાગ ભગવંતે કહી છે.''

૩. **વૃત્તિસંક્ષેપ** :- જેના વડે જીવાય તે વૃત્તિ. વૃત્તિ એટલે ભોજનની સામગ્રી. તેનો સંક્ષેપ તે વૃત્તિસંક્ષેપ. તે ગોચરીના અભિગ્રહરૂપે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી એમ ચાર પ્રકારે છે.

૧. **દ્રવ્યથી** :- મારે આજે ભિક્ષામાં ભાલાની અણી પર રહેલા ખાખરા વગેરે ગ્રહણ કરવા.

૨. **ક્ષેત્રથી** : એક, બે, ત્રણ વગેરે ઘરે જવું. પોતાના જ ગામમાં કે બહારના ગામમાંથી ગોચરી લેવી. પેટા, અર્ધપેટા વગેરેપૂર્વક ગોચરી લેવી. આપનાર એક પગ અંદર-એક પગ બહાર-એમ રાખીને આપે તો લેવી વગેરે.

૩. **કાળથી** :- પૂર્વાહ્ન વગેરે કાળમાં, બધા ભિક્ષુકો ભિક્ષા લઈ પાછા વળી જાય પછી, ભિક્ષા માટે ફરવું વગેરે.

૪. **ભાવથી** :- હસતા-હસતા, ગાતા-ગાતા, રડતા-રડતા વગેરે ક્રિયા કરતા, અથવા બંધાયેલો હોય અને ગોચરી આપતો હોય, તો હું ગ્રહણ કરીશ નહિ તો નહિ.

કહ્યું છે કે,

''લેપકૃત અથવા અલેપકૃત ભિક્ષા લઈશ, અથવા અમુક દ્રવ્ય લઈશ, અથવા અમુક ચમચા કે વાટકી વડે દ્રવ્ય ગ્રહણ કરવું, એવો જે અભિગ્રહ એ પ્રમાણે દ્રવ્યાભિગ્રહ.

આઠ પ્રકારે ગોચરી ભૂમિ છે. પોતાના ગામમાં કે પરગામમાં કે આટલા ઘરોમાંથી ભિક્ષા લઈશ એ પ્રમાણે અભિગ્રહ કરે.[૧]

---

૧. **ઋજુગતિ** :- ઉપાશ્રયથી એક શ્રેણીમાં રહેલા ગૃહસ્થોનાં ઘરોમાં અનુક્રમે ભિક્ષા માટે ફરે અને એટલાં ઘરોમાં ભિક્ષા પૂર્ણ ન થાય, તો પણ પાછા ફરી બીજેથી લીધા વિના ઉપાશ્રયે જાય.

૨. **પ્રત્યાગતિ** :-ઉપરની જેમ એક શ્રેણીમાં ફરી પાછા ફરતાં બીજી શ્રેણીનાં ઘરોમાં પણ ભિક્ષા માટે ફરે.

૩. **ગોમૂત્રિકા** : - સામસામે રહેલાં ઘરોની બંને શ્રેણીમાં સામસામે રહેલા ઘરોમાં ભિક્ષા માટે ફરતો બંને શ્રેણીઓ પૂર્ણ કરે.

૪. **પતંગવિથિ** :-પતંગની જેમ અનિયત ક્રમે જે તે ઘરોમાં ભિક્ષા માટે ફરે.

૫. **પેટા** :- પેટીની જેમ ચારે દિશામાં ચાર શ્રેણીઓ કલ્પી વચ્ચેનાં ઘરો છોડી ચારે દિશામાં કલ્પેલી ચારે શ્રેણીમાં ભિક્ષા માટે ફરે.

૧ ઋજુગતિ, ૨. પ્રત્યાગતિ, ૩. ગોમૂત્રિકા, ૪. પતંગવિથિ, ૫. પેટા, ૬. અર્ધપેટા, ૭. અભ્યંતરસંબુકા, ૮. બાહ્ય સંબુકા- આઠ ગોચરીભૂમિ છે. એ પ્રમાણે ક્ષેત્રાભિગ્રહ.

કાલાભિગ્રહ આદિ, મધ્યમાં અને અંતે એમ ત્રણ પ્રકારે છે. ગોચરીના સમય પૂર્વે ગોચરી લેવા જવું તે આદિ. ગોચરીના સમયે ગોચરી લેવા જવું તે મધ્યમાં. ગોચરીના સમય પછી ગોચરી લેવા જવું તે અંતે.''

પ્રસિદ્ધ એવા ભિક્ષાના સમયની પહેલા, વચ્ચે કે અંતે ભિક્ષા માટે જવું તે કાલનો અભિગ્રહ. કહ્યું છે કે,

''૧. ગોચરીના સમય પહેલા ગોચરી ફરવું અને જે મળે તે લેવું, તે આદિ. ૨. ભિક્ષા કાળે ગોચરી ફરી ભિક્ષા લેવી તે મધ્ય. ૩. ભિક્ષા કાળ પૂર્ણ થયા પછી ગોચરી જઈ જે મળે તે લેવું તે અંત.''

''આપનાર અને લેનારને જરા પણ અપ્રીતિ ન થાઓ માટે અપ્રાપ્ત ભિક્ષાકાળ અને અંત ભિક્ષાકાળ છોડવો અને મધ્યનો ભિક્ષાકાળ લેવો તે કાળાભિગ્રહ.

ભિક્ષાનું સાધન ઉચકી ભિક્ષા માટે જે જનાર હોય, તે ઉત્ક્ષિપ્તચર કહેવાય એટલે ભિક્ષાચર. જે ભિક્ષાચર વગેરે કોઈપણ ગાતા-ગાતા, કે રડતા-રડતા કે બેઠા-બેઠા પોતાના ભોજનમાંથી ભિક્ષા આપે તો ગ્રહણ કરવી તે ભાવાભિગ્રહ.''

એ જ રીતે ભાજન વગેરે મૂકીને આપનારા વગેરે જાણવું. ''દૂર ખસીને, નજીક આવીને, મુખ પાછળ કરીને, શરીરને શોભાવી કે શોભાવ્યા વિના અથવા બીજી કોઈપણ રીતે ભિક્ષા આપે તો ગ્રહણ કરવી, તે ભાવાભિગ્રહ છે.''

**૪. રસત્યાગ :-** રસોનો એટલે રસવાળા દૂધ વગેરે વિકારના કારણરૂપ હોવાથી તેનો ત્યાગ કરવો તે રસત્યાગ.

**૫. કાયક્લેશ :-** શાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે શરીરને જે કષ્ટ અપાય તે કાયક્લેશ. તે વીરાસન વગેરે આસન કરવા દ્વારા, શરીરની વિભૂષાનો ત્યાગ કરીને અથવા વાળનો લોચ કરીને વગેરે અનેક પ્રકારનો છે. કહ્યું છે કે,

---

**૬. અર્ધપેટા :-** ઉપરની જેમ કલ્પના કરી પાસે રહેલ કોઈ પણ બે જ દિશામાં રહેલી શ્રેણીનાં ઘરોમાં ભિક્ષા માટે ફરે.

**૭. અભ્યંતરશમ્બૂકા :-** ગામના મધ્ય ભાગમાં રહેલા ઘરોથી ભિક્ષા શરૂ કરી, શંખના આવર્તની જેમ ગોળશ્રેણીમાં રહેલા ઘરોમાં ભિક્ષા માટે ફરતો છેવટે ગામનાં છેડે નીકળે.

**૮. બાહ્યશમ્બૂકા :-** ઉપરથી ઊલટા ક્રમે એટલે ગામનાં છેડેથી ભિક્ષા શરૂ કરી શંખના આવર્તની જેમ ગોળ શ્રેણીમાં ફરતાં ગામનાં મધ્યે રહેલા ઘરોમાં ભિક્ષા માટે ફરતો છેવટે ગામની વચ્ચે જાય.

''સંસાર-વાસ ઉપર નિર્વેદના કારણરૂપ વીરાસન, ઉત્કટુક-આસન, લોચ વગેરે કાયક્લેશ જાણવા. વીરાસન વગેરે કાયક્લેશ કરવાથી કાયનિરોધ, જીવોની દયા, પરલોક-મતિ તથા બીજાઓને આદરભાવ થાય છે અને લોચ કરાવવાથી નિઃસંગતા, પશ્ચાત્કર્મ-પુરુઃકર્મનો ત્યાગ, દુઃખ સહન, નરકાદિ ગતિની ભાવના અને નિર્વેદભાવ થાય છે.''

**૬. સંલીનતા** :- સંલીનતા એટલે ગુપ્તતા. તે ઇન્દ્રિયવિષયક, કષાયવિષયક, યોગવિષયક, વિવિક્તશય્યા અને આસન વિષયક - એમ ચાર પ્રકારે છે. કહ્યું છે કે,

''ઇન્દ્રિય, કષાય, યોગ તથા વિવિક્તચર્યારૂપ સંલીનતા વીતરાગ ભગવંતે જણાવી છે.''

શ્રવણેન્દ્રિય વડે મધુર-કર્કશ વગેરે શબ્દોમાં રાગ-દ્વેષ ન કરવા તે શ્રોત્રેન્દ્રિય સંલીનતા છે. કહ્યું છે કે,

''સારા કે ખરાબ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ શ્રોત્ર વગેરે ઇન્દ્રિયોને પ્રાપ્ત થાય ત્યારે સાધુએ હર્ષ કે શોક કરવો નહીં. આ ઇન્દ્રિય સંલીનતા છે.''

ઉદયમાં ન આવેલા કષાયોના ઉદયને રોકી અને ઉદયમાં આવેલાને નિષ્ફળ કરવા દ્વારા કષાય-સંલીનતા કરવી. કહ્યું છે કે,

''ઉદયમાં ન આવેલ કષાયના ઉદયનો રોધ કરી અને ઉદયમાં આવેલ કષાયને નિષ્ફળ કરવો તે કષાયસંલીનતા છે.''

અશુભ મન-વચન-કાયાના યોગનો રોધ કરી, શુભ મન-વચન-કાયાના યોગનું પ્રવર્તન કરવું, તે યોગસંલીનતા છે. કહ્યું છે કે,

''અપ્રશસ્ત યોગોનો નિરોધ અને પ્રશસ્ત યોગોની ઉદીરણા અને કાર્યમાં વિધિગમન તે યોગસંલીનતા કહી છે.''

સ્ત્રી, પશુ, નપુંસક વગેરેથી રહિત બગીચા વગેરે સ્થાનમાં જે રહેવું, તે વિવિક્ત શય્યાસનરૂપ સંલીનતા જાણવી. મહર્ષિઓએ કહ્યું છે કે,

''સ્ત્રી, પશુ, નપુંસક રહિત બગીચા, ઉદ્યાન વગેરે સ્થાનમાં જે રહેવું, તે તથા એષણીય ફલક વગેરેને ગ્રહણ કરવા, તે વિવિક્ત શય્યાસનરૂપ સંલીનતા જાણવી.''

આ અનશન વગેરે છ એ બાહ્યતપ કહેવાય છે. એ તપની બાહ્યતા બાહ્ય દ્રવ્યની અપેક્ષાથી છે. તથા પ્રાયઃ કરી શરીરના બાહ્ય ભાગને તપાવનાર હોવાથી લૌકિકો પણ તપરૂપે સ્વીકારે છે અને અન્ય દર્શનીઓ પણ સ્વૈચ્છિકપણે તપરૂપે સેવતા હોવાથી બાહ્યતપ

કહેવાય છે.

**અભ્યંતરતપ**

**૧. પ્રાયશ્ચિત્ત :-** ચિત્ત એટલે જીવ, પ્રાયઃ એટલે બહુલતા. જીવને લગભગ નિર્મલ કરે તે પ્રાયશ્ચિત્ત. મૂલગુણ, ઉત્તરગુણ વિષયક અતિચારોથી ઉત્પન્ન થયેલ કર્મરૂપી મેલને સાફ કરે તે પ્રાયશ્ચિત્ત. તેના આલોચના વગેરે દશ પ્રકાર છે. કહ્યું છે કે,

''આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, કાયોત્સર્ગ, તપ, છેદ, મૂળ, અનવસ્થાપ્ય અને પારાંચિત-એ દશ પ્રકારે પ્રાયશ્ચિત્ત છે.'' આ દશ પ્રાયશ્ચિત્તનું વર્ણન અઠ્ઠાણુમા દ્વારમાં વિસ્તારથી કહેવાશે.

**૨. વિનય :-** જેના વડે આઠે પ્રકારના કર્મો દૂર કરાય તે વિનય. તે જ્ઞાન, દર્શન વગેરે ભેદોથી સાત પ્રકારે છે. કહ્યું છે કે - ''જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાય તથા ઉપચારવિનય.

**જ્ઞાનવિનય**-તે મતિજ્ઞાન વગેરેની સદ્‌હણારૂપ પાંચ પ્રકારે છે. ભક્તિ, બહુમાન, જ્ઞાન વડે દૃષ્ટ પદાર્થોની સમ્યગ્ ભાવના, વિધિપૂર્વક ગ્રહણ તથા અભ્યાસને જિનેશ્વરોએ જ્ઞાનવિનય કહેલો છે.''

**દર્શનવિનય**-તે શુશ્રૂષણા અને અનાશાતના રૂપે બે પ્રકારે છે. કહ્યું છે કે,

''શુશ્રૂષણા અને અનાશાતનારૂપ બે પ્રકારે દર્શનવિનય છે. દર્શનગુણમાં અધિક હોય તેનો શુશ્રૂષણાવિનય કરાય છે. તે સત્કાર કરવો, ઊભા થવું, સન્માન કરવું, આસન આપવું, વંદન કરવું, બે હાથ જોડવા, આવે ત્યારે સામે જવું, જાય ત્યારે પાછા મૂકવા જવું, ઊભા રહે ત્યારે પર્યુપાસના કરવી. આ શુશ્રૂષણાવિનય છે.''

સત્કાર એટલે સ્તવન-વંદન વગેરે. અભ્યુત્થાન એટલે વિનય યોગ્ય વ્યક્તિને જોઈ તરત બેઠા હોય તો ઊભા થઈ જવું. સન્માન એટલે વસ્ત્ર-પાત્ર વડે સત્કાર કરવો. આસનાભિગ્રહ એટલે ઊભા રહેવું, વડિલને આસન આપી અહીં બિરાજો એમ કહેવું. વડિલ એક સ્થાનેથી બીજા સ્થાને જાય તો આસન લઈ ત્યાં આપવું તે આસનાનુપ્રદાન. કૃતિકર્મ એટલે વંદન કરવું. બે હાથ જોડવા તે અંજલીગ્રહ.

અનાશાતનાવિનય પંદર પ્રકારે છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે :- ''તીર્થંકર, ધર્મ, આચાર્ય, વાચક, સ્થવિર, કુલ, ગણ, સંઘ, એક સામાચારીવાળા સાંભોગિક, ક્રિયાવાન્ (આસ્તિક), મતિજ્ઞાન વગેરેના વિશે ભક્તિ, બહુમાન, ગુણાનુવાદ કરવા તે અનાશાતના વિનય કહેવાય છે.''

ભક્તિ એટલે બાહ્યસેવા, બહુમાન એટલે આંતરપ્રીતિ, વર્ણવાદ એટલે ગુણાનુવાદ.

**ચારિત્રવિનય** એટલે ''સામાયિક વગેરે ચારિત્રની શ્રદ્ધા તથા કાયા વડે પાલના અને સર્વજીવોની આગળ તેની પ્રરૂપણા.''

**મન-વચન-કાયવિનય**-''આચાર્ય વગેરેને વિષે સર્વકાળે અકુશલ (અશુભ) મન-વચન-કાયાનો રોધ તથા કુશલ (શુભ) મન-વચન-કાયાનું પ્રવર્તન તે મન-વચન-કાયવિનય છે.''

**ઉપચારવિનય** - સુખકારક ક્રિયા વિશેષથી થયેલ હોય, તે ઔપચરિક વિનય, તે સાત પ્રકારે છે - ''૧. અભ્યાસસ્થાન, ૨. છંદાનુવર્તન, ૩. કૃતપ્રતિકૃતિ, ૪. કાર્યનિમિત્ત-કારણ, ૫. દુઃખાર્તગવેષણ, ૬. દેશ-કાળજ્ઞાન, ૭. સર્વાર્થેષ્વનુમતિ-એ પ્રમાણે ઔપચારિક વિનય સંક્ષેપથી કહેલ છે.''

૧. અભ્યાસસ્થાન એટલે સૂત્ર વગેરેના અભ્યાસીએ આચાર્ય વગેરેની પાસે જ રહેવું.

૨. છંદાનુવર્તન એટલે ગુરુની ઇચ્છા પ્રમાણે વર્તવું.

૩. કૃતપ્રતિકૃતિ એટલે કેવલ નિર્જરા માટે નહીં પણ પ્રસન્ન થયેલ ગુરુઓ મને સૂત્રાર્થના દાન વડે પ્રત્યુપકાર કરશે, એમ વિચારી ગુરુની ભોજન વગેરેથી ભક્તિ કરવામાં યત્ન કરવો.

૪. કાર્યનિમિત્તકારણ કે કારિતનિમિત્તકારણ એટલે શ્રુતપ્રાપ્તિ વગેરે રૂપ નિમિત્તને પામીને એટલે આ ગુરુની પાસે હું શ્રુત પામ્યો છું, માટે તેમનો વિનય કરવો જોઈએ, એ નિમિત્તે વિનયાનુષ્ઠાન કરવું. અર્થાત્ ગુરુ વડે સારી રીતે ભણાવાયેલ શિષ્યે વિશેષ પ્રકારે વિનયાનુષ્ઠાનમાં સારી રીતે પ્રવર્તવું જોઈએ.

૫. દુઃખાર્ત ગવેષણ : દુઃખથી પીડિતની ઔષધ વગેરે દ્વારા સેવા કરવી. અર્થાત્ દુઃખી ઉપર ઉપકાર કરવો.

૬. દેશ-કાળના અવસરને જોવો.

૭. બધા કાર્યમાં ગુરુને અનુકૂળ રીતે વર્તવું.

અથવા બાવન પ્રકારનો પણ ઉપચાર વિનય છે. તે પાંસઠમા દ્વારમાં કહેવાશે.

**૩. વૈયાવચ્ચ :** વ્યાપારમાં (કાર્યમાં) રહેવાનો ભાવ તે વૈયાવચ્ચ. ધર્મસાધના કરવા માટે અન્ન વગેરેનું જે દાન તે વૈયાવચ્ચ. કહ્યું છે કે,

''કાર્યમાં રહેવાપણાનો જે ભાવ તે વૈયાવચ્ચ છે. વિધિપૂર્વક અન્ન વગેરે આપવું તે વૈયાવચ્ચનો ભાવાર્થ છે.''

**૪. સ્વાધ્યાય :** કાળવેળાને ત્યાગીને મર્યાદાપૂર્વક તે તે પોરિસીના વખતે જે અધ્યયન કરવું તે સ્વાધ્યાય. તેના વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા એમ પાંચ પ્રકાર છે.

**વાચના**-શિષ્યને ભણાવવું તે વાચના.

**પૃચ્છના**-ગ્રહણ કરેલી વાચનામાં શંકા ઉત્પન્ન થવાથી ફરીવાર પૂછવું અથવા આગળ ભણેલ સૂત્ર વગેરેમાં શંકા વગેરે થાય તો પ્રશ્ન કરવા તે પૃચ્છના.

**પરાવર્તના**-પૃચ્છના દ્વારા શુદ્ધ થયેલ સૂત્ર ભૂલાઈ ન જાય, તે માટે શુદ્ધ ઉચ્ચારપૂર્વક જે પુનરાવર્તન કરાય તે પરાવર્તના.

**અનુપ્રેક્ષા**-સૂત્રની જેમ અર્થ પણ ન ભૂલાય તે માટે અર્થનો મનથી અભ્યાસ કરવો એટલે ચિંતન કરવું તે અનુપ્રેક્ષા.

**ધર્મકથા** - અભ્યાસ કરેલ શ્રુત વડે કથા કરવી તે ધર્મકથા. ધર્મ એટલે શ્રુતધર્મ અને કથા એટલે વ્યાખ્યા. શ્રુતની વ્યાખ્યા તે ધર્મકથા.

**૫. ધ્યાન :**જેના વડે અંતર્મુહૂર્ત કાળ સુધી એકાગ્ર ચિત્તે પદાર્થનું જે ચિંતન થાય (ધ્યાન કરાય) તે ધ્યાન. કહ્યું છે કે,

''છદ્મસ્થોને એક પદાર્થ પર અંતર્મુહૂર્ત કાળ સુધી ચિત્તની સ્થિરતા તે ધ્યાન છે. કેવલીને યોગનો નિરોધ તે ધ્યાન છે.''

તે ધ્યાન આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ-એમ ચાર પ્રકારે છે.

**૧. આર્તધ્યાન :**-ઋત એટલે દુઃખ. દુઃખના કારણે થયેલું હોય કે પીડિત પ્રાણીમાં થયેલું હોય તે આર્ત. તે ચાર પ્રકારે છે - ૧. ખરાબ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ વિષયો કે તેમના આશ્રયરૂપ કાગડા વગેરે વસ્તુઓના વિયોગનું અને ભવિષ્યમાં તેમનો ફરી સંયોગ ન થાય તેવું ચિંતન. ૨. શૂલ, શિરપીડા વગેરે વેદનાઓના વિયોગ અને ફરી અસંયોગની પ્રાર્થના. ૩. ઇચ્છિત શબ્દાદિ વિષયો તથા સાતાવેદનીય-(સુખ)ના અવિયોગ અને ફરી સંયોગની પ્રાર્થના. ૪. દેવેન્દ્રપણું-ચક્રવર્તિપણું વગેરેની પ્રાર્થના.

આ ચાર પ્રકારનું આર્તધ્યાન શોક, રૂદન, પોતાના છાતી - માથુ વગેરે કુટવા, વિલાપ કરવો વગેરે લક્ષણોથી જણાય છે અને તે તિર્યંચગતિનું કારણ છે.

**૨. રૌદ્રધ્યાન :**- પ્રાણીવધ વગેરેમાં પરિણત જે આત્મા બીજાને રડાવે તે રુદ્ર. તે રુદ્રાત્માનું કાર્ય તે રૌદ્ર. ૧. તે પ્રાણીઓના વિષે વધ, વેધ, બંધન, દહન, અંકન, મારણ

વગેરેની ચિંતવનારૂપ તે **હિંસાનુબંધીરૌદ્રધ્યાન.** ૨. પૈશુન્ય, અસભ્ય, અસદ્‌ભૂત, ઘાત વગેરે વચનની ચિંતવનારૂપ તે **મૃષાનુબંધીરૌદ્રધ્યાન.** ૩. તીવ્ર ક્રોધ, લોભથી આકુલ અને જીવઘાત પરાયણ તેમ જ પરલોકના દુઃખથી નિરપેક્ષપણે પરદ્રવ્યહરણની ચિંતવનારૂપ **ચૌર્યાનુબંધી-રૌદ્રધ્યાન.** ૪. બધી બાજુથી શંકા-પરાયણ રહે, પરંપરાએ ઉપઘાત-પરાયણ રહે, શબ્દાદિ વિષય-સાધક દ્રવ્યોના રક્ષણની ચિંતવના કરે તે **સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન.**

આ રૌદ્રધ્યાન હિંસાદિની બહુલતાવાળી પ્રવૃત્તિ વગેરેથી જણાય છે અને નરકગતિનું કારણ છે.

૩. **ધર્મધ્યાન** :-ક્ષમાદિ દશ યતિધર્મથી યુક્ત જે ધ્યાન તે ધર્મધ્યાન. ૧. સર્વજ્ઞ ભગવંતની આજ્ઞાનું ચિંતન તે **આજ્ઞાવિચયધર્મધ્યાન.** ૨. રાગ, દ્વેષ, કષાય, ઇન્દ્રિયાધીન જીવોના અપાયોનું ચિંતન તે **અપાયવિચયધર્મધ્યાન** ૩. જ્ઞાનાવરણ વગેરે શુભાશુભ કર્મના વિપાકોનું ચિંતન તે **વિપાકવિચયધર્મધ્યાન.** ૪. પૃથ્વીમંડલ ઉપર રહેલા દ્વીપ-સમુદ્ર આદિ પદાર્થોની આકૃતિની વિચારણા તે **સંસ્થાનવિચયધર્મધ્યાન.**

જિન કથિત ભાવો પર શ્રદ્ધા વગેરે ચિહ્નોથી આ ધર્મધ્યાન જણાય છે અને તે દેવગતિનું કારણ છે.

૪. **શુક્લધ્યાન** :-આઠ પ્રકારના કર્મમલને જે શુદ્ધ કરે કે શુચ એટલે શોકને દૂર કરે તે શુક્લધ્યાન. તે ૧. પૃથક્ત્વવિતર્કસવિચાર, ૨. એકત્વવિતર્કઅવિચાર, ૩. સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ ૪. વ્યુપરતક્રિયા અનિવૃત્તિ-એમ ચાર પ્રકારે છે.

આ ધ્યાન પૂર્વગત શ્રુતાનુસારે જુદા જુદા નયો, મતો, એક દ્રવ્યની ઉત્પત્તિ, વ્યય, સ્થિતિ, ભાંગા, પર્યાયોનાં ચિંતનરૂપ છે. સ્વસ્થતા, સંમોહ આદિથી આ ધ્યાન જણાય છે અને મોક્ષ ફળ અપાવનાર છે.

અહીં ધર્મધ્યાન અને શુક્લધ્યાનથી જ નિર્જરા થતી હોવાથી તે તપરૂપ છે. આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી કર્મબંધ થતો હોવાથી તે તપરૂપ નથી.

૬. **ઉત્સર્ગ** - ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ કરવો તે ઉત્સર્ગ. તે બે પ્રકારે છે - બાહ્ય અને અભ્યતંર. તેમાં વધારાના, અનેષણીય અને જીવોથી સંસક્ત એવા બાર વગેરે પ્રકારની ઉપધિ કે અન્ન-પાણીનો ત્યાગ તે બાહ્ય ઉત્સર્ગ. કષાયોનો કે મરણ વખતે શરીરનો ત્યાગ તે અભ્યંતર ત્યાગ.

**પ્રશ્ન** - પ્રાયશ્ચિત્તમાં જ ઉત્સર્ગ કહ્યો છે તો અહીં ફરી કહેવાનું શું પ્રયોજન છે ?

**જવાબ** - તમારી વાત સાચી છે. પ્રાયશ્ચિત્તમાં અતિચારની વિશુદ્ધિ માટે ઉત્સર્ગ કહ્યો.

અહીં સામાન્યથી નિર્જરા માટે ઉત્સર્ગ કહ્યો છે. માટે પુનરુક્તિ નથી.

પ્રાયશ્ચિત્તથી માંડીને વ્યુત્સર્ગ સુધીનો તપ લોકો જાણી શકતા નથી, અન્ય દર્શનવાળા ભાવથી સેવતા નથી, મોક્ષપ્રાપ્તિનું નજીકનું કારણ છે, અંદરના કર્મોને તપાવે છે અને અંતર્મુખ એવા ભગવાન જાણી શકે છે. માટે તે અભ્યંતર તપ છે.'

(સટીક પ્રવચનસારોદ્ધારના મુનિશ્રી અમિતયશવિજયજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

કેટલાક શારીરિક, વાઙ્મય અને માનસ ભેદથી ત્રણ પ્રકારનો તપ માને છે. **શ્રીભગવદ્‌ગીતા**માં અને **મધુસૂદન** કૃત **ગૂઢાર્થદીપિકા** નામની તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'ક્રમથી આવેલા તપના સાત્ત્વિકતપ વગેરે ભેદોને કહેવા માટે શારીરિકતપ-વાચિકતપ-માનસતપ રૂપ ભેદો વડે તપના ત્રણ પ્રકારો ત્રણ શ્લોકો વડે કહે છે - દેવ-બ્રાહ્મણ-ગુરુ-વિદ્વાનનું પૂજન, શૌચ, આર્જવ, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરિક તપ કહેવાય છે. દેવ એટલે બ્રહ્મા, વિષ્ણુ, શંકર, સૂર્ય, અગ્નિ, દુર્ગા વગેરે. દ્વિજો એટલે બ્રાહ્મણો. ગુરુ એટલે પિતા, માતા, આચાર્ય વગેરે. પ્રાજ્ઞ એટલે જેમણે વેદ અને તેના સાધનરૂપ અર્થો જાણ્યા છે એવા પંડિતો. પૂજન એટલે શાસ્ત્ર મુજબ પ્રણામ, સેવા વગેરે. શૌચ એટલે માટી અને પાણીથી શરીરને શુદ્ધ કરવું. કુટિલતાના અભાવરૂપ આર્જવ ભાવશુદ્ધિશબ્દથી માનસતપમાં કહેશે. શારીરિક આર્જવ એટલે વિહિત (શાસ્ત્રોક્ત)માં એક સરખી પ્રવૃત્તિવાળાપણું અને નિષિદ્ધ(શાસ્ત્રનિષિદ્ધ)માંથી એકસરખી નિવૃત્તિવાળાપણું. બ્રહ્મચર્ય એટલે નિષેધ કરાયેલ મૈથુનથી નિવૃત્તિ. અહિંસા એટલે શાસ્ત્રમાં નહીં કહેલા એવા પ્રાણીઓને પીડવાનો અભાવ. ચ શબ્દથી ચોરીનો અભાવ અને પરિગ્રહનો અભાવ પણ સમજી લેવા. શારીરિક તપ એટલે શરીરપ્રધાન એવા કર્તા વગેરેથી સાધી શકાય એવું, માત્ર શરીરથી નહીં. 'તેના આ પાંચ હેતુઓ છે' એમ આગળ કહેશે. (૧૪)

ઉદ્વેગ નહી કરનારું વાક્ય, સત્ય વચન, પ્રિય વચન, જે હિતકારી વચન અને સ્વાધ્યાયનો અભ્યાસ એ વાઙ્મય (વાચિક) તપ કહેવાય છે. અનુદ્વેગકર એટલે કોઈને દુઃખી નહીં કરનારું. સત્ય એટલે જેના મૂળમાં પ્રમાણ હોય અને જેનો અર્થ બાધિત ન હોય તે. પ્રિય એટલે સાંભળનારને તાત્કાલિક સાંભળવામાં સુખ આપનારું. હિતકારી એટલે પરિણામે સુખ કરનારું. ચ શબ્દ વિશેષણોને ભેગા કરવા માટે છે. અનુદ્વેગકરપણું વગેરે ચારે વિશેષણોથી વિશિષ્ટ, એક પણ વિશેષણથી ન્યૂન નહીં, એવું જે વાક્ય - જેમકે હે વત્સ ! શાંત થા, સ્વાધ્યાય અને યોગને કર, તે રીતે તારું કલ્યાણ થશે.' વગેરે તે વાચિક તપ છે, શારીરિક તપની જેમ. સ્વાધ્યાયનો અભ્યાસ એટલે વિધિપૂર્વક વેદનો અભ્યાસ. એવ શબ્દની વ્યાખ્યા પહેલા કહેલા વિશેષણોના સમુચ્ચયના અવધારણરૂપે કરી છે. (૧૫)

મનની પ્રસન્નતા, સૌમ્યપણું, મૌન, આત્માનું નિયંત્રણ, ભાવની શુદ્ધિ એ માનસ તપ કહેવાય છે. મનની પ્રસન્નતા એટલે સ્વચ્છતા, વિષયોની ચિંતાના વ્યાકુળપણાથી રહિતપણું. સૌમ્યપણું એટલે સારામનવાળાપણું, બધા લોકોનું હિત ઇચ્છવાપણું, નિષિદ્ધને વિચારવું નહીં તે. મૌન એટલે નિદિધ્યાસન નામનો એકાગ્રતાપૂર્વક આત્મચિંતન કરવા રૂપ મુનિનો ભાવ. શાંકર ભાષ્યમાં કહ્યું છે કે, 'વાણીના સંયમનું કારણ એવું મનનું સંયમ તે મૌન છે.' આત્મવિનિગ્રહ એટલે આત્માની વિશેષથી મનની બધી વૃત્તિનું નિયંત્રણ - અટકાવવું એટલે કે અસંપ્રજ્ઞાત સમાધિ. ભાવની એટલે હૃદયની શુદ્ધિ એટલે કામ-ક્રોધ-લોભ વગેરે મળોની ફરીથી અશુદ્ધિ ઉત્પન્ન નહીં કરવા રૂપ સારાપણાથી વિશિષ્ટ એવી નિવૃત્તિ - દૂર થવું તે ભાવશુદ્ધિ. શાંકરભાષ્યમાં કહ્યું છે કે, 'બીજાની સાથે વ્યવહાર કરતી વખતે માયારહિતપણું તે ભાવશુદ્ધિ. (૧૬)'

અથવા સાત્ત્વિક, રાજસ અને તામસ ભેદથી ત્રણ પ્રકારનો તપ છે. **શ્રીભગવદ્-ગીતા**માં અને **ગણેશશાસ્ત્રિપાઠકે** રચેલ તેની બાલબોધિની **વૃત્તિ**માં કહ્યું છે -

'આમ શારીરિક વગેરે ભેદથી ત્રણ પ્રકારનો તપ કહીને હવે ગુણના ભેદથી ત્રણ પ્રકારનો તપ બતાવતા થકા પહેલો સાત્ત્વિક તપ કહે છે - હે અર્જુન ! ફળની ઇચ્છા વિનાના અને મનના નિયંત્રણવાળા મનુષ્યો વડે શ્રેષ્ઠ શ્રદ્ધાથી કરાયેલ પૂર્વે કહેલા શારીરિક વગેરે ત્રણ પ્રકારના તપને શિષ્ટો સાત્ત્વિક તપ કહે છે. શ્રેષ્ઠ શ્રદ્ધાથી એટલે હંમેશા ટકનારી એવી આસ્તિક્યની બુદ્ધિથી સત્ત્વગુણવાળાનો તપ એ સાત્ત્વિક તપ છે. તેઓ મનના નિયંત્રણવાળા હોવાથી ફળની ઇચ્છા વિનાના છે. (૧૭)

રાજસ તપને કહે છે - હે અર્જુન ! મનુષ્ય વડે જે તપ સત્કાર-માન-પૂજા માટે અને દંભથી કરાય અને જે ચલ અને અધ્રુવ હોય તે અહીં રાજસ તપ કહ્યો છે. સત્કાર એટલે 'આ તાપસ ધર્માત્મા છે, એની સમાન કોઈ પણ નથી' એવી વાહવાહ. માન એટલે ઊભા થવું અને અભિવાદન કરવા પૂર્વકનું સન્માન. પૂજા એટલે ગાયો, અન્ન, વસ્ત્ર વગેરે આપવા. દંભથી એટલે બીજા સત્કાર-માન-પૂજા ન કરે તો પણ પોતે જ 'હું ધર્માત્મા છું' એ પ્રમાણે ધર્મની ધજા રાખવા વડે. રજસ્ ગુણવાળાનો તપ તે રાજસ તપ. ચંચળ એટલે કે અનિત્ય. અધ્રુવ એટલે ક્ષણિક એટલે ફળને વ્યભિચારી. (૧૮)

તામસ તપને કહે છે - અવિવેકી મનુષ્યો વડે કદાગ્રહથી પોતાને પીડા કરીને જે તપ કરાય છે કે શત્રુનો નાશ કરવા માટે જે તપ કરાય છે તે તામસ તપ કહેવાય છે. કદાગ્રહ એટલે અવિવેકથી થયેલી પકડ. પોતાને એટલે શરીર અને ઇન્દ્રિયના સમૂહરૂપ પોતાને. તમસ્ ગુણવાળાનો તપ તે તામસ તપ. તમસ્ ગુણથી થયેલ તપ તે તામસ તપ. (૧૯)'

ક્ષાયોપશમિક વગેરે વિશેષ પ્રકારના અધ્યવસાયને લીધે દાન વગેરેમાં મનનો

ઉત્સાહ તે ભાવધર્મ. ભાવ વિનાની ધર્મક્રિયા વાસ્તવિક ફળ આપતી નથી. **શ્રીઅધ્યાત્મ-કલ્પદ્રુમમાં શ્રીમુનિસુંદરસૂરિ મહારાજે** કહ્યું છે,

'ભાવના ઉપયોગથી શૂન્ય એવી આવશ્યક ક્રિયાઓ કરનારો તું દેહના ક્લેશને પામે છે, તું એમનું ફળ નહીં પામે. (૧૬૪)'

જેમના વડે આત્મા ભાવિત કરાય તે ભાવના. તે ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે - ૧ જ્ઞાનભાવના, ૨ સમ્યક્ત્વભાવના, ૩ ચારિત્રભાવના અને ૪ વૈરાગ્યભાવના. **મહોપાધ્યાય શ્રીસકલચન્દ્રજી** કૃત **ધ્યાનદીપિકા**માં આ ભાવનાઓનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે,

'અનિત્ય વગેરે આ બાર ભાવનાઓ કહી છે, તથા બીજી જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્ય ભાવનાઓ કહી છે. (૭)

વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, પરાવર્તન અને સદ્ધર્મદર્શન (સદ્ધર્મકથા) - એ પ્રમાણે જ્ઞાનભાવના જાણવી. (૮)

સંવેગ, પ્રશમ, સ્થૈર્ય, અસંમૂઢપણું, અભિમાનનો અભાવ, આસ્તિક્ય, અનુકંપા-એ પ્રમાણે સમ્યક્ત્વભાવના જાણવી. (૯)

ઈર્યા વગેરે સંબંધી પ્રયત્નો, મન-વચન-કાયાની ગુપ્તિઓ, પરીષહને સહન કરવાપણું - એ પ્રમાણે ચારિત્રભાવના જાણવી. (૧૦)

વિષયોમાં અનાસક્તિ, તત્ત્વનું અનુચિંતન કરવું, જગતના સ્વભાવને વિચારવો - એ પ્રમાણે વૈરાગ્યની સ્થિરતા માટે ભાવના છે. (૧૧)'

સ્મારણા વગેરે ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ સ્મારણા, ૨ વારણા, ૩ ચોદના અને ૪ પ્રતિચોદના. આ સ્મારણા વગેરેનું સ્વરૂપ **ગચ્છાચારપયન્નાની ૧૭મી ગાથાની વૃત્તિ**માંથી આ પ્રમાણે જાણવું -

'હિતમાં પ્રવર્તાવવું અથવા કૃત્ય યાદ કરાવવું તે સારણા, ઉપલક્ષણથી અહિતમાંથી અટકાવવું તે વારણા, સંયમયોગોમાં સ્ખલના થવા પર 'આપના જેવા માટે આ કરવું યોગ્ય નથી' વગેરે વચન વડે પ્રેરણા કરવી તે ચોદના, તે જ રીતે ફરી ફરી પ્રેરણા કરવી તે પ્રતિચોદના...(૧૭)'

ગુરુ દેશના, કથા, ધર્મ, ભાવના અને સ્મારણા વગેરેના કરવા, કરાવવા, ઉપદેશ આપવા વગેરે વિધાનોમાં નિપુણ બુદ્ધિવાળા હોય છે.

એક આલંબનમાં ચિત્તનો નિરોધ કરવો તે ધ્યાન. કહ્યું છે કે, 'ઉત્તમસંઘયણવાળાનો એક આલંબન ઉપર ચિંતાનો નિરોધ તે ધ્યાન (૯/૨૭)' **(તત્ત્વાર્થાધિગમસૂત્ર).**

ધ્યાન ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ આર્તધ્યાન, ૨ રૌદ્રધ્યાન, ૩ ધર્મધ્યાન અને ૪ શુક્લધ્યાન. **શ્રમણપ્રતિક્રમણસૂત્ર**માં કહ્યું છે, 'ચાર ધ્યાનો વડે - આર્તધ્યાન વડે, રૌદ્રધ્યાન વડે, ધર્મધ્યાન વડે, શુક્લધ્યાન વડે.'

તેમાં આર્તધ્યાન ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ ઇષ્ટવિયોગની ચિંતા, ૨ અનિષ્ટસંયોગની ચિંતા, ૩ વેદનાની ચિંતા અને ૪ નિયાણું. **શ્રીધ્યાનશતક**માં અને તેની **વૃત્તિ**માં આમનું સ્વરૂપ આ રીતે બતાવ્યું છે -

''જે પ્રમાણે ઉદ્દેશ કરાયો હોય તે પ્રમાણે નિર્દેશ કરાય' એ ન્યાયથી હવે આર્તધ્યાનનું સ્વરૂપ કહેવાનો અવસર છે. તે આર્તધ્યાન પોતાના વિષયરૂપ ભેદથી ચાર પ્રકારનું છે. **વાચકમુખ્ય ઉમાસ્વાતિ મહારાજે** કહ્યું છે - 'ખરાબ વસ્તુનો સંયોગ થવા પર તેના વિયોગની વિચારણા, વેદનાની વિચારણા, સુંદર વસ્તુનો વિયોગ થવા પર તેના સંયોગની વિચારણા અને તપના ફળનું નિયાણું - એ ચાર પ્રકારનું આર્તધ્યાન છે.' **(તત્ત્વાર્થ** ૯/૩૧-૩૪) તેમાં પહેલો પ્રકાર બતાવવા કહે છે -

દ્વેષથી મેલા જીવનું ખરાબ એવા શબ્દ વગેરે વિષયો અને વસ્તુઓના વિયોગનું અને અસંયોગનું ખૂબ ચિંતન તે આર્તધ્યાન છે. મનને અનુકૂળ એટલે કે ઇષ્ટ હોય તે સારા. સારા ન હોય તે ખરાબ. જેમાં આસક્ત થયેલા જીવો વિષાદ પામે છે તે વિષયો એટલે કે ઇન્દ્રિયોના વિષયો. શબ્દ વગેરે વિષયો છે. વગેરેથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ લેવા. વસ્તુઓ એટલે વિષયોના આધારરૂપ ગધેડા વગેરે. વિયોગનું ચિંતન એટલે 'શી રીતે મારો આમનાથી વિયોગ થાય ?' એવી ચિંતા. આનાથી વર્તમાનકાળ લીધો. એકવાર વિયોગ થયા પછી ફરી એમના અસંયોગનું ચિંતન એટલે 'શી રીતે મારો હંમેશા એમની સાથે અસંયોગ રહે ?' એવું વિચારવું તે. આનાથી ભવિષ્યકાળ લીધો. च શબ્દથી પહેલા પણ અનિષ્ટ વસ્તુઓના વિયોગ અને અસંયોગ ગમતા હોવાથી ભૂતકાળ લીધો. દ્વેષ એટલે અપ્રીતિ. દ્વેષથી મેલો એટલે દ્વેષથી વ્યાપ્ત. (૬)

પહેલો પ્રકાર કહ્યો હવે બીજો પ્રકાર કહેવાની ઇચ્છાવાળા કહે છે -

શૂળ, માથાનો રોગ વગેરેની વેદનાની ચિકિત્સામાં વ્યગ્ર મનવાળા જીવને તે વેદનાના વિયોગનો દૃઢ ભાવ અને અસંયોગની ખૂબ ચિંતા તે આર્તધ્યાન છે. વગેરેથી બાકીના રોગો અને આતંકો લેવા. (રોગ લાંબા કાળે મારે, આતંક તરત મારે.) વેદાય તે વેદના. વેદનાના

વિયોગના દૃઢ ભાવ વડે વર્તમાન કાળ લીધો.

અસંયોગની ચિંતા એટલે તે વેદના કોઈક રીતે દૂર થાય તો 'શી રીતે ફરી ભવિષ્યમાં મારે એનો સંયોગ ન થાય ?' એવું ધ્યાન. આ ભવિષ્યકાળને આશ્રયીને કહ્યું. આ રીતે વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું ગ્રહણ કરવાથી ભૂતકાળનું ગ્રહણ પણ થઈ જ ગયું સમજવું. તેની ભાવના પૂર્વેની ગાથામાં કરી જ છે. (૭)

બીજો પ્રકાર કહ્યો. હવે ત્રીજો પ્રકાર બતાવતા કહે છે -

રાગથી ભાવિત જીવનો સારા વિષયો, વસ્તુઓ અને ઈષ્ટ વેદનાના અવિયોગનો દૃઢ ભાવ અને સંયોગની ખૂબ અભિલાષા તે આર્તધ્યાન છે. અવિયોગના દૃઢ ભાવથી વર્તમાનકાળ લીધો. સંયોગની ખૂબ અભિલાષા એટલે 'શી રીતે મારો આ વિષયો વગેરેની સાથે ભવિષ્યમાં સંબંધ થાય ?' એવી અત્યંત ઈચ્છા. આનાથી ભવિષ્યકાળ લીધો. च શબ્દથી પહેલાની જેમ ભૂતકાળ લીધો. રાગ એટલે આસક્તિ. (૮)

ત્રીજો ભેદ કહ્યો. હવે ચોથો ભેદ બતાવવાની ઈચ્છાવાળા કહે છે -

દેવેન્દ્રપણા, ચક્રવર્તીપણા વગેરેના ગુણો અને ઋદ્ધિની યાચનાવાળુ, અત્યંત અજ્ઞાનથી યુક્ત, હલકુ એવું નિયાણાનું ચિંતન તે આર્તધ્યાન છે.

ક્રીડા કરે તે ભવનપતિ વગેરે દેવો. તેમના ઈન્દ્રો એટલે માલિકો તે દેવેન્દ્રો - ચમરેન્દ્ર વગેરે. ચક્ર વડે વિજય મેળવનારા તે ચક્રવર્તી - ભરત વગેરે. વગેરેથી બળદેવ વગેરે લેવા. ગુણો એટલે સારુ રૂપ વગેરે. ઋદ્ધિ એટલે ઐશ્વર્ય.

નિયાણાનું ચિંતન એટલે 'હું આ તપ, ત્યાગ વગેરેથી દેવેન્દ્ર થાઉં.' વગેરે રૂપ ભાવ. એને અધમ કેમ કહ્યું ? કેમકે તે અત્યંત અજ્ઞાનથી યુક્ત છે. અજ્ઞાની સિવાય બીજાને સાંસારિક સુખોની ઈચ્છા થતી નથી. કહ્યું છે - 'અજ્ઞાનથી આંધળા જીવો ચંચળ એવી સ્ત્રીના અંગોપાંગથી આકર્ષાઈને કામમાં આસક્ત થાય છે કે મોટા વૈભવને કમાવામાં આસક્ત થાય છે. વિદ્વાનનું મન તો મોટા મોક્ષની ઈચ્છામાં એકતાન હોય છે. ઐરાવણ હાથી નાના થડ વાળા ઝાડ પર પીઠ ઘસતો નથી.' (૯)

ચોથો પ્રકાર કહ્યો. હવે આ આર્તધ્યાન જેને હોય છે અને તે જેને વધારનારુ છે તે કહેવાની ઈચ્છાવાળા કહે છે -

રાગ-દ્વેષ-મોહથી કલંકિત જીવનું આ ચાર પ્રકારનું આર્તધ્યાન સંસાર વધારનારું અને તિર્યંચગતિનું મૂળકારણ છે. (૧૦)

**પ્રશ્ન** - આપે આર્તધ્યાનને સંસાર વધારનારુ કહ્યું. તે શી રીતે ?

**જવાબ** - આર્તધ્યાન સંસારનું બીજ હોવાથી સંસારને વધારનારુ છે. તે બીજપણું બતાવતા કહે છે -

જે કારણથી રાગ, દ્વેષ અને મોહને પરમમુનિઓએ સંસારના કારણ કહ્યા છે અને આર્તધ્યાનમાં તે ત્રણે ય સંભવે છે તે કારણથી આર્તધ્યાન સંસારવૃક્ષનું બીજ છે એટલે કે કારણ છે.

**પ્રશ્ન** - જો આમ હોય તો આર્તધ્યાન સામાન્યથી જ સંસારવૃક્ષનું બીજ છે, તો પછી આર્તધ્યાન તિર્યંચગતિનું મૂળકારણ છે એવું શા માટે કહ્યું ?

**જવાબ** - આર્તધ્યાન તિર્યંચગતિમાં જવાના કારણરૂપ હોવાથી જ સંસારવૃક્ષનું બીજ છે. બીજા કેટલાક કહે છે કે - તિર્યંચગતિમાં જ ઘણા જીવો હોવાથી અને ઘણી સ્થિતિ હોવાથી તિર્યંચગતિમાં સંસારનો ઉપચાર કર્યો છે. (૧૩)

હવે આર્તધ્યાન કરનારાની લેશ્યા બતાવાય છે -

આર્તધ્યાન કરનારા જીવને રૌદ્રધ્યાનની અપેક્ષાએ અતિસંક્લેશ વિનાની એટલે કે અતિશય ખરાબ ફળ વિનાની, કર્મપરિણામથી પેદા થયેલ એવી કાપોતલેશ્યા, નીલલેશ્યા અને કૃષ્ણલેશ્યા હોય છે. કાળા વગેરે દ્રવ્યોના સાંનિધ્યથી જેમ સ્ફટિકનો તેવો પરિણામ થાય છે તેમ કાળા વગેરે દ્રવ્યોના સાંનિધ્યથી આત્માનો જે પરિણામ થાય છે તેને લેશ્યા કહેવાય છે. લેશ્યાઓ કર્મના ઉદયને આધીન છે. (૧૪)'

રૌદ્રધ્યાન પણ ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ હિંસાનુબંધી, ૨ મૃષાનુબંધી, ૩ સ્તેયાનુબંધી અને ૪ વિષયસંરક્ષણાનુબંધી. આમનું સ્વરૂપ **ધ્યાનશતક** અને તેની **વૃત્તિ**માંથી આ રીતે જાણવું-

'આર્તધ્યાન કહ્યું. હવે રૌદ્રધ્યાનનો અવસર છે. તે પણ ચાર પ્રકારનું જ છે. તે આ પ્રમાણે - હિંસાસંબંધી, જૂઠસંબંધી, ચોરીસંબંધી અને વિષયોના સંરક્ષણસંબંધી. પૂજ્ય **ઉમાસ્વાતિ વાચકજી**એ કહ્યું છે, 'હિંસા, જૂઠ, ચોરી, વિષયોના સંરક્ષણ થકી રૌદ્રધ્યાન થાય છે.' (**તત્ત્વાર્થસૂત્ર** ૯/૩૬) વગેરે. તેમાં પહેલો પ્રકાર બતાવવા કહે છે-

નિષ્ઠુરમનવાળાનું, અતિશય ક્રોધરૂપી ગ્રહથી યુક્ત એવું, જીવોના વધ, વેધ, બંધન, દહન, અંકન, મારણ વગેરેનું પ્રણિધાન તે રૌદ્રધ્યાન છે. જીવો એટલે એકેન્દ્રિય વગેરે જીવો. વધ એટલે હાથ, ચાબુક, લાત વગેરેથી મારવું તે. વેધ એટલે ખીલા વગેરેથી નાક વગેરે વીંધવું તે. બંધન એટલે દોરડા, સાંકળ વગેરેથી બાંધવું તે. દહન એટલે ઉંબાડીયા વગેરેથી બાળવું તે. અંકન એટલે કૂતરા, શિયાળના પગ વગેરેથી લાંછન કરવું તે. મારણ એટલે તલવાર, શક્તિ, ભાલા વગેરેથી મારી નાંખવું. વગેરેથી ગાઢ પીડા કરવી, પાડવું વગેરે

લેવા. પ્રણિધાન એટલે ન કરવા છતાં કરવા માટેનો દૃઢ ભાવ. ક્રોધના ગ્રહણથી માન વગેરે પણ લેવાય છે. આ રૌદ્રધ્યાન નરક વગેરેની પ્રાપ્તિરૂપ અધમ પરિણામવાળુ છે. (૧૯)

પહેલો પ્રકાર કહ્યો. હવે બીજો પ્રકાર કહેવાની ઇચ્છાવાળા કહે છે -

બીજાને ઠગવામાં તત્પર, પ્રચ્છન્નપાપવાળા, માયાવીનું પિશુન, અસભ્ય, અસદ્‌ભૂત, ભૂતઘાત વગેરે વચનોનું પ્રણિધાન તે રૌદ્રધ્યાન છે. પ્રચ્છન્નપાપવાળો એટલે છૂપી રીતે પાપ કરનાર. અથવા બ્રાહ્મણ, કુતીર્થિક વગેરે ગુણ વિનાના પોતાના આત્માને ગુણવાળો કહે તે પ્રચ્છન્નપાપવાળા. પિશુન વચન એટલે અનિષ્ટનું સૂચક વચન. સભામાં બોલવા યોગ્ય વચન તે સભ્યવચન. તેનાથી વિપરીત વચન તે અસભ્યવચન. અસદ્‌ભૂતવચન એટલે અસત્યવચન. વ્યવહારનયને આશ્રયીને ઉપાધિના ભેદથી અસદ્‌ભૂતવચન ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે -

(૧) અભૂતોદ્‌ભાવન - જે ન હોય તે કહેવું તે. જેમકે આત્મા સર્વવ્યાપી છે વગેરે.

(૨) ભૂતનિહ્નવ - જે હોય તેનો નિષેધ કરવો તે. જેમકે આત્મા નથી વગેરે.

(૩) અર્થાંતરાભિધાન - એક વસ્તુને બીજારૂપે કહેવી તે. જેમકે ગાયને ઘોડો કહેવો વગેરે.

ભૂતઘાતવચન એટલે જેમાં જીવોનો નાશ થાય તેવા છેદો, ભેદો, મારી નાંખો વગેરે વચનો. આદિ શબ્દ દરેક ભેદના પોતાના અનેક ભેદો બતાવવા માટે છે. જેમકે અનિષ્ટને સૂચવનારું પિશુનવચન અનેક પ્રકારનું છે, વગેરે. મૂળ શ્લોકમાં 'તે રૌદ્રધ્યાન છે' એમ કહ્યું નથી, પણ તે પ્રકરણ પરથી જણાય છે. પ્રણિધાન એટલે પ્રવૃત્તિ ન કરવા છતાં પ્રવૃત્તિનો દૃઢ ભાવ. (૨૦)

બીજો પ્રકાર કહ્યો. હવે ત્રીજો પ્રકાર બતાવે છે -

તે જ રીતે તીવ્ર ક્રોધ અને લોભથી આકુળ જીવનું જીવોનો નાશ કરનારું, અનાર્ય, પરલોકના નરકમાં જવું વગેરે નુકસાનોની અપેક્ષા વિનાનું એવું બીજાનું સચિત્ત વગેરે દ્રવ્ય હરવાનું મન તે રૌદ્રધ્યાન છે. તે જ રીતે એટલે દૃઢ ભાવપૂર્વક. બધા છોડવા યોગ્ય ધર્મોથી દૂર રહેલું હોય તે આર્ય. આર્ય ન હોય તે અનાર્ય. (૨૧)

ત્રીજો પ્રકાર કહ્યો. હવે ચોથો પ્રકાર બતાવતા કહે છે -

શબ્દ વગેરે વિષયોના કારણરૂપ ધનના સંરક્ષણમાં ઉદ્યમવાળુ, સજ્જનો માટે અભિલાષા કરવા માટે અયોગ્ય, 'ખબર નથી કોણ શું કરશે ?' એવી શંકા કરીને 'માટે શક્તિ મુજબ બધાને મારવા જ સારા' એ પ્રમાણે બીજાને મારવાના વિચારો અને કષાયોથી

વ્યાપ્ત એવું મન તે રૌદ્રધ્યાન છે. અહીં 'શબ્દ વગેરે વિષયોના કારણ રૂપ' એવું ધનનું વિશેષણ કહ્યું તે 'શ્રાવકને દેવદ્રવ્યના રક્ષણ માટે ધ્યાન રૌદ્રધ્યાન નથી' એવું જણાવવા માટે કહ્યું. (૨૨)

હવે વિશેષ કહેવાપૂર્વક ઉપસંહાર કરે છે -

આ પ્રમાણે હિંસા સંબંધી વગેરે ચાર પ્રકારની - પોતે કરવું બીજા પાસે કરાવવું, બીજાએ કરેલાની અનુમોદના કરવી એ ત્રણ વિષયવાળી વિચારણા તે રૌદ્રધ્યાન છે. હવે આ જ રૌદ્રધ્યાનને સ્વામીદ્વાર વડે બતાવે છે - આ રૌદ્રધ્યાન અવિરત અને દેશવિરત લોકોના મનથી વિચારાયેલું અને અધન્ય છે. અવિરત એટલે વિરતિ વિનાના સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવો. દેશવિરત એટલે શ્રાવકો. અવિરત અને દેશવિરતનું ગ્રહણ કર્યું હોવાથી સર્વવિરતનો વ્યવચ્છેદ થાય છે એટલે કે સર્વવિરતને રૌદ્રધ્યાન ન હોય. મનનું ગ્રહણ કર્યું છે તે ધ્યાનની વિચારણામાં મન એ મુખ્ય અંગ છે એવું બતાવવા માટે. અધન્ય એટલે અકલ્યાણકારી, એટલે પાપી, એટલે નિંદા કરવા યોગ્ય. (૨૩)

હવે આ રૌદ્રધ્યાન જેને હોય છે અને જેને વધારનારુ છે તે કહેવાની ઇચ્છાવાળા કહે છે-

રાગ-દ્વેષ-મોહથી અંકિત એવા જીવનું આ હમણા કહેલું ચાર પ્રકારનું રૌદ્રધ્યાન છે. તે સામાન્યથી સંસાર વધારનારું છે અને વિશેષથી નરકગતિનું મૂળકારણ છે. આ શ્લોકમાં કહેલ 'રૌદ્રધ્યાન છે' એવું ક્રિયાપદ એ જ પૂર્વે કહેલા ચારે શ્લોકોનું ક્રિયાપદ છે. (૨૪)

હવે રૌદ્રધ્યાન કરનારાની લેશ્યા બતાવાય છે -

રૌદ્રધ્યાન કરનારાને કર્મના ઉદયથી પેદા થયેલી, અતિસંક્લેશવાળી કાપોતલેશ્યા-નીલલેશ્યા-કૃષ્ણલેશ્યા હોય છે. (૨૫)'

ધર્મધ્યાન ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ આજ્ઞાવિચય, ૨ અપાયવિચય, ૩ વિપાકવિચય અને ૪ સંસ્થાનવિચય. **સ્થાનાંગસૂત્ર**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'ધર્મધ્યાન ચાર પ્રકારનું અને ચતુષ્પદાવતાર કહ્યું છે. તે આ પ્રમાણે - આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનવિચય. ધર્મધ્યાન સ્વરૂપથી ચાર પ્રકારનું છે. ચતુષ્પદાવતાર એટલે સ્વરૂપ, લક્ષણ, આલંબન અને અનુપ્રેક્ષા રૂપ ચાર પદો વડે જેની વિચારણા થાય તે. અથવા ચતુષ્પદાવતાર એ ચતુર્વિધ શબ્દનો પર્યાયવાચી શબ્દ સમજવો. ક્યાંક 'ચઉપ્પડોયારં' એવો પાઠ છે. ત્યાં 'જેનો ચાર પદોમાં પ્રત્યવતાર થાય તે ચતુષ્પદ-પ્રત્યવતાર' એવો અર્થ કરવો. જેનાથી અભિવિધિથી (સંપૂર્ણપણે) પદાર્થો જણાય તે આજ્ઞા

એટલે પ્રવચન. જેમાં આજ્ઞાનો નિર્ણય કે વિચાર થાય તે આજ્ઞાવિચય ધર્મધ્યાન. પ્રાકૃતભાષાના કારણે વિચયનું વિજય થાય છે. અથવા જેમાં બીજા પાસેથી અભ્યાસ વડે આજ્ઞાનો પરિચય કરાય તે આજ્ઞાવિજય ધર્મધ્યાન. એ પ્રમાણે બાકીના ત્રણ ધર્મધ્યાન પણ જાણવા. અપાય એટલે રાગ વગેરેથી પેદા થયેલ જીવોના આ ભવના અને પરભવના નુકસાનો. વિપાક એટલે કર્મોનું જ્ઞાન વગેરેને ઢાંકવાપણું વગેરેરૂપ ફળ. સંસ્થાન એટલે લોક, દ્વીપ, સમુદ્ર, જીવ વગેરેના આકાર. કહ્યું છે કે, 'આજ્ઞા એટલે આપ્તના વચનરૂપ પ્રવચન, વિચય એટલે તેના અર્થનો નિર્ણય કરવો તે. આશ્રવ, વિકથા, ગૌરવ, પરીષહ વગેરે વડે (થનારા નુકસાનની વિચારણા તે) અપાયવિચય. (૧) જેનાથી અશુભ અને શુભ કર્મોના ફળની વિચારણા થાય તે વિપાકવિચય. દ્રવ્ય અને ક્ષેત્રની આકૃતિને અનુસરવું તે સંસ્થાનવિચય. (૨)'

અથવા મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભેદથી ધર્મધ્યાન ચાર પ્રકારનું છે. **યોગશાસ્ત્ર**માં કહ્યું છે -

'હવે મૈત્રી આદિ ચાર ભાવનાનું સ્વરૂપ કહે છે -

**ગાથાર્થ** - મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્યભાવનાને આત્મામાં સ્થાપન કરવી, કેમકે ભાવનાઓ ધર્મધ્યાનને અખંડ રાખવાનું રસાયણ છે. (૪/૧૧૭)

**ટીકાર્થ** - ધર્મધ્યાન તૂટી જતું હોય તો તેને સાંધવા માટે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવના વચમાં જોડી દેવી, કારણકે, જરાથી જર્જરિત શરીરવાળાને રસાયન ઉપકાર કરનાર થાય, એમ મૈત્રી આદિ ભાવનાઓ ધ્યાન માટે રસાયણરૂપ છે.

'ञिमिदाच् स्नेहने' (मि)मेद्यति-स्निह्यति इति मित्रम्, मिद् ધાતુ 'સ્નેહ કરવો' એવા અર્થમાં છે. સ્નેહ કરે તે મિત્ર, તેનો ભાવ તે મૈત્રી, જગતના તમામ જીવ સંબંધી સ્નેહ-પરિણામ કરવા, તે મૈત્રી (૧), પોતાના કરતાં અધિક ગુણવાળાઓ ઉપર પ્રસન્નતા રાખવી, મુખનો ચહેરો પ્રફુલ્લ રાખવો, તેમના પ્રત્યે હૃદયમાં ભક્તિ - અનુરાગ પ્રગટાવવો, તે પ્રમોદ (૨), દીન, દુઃખી, અનાથ, અપંગ, અશરણ જીવો પ્રત્યે કરુણા કરવી, તે કારુણ્ય અથવા અનુકંપા (૩), રાગ-દ્વેષના મધ્યભાગમાં રહેલો તે મધ્યસ્થ અર્થાત્ રાગ-દ્વેષ વગરની વૃત્તિવાળો, તેનો ભાવ તે માધ્યસ્થ્ય કે ઉપેક્ષા (૪), તે ચારે ભાવનાઓને આત્મા વિષે જોડે, શા માટે ? ધર્મધ્યાન તૂટી જતું હોય તો બીજા ધ્યાન સાથે સંધાન કરવા માટે. જેમ વૃદ્ધાવસ્થાથી ખખડી ગયેલા નિર્બળ શરીરને રસાયણ-ઔષધ તાકાત આપે છે, તેમ મૈત્રી આદિ ચાર ભાવનાઓ તૂટતા ધર્મધ્યાનને ટેકો આપી ઉપકાર કરે છે. (૪/૧૧૭)

તે ચાર ભાવના પૈકી પ્રથમ મૈત્રીનું સ્વરૂપ કહે છે :-

**ગાથાર્થ** - ''જગતનો કોઈપણ જીવ પાપાચરણ ન કરો અને કોઈપણ આત્મા દુઃખી ન થાઓ, આ આખું ય વિશ્વ મુક્ત થાઓ - મોક્ષને મેળવો'' આવી બુદ્ધિને મૈત્રી કહે છે. (૪/૧૧૮)

**ટીકાર્થ** - ''જગતના કોઈ પણ પ્રાણી પાપો ન કરો, તેમ જ કોઈ પણ દુઃખી ન થાઓ, જગતના તમામ જીવો સંસારમાંથી છૂટી મુક્તિ સુખ પામો'' આવા પ્રકારની મતિ-ભાવના તે મૈત્રી કહેવાય.

ઉપકારી કે અપકારી કોઈપણ જીવ દુઃખના કારણભૂત પાપો ન કરો. પાપો કરવાનો નિષેધ કરવાથી કોઈ પણ દુઃખી ન થાઓ. દેવ, મનુષ્ય, તિર્યંચ, નારક એમ ચારે ગતિના પર્યાયોને પામનારા જગતના એકએક પ્રાણી સંસારદુઃખથી કાયમ માટે મુક્ત બની મોક્ષ સુખ પ્રાપ્ત કરો. કહેલા સ્વરૂપવાળી મતિ તે મૈત્રી કહેવાય છે. કોઈ એકનો મિત્ર હોય તે મિત્ર નથી. એમ તો હિંસક વાઘ આદિને પણ પોતાના બચ્ચાં ઉપર મૈત્રી હોય છે. માટે સમગ્ર પ્રાણી-વિષયક મૈત્રી જાણવી. એવી રીતે અપકારી પ્રાણીઓ પ્રત્યે પણ મિત્રતા રાખી, મન, વચન અને કાયા વડે જેમના ઉપર મેં અપકાર કર્યો હોય, તેમને સર્વને હું ખમાવું છું. આવી ભાવના તે મૈત્રી ભાવના. (૪/૧૧૮)

હવે પ્રમોદભાવનાનું સ્વરૂપ કહે છે -

**ગાથાર્થ** - સર્વદોષોને દૂર કરનારા તથા સઘળા પદાર્થોના સ્વરૂપને જોનારા ગુણવાન પુરુષોના ગુણોનો પક્ષપાત કરવો, તેને પ્રમોદ કહ્યો છે. (૪/૧૧૯)

**ટીકાર્થ** - પ્રાણીવધાદિક સર્વ દોષો દૂર કર્યાં હોય, પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણવાના સ્વભાવવાળા હોય. આમ બે વસ્તુ કહીને જ્ઞાન અને ક્રિયા બંને સંયુક્ત હોય, તો મોક્ષનું કારણ છે, એમ કહ્યું. ભાષ્યકાર ભગવંતે 'नाण-किरियाहि मोक्खो' = જ્ઞાન અને ક્રિયાથી બંનેથી મોક્ષ થાય છે એમ કહ્યું છે. આવા પ્રકારના ગુણવંત મુનિઓના ક્ષાયોપશમિકાદિ આત્મિક ગુણો તથા શમ, દમ - ઇન્દ્રિયોનું દમન, ઔચિત્ય, ગાંભીર્ય, ધૈર્યાદિ ગુણોમાં જે પક્ષપાત કરવો, તેઓ પ્રત્યે વિનય, વંદન, સ્તુતિ, ગુણાનુવાદ, વૈયાવચ્ચ આદિ કરવા વડે અને બીજાએ અને પોતે કે બંનેએ કરેલી પૂજાથી ઉત્પન્ન થયેલો, સર્વ ઇન્દ્રિયોથી પ્રગટ થતો મનનો ઉલ્લાસ, તે પ્રમોદ કહેલો છે. (૪/૧૧૯)

પ્રમોદભાવના કહી, હવે કારુણ્યભાવનાનું સ્વરૂપ કહે છે -

**ગાથાર્થ** - દીન-દુઃખી, ભયભીત અને જીવનની યાચના કરનાર જીવોના દુઃખોના પ્રતિકારમાં પરાયણ બુદ્ધિને કરુણા કહેવાય છે. (૪/૧૨૦)

**ટીકાર્થ** - દીન, દુઃખી, ભય પામેલા, જીવિતની યાચના કરનારાઓ ઉપર તેમનાં દુઃખ દૂર કરવાની બુદ્ધિ કારુણ્ય-ભાવના કહેવાય છે.

મતિ અજ્ઞાન - શ્રુતઅજ્ઞાન-વિભંગજ્ઞાનના બળથી ખોટાં હિંસક શાસ્ત્રોની રચના કરી પોતે તો સંસારમાં ડૂબે છે અને બીજા અનુયાયીઓને પણ ડૂબાડનારા થાય છે, તે બિચારા દયાનું સ્થાન હોવાથી દીન, તથા નવા નવા વિષયોનું ઉપાર્જન કરવું અને પૂર્વે ઉપાર્જન કરેલા વિષયોને ભોગવવાની તૃષ્ણારૂપી અગ્નિમાં બળી રહેલા દુઃખીઓ, હિત-પ્રાપ્તિ અને અહિતનો ત્યાગ કરવાને બદલે વિપરીત વર્તન કરનારા, ધન ઉપાર્જન કરવું-રક્ષણ કરવું-ભોગમાં ખરચવું કે નાશ થવું - આ બધામાં પીડાવાળા દુઃખીઓ, તથા વિવિધ દુઃખથી પીડાતા અનાથ, રંક, બાળક, વૃદ્ધ, સેવકો તથા સર્વથી ભય પામતા, વૈરિઓથી પરાભવ પામેલા, રોગોથી સબડતા, મૃત્યુના મુખમાં સૂતેલાની જેમ જીવિતની યાચના - પ્રાર્થના કરતા, પ્રાણોનું રક્ષણ માગતા, આવા પ્રકારના દીનાદિકને વિષે, ''જેઓ કુશાસ્ત્રો રચનારાઓ હોય, તે બિચારા ખોટા ધર્મની સ્થાપના કરી કેવી રીતે દુઃખથી છૂટશે ? ભગવાન મહાવીર સરખા પણ મરીચિના ભવમાં ઉન્માર્ગની દેશનાથી કોટાકોટી સાગરોપમ કાળ સુધી ભવમાં ભટક્યા, તો પછી પોતાના પાપની પ્રતિકારશક્તિ વગરના બીજાઓની કઈ વલે થશે ? વિષયો પેદા કરવા, ભોગવવા અને તેમાં જ તલ્લીન હૃદયવાળા, અનંતા ભવમાં અનુભવેલા વિષયોમાં હજુ પણ અતૃપ્ત મનવાળા ભવાભિનંદી આત્માઓને પ્રશમ-અમૃતથી તૃપ્ત બનાવી વીતરાગદશા કેવી રીતે પમાડવી ? વિવિધ ભયના કારણથી ભયભીત માનસવાળા બનેલા બાળ, વૃદ્ધાદિકને પણ એકાંતિક આત્યંતિક ભય-વિયોગના અધિકારી કેવી રીતે બનાવવા ? તથા મૃત્યુમુખમાં સૂતેલા, પોતાના ધન, સ્ત્રી, પુત્રાદિકના વિયોગને સન્મુખ દેખતા, મરણાંતિક વેદના અનુભવતા, પ્રાણીઓને સકલ ભયથી રહિત જિનેશ્વરનાં વચનામૃતનો છંટકાવ કરી કેવી રીતે જન્મ, જરા, મૃત્યુ વગરના નિર્ભય સ્થાનને પમાડું ?'' આ પ્રકારે દુઃખનો પ્રતિકાર કરનારી બુદ્ધિ કરવી, સાક્ષાત્ દુઃખનો પ્રતિકાર કરવો એમ નહિ, કારણ કે સર્વજીવોને વિષે દુઃખનો પ્રતિકાર કરવો અશક્ય છે. આવા પ્રકારની બુદ્ધિને કારુણ્ય-ભાવના કહેલી છે.

જે અશક્ય પ્રતિકાર વિષયવાળી બૌદ્ધોની કરુણા-'સર્વ જંતુઓને સંસારથી મુક્ત કરી પછી હું મોક્ષે જઈશ.' તે વાસ્તવિક કરુણા નથી, પણ માત્ર વાણીનો વિલાસ છે. 'સંસારીઓ મુક્ત થયે છતે મારે મોક્ષમાં જવું.' એવું થઈ શકતું નથી, કેમકે સંસારનો ઉચ્છેદ થવાનો પ્રસંગ આવવાથી સર્વ સંસારીઓની મુક્તિ થતી નથી. માટે આ તો માત્ર ભદ્રિક જીવોને છેતરનારું સૌગતોનું-બૌદ્ધોનું કારુણ્ય સમજવું. ઉપર પ્રમાણે જણાવેલી કરુણા કરતો હિતોપદેશ આપે, દેશ અને કાળની અપેક્ષાએ અન્ન, પાન, આશ્રય, વસ્ત્ર, દવા આપી

તેવાઓની ઉપર ઉપકાર કરે છે. (૪/૧૨૦)

હવે માધ્યસ્થ્યભાવનાનું સ્વરૂપ કહે છે -

**ગાથાર્થ** - નિઃશંકપણે ક્રૂર કાર્યો કરનારા, દેવ-ગુરુની નિંદા કરનારા અને આત્માની પ્રશંસા કરનારા જીવોની ઉપેક્ષા કરવી, તેને માધ્યસ્થ્ય કહ્યું છે. (૪/૧૨૧)

**ટીકાર્થ** - નિઃશંકપણે ક્રૂર કાર્યો કરનારા, દેવ અને ગુરુઓની નિંદા કરનારા, આત્મપ્રશંસા કરનારા એવા જીવો તરફ જે ઉપેક્ષા કરવી, તેને માધ્યસ્થ્યભાવના કહેલી છે.

અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરનારા, મદિરાદિનું પાન કરનારા, પરસ્ત્રી-સેવન આદિ ન સેવવા યોગ્યનું સેવન કરનારા, ઋષિહત્યા, બાળહત્યા, સ્ત્રીહત્યા, ગર્ભહત્યા આદિ ક્રૂરકાર્ય કરનારા અને વળી પાપનો ભય ન રાખનારા તેમના વિષે, તેવા પણ કેટલીક વખત પાપ કર્યા બદલ પશ્ચાત્તાપ સંવેગ પામનારા હોય તો તેઓ ઉપેક્ષા કરવા લાયક નથી, માટે કહે છે કે ચોત્રીશ અતિશયવાળા વીતરાગદેવો તથા તેમણે કહેલાં અનુષ્ઠાનોનું પાલન કરનારા અને ઉપદેશ કરનારા એવા ગુરુ મહારાજની રાગ, દ્વેષ, અજ્ઞાન અને પહેલાના ભરમાવેલાપણાથી નિંદા કરનારાઓને વિષે, તેવા પ્રકારના હોવા છતાં કોઈ પ્રકારે વૈરાગ્યદશા પામેલા હોય, આત્મદોષ દેખનારા હોય, તે ઉપેક્ષા કરવા લાયક નથી, માટે કહે છે કે, સદોષવાળા હોવા છતાં પોતાના આત્માની પ્રશંસા કરનારા - પોતાના આત્માને સારો માનનારા હોય તેવાઓને વિષે, મગશેલિયો પથ્થર પુષ્કરાવર્ત મેઘથી પલાળી શકાતો નથી, તેમ ક્રૂર કર્મ કરનારા, દેવતા અને ગુરુઓની નિંદા કરનારા, આત્મ-પ્રશંસકોને ઉપદેશ આપી માર્ગે લાવવા અશક્ય છે, તેથી તેવાઓ પ્રત્યે ઉપેક્ષા-માધ્યસ્થ્યભાવના રાખવી. (૪/૧૨૧)'

(સટીક યોગશાસ્ત્રના આ.શ્રીહેમસાગરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

અથવા પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ભેદથી ધર્મધ્યાન ચાર પ્રકારનું છે. **ધ્યાનદીપિકા**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ ને રૂપાતીત એમ બીજી રીતે પણ તે મુનિઓ, ચાર પ્રકારે ધ્યાવે છે, વિચારે છે. (૧૩૫)

**ભાવાર્થ** - **ધ્યાતા** એટલે **ધ્યાન** કરનાર. **ધ્યેય** એટલે ધ્યાન કરવા લાયક આલંબન. **ધ્યાન** એટલે ધ્યાતા અને ધ્યેયને સાથે જોડનાર ધ્યાતા તરફથી થતી સજાતીય પ્રવાહવાળી અખંડ ક્રિયા, એટલે જે આલંબનરૂપ ધ્યેય છે તેમાં અગર તે તરફ અંતરદૃષ્ટિ કરી, તે લક્ષ સિવાય મનમાં બીજું કાંઈ પણ ચિંતવન ન કરતાં એકરસ સતત તે વિચારની એક જાતની એક વૃત્તિનો અખંડ પ્રવાહ ચલાવ્યા કરે તે.

પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત, આ ચાર પ્રકારનાં ધ્યેય, એટલે ધ્યાન કરવા લાયક આલંબનો છે. પિંડમાં રહે તે પિંડસ્થ. પિંડ એટલે શરીર અને તેમાં રહેનાર આત્મા તેનું ધ્યાન કરવું તે **પિંડસ્થ** ધ્યાન છે. શરીરનાં અમુક અમુક ભાગોમાં જુદી જુદી માનસિક કલ્પના કરી મનને તે તે આકારે સ્વેચ્છાથી જાગૃતિપૂર્વક પરિણમાવવું અથવા આત્મ-ઉપયોગને તે તે પ્રકારે પરિણમાવવો તે પિંડસ્થ ધ્યાન છે. આંતરમન અને આત્મઉપયોગ એ કોઈ પણ રીતે જુદાં સંભવતાં નથી. દ્રવ્ય મન જેવા જેવા આકારો ધારણ કરે છે આત્મઉપયોગ તેવા તેવા આકારે પરિણમે છે. ખરી રીતે આત્મસ્વરૂપે (કોઈ પણ પ્રકારના વિકારી આકાર વિના) આત્મઉપયોગને સ્થિર કરવો, તે આત્મસ્વરૂપ છે. આવી સ્થિતિ અનાદિકાલના અભ્યાસને લીધે એકદમ ન થાય તે માટે આ બધી જુદી જુદી કલ્પનાઓ છે, તે તે કલ્પના પ્રમાણે સ્વેચ્છાનુસાર પરિણમાવવાની ટેવ પાડ્યા પછી મૂળ સ્થિર સ્વરૂપે સ્થિર રહેવાનું સુગમ પડે માટે આ કલ્પનાઓ કરવી પડે છે જેમ બાણાવળી કે ગોળીબાર કરનાર બાણ કે ગોળીથી લક્ષ ભેદ કરવાની ટેવ પાડવા માટે પ્રથમ ગમે તે સ્થૂળ વસ્તુ લક્ષ તરીકે રાખી તેને વીંધવાની ટેવ પાડે છે. આ પ્રથમની લક્ષ વીંધવાની ટેવ તે કાંઈ સાચો શત્રુ નથી, પણ અભ્યાસ છે. આ અભ્યાસમાં વિજય મેળવ્યા પછી જ તે બાણ કે ગોળીથી સાચા શત્રુને વીંધી કે ભેદી નાખે છે. આ જ પ્રમાણે આ મનોકલ્પિત ધ્યેય સંબંધે સમજવું. રૂપાતીત ધ્યાન છે તે આત્મધ્યાન છે. તેમાં પહોંચવા માટે પ્રથમ રૂપવાળાં-સ્થૂળ ધ્યાન કરવાં તે ઉપયોગી છે. સ્થૂલ સિદ્ધ કર્યા વગર સૂક્ષ્મ-નિરાકાર રૂપાતીત-આત્મસ્વરૂપનું ધ્યાન થઈ શકે જ નહિ. આટલી પ્રસ્તુત ઉપયોગી વાત જણાવી હવે મૂળ પ્રસંગ ઉપર આવીએ. પદસ્થ ધ્યાનમાં કેટલાએક પવિત્ર પદોનું ધ્યાન કરવાનું છે. પવિત્ર મંત્રો એટલે પરમાત્માના નામ સાથે સંબંધ ધરાવનાર મંત્રો. તેમનું ધ્યાન કરવું તે ધ્યાનને **પદસ્થ** કહેવામાં આવ્યું છે.

સ્થૂળ રૂપવાળાં અને સમોવસરણમાં રહેલા સાક્ષાત્ સજીવનમૂર્તિ તીર્થંકરોનાં શરીરો કે તેમની ધાતુ-પાષાણાદિની મૂર્તિઓ, તેઓને ધ્યેય તરીકે રાખી, મનની તેમાં એકાગ્રતા કરવી તે **રૂપસ્થ** ધ્યાન છે અને જેમાં કોઈ પણ પ્રકારનાં સ્થૂળ રૂપાદિ લક્ષણો નથી એવા આત્માના શુદ્ધ સ્વરૂપનું લક્ષ લઈ તેમાં મનોવૃત્તિના અખંડ પ્રવાહને ગાળી દઈ **આત્મસ્વરૂપ અનુભવવું તે રૂપાતીત ધ્યાન છે.** (૧૩૫)

હવે તે પિંડસ્થાદિ ધ્યાનનું સ્વરૂપ અનુક્રમે બતાવે છે.

### પિંડસ્થ ધ્યેયની પાંચ ધારણા

**ગાથાર્થ** - પાર્થિવી, આગ્નેયી, મારુતી, વારુણી અને તત્ત્વભૂ-પિંડસ્થ ધ્યેયની આ પાંચ ધારણા જાણવી. (૧૩૬)

**ભાવાર્થ** - આપણા લાંબા વખતના પરિચયવાળા પાંચ સ્થૂલ ભૂતોના સંબંધમાં (આ પિંડસ્થ ધ્યેયમાં) ધારણા કરીને પછી આત્મસ્વરૂપની ધારણા કરવાની છે. સ્થૂલ ભૂતો જે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશરૂપ છે, જેનો પરિચય આપણને લાંબા વખતનો છે, તેથી તેની સાથે આત્મામાં મનને સ્થિર કરવું. તેના જુદા જુદા આકારો પ્રમાણે મનની સાથે આત્મઉપયોગને પરિણમાવવાની ટેવ આપણી મરજી અનુસાર પાડવી તે વધારે અનુકૂલ પડશે એમ ધારી શાસ્ત્રકાર પિંડસ્થ ધ્યેય પાંચ ધારણાએ કરી બતાવે છે. પાર્થિવી એટલે પૃથ્વી સંબંધી વિકારવાળી ધારણા, આગ્નેયી એટલે અગ્નિ સંબંધી ધારણા, મારુતી એટલે વાયુ સંબંધી ધારણા, વારુણી એટલે પાણી સંબંધી ધારણા. આ ધારણાના પ્રસંગમાં આકાશની ધારણા આવી જશે. પહેલી પૃથ્વી સંબંધી ધારણા સાથે સમુદ્રના પાણી સંબંધી ધારણા કરવામાં આવી છે અને છેલ્લી ધારણા તત્ત્વભૂ છે, એટલે તત્ત્વસ્વરૂપે-આત્મસ્વરૂપે-થઈ રહેવાની છે. આત્મા એ જ પરમાત્મા છે. આત્માથી પરમાત્મા જુદો નથી એ વિષયને જણાવવાવાળી આ ધારણા છે.

પિંડસ્થ-પિંડ-દેહ તેમાં રહેલ તે પિંડસ્થ. તેનું ધ્યાન તે પિંડસ્થ ધ્યાન. પિંડમાં પાંચ ભૂત છે, તથા આત્મા છે. તેથી પ્રથમ પાંચ ભૂતની સ્થૂળ ધારણા બતાવી છે અને તેમાં મન સ્થિર થતાં જે સાધ્ય પિંડમાં રહેલ આત્મા છે તે પિંડસ્થનું ધ્યાન બતાવેલ છે. પિંડસ્થ ધારણાનો ખરો અર્થ આ જ છે કે પિંડ એટલે શરીર અને તેમાં રહેલ આત્મા તે જ પરમાત્મા છે. તેનું ધ્યાન કરવું તે પિંડસ્થ ધ્યાન છે. આ વાત પાંચમી ધારણા વખતે પ્રગટ કહેવામાં આવશે. (૧૩૬)

**પૃથ્વી સંબંધી ધારણા -**

**ગાથાર્થ** - તિર્ચ્છાલોકના જેવડો એક ક્ષીરસમુદ્ર ચિંતવવો. તેમાં જંબૂદ્વીપ જેટલા પ્રમાણનું, સોના સરખી હજાર પાંખડીવાળું એક કમળ ચિંતવવું. તે કમળનાં કેસરોની પંક્તિની અંદર ચળકતી પીળી કાંતિવાળી મેરુ પર્વતના જેવડી કર્ણિકા ચિંતવવી. તેની ઉપર ધોળા સિંહાસન ઉપર બેઠેલા, કર્મને મૂળથી ઉખેડી નાખવાને તત્પર થયેલા પોતાના આત્માને ચિંતવવો. આ પાર્થિવી ધારણા છે. (૧૩૭, ૧૩૮, ૧૩૯)

**ભાવાર્થ** - શાંત પ્રદેશમાં પદ્માસનાદિ સ્થિર આસને બેસી, મનને વિક્ષેપરહિત કરી, ઈષ્ટ દેવ-ગુરુનું સ્મરણ કર્યા પછી, મનમાં કલ્પના કરવી કે એક રાજલોક જેવડો મહાન વિસ્તારવાળો એક સમુદ્ર છે. તે સમુદ્રના આકારે મનને પરિણમાવવું, અર્થાત્ તે સ્થળે સમુદ્ર દેખવા પ્રયત્ન કરવો અને તે સમુદ્ર દેખાવો જોઈએ. જેમ આપણે કોઈ નિયમિત ગામ કે સ્થળ પહેલાં ઘણી વાર જોયું હોય અને પછી તેને યાદ કરતા હોઈએ તે વખતે તે સ્થળનો

ભાગ તે સ્થળની ઝાંખી નજર આગળ તરી આવે છે અને મન વધારે લીન થાય તો સાક્ષાત્ નજરો નજર જોતા હોઈએ તેવો ભાગ દેખવામાં આવે છે, તેવી રીતે આ સમુદ્રને જોવો. આ વિચાર વખતે આંખો મીંચેલી રાખવી. પછી તે સમુદ્ર દૂધથી ભરેલો છે, સમુદ્રનું પાણી દૂધ જેવું છે, એમ ચિંતવવું. દૂધ જેવું પાણી દેખાયા પછી, તેમાં હજાર પાંખડીઓવાળું એક મોટું જંબૂદ્વીપ જેવડું (લાખ યોજનના વિસ્તારવાળું) કમળ તે સમુદ્રની વચમાં છે એમ વિચારવું. આ કમળનાં પત્રો સોનાના જેવાં છે એમ ચિંતવવાં. તે કમળના વચલા ભાગમાં સુંદર ચળકતા પીળા વર્ણની કેસરો-કર્ણિકા ચિંતવવાં. આ કેસરો કમળના પ્રમાણમાં મોટાં ચિંતવવાં, એટલે લાખ યોજનની લંબાઈવાળા મેરુ પર્વતને તે કમળના કેસરોને સ્થળે ચિંતવવો. આ વિસ્તારવાળા મેરુ પર્વતના ભાગ ઉપર કલ્પવૃક્ષોની સુંદર ઘટાઓ પંક્તિબંધ આવી રહેલી છે. તેના વચલા ભાગમાં એક સુંદર શિલા આવી રહેલી છે. તેના ઉપર સ્ફટિક રત્નનું ધોળું સિંહાસન છે એમ ચિંતવવું. તે સિંહાસન ઉપર હું પોતે બેઠો છું અને કર્મોને મૂળથી ઉખેડી ફેંકી દઉં છું, આવી કલ્પના કરવી-મન એવે આકારે પરિણમાવી દેવું. આ વખતે આ ચિંતનમાં આત્મઉપયોગ એકરસ થઈ જવો જોઈએ. અર્થાત્ આપણે જે આ કલ્પના કરી છે તે સાક્ષાત્ અનુભવતા હોઈએ તેમ અનુભવ થવો જોઈએ.

એ વાતની આપણને ખબર છે કે કલ્પનાથી કર્મબંધ થાય છે. અનેક વાર જીવો માનસિક કલ્પનાઓ એવી કરે છે કે તે નિરુપયોગી કર્મબંધ કરાવનારી અને હલકા પ્રકારની હોય છે. તો જેમ નઠારી કલ્પનાથી કર્મબંધ થાય છે તેમ સારી કલ્પનાથી આપણને સારું ફળ પણ થવું જ જોઈએ. ન્યાય બંને ઠેકાણે સરખો છે. વળી આ કલ્પનાઓમાં ઉપયોગ તદાકારપણે પરિણમે છે, એટલે આ કલ્પના પણ સાચું રૂપ પકડે છે. અર્થાત્ કલ્પનાના પ્રમાણમાં શુભાશુભ ફળની પ્રાપ્તિ થાય છે. આ કલ્પનામાં નિર્મળ આત્મઉપયોગી ધારણા હોવાથી નિર્જરા પણ થાય છે. કેવળ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવાની જ ધારણા હોવાથી આ કલ્પનાનું ફલ કર્મનિર્જરાના રૂપમાં આવે છે.

હું મારા કર્મોનો સર્વથા નાશ કરું છું. આ કલ્પનાની સાથે ને કલ્પનારૂપે એકરસ થવાનું હોવાથી તે ચાલુ પ્રવાહને બીજા વિકલ્પોથી ખંડિત થવા ન દેતાં તેની અખંડ ધારણા રાખવી. તેમ કરવાથી આત્મબળમાં વધારો થાય છે, મન નિર્મળ થાય છે, ધારણા દૃઢ થાય છે અને વાસનારૂપ કર્મનો નાશ થાય છે. આ પાર્થિવી ધારણા છે. આ ધારણા પછી આગળ વધવું. (૧૩૭, ૧૩૮, ૧૩૯)

**અગ્નિસંબંધી ધારણા -**

**ગાથાર્થ** - પાર્થિવી ધારણાનો નિશ્ચલ અભ્યાસ થયા પછી ધ્યાન કરનારાએ એક સુંદર

કમલ ઊંચા સોળ પત્રોવાળું નાભિમંડળમાં ચિંતવવું. દરેક પત્ર ઉપર બેઠેલી સ્વરની માલાથી શોભતી કર્ણિકામાં સ્ફુરાયમાન થતા મહમંત્ર અર્હંનું ચિંતન કરવું. આ મહામંત્ર રેફથી રૂંધાયેલો, કલા અને બિંદુના ચિહ્નવાળો, આકાશ અક્ષર (આકાશ બીજ) હ કારને ચળકતા બિંદુના તેજની કોટિ કાંતિ વડે દિશાના મુખને વ્યાપ્ત કરતો ચિંતવવો. તે રેફમાંથી ધીમે ધીમે નીકળતી ધુમાડાની શિખાનું ચિંતન કરવું. પછી તેમાં અગ્નિના તણખાની સંતતિ નીકળતી અને પછી જ્વાલાની પંક્તિ નીકળતી ચિંતવવી. નિરંતર વૃદ્ધિ પામતા તે જ્વાલાના સમૂહ વડે ધીર પુરુષે હૃદયમાં રહેલા કમળને તત્કાળ બાળી નાખવું. તે આઠ પત્રોવાળા અધોમુખ કમલને મહામંત્રના ધ્યાનથી ઉત્પન્ન થયેલો અગ્નિ બાળી જ નાખે છે એમ કલ્પવું. ત્યાર પછી દેહની બહાર ત્રિકોણ અગ્નિમંડલનું ચિંતવન કરવું. તે ત્રિકોણ અગ્નિમંડલ અગ્નિબીજ તથા ચકચકતા સ્વસ્તિક સહિત છે એમ ધ્યાવું. પછી દેહને, કમળને તથા મંત્રમાંથી નીકળતા અગ્નિની જ્વાળાવાળા અંતરના અગ્નિને અને બહારના અગ્નિમંડલ તે સર્વને તત્કાળ રાખરૂપ કરી નાખીને શાન્ત થઈ રહેવું તે આગ્નેયી ધારણા છે. (૧૪૦-૧૪૭)

**ભાવાર્થ** - પાર્થિવી ધારણાનો અભ્યાસ કેટલાક દિવસ કરતાં તે અભ્યાસ દૃઢ થયા પછી આગળ અભ્યાસ ચલાવવો. દૃઢ ધારણા એટલે જ્યારે જે ઠેકાણે તે ધારણાનું ચિંતવન કરીએ ત્યારે તે સ્થળે તરત જ વિલંબ વિના તે દેખાવ ખડો થાય એટલે દૃઢ અભ્યાસ થયો કહેવાય. ત્યારપછી નાભિની અંદર એક સુંદર સોળ પાંખડીનું કમળ ચિંતવવું. તેના પાંદડાઓ ખુલ્લાં, ઊંચાં, ઊભા હોય, અર્થાત્ નાભિના નીચલા ભાગ તરફ તેની ડાંડલીવાળો (ડીંટિયાવાળો) છેડાનો ભાગ હોય અને મુખનો ભાગ હૃદય તરફ ખુલ્લો હોય તેવું ચિંતવવું. તે દરેક પત્ર ઉપર એક સ્વર બેઠેલો હોય તેમ ચિંતવવું. તે સ્વર અનુક્રમે (अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ, अं, अः) આ પ્રમાણે છે. તે સ્વરોને કમળના પત્ર પ્રમાણે ગોળાકારમાં ગોઠવી દેવા. તે કમળની વચલી કર્ણિકા કેસરના ભાગમાં દેદીપ્યમાન મહામંત્ર અર્હં ને સ્થાપન કરવો, આ મંત્રમાં આકાશબીજ 'હ' કાર છે તેના ઉપર રેફ, બિંદુ અને કળા મૂકતાં 'હ્રીં' થાય છે છતાં મૂળ મંત્ર અર્હં છે, એટલે अ આગળ વધારતાં अर्हं થાય છે. આ મૂલ-મંત્ર એટલો બધો તેજસ્વી ચિંતવવો કે તેની સુંદર ચળકતી પ્રભાથી દિશાનાં મુખો પણ વ્યાપ્ત થયાં હોય, પ્રકાશમાન થતાં હોય, એવો ચિંતવવો, અને ધ્યાન ધરવું એટલે તે તરફ થોડો વખત મનને આંતર ઉપયોગ સાથે સ્થિર કરીને જોયા કરવું.

આ પ્રમાણે તે મૂળ-મંત્ર अर्हं નું ધ્યાન કર્યા પછી તેના રેફમાંથી ધીમે ધીમે ધુમાડાની એક શિખા-ધારા નીકળતી હોય તેમ ચિંતવવું. તે ધુમાડાની શિખા દેખવામાં આવે ત્યાર પછી તે મૂળ-મંત્રના રેફમાંથી અગ્નિના તણખાઓ ઊઠતા નીકળતા ચિંતવવા. આ અગ્નિના તણખા નીકળતા થાય એટલે ધુમાડાની શિખા ઓછી થતી હોય તેમ ધારવું.

તણખા નીકળ્યા પછી તે મૂળ-મંત્રના રેફમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળતી ચિંતવવી.

આ વખથે હૃદયમાં એક આઠ પાંખડીનું કમળ ચિંતવવું. આ કમળ સોળ પાંખડીવાળા નાભિના કમળની ઉપર ઊંધું અર્થાત્ નીચું મુખ રાખી તે સોળ પાંખડીવાળા કમળ ઉપર લટકતું હોય તેમ પણ કેટલાએક આંતરે (છેટે) રહેલું ચિંતવવું. આ આઠ પાંખડીવાળા કમળના દરેક પાંદડાં ઉપર એક એક કર્મ (૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય એ પ્રમાણે) ગોઠવી દેવાં, ત્યાર પછી નાભિકમળની કર્ણિકામાં રહેલા મૂળમંત્ર અર્હં ના રેફમાંથી જે જ્વાળાઓ નીકળતી હતી, તે જ્વાળાઓ વધારે વૃદ્ધિ પામીને આઠ પાંખડીવાળા ઊંધા મુખવાળા કમળ ઉપર પડી અને તે કમળમાં રહેલાં આઠે કર્મને તે બાળી નાંખે છે. આ મહામંત્રમાંથી નીકળતી અગ્નિજ્વાળા અવશ્ય તે કમળ સાથે કર્મોને બાળી જ નાંખે છે એમ મજબૂતાઈથી ચિંતવવું અને તદાકાર થઈ જવું.

ત્યાર પછી શરીરની બહાર એક ત્રણ ખૂણાવાળો અગ્નિનો કુંડ છે, જેની અંદર ભડભડાટ કરતો અગ્નિ બળી રહેલો છે, ધુમાડા વિનાની અગ્નિની જ્વાળાઓ-ભડકાઓ થઈ રહેલા છે એમ ચિંતવવું. તે ત્રિકોણ અગ્નિકુંડના ઉપરના એક ભાગમાં એક તેજસ્વી સાથિયો છે, તથા બીજી તરફ અગ્નિબીજ (ह)કાર છે એમ ચિંતવવું. એવી દૃઢતાથી ચિંતન કરવું કે તે અગ્નિકુંડ, તેમાંથી નીકળતી જ્વાળાઓ, ભડકાઓ, સાથિયો (ह)કાર વગેરે દેખાઈ આવે.

ત્યાર પછી આ દેહ કે જેનાથી આત્મા અત્યંત જુદો છે, તે આત્મા આ દેહનો પણ જોનાર છે, દ્રષ્ટા છે, તેનો ખરો અનુભવ કરવા માટે અર્થાત્ તે ભિન્નતા વિચારદૃષ્ટિથી બરોબર અનુભવવા માટે તે અગ્નિકુંડની અંદર આ પોતાના દેહને નાખી દેવો. અને પોતે તો દૂર ઊભા રહીને શરીર બળ્યા કરે છે તેમ જોયા કરવું. તે શરીર બાળીને રાખ થઈ ગયું, આઠ અને સોળ પાંખડીનાં કમળો બળીને રાખ થઈ ગયાં, મંત્રમાંથી નીકળતી અગ્નિની જ્વાળાઓ હતી તેની રાખ થઈ ગઈ, અને છેવટે બહારના કુંડમાં જે અગ્નિ બળતો હતો તે પણ રાખરૂપ થઈને શાંત થઈ ગયો. આ પ્રમાણે સર્વ શાન્ત થઈ ગયું. એક રાખનો ઢગલો થઈ ગયો એમ ચિંતવી શાંતિ લેવી, કાંઈ વિચાર કર્યા વગર શાન્ત બેસી રહેવું. આ બીજી અગ્નિ સંબંધી ધારણા છે. (૧૪૦-૧૪૭)

**ધર્મધ્યાનની વાયુ સંબંધી ધારણા -**

**ગાથાર્થ** - ત્યાર પછી પરિપૂર્ણ ત્રણે ભુવનને ભરી દેતા, પહાડોને ચલાયમાન કરતા, સમુદ્રોને ક્ષોભ પમાડતા, વાયુને ચિંતવવો. તે વાયરા વડે રાખના ઢગલાને તત્કાલ હલાવીને

ઉડાડી દઈને દૃઢ અભ્યાસવાળા ધ્યાતાએ તે વાયુને શાન્તિમાં લાવવો એ મારુતી ધારણા છે. (૧૪૮-૧૪૯)

**ભાવાર્થ** - આ બીજી ધારણામાં સારી રીતે પ્રવેશ થયા પછી ત્રીજી વાયવી ધારણાનો અભ્યાસ કરવો. મન બાળક જેવું છે. જેમ કેળવીએ, જે ટેવ પડાવીએ તે પ્રમાણે કેળવાય છે - ટેવ પાડે છે. આપણા કહ્યા મુજબ મન કરે તે એક રીતે મન આપણને સ્વાધીન થાય છે એમ કહેવામાં જરા પણ અડચણ નથી. આપણી ઇચ્છા વિરુદ્ધ, જાગૃતિ વિના, ઓઘ સંજ્ઞાએ મન જે દોડધામ કરી મૂકે છે, એક વિચારમાં રોક્યા છતાં વચમાં બીજા વિચારો કરી મૂકીને જે મૂંઝવણો ઊભી કરી મૂકે છે, તેના કરતાં આપણે બતાવીએ તે વિચારો કરે - તે આકારો પકડે તે ઘણું જ ઉત્તમ છે. જો કે હજી તે મનની ખરી નિર્મળતા તો રૂપાતીત ધ્યાનમાં જ થાય છે, તથાપિ આપણા મનની ધારણા નીચલી અપેક્ષાએ ઘણી ઉત્તમ છે. હવે મનથી એવી કલ્પના કરો કે, વાયુ ઘણો પ્રચંડ વાવો શરૂ થાય છે. તત્કાળ તેવી કલ્પના સિદ્ધ ન થાય તો પહેલાં કોઈ વખત વધારે વાયરો ચાલુ થયેલો તમારા જોવામાં આવ્યો હોય તેવી કલ્પના કરો કે તેની સ્મૃતિ અહીં કરો અને ધીમે ધીમે તેમાં વધારો કરતા રહો. તે એટલે સુધી કે આખાં ત્રણ ભુવન પવનથી વ્યાપ્ત થઈ ગયાં છે અને તે એવા ઝપાટાથી વાયરો વાય છે કે મોટા મોટા પહાડો પણ ચલિત થઈ ગયા છે તથા સમુદ્રો ક્ષોભ પામીને મર્યાદા મૂકવા માંડ્યા છે, પાણીનાં મોટાં મોજાંઓ સમુદ્રમાં ઊછળી રહ્યા છે. આ વિચારોથી તેવો દેખાવ દેખાયા પછી પૂર્વે અગ્નેયી ધારણામાં જે શરીર તથા કર્મ આદિનો રાખનો ઢગલો થયેલો પડ્યો હતો તે આ વાયુના ઝપાટાથી આકાશમાં ઊડી ગયો છે તેમ ચિંતવવું. ત્યાર બાદ માનસિક કલ્પનાને બદલાવવી એટલે જે પ્રચંડ વાયુ વાઈ રહ્યો હતો તેને તદ્દન શાંત કરી દેવો, એટલે જરા પણ વાયુ વાતો નથી તેવી સ્થિતિ મનથી કલ્પવી. આ વાયવી ધારણા છે. (૧૪૮-૧૪૯)

**વારુણી ધારણા**

**ગાથાર્થ** - મેઘની માળા વડે ઘેરાયેલા અને અમૃતના પાણી વડે વર્ષતા આકાશનું ચિંતન કરવું. ત્યાર પછી અર્ધચંદ્ર સમાન સુંદર અને વરુણ બીજ (वं)ના ચિહ્નવાળું વરુણમંડળ ચિંતવવું. ત્યાર પછી તે વરુણપુર અમૃતના પાણી વડે આકાશતળને પલાળી દે છે એમ ચિંતવવું. અને શરીરની ઉત્પન્ન થયેલી તે રજને ધોઈ નાખે છે એમ વિચારવું તે વારુણી (પાણીની) ધારણા છે. (૧૫૦-૧૫૧)

**ભાવાર્થ** - વાયુની ધારણા સ્થિર થયા પછી પાણીની ધારણા કરવી. તે ધારણામાં પ્રથમ આકાશ ચિંતવવું. આ આકાશ વાદળાંઓની ઘટાથી ઘેરાયેલું છે અને તેમાંથી અમૃતના પાણીનો વરસાદ વરસી રહ્યો છે. એ ભાવના દૃઢ થયા પછી, વરુણપુર કે વરુણમંડલનું

ચિંતવન કરવું. આ વરુણપુર અર્ધ ચંદ્ર સમાન સુંદર ચળકતું છે અને તેની ઉપર વરુણ બીજ (વ)નું ચિહ્ન છે, એમ ચિંતવવું. ત્યાર પછી આ વરુણમંડલમાંથી અમૃતનો વરસાદ વરસતો ચિંતવવો અને તેથી આખું આકાશ પલળી જાય છે એમ ચિંતવવું. તે સાથે પ્રથમ શરીરની ભસ્મ જે આકાશમાં ઉડાડી નાંખી હતી તેથી મલિન થયેલું આકાશ આ અમૃતના પાણીથી સાફ ધોઈ નાંખવું અને તેથી નિર્મળ શુદ્ધ આકાશ થઈ જાય છે, એમ ચિંતવન કરવું તે વારુણી (પાણીની) ધારણા છે. (૧૫૦-૧૫૧)

**તત્ત્વ સ્વરૂપ ધારણા**

**ગાથાર્થ** - ત્યાર પછી સાત ધાતુ વિનાના, પૂર્ણચંદ્ર સમાન નિર્મળ કાંતિવાળા, સર્વજ્ઞ સરખા પોતાના આત્માને શુદ્ધ બુદ્ધિવાળા ધ્યાતાએ ચિંતવવો. ત્યાર પછી સિંહાસન પર બેઠેલા, સર્વ અતિશયથી દેદીપ્યમાન સર્વ કર્મનો નાશ કરનાર, માંગલિક મહિમાવાળા, નિરાકાર આત્માને પોતાના શરીરની અંદર ચિંતવવો તે તત્ત્વ સ્વરૂપ ધારણા છે. આ પ્રમાણે પિંડસ્થ ધ્યાનમાં સતત અભ્યાસવાળો યોગી મોક્ષસુખ પામે છે. (૧૫૨-૧૫૪)

**ભાવાર્થ** - વારુણી ધારણા સિદ્ધ થયા બાદ શુદ્ધ બુદ્ધિવાળા ધ્યાતા યોગીએ, સાત ધાતુ વિનાના સ્વરૂપવાળો એટલે લોહી, માંસ, હાડ, ચામ આદિ શરીરની અંદર રહેલી ધાતુ સિવાયના સ્વરૂપવાળા અને પૂર્ણ ચંદ્ર સમાન નિર્મળ કાંતિને ધારણ કરનારા પોતાના આત્માને સર્વજ્ઞના સરખો ચિંતવવો. એટલે જે સર્વજ્ઞ તે જ હું છું, મારામાં અને સર્વજ્ઞમાં જરા પણ તફાવત નથી. આ વિચાર મનની કલ્પનામાત્ર જ નહિ કે બોલવા માત્ર જ નહિ, પણ જાણે સાક્ષાત્ સર્વજ્ઞપણાનો અનુભવ કરતા હોઈએ તેમ, બીજું બધું ભાન ભૂલી જઈ, હું સર્વજ્ઞ જ છું, આ જ ભાન જાગ્રત રહે તેવી રીતે પોતાના આત્માને સર્વજ્ઞ સ્વરૂપ ચિંતવવો.

જેવી રીતે આ દેહનું અમુક નામ રાખવામાં આવ્યું છે, તે નામવાળો કે નામધારી હું જ છું, એમ તમે માનો છો અને સૂઈ ગયા હો તે વખતે તમારું નામ લઈ કોઈ બોલાવે તો ઊંઘમાંથી ઊઠતાંવેંત જ તે નામધારી તમે જ, 'હેં, શું કહો છો ?' તેવો જવાબ આપો છો અને બીજા જાગતા કે ઊંઘતા તે નામથી જવાબ આપતા નથી. આ જેવો અભ્યાસ થઈ ગયો છે, તમારું મન તે નામ પ્રમાણે પોતાને જ માને છે, આવી રીતે જો તમારું મન એમ માને કે, હું જ સર્વજ્ઞ છું, તેમાં આરોપ-બારોપ કાંઈ જ નહિ. જેમ તમારું નામ લઈ કોઈએ બોલાવતાં જ જરા પણ ખંચકાયા સિવાય તમે જવાબ આપો છો તેવી જ રીતે તમારું મન તમને પોતાને સર્વજ્ઞ માને તો પછી ત્યાં સર્વજ્ઞપણું પૂર્ણ રીતે પ્રગટ થાય છે અને વાત પણ ખરી છે કે તેવી સ્થિતિ કે નિર્મળતાની દશા પ્રગટ થઈ હોય તો જ મન કબૂલ કરે કે, 'હું સર્વજ્ઞ છું !' નહિતર મન એમ જ માનવાનું કે હું તો અમુક છું, આ તો ધ્યાન કરું છું, એટલે તેટલો વખત એમ

ચિંતવવાનું છે, બાકી સર્વજ્ઞ હું ક્યાંથી હોઈ શકું ? આ ભાવના મન કરવાનું જ. એટલે દરજ્જે તે ભાવના સિદ્ધ નથી થઈ એમ માનવું જ જોઈએ. આ ભાવના અનુક્રમે સિદ્ધ થતી ચાલે છે. અથવા લાંબા વખતના અભ્યાસે આ જાતનો સંસ્કાર પડી જાય છે. જેમ કોઈ ગૃહસ્થપણાનો ત્યાગ કરી ત્યાગી થયો, તે ત્યાગીપણાનો સંસ્કાર તેના મનમાં મજબૂત થતો ચાલે છે કે હું સાધુ છું, ત્યાગી છું. એ સંસ્કાર કાળે કરી એવો દૃઢ થઈ જાય છે કે તે ત્યાગીપણાનો અનુભવ મેળવે છે, બહારથી પણ મન તેમ માને છે કે હું ત્યાગી છું, અંદરખાનેથી પણ ત્યાગીપણાના ગુણો નિઃસ્પૃહતા, મમત્વરહિતપણું, વૈરાગ્યવૃત્તિ, પૂર્ણ ત્યાગ વગેરે અનુભવ કરતો જાય છે. આ પ્રમાણે અભ્યાસનું પણ પરિણામ છે.

ત્યાર પછી એક સુંદર સિંહાસન ત્યાં આવેલું છે, તેના ઉપર હું બેઠો છું, એમ ચિંતવવું. સર્વજ્ઞપણાના કે તીર્થંકર દેવના જે ચોત્રીસ અતિશયો છે તે સર્વ અતિશયો પોતાના તરફથી અને પર તરફથી પ્રગટ થઈ રહેલા છે, મેં સર્વ કર્મોનો નાશ કરી દીધો છે, મંગલકારી મહાન મહિમાવાળો હું છું, આમ પોતાના શરીરની અંદર ચિંતવવું. છેવટે આ દેહની અંદર હું નિરાકાર, શુદ્ધ સ્વરૂપ, નિર્લેપ, વિશુદ્ધ આત્મસ્વરૂપ હું જ રહેલો છું એમ ચિંતવવું અને તે પ્રવાહને-તેવી વૃત્તિને-લંબાવા દેવી અને ધીમે ધીમે તે વૃત્તિનું પણ ભાન ભૂલી જઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો. આ તત્ત્વ સ્વરૂપ ધારણા છે. એટલે આ દેહની અંદર રહેલ તત્ત્વ સ્વરૂપ હું જ છું અને તે જ પરમાત્મા છે, સર્વજ્ઞ છે, એ તત્ત્વ સ્વરૂપ ભાવના સિદ્ધ કરવાની છે. કહેવાનો ઉદ્દેશ પણ તે જ છે.

આ પિંડસ્થ ધ્યાનના લાંબા વખતના અભ્યાસે યોગી-ધ્યાન કરનાર મોક્ષસુખ પામે છે. એટલે આ કલ્પનાનો અભ્યાસ આ કલ્પનાની લાંબા વખતની ટેવ કલ્પિત નહિ પણ તાત્ત્વિક રીતે જે કલ્પના કરી છે, તે પોતાના શુદ્ધ સ્વરૂપને પહોંચાડે છે. આ પિંડસ્થ ધ્યાન છે. (૧૫૨-૧૫૪)

**પિંડસ્થ ધ્યાનનું અલૌકિક ફળ**

**ગાથાર્થ** - વિશ્રાંતિ લીધા વગર અર્થાત્ વચમાં આંતરો પાડ્યા વિના નિરંતર આ પિંડસ્થ ધ્યાનના અભ્યાસ કરનાર યોગીને મારણ, મોહન, ઉચ્ચાટન, સ્તંભન, વિદ્વેષણાદિ દુષ્ટ વિદ્યાઓ પરાભવ કરી શકતી નથી. દુષ્ટ મંત્રોની અસર તેના ઉપર થતી નથી. કુષ્ઠાદિ રોગ નડતા નથી. અથવા મંડલ એટલે યુદ્ધમાં તેનો પરાભવ થતો નથી. શસ્ત્રાદિ શક્તિઓની અસર પણ તેના ઉપર થતી નથી. શાકિનીઓ, હલકી યોગણીઓ, માંસાહારી પિશાચો તે આ યોગીના તેજને સહન નહિ કરી શકતાં તત્કાળ જ ત્રાસ પામી નાસી જાય છે. દુષ્ટ હાથીઓ, સિંહો, જંગલી પાડાઓ અને સર્પો પણ મારવાની ઇચ્છાવાળા છતાં પણ થંભી

ગયા હોય તેમ દૂર ઊભા રહે છે, અર્થાત્ તેની પાસે પણ આવી શકતા નથી. (૧૫૫-૧૫૭)

**પદસ્થ ધ્યાન**

**ગાથાર્થ** - પવિત્ર મંત્રપદોનું અથવા આગમનાં પદોનું જે બુદ્ધિમાનો વડે નિરંતર ધ્યાન કરાય છે તેને વિદ્વાનો પદસ્થ ધ્યાન કહે છે. પદસ્થ ધ્યાન કરનારે ૐ અર્હં ઇત્યાદિ મંત્રોનું માયાબીજ સહિત અક્ષરોની પંક્તિનું અને પરમેષ્ઠી ઇત્યાદિ પદના સમૂહનું સ્મરણ-ચિંતન કરવું. (૧૫૮-૧૫૯)

**ભાવાર્થ** - પદ એટલે અધિકાર - પદવી. તેમાં રહેલા તે પદસ્થ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ આ પાંચ પદવીઓ છે. તે પદવીધરોનું ધ્યાન કરવું તે પદસ્થ ધ્યાન છે. આ દેહ ધારણ કરનાર પદવીધરોમાં રૂપની મુખ્યતા હોવાથી તે પદવીધરોના ધ્યાન સંબંધી વાતનો રૂપસ્થ ધ્યાનમાં સમાવેશ કરવામાં આવે છે. માટે અહીં તે પદસ્થ મહાપુરુષોના નામનું સ્મરણ કરવું અથવા તે મહાપુરુષોના પવિત્ર નામસૂચક અક્ષરોનું-શબ્દોનું ધ્યાન કરવું, તે આ પદસ્થ ધ્યાનમાં કહેવામાં આવશે. સિદ્ધમાં રૂપ નથી પણ તેનું ધ્યાન રૂપાતીતમાં આવવાનું છે, એટલે અહીં પદસ્થનો અર્થ તેના પવિત્ર પદનું-શબ્દનું-અક્ષરનું ધ્યાન કરવું તે થાય છે.

મંત્ર અને પદ એનું ધ્યાન આ પ્રમાણે છે : ૐ અર્હં નમઃ આ બીજ મંત્ર છે. તેનો હૃદયકમળમાં અખંડ જાપ શરૂ કરવો. તે જપ શાંતિવાળા સ્થળે બેસી, આંખો મીંચી, હૃદયમાં દૃષ્ટિ રાખી તે જાપના અક્ષરોનો ભાસ થતો રહે, સાથે તેના અર્થનું ભાન થતું રહે તેવી રીતે કરવો.

અથવા સ્ફટિક રત્ન જેવા ધોળા વર્ણના ૐકારનો એકલો જાપ કુંભક કરીને કરવો. પવનને હૃદયમાં રોકી તે સ્થળે જેટલો વખત કુંભક ટકી શકે-એટલે પવન રોકી શકાય તેટલા વખતમાં હૃદયમાં ત્યાં જાપ કરવો. અથવા ધોળા વર્ણનો ૐકાર ત્યાં કલ્પીને તેનું ધ્યાન કરવું. ધ્યાન કરવું એટલે તે ૐકારને સ્થિરતાપૂર્વક જોયા કરવો અથવા જાપ કરવો. મન અકળાય એટલે પવનને મૂકી દઈ પાછો રોકી કુંભક કરી ધ્યાન કે જાપ કરવો. પાછો મૂકી દઈ ફરી પવનને રોકી જાપ કે ધ્યાન કરવું. આ પ્રમાણે જેટલી સ્થિરતા હોય તેટલા પ્રમાણમાં શરૂઆતમાં આવી રીતે જાપ કરવો અગર ૐકારનું ધ્યાન કરવું. અથવા એકલા અર્હંમંત્રનો હૃદયમાં જાપ કરવો કે ધ્યાન કરવું. આ પણ કુંભક સાથે જ કરવો. મનની વિક્ષેપતા અથવા ચપળતા મટાડવા માટે આ જાપ વખતે કુંભક કર્યા પછી તે કુંભકમાં જ આ અર્હં મંત્રને જુદા જુદા શરીરાદિના ભાગોમાં ફેરવવો-ચિંતવવો. જેમ કે પ્રથમ કુંભક કરી અર્હં એ મંત્રને હૃદયમાં જોવો. પછી તરત જ તે સ્થાન બદલી ભ્રૂકુટિમાં જોવો. ત્યાંથી મુખમાં, તાલુમાં,

નેત્રમાં ક્રમે જોવો. ત્યાંથી મનની કલ્પના વડે શરીરની બહાર કાઢી જ્યોતિષચક્રમાં લઈ જવો. ત્યાંથી ચારે દિશાઓમાં, આકાશના મધ્યમાં અને છેવટે મોક્ષસ્થાનમાં લઈ જવો. આ પ્રમાણે ફેરવ્યા પછી કુંભક મૂકી દેવો. પાછો કુંભક કરી તે પ્રમાણે જ ધ્યાન કરવું. આવી રીતે વારંવાર કરવાથી મન પવિત્ર અને શાંત થવા સાથે એકાગ્ર થાય છે. અથવા ચંદ્રની કળાનું ધ્યાન કરવું એટલે આઠમના ચંદ્ર જેવી સ્વચ્છ અને પ્રકાશિત આકૃતિ કલ્પી તેનું ધ્યાન કરવું. આ ચંદ્રની કળાને હૃદયમાં કે ભ્રૂકુટિમાં જોયા કરવી. તેમાં જ લક્ષ રાખી આ ચંદ્રકળાની માફક નિર્મળ અને પ્રકાશ સ્વરૂપ, પરમ શાંતિમય શુદ્ધ સ્વરૂપ હું આત્મા છું આ વિચાર કર્યા કરવો. આ સિવાય બીજું કાંઈ પણ ચિંતન ન કરવું તે તેનું ધ્યાન છે. આ સ્થળે કુંભકની જરૂર નથી. જેમ લાંબા વખત સુધી ધ્યાન થાય, સ્થિરતાપૂર્વક બીજા વિકલ્પો સિવાય રહી શકાય ત્યાં સુધી તે ચંદ્રકળામાં સ્થિર થવું, ત્યારપછી તે ચંદ્રકળાને ધીમે ધીમે પાતળી ચિંતવતા જવું. છેવટે વાળના જેવી ચંદ્રકળા રહે ત્યાં સુધી ધ્યાન કરવું. આ ધ્યાનથી એકાગ્રતા સાથે મન નિશ્ચળ અને નિર્મળ થાય છે. આથી વિવિધ પ્રકારની સિદ્ધિઓ પણ થાય છતાં સાધકે તેમાં ન લોભાતાં પોતાનો અભ્યાસ આગળ ચાલુ રાખવો, નહિતર પતિત થવાનો પ્રસંગ આવે છે. સિદ્ધિ તે કાંઈ કર્તવ્ય કે છેવટનું પ્રાપ્તવ્ય નથી. ત્યાર પછી તે લક્ષ મૂકી દઈ નિરાકારનું લક્ષ રાખી નિરાકારનું ધ્યાન કરવું કે જે નિરાકાર, નિર્વિચાર લક્ષ વિનાની અથવા આત્માના શુદ્ધ સ્વરૂપના લક્ષવાળી સ્થિતિ છે તેનું ધ્યાન કરવું. તે સ્થિતિમાં કર્મોનો ક્ષય થઈ આત્મસ્થિતિ પ્રાપ્ત થાય છે.

અથવા ૐ નમો અરિહંતાણં આ આઠ અક્ષરના પદનું ધ્યાન કરવું. આ ધ્યાન એવી રીતે કરવું કે ૐ ને પૂર્વ દિશામાં મૂકવો. ત્યાર પછી અનુક્રમે બીજા અક્ષરો દિશા-વિદિશામાં મૂકી ગોળ કુંડાળાના આકારમાં ગોઠવી તે અક્ષરો પર લક્ષ રાખી જોયા કરવું, એટલે તે અક્ષરોનું ધ્યાન કરવું.

આ પ્રમાણે ધ્યાન કરવું. અથવા પૂર્વ દિશામાં રહેલા ૐ ઉપર દૃષ્ટિ આપી મનમાં ૐ બોલવો. પછી ન ઉપર પછી મો ઉપર એમ અનુક્રમે આઠે અક્ષરો ઉપર દૃષ્ટિ આપી ૐ નમો અરિહંતાણં એ જાપ પૂરો કરવો. આ એક જાપ થયો. આવી રીતે દરેક અક્ષર ઉપર દૃષ્ટિ રાખી હૃદયકમળમાં તે મંત્રનો અગિયારસો વાર જાપ કરવો. આવો જાપ આઠ દિવસ કરતાં તેના અક્ષરો ચંદ્ર જેવા નિર્મળ જોવામાં આવશે. તે જોવાથી ધ્યાન કરનારમાં એવું બળ આવે છે કે ભૂત, પ્રેત, સર્પ, વાઘ, સિંહાદિ જીવો તેને કોઈ વિઘ્ન કરી શકતા નથી, આત્મબળ વૃદ્ધિ પામે છે, સર્વ સ્થળે શાંતિ ફેલાય છે. છતાં તે ધ્યાન કરી તેટલાથી ન અટકતાં આગળ અભ્યાસ ચાલુ રાખી તે અરિહંત તે હું છું આ અર્થના ભાનપૂર્વક જાપ કરવો. જાપ કરતાં આ જાપ, તેનો અર્થ અને અરિહંત તે હું છું ઇત્યાદિનું પણ ભાન ભૂલી જઈને છેવટના નિર્વિકલ્પ ધ્યાન સુધી પહોંચવું અને વચમાં આ લોકનાં વિવિધ પ્રકારનાં સુખમાં લોભાવે તેવા

ચમત્કારોમાં ફસાઈ ન જતાં તે ધ્યાન કાયમ લાંબા વખત સુધી લંબાવતાં રહેવું.

અથવા હૃદયમાં આઠ પાંખડીનું કમળ તેની દરેક પાંખડીમાં એક નવપદજીનું પદ મૂકવું. એટલે વચમાં-કર્ણિકામાં અરિહંત પછી તેના માથા ઉપર સિદ્ધ, પડખે આચાર્ય, નીચે ઉપાધ્યાયજી, પડખે સાધુ અને વિદિશાઓમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આ પદોને મૂકી તેનો જાપ કરવો, અથવા તે એક એક પદોમાં લક્ષ રાખી ધ્યાન કરવું. તે સિદ્ધચક્રપદનું મંડળ સિદ્ધચક્રજીના ગટા ઉપરથી ધારી લેવું. એ પ્રમાણે હૃદયમાં સિદ્ધચક્ર ચિંતવી જાપ કે ધ્યાન કરવું આ અપરાજિત નામનો મહામંત્ર છે. બને તેટલો વધારે વખત આમાં રોકવો. જે પદનું ધ્યાન કરતા હોઈએ તે પદમાં આત્મઉપયોગ તદાકારે પરિણમતાં જેટલા વખત સુધી તેમાં ઉપયોગની સ્થિરતા રહે છે તેટલા વખત સુધી આપણે તે પદને ધારણ કરનાર મહાન પુરુષની સ્થિતિનો અનુભવ કરીએ છીએ. આ ધ્યાનને વધારે મજબૂત કરવા માટે જ્યારે જ્યારે જે જે પદના ધ્યાનમાં આપણું લક્ષ પરોવાયું હોય તે તે વખતે તે પદવાચક હું છું તેવી ભાવના મનથી દૃઢ કરતા રહેવું. સાધુપદમાં મન તદાકારે પરિણમ્યું એટલે સાધુ તે હું છું. સિદ્ધપદમાં મન પરિણમે ત્યારે તે સિદ્ધ તે હું છું અને જ્ઞાનપદમાં મન પરિણમે ત્યારે જ્ઞાનપદ તે હું છું આ ધ્યાન સાથે રાખતા જવું. ઉપયોગ તદાકારે પરિણમે છે ત્યારે **"આ હું દેહધારી મનુષ્ય, શ્રાવક, સાધુ, વગેરે છું."** તે ભાન ભુલાઈ તો જાય છે અને સામા ધ્યેય (ધ્યાન કરવા લાયક જે છે તેના) આકારે પરિણમાય છે, છતાં તે સંસ્કારને વધારે દૃઢ કરવા અને ચાલુ લક્ષ, વિચારાંતરોથી ભૂલી ન જવાય તે માટે 'તે હું છું' એવા વિચારો ચાલુ રાખવા. આ પ્રમાણે નવપદજીનું કે ગમે તે પદનું ધ્યાન કરાતું હોય તે સર્વ સ્થળે આ લક્ષ ધ્યાનમાં રાખી પ્રવૃત્તિ કરવી અને છેવટે તે પદમાં મનને વિરમાવી દેવું.

અથવા માતૃકાપદ એટલે મૂળ અક્ષરોનું ધ્યાન જેને અક્ષરબ્રહ્મ કહેવામાં આવે છે, તેનું ધ્યાન કરવું. તે આ પ્રમાણે છે -

નાભિમાં સોળ પાંખડીવાળા કમળની ભાવના કરવી અને દરેક પાંખડી ઉપર એક એક સ્વર મૂકવો. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ

આ અક્ષરો તે પાંખડીઓમાં ફરતા હોય એમ ચિંતવવા એટલે એક અ આવ્યો, એક પાંખડી ઉપર દેખાવ દીધો અને બીજી પાંખડી તરફ ચાલ્યો ગયો, તે પાંખડી ઉપર આ આવી ઊભો રહ્યો, તે દેખાયો કે તરત ચાલતો થયો અને તેને સ્થળે ઇ આવી ઊભો રહ્યો. આવી રીતે વારંવાર તે કમળો ઉપર સ્વરોનું પરાવર્તન થતું જાય છે. તેમાં મન પરોવી દેવું અને એકાગ્ર કરવું.

ત્યાર પછી હૃદયમાં ચોવીસ પાંખડીનું કમળ ચિંતવવું અને અનુક્રમે તેમાં એક એક વ્યંજન ગોઠવવો તથા કર્ણિકામાં પચીસમો વ્યંજન ગોઠવવો અને તેમાં પણ એક એક વ્યંજન

ઉપર લક્ષ રાખી તે વ્યંજનનો ઝાંખો પણ દેખાવ થાય કે બીજી પાંખડીના બીજા વ્યંજન તરફ લક્ષ આપવું, ત્યાં તે વ્યંજનનો દેખાવ થાય કે ત્રીજી પાંખડીના ત્રીજા વ્યંજન તરફ ધ્યાન આપવું. આ પ્રમાણે પચીસે વ્યંજનનું ધ્યાન કરવું.

ત્યાર પછી મુખ ઉપર આઠ પાંખડીનું કમળ ચિંતવવું અને તેમાં બાકી રહેલ આઠ વ્યંજન ગોઠવવા અને તે સોળ પાંખડીવાળા કમળની માફક એક એક પાંખડી ઉપર ફર્યા કરે છે તેમ ચિંતવી જોયા કરવું.

આ પ્રમાણે અક્ષરોનું ધ્યાન કરવું તે માતૃકા ધ્યાન છે. આ ધ્યાનથી જ્ઞાનાવરણ ઓછું થાય છે. શ્રુતજ્ઞાનનો તે પારગામી થાય છે અને બીજું પણ ભૂત-ભવિષ્યાદિનું જ્ઞાન થાય છે.

આ સર્વ જુદા જુદા પ્રકારો બતાવ્યા છે તે સર્વ પદસ્થ ધ્યાનના ભેદો છે. આ સિવાય અનેક પ્રકારે આવી રીતે જુદાં જુદાં પદો કે મંત્રો લઈને આ ધ્યાન કરી શકાય છે. આમાંથી કોઈ પણ એક મંત્ર કે પદ લઈ તેનું લાંબા વખત સુધી ધ્યાન કરવું જોઈએ. આ સારું હશે કે તે સારું હશે ! આવા વિચારોથી થોડો વખત આ કર્યું તેમાં હજી પરિપક્વતા ન થઈ હોય તેટલામાં તેને પડતું મૂકી બીજું પદ કે મંત્ર લેવો. એમ વારંવાર બદલાવવાથી એકે પાકું કે સિદ્ધ થતું નથી. માટે કોઈ એક ગમે તે પદ કે મંત્ર લો પણ તેનો પાર પામો. કોઈ પણ પદ કે મંત્ર હો તથાપિ તમારું લક્ષ તે પ્રત્યે એટલા પૂરતું હોવું જોઈએ કે આ પદ કે મંત્રના જાપ કે ધ્યાનથી વિશુદ્ધિ મેળવવી છે, મનને એકાગ્ર અને નિશ્ચલ કરવું છે, તે વાત ધ્યાનમાં રાખી પછી અભ્યાસ શરૂ કરશો તો પછી ક્યા પદનું ધ્યાન કે જાપ કરવો તે સંબંધી જરા પણ જુદા વિચારો રહેશે નહિ. આ સર્વ પદ કે મંત્રમાં જે શક્તિ છે તે શક્તિ તમારા ખંત કે પ્રયત્ન ઉપર અથવા સચોટ લાગણી ઉપર આધાર રાખે છે. તે નહિ હોય તો કોઈ ગમે તેવું સારું પદ કે મંત્ર હશે છતાં પણ તમે તેનાથી ફાયદો મેળવી શકશો નહિ. આ તો આલંબનો છે. શક્તિ તો તમારામાં જ છે. આલંબનમાંથી તે પ્રગટ કરવાની નથી. તે તો તમારામાંથી જ પ્રગટ થશે. આલંબન તો નિમિત્તમાત્ર છે, માટે તમારામાં તેવી મહાન શક્તિની શ્રદ્ધા રાખી, આલંબનનો આધાર લઈ તેમાં એકાગ્રતા મેળવો કે પછી પાછળનો રસ્તો તમારા માટે ઘણો જ સહેલો છે.

આગમના પદોનું આલંબન લઈ તેનું ધ્યાન કરવું-જપ કરવો તે પણ પોતાના સ્વરૂપની થયેલી વિસ્મૃતિની જાગૃતિ લાવવી તે માટે જ છે.

અપ્પા સો પરમપ્પા । આત્મા જ પરમાત્મા છે. આ જીવ જ પરમાત્મા થઈ શકે છે. 'સોઽહં' હું તે જ સિદ્ધસ્વરૂપ પરમાત્મા છું. આ સર્વ આગમપદોનું વિચારપૂર્વક મનન કરવું. તેવા સ્વરૂપે પરિણમવા માટે અન્ય વિચારોને દૂર રાખી આ જ વિચારને મુખ્ય રાખવો.

નિરંતર તેનું જ શ્રવણ, તેનું જ મનન અને તેવા રૂપે જ પરિણમવું - આ પણ પદસ્થ ધ્યાન છે. જો કે રૂપાતીત ધ્યાન તરફ આ ધ્યાન પ્રયાણ કરતું જણાય છે, તથાપિ અહીં પદની-આગમના પદની મુખ્યતા રાખી તે ધ્યાન કરાતું હોવાથી પદસ્થ ધ્યાનમાં સમાવેશ પામે છે. (૧૫૮-૧૫૯)

**રૂપસ્થ ધ્યાન**

**ગાથાર્થ** - સર્વ અતિશયોથી યુક્ત, કેવળજ્ઞાનના સૂર્યસ્વરૂપ, રાગદ્વેષરૂપ મહાન મોહના વિકારો વડે નહિ કલંકિત થયેલા, શાંત, શોભનીય, મનહરણ કરનારા ઇત્યાદિ સર્વ લક્ષણોથી ઓળખાયેલા અરિહંતના રૂપનું આલંબન કરીને ધ્યાન કરવું તેને રૂપસ્થ ધ્યાન કહે છે. (૧૬૦-૧૬૧)

**ભાવાર્થ** - દેહધારી સાક્ષાત્ સ્વરૂપે વિચરતા અરિહંત ભગવાનના સ્વરૂપનું અવલંબન કરીને ધ્યાન કરવું તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે. અરિહંત = અરિ જે રાગદ્વેષાદિ શત્રુઓ તેઓને હંત = હણનાર-તેનો નાશ કરનાર તે અરિહંત છે. રાગદ્વેષનો સર્વથા નાશ કરનાર તે સર્વ સામાન્ય રીતે અરિહંત કહેવાય છે. છતાં 'સર્વ અતિશયોથી યુક્ત' એ વાક્યથી વિશેષ સ્વરૂપવાળા તીર્થંકરરૂપ અરિહંતનું અહીં લક્ષ કહ્યું છે એમ સમજવું. અતિશય વિનાના અરિહંતો પણ આત્મસ્વરૂપ થયેલા જ છે. તથાપિ તેનું સ્વરૂપ વિશેષ પ્રકારની બુદ્ધિવાળા જ ગ્રહણ કરી શકે તેમ છે. અહીં તો સામાન્ય રીતે સર્વ અધિકારી પરત્વે વાત ચાલતી હોવાથી, અતિશય ધારણ કરનાર, યોગબળ અને આત્મબળ બન્ને પ્રાપ્ત કરનાર, અતિશય બળ અને જ્ઞાનબળ બન્ને સત્તાને ધારણ કરનાર અને તેને લઈને બાળકથી માંડી સર્વ જીવોને ઉપકારી અને ઉપયોગી જાણી, વિશેષ ગુણધારક, અરિહંત તીર્થંકરના સ્વરૂપનું ધ્યાન કરવાનું અહીં કથન કરેલું છે.

યોગબળથી એકલા ચમત્કાર કે તેવા જ અતિશય ધારણ કરનારનું ધ્યાન નહિ પણ કેવળજ્ઞાન-પૂર્ણજ્ઞાનરૂપ સૂર્યવાળા, તેમ જ રાગદ્વેષાદિ મહામોહ વિકારોથી રહિત, ટુંકામાં કહીએ તો સર્વ લક્ષણોથી પૂર્ણ એવા જ્ઞાનીના સ્વરૂપનું ધ્યાન કરવું. ધ્યાન કરવું એટલે બહારથી તો તેમના દેહને સ્મરણમાં લાવી સાક્ષાત્ તેમનું દર્શન કરતા હોઈએ તેમ તેમના સન્મુખ દૃષ્ટિને જોડી દેવી, પણ આંતરદૃષ્ટિથી તો તેમના આત્મિક ગુણો પર લક્ષ ચોંટાડી મનને તેમાં સ્થિર કરી દેવું.

અથવા સમવસરણની રચનાનો ચિતાર ખડો કરી તેમાં ધર્મોપદેશ આપતા તીર્થંકર દેવનું ધ્યાન કરવું. આ ધ્યાનને રૂપસ્થ ધ્યાન કહે છે. (૧૬૦-૧૬૧)

આ પ્રમાણે સાક્ષાત્ તીર્થંકરના અભાવે તેમના સ્વરૂપની કલ્પના જે કરી ન શકે અને

તેને લઈને તે ધ્યાન ન કરી શકે તેને માટે તીર્થંકર દેવની પ્રતિમાજીનું ધ્યાન કરવા માટે કહે છે -

**ગાથાર્થ** - જિનેશ્વર ભગવાનની પ્રતિમાના રૂપનું પણ, નિર્મળ મનની ખુલ્લી દૃષ્ટિ વડે ધ્યાન કરતાં રૂપસ્થ ધ્યાનવાન થાય છે. (૧૬૨)

**ભાવાર્થ** - જિનેશ્વર ભગવાનની પ્રતિમાની સન્મુખ આંખો મીંચાવા દીધા સિવાયની ખુલ્લી દૃષ્ટિ વડે જોયા કરવું. તે એટલે સુધી કે પોતાનું ભાન ભુલાઈ જાય અને એકાકાર તન્મય થઈ જવાય ત્યાં સુધી જોયા કરવું. તે સાથે આંતરદૃષ્ટિ પ્રતિમાજી ઉપર નહિ પણ આ પ્રતિમાજી જે તીર્થંકરદેવની છે તેના આત્મા સાથે તન્મય પામતા જવું કારણ કે આપણે પ્રતિમાજી જેવા થવું નથી પણ જે દેવની પ્રતિમાજી છે તે તીર્થંકરદેવના આત્માના જેવા પવિત્ર પૂર્ણ સ્વરૂપવાળા થવાનું છે એટલે જે ચૈતન્ય સ્વરૂપ પરમાત્મા છે તેમના આત્મા સાથે આંતરદૃષ્ટિથી એકતા પામતા જવું પોતાનું (મનુષ્યપણાદિનું) તુચ્છ સ્વરૂપ ભૂલી જઈ પરમાત્માના પૂર્ણ સ્વરૂપમાં એકાકારતા પામવી, પરમાત્મસ્વરૂપ સાથે એકરસ થવું, અર્થાત્ પોતામાં રહેલા પરમાત્મસ્વરૂપમાં વિશ્રાંતિ પામવી-આ રૂપસ્થ ધ્યાન છે. પરમાત્માના સ્વરૂપ સાથે એકાગ્રતા મેળવવી એ ખરી રીતે પોતાના શુદ્ધ સ્વરૂપમાં પ્રવેશ કરવો કે આત્મસ્વરૂપ પ્રગટ કરવું અથવા સર્વ કર્મનો નાશ સાધવો તે કરવા બરોબર છે. આલંબનો તો સાધનરૂપ છે. તે આલંબનો પકડીને બેસી રહેવું તે કર્તવ્ય નથી પણ આલંબનોની મદદથી કાર્ય કરવું. આત્માનું શુદ્ધ સ્વરૂપ જેટલે અંશે પ્રગટ થાય તે રૂપ કાર્ય કરવાનું છે. આ વાત ધ્યાન કરનારના લક્ષ બહાર જરા પણ જવી ન જોઈએ. (૧૬૨)

**ગાથાર્થ** - લોકના અગ્રભાગ ઉપર રહેલા અમૂર્ત, ક્લેશરહિત, ચિદાનંદમય, સિદ્ધ અને અનંત આનંદને પ્રાપ્ત થયેલા પરમાત્માનું સ્મરણ કરવું તે રૂપાતીત ધ્યાન છે. (૧૬૯)

**ભાવાર્થ** - લોક શબ્દ વડે ચૌદ રાજલોક. તેના ઉપરના ભાગ ઉપર રહેલા, તેના વ્યવહારને ઓળંગી ગયેલા પરમાત્માનું ધ્યાન કરવું. અથવા લોક શબ્દ વડે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ અને કર્માધીન જીવો આ સર્વની પર આવેલા સ્થાન ઉપર અથવા સ્થાનમાં રહેલા પરમાત્મા-તેનું ધ્યાન કરવું. આ સ્થાન સર્વથી પર આવેલું છે તેનું કારણ એ છે કે આ સર્વને તે પરમાત્મા જાણી શકે છે, પણ સર્વ તે પરમાત્માને જાણી શકતા નથી. બીજા અર્થમાં કહીએ તો આ ચૌદ રાજલોકના ઉપરના ભાગમાં સિદ્ધના જીવો રહે છે. તેઓ અમૂર્ત છે. તેમાં આ પ્રત્યક્ષ પુદ્ગલોમાં દેખાતું કોઈ પણ જાતનું રૂપ નથી. તેમને જન્મમરણાદિ કોઈ પણ પ્રકારનો ક્લેશ નથી. તેઓ જ્ઞાન અને અનંદમય છે અથવા જ્ઞાન એ જ આનંદ તેમને છે. તેઓ શુદ્ધસ્વરૂપ થયેલા હોવાથી સિદ્ધ છે. હવે કાંઈ પણ કર્તવ્ય તેમને બાકી રહેતું નથી અને અનંત આનંદમાં લીન થયેલા છે. તેમના એ સ્વરૂપાનંદનો પાર

નથી. એવા પરમાત્માનું ઉત્કૃષ્ટ આત્માનું ચિંતન કરવું, હૃદયમાં સ્મરણ કરવું, ધ્યાન કરવું, તે રૂપાતીત ધ્યાન છે. તેનું ધ્યાન શા માટે કરવું ? (૧૬૯)

**ગાથાર્થ** - જેના અહીં ધ્યાન કરવા માત્ર વડે કરીને જન્મમરણનો ક્ષય થાય છે અને આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે તેનું આત્માએ નિરંતર ધ્યાન કરવું. (૧૭૦)

**ભાવાર્થ** - તે સિદ્ધ પરમાત્માનું-આત્માનું શુદ્ધ સ્વરૂપ છે તેનું ધ્યાન કરવા વડે તે શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. તે શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થતાં આ વિભાવદશાથી ઉત્પન્ન થયેલા જન્મમરણાદિનો નાશ થાય છે અને આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે. સત્તામાં રહેલ આત્મજ્ઞાન પ્રગટ થાય છે માટે આત્માએ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે તે શુદ્ધ આત્માનું કે સિદ્ધાત્માનું નિરંતર ધ્યાન કરવું. (૧૭૦)

**હવે તે ધ્યાન કેમ કરવું ?**

**ગાથાર્થ** - પોતાની અંદર તે સ્વરૂપ સિદ્ધ કરવા માટે તે સિદ્ધ પરમાત્માના સ્વરૂપમાં પોતાના અંતઃકરણને સ્થાપન કરવું, તેના ગુણગ્રામમાં રંજિત કરવું અને આત્મા વડે આત્માને તેના સ્વરૂપમાં જોડવો. (રૂપાતીતનું ધ્યાન આવી રીતે થાય.) (૧૭૧)

**ભાવાર્થ** - અરૂપી સિદ્ધ પરમાત્માનું ધ્યાન કેવી રીતે થઈ શકે ? આનો ઉત્તરવિધિ આ શાસ્ત્રકાર આ પ્રમાણે બતાવે છે કે, સિદ્ધનું સ્વરૂપ પૂર્વે બતાવી ગયા છે તે સ્વરૂપમાં પોતાના અંતઃકરણને ચારે બાજુથી સ્થાપી દેવું, વ્યાપ્ત કરી દેવું. જેવું સામું આલંબન હોય તેવા આકારે ઉપયોગ પરિણમી રહે છે. સામે ઘડો પડ્યો હોય તો આત્મઉપયોગ તે આકારે જ્યારે પરિણમશે ત્યારે જ ખરેખર ઘડાનો બોધ થશે. કોઈ મનુષ્ય ઊભો હશે તો તેના આકારે મન અથવા આત્મઉપયોગ પરિણમશે ત્યારે જ તેનો બોધ થશે. જે વસ્તુનો બોધ કરવો હોય તે વસ્તુમાં તદાકારે પરિણમવાથી તેનો બોધ થાય છે. તેમ જ વધારે વખત પરિણમી રહેવું અને બીજા કોઈ આકારે મન પરિણામાંતર ન પામવું તેવી સ્થિતિને ધ્યાન કહે છે. આ જ પ્રમાણે અરૂપી આત્મસ્વરૂપનું કાંઈ પણ વર્ણન પ્રથમ ધારણ કરવું. રૂપી પદાર્થમાં તો આપણને નિરંતરની ટેવ હોવાથી તેમાં કાંઈ વિશેષ પ્રયત્ન કર્યા વિના તે આકારે પરિણમી શકીએ છીએ, છતાં તેમાં એકાકારે અંતઃકરણ પરિણમ્યા પછી વચમાં બીજા આકારે પરિણમાઈ ન જવાય, બીજી વૃત્તિઓ ઉત્થાન ન પામે તેટલું સાવધાનપણું રાખવાની જરૂર છે, તેનાથી પણ આ રૂપાતીત ધ્યાન વિશેષ કઠિન છે. આમાં તો આલંબન જ રૂપ-આકૃતિ વિનાનું છે, તો પણ રૂપ વિનાના જ્ઞાનાનંદ સ્વરૂપ વગેરે જે ગુણો છે, તે પ્રથમ અંતઃકરણમાં બરોબર સ્થાપન કરવા, તેનો બને તેટલો માનસિક વિચાર કરવો-રચવો અને પછી મનને તેમાં જોડી દેવું. આથી એવો અનુભવ મળશે કે જેવું આલંબન તેવું પરિણમન. સામું આલંબન રૂપ-આકૃતિ વિનાનું હશે તો તમારું મન પણ તે સ્વરૂપમાં રૂપ કે આકૃતિનું સ્વરૂપ ધારણ નહીં

કરતાં જેમ છે તેમ નિરાકાર સ્થિતિમાં સ્થિરતા પામશે, અર્થાત્ વધારે સ્પષ્ટ કહીએ તો મનને કોઈ પણ આકાર ધારણ કર્યા વિનાની સ્થિતિમાં ધારણ કરી શુદ્ધ આત્માના લક્ષ તરફ નિર્વિચાર કે નિરાકાર સ્થિતિનો પ્રવાહ વહેવરાવવો તે રૂપાતીત ધ્યાન છે.

અથવા સિદ્ધ પરમાત્માના ગુણગ્રામમાં, તેમના આત્મસ્વરૂપના વિચારમાં, આઠ કર્મ જવાથી ઉત્પન્ન થયેલા આઠ ગુણમાં-વિચારોમાં મનને આનંદિત કરવું-લીન કરવું, તે રૂપાતીત ધ્યાન છે. પહેલા કરતાં આ ધ્યાનનો પ્રકાર સહેલો છે, તેમ જ ગુણપ્રાપ્તિમાં હલકો પણ છે.

અથવા પોતાની અંદર તે સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ પ્રગટ કરવા માટે પોતાના આત્મા વડે પોતાના આત્માને સિદ્ધ સ્વરૂપમાં જોડી દેવો. સિદ્ધનું જે સ્વરૂપ છે જે સ્થિતિ છે તે જોઈને પોતાની સ્થિતિ તેવી કરી દેવી. પોતે પોતા વડે પોતામાં તેવું સ્વરૂપ અનુભવવું તેવી રીતે સ્થિર થવું, આ રૂપાતીત ધ્યાન છે. શબ્દોમાં ફેર છે, બાકી પહેલી અને ત્રીજી વાત એક છે. આ પ્રમાણે સિદ્ધ પરમાત્મા-અરૂપીનું ધ્યાન કરી શકાય છે. (૧૭૧)

**ગાથાર્થ** - તે સ્વરૂપનું અવલંબન લઈને એ પ્રમાણે નિરંતર સ્મરણ કરનાર-ધ્યાન કરનાર યોગી ગ્રાહ્ય-ગ્રાહક વિનાનું તન્મયપણું પામે છે. (૧૭૨)

**ભાવાર્થ** - નિરંજન પરમાત્મા સિદ્ધ સ્વરૂપનું અવલંબન લઈ નિરંતર લાંબા વખત સુધી સ્મરણ કરતાં-તે સિદ્ધના સ્વરૂપમાં આત્માને મગ્ન કરતાં અથવા આત્મામાં સિદ્ધ સ્વરૂપને અનુભવતાં તદાકાર સ્થિતિ થઈ જાય છે. આ સ્થિતિમાં ગ્રાહ્ય-ગ્રહણ કરવા લાયક અને ગ્રહણ કરનાર આવો ભેદ રહેતો નથી, પણ તે સ્મરણ કે ધ્યાનના વખતમાં એકરસ-તદાકાર-તન્મયપણું યોગીને પ્રાપ્ત થાય છે. (૧૭૨)

**તન્મય થવાનું કારણ બતાવે છે.**

**ગાથાર્થ** - પૂર્ણ શુદ્ધ સ્વરૂપ આત્મા સિવાય બીજું કોઈ શરણ આલંબન જેને રહેલ નથી તેવો (નિરાલંબન થયેલો) યોગી તે સિદ્ધ સ્વરૂપમાં તેવી રીતે લીન થાય છે કે ધ્યાતા અને ધ્યાન બન્નેના અભાવે ધ્યેયની સાથે એકભાવને પામે છે. (૧૭૩)

**ભાવાર્થ** - જ્યારે તે સિદ્ધસ્વરૂપના ધ્યાનમાં યોગી મગ્ન થાય છે-એકરૂપ થાય છે-ગ્રહણ કરનાર અને ગ્રહણ કરવા લાયક આવા ભેદો પણ લય પામી જાય છે-ધ્યાન કરનાર ને ધ્યાની એ બન્નેનો અભાવ થઈ જાય છે ત્યારે તે તદ્દન નિરાલંબન થઈ જાય છે. લીધેલું આલંબન અને 'હું ધ્યાન કરનાર' આવી વૃત્તિઓનો પણ વિલય થઈ જાય છે-આત્મામાં લય થઈ જાય છે, ત્યારે તે ધ્યાન કરનાર આત્મા-યોગી પોતાનું ધ્યેય જે સિદ્ધ પરમાત્મા તેની સાથે એકભાવ પામી જાય છે. તેનાથી કોઈ પણ રીતે જુદો પડી શકતો નથી અથવા ધ્યાતા

પોતે ધ્યેય સ્વરૂપ બની જાય છે. (૧૭૩)

**તે વખતની સ્થિતિ કેવી થાય છે ?**

**ગાથાર્થ** - જે પરમાત્મા છે તે હું છું અને જે હું છું તે પરમેશ્વર છે. મારા વડે ઉપાસના (ધ્યાન) કરવા લાયક મારાથી બીજો કોઈ નથી અને મારાથી અન્ય વડે હું પણ ઉપાસના કરવા યોગ્ય જુદો નથી (મારાથી બીજો મારો ઉપાસ્ય નથી અથવા મારાથી બીજા વડે ઉપાસના કરવામાં હું જુદો નથી). (૧૭૪)

**ભાવાર્થ** - ધ્યાન કરનાર જ્યારે જેનું ધ્યાન કરે છે ત્યારે તે, તે સ્વરૂપ થઈ રહે છે, એટલે ધ્યાતા જ્યારે ધ્યેય થઈ રહે છે ત્યારે તે પોતાની સ્થિતિનો જે અનુભવ કરે છે તે આ છે કે જે પરમાત્મા છે, જેનું હું ધ્યાન કરતો હતો તે પરમત્મા તો હું પોતે જ છું અને હું છું તે પરમાત્મા જ છે. હું જેનું ધ્યાન કરતો હતો તેમાં અને મારામાં કોઈ જાતનો તફાવત નથી. અમે કોઈ પણ આત્મસ્થિતિમાં જુદા પડી શકતા નથી. મારે ઉપાસના કરવા લાયક મારાથી જુદો બીજો કોઈ નથી અને મારાથી બીજા વડે હું પણ કોઈ રીતે જુદો નથી એટલે મારાથી અન્ય મારી ઉપાસના કરે તેવું પણ કાંઈ નથી, કારણ કે તે પણ મારી માફક પૂર્ણ સ્વરૂપ છે. પોતાના મૂળ સ્વરૂપના અજ્ઞાનથી જ આ ઉપાસ્ય-ઉપાસક ભાવ પ્રગટ થાય છે. સર્વ જીવાત્માઓ પોતાના જ સ્વરૂપને જાણે-અનુભવે તો પછી ઉપાસ્ય-ઉપાસક જેવી સ્થિતિ કે જરૂરિયાત રહેતી નથી. આત્મા પોતાના મૂળ સ્વરૂપમાં આવી રહે છે ત્યારે આ જગતના સર્વ જીવો સત્તાસ્વરૂપે તેને પોતાના જેવા શુદ્ધ ભાસે છે, અર્થાત્ મૂળ સ્વરૂપમાં આવી પહોંચ્યા પછી ઉપાસ્ય કે ઉપાસક જુદા રહેતા નથી. ઉપાસ્ય તે જ ઉપાસક બની રહે છે. આત્માની આ પરમ ઉત્કૃષ્ટ અથવા પૂર્ણ દશા છે. (૧૭૪)'

(ધ્યાનદીપિકાના આ. શ્રીકેશરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર.)

હવે શુક્લધ્યાન ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ પૃથક્ત્વવિતર્કસવિચાર, ૨ એકત્વવિતર્કઅવિચાર, ૩ સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી અને ૪ વ્યુપરતક્રિયાઅનિવર્તી. **યોગશાસ્ત્ર**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે -

શુક્લધ્યાનના ભેદો કહે છે -

**ગાથાર્થ-ટીકાર્થ** :- ૧. પૃથક્ત્વવિતર્ક સવિચાર શુક્લધ્યાન, ૨. એકત્વવિતર્ક અવિચાર શુક્લધ્યાન ૩. સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી શુક્લધ્યાન, ૪. વ્યુપરતક્રિય અનિવર્તી શુક્લધ્યાન. અહીં નાનાત્વ એટલે વિવિધ-જુદી જુદી બાબતોની વિચારણા. વિતર્ક એટલે શ્રુત-દ્વાદશાંગી-ચૌદપૂર્વ. વિચાર એટલે મનનો વિચાર એવો અર્થ ન કરતાં વિશેષે કરી ચાર એટલે ચાલવું-એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં ચાલવું-જવું, તે વિચાર એટલે કે પરમાણુ, દ્વયણુક આદિ

પદાર્થ, વ્યંજન એટલે શબ્દ, યોગ એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિ, તેઓમાં સંક્રાન્તિ તેટલે તેઓમાં આવી પ્રવેશવું અને નીકળવું. (૧૧/૫)

શુક્લધ્યાનના પ્રથમ ભેદની વિશેષ વ્યાખ્યા કહે છે -

**ગાથાર્થ-ટીકાર્થ :-** એક પરમાણુ આદિ દ્રવ્યમાં ઉત્પાદ, સ્થિતિ, વિલય, મૂર્તત્વ, અમૂર્તત્વાદિ પર્યાયોનું દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયોએ કરી પૂર્વગત શ્રુતાનુસારે ચિંતન કરવું, તે ચિંતન દ્રવ્ય, વ્યંજન એટલે શબ્દ અને મન, વચન, કાયાના યોગોના કોઈ પણ યોગમાં સંક્રમણવાળુ છે. જેમકે એક દ્રવ્યના ચિંતનથી તેના શબ્દના ચિંતન ઉપર આવવું, શબ્દ-ચિંતનથી દ્રવ્ય ઉપર આવવું, મનોયોગથી કાયયોગમાં કે વચનયોગમાં આવવું, એવી રીતે કાયના યોગથી મનોયોગ કે વચનયોગમાં સંક્રમણ કરવું. આવું ચિંતન તે શુક્લધ્યાનનો પ્રથમ ભેદ છે. કહેલું છે કે :- ''પૂર્વગત શ્રુતાનુસાર એક દ્રવ્યમાં ઉત્પાદ, સ્થિતિ, ભંગ આદિ પર્યાયોની વિવિધ નયાનુસારે વિચારણા કરવી અને સવિચાર એટલે અર્થ, શબ્દ કે ત્રણ યોગો પૈકી એક યોગથી ગમે તે બીજા યોગમાં પ્રવેશ કરવો, નીકળવું તે વિચાર. આ પ્રમાણે રાગ-રહિત મુનિને પૃથક્ત્વ વિતર્ક સવિચાર શુક્લધ્યાન હોય છે.'' **(ધ્યાનશતક ૭૭-૭૮)** પ્રશ્ન કર્યો કે - પદાર્થ, શબ્દ કે ત્રણે યોગોમાં સંક્રમણ થવાથી મનનું સ્થૈર્ય કેવી રીતે ગણાય ? અને મનની સ્થિરતા વગર ધ્યાન કેવી રીતે ગણાય ? સમાધાન કરે છે કે, એક દ્રવ્ય વિષયક મનની સ્થિરતા ઉત્પન્ન થયેલી હોવાથી ધ્યાનપણું સ્વીકારવામાં વાંધો નથી. (૧૧/૬)

શુક્લધ્યાનનો બીજો ભેદ કહે છે -

**ગાથાર્થ-ટીકાર્થ :-** આ એકત્વવિતર્ક અવિચાર નામના શુક્લધ્યાનના બીજા ભેદમાં પૂર્વધર ઉત્તમ મુનિવરોનાં શ્રુતાનુસાર કોઈપણ એક જ ધ્યેય રાખવાનું હોય છે. પરમાણુ, જીવ, જ્ઞાનાદિ ગુણ, ઉત્પાદ આદિ કોઈ પણ એક પર્યાય, શબ્દ કે અર્થ, ત્રણમાંથી કોઈ પણ એક યોગ ધ્યેય તરીકે હોય છે, પણ જુદા જુદા હોતા નથી. એક જ ધ્યેય રાખવાનું હોવાથી વિચરણ હોતું નથી. પદાર્થ, શબ્દ, ત્રણે યોગોમાં સંક્રમણ ન થાય. તેવા સ્વરૂપવાળું ધ્યાન તે એકત્વ વિતર્ક અવિચાર શુક્લધ્યાન. કહેલું છે કે ''પવન વગરના સ્થળમાં રહેલ સુરક્ષિત સ્થિર દીપક સમાન નિષ્કંપ આ ધ્યાન હોય છે. આ ધ્યાનમાં એક ધ્યેય ઉપરથી પોતાની જાતિના કે બીજા કોઈ પણ ધ્યેય ઉપર જવાનું - વિચરણ હોતું નથી, પણ ઉત્પાદ, સ્થિતિ, ભંગ આદિ કોઈ પણ એક પર્યાયમાં ધ્યાન હોય, પણ ધ્યાનાંતરમાં જવાનું ન હોય. પૂર્વગત શ્રુતના આલંબનથી ગમે તે એક ધ્યાન હોય, પણ વિચરણ ન હોય, એટલે આ ધ્યાન નિર્વિકલ્પક હોય છે, આ ધ્યાન બારમા ગુણસ્થાનકના અંત સુધી હોય છે. તેમાં યથાખ્યાત ચારિત્ર હોય છે.'' **(ધ્યાનશતક-૭૯-૮૦)** આ બંને ભેદોમાં શુક્લલેશ્યા હોય. (૧૧/૭)

ત્રીજો ભેદ કહે છે -

**ગાથાર્થ-ટીકાર્થ** :- મોક્ષે જવાના અત્યંત નજીકના કાળમાં સર્વજ્ઞ કેવલી ભગવંત મન, વચન અને કાયાની બાદરયોગની પ્રવૃત્તિઓ રોકે છે, માત્ર શ્વાસોચ્છ્વાસની સૂક્ષ્મ ક્રિયા રહે છે. તેથી પાછા ફરવાનું હોતું નથી. એ સૂક્ષ્મ ક્રિયા મટીને હવે કદાપિ સ્થૂલક્રિયા થવાની નથી. માટે તેનું નામ સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી છે. આત્મા લેશ્યા અને યોગરહિત બનતો જાય છે. શરીર-પ્રવૃત્તિથી આત્મા છૂટતો જાય છે. સર્વે કર્મો, તૈજસ-કાર્મણ શરીર, આયુષ્ય, વચન, કાયાથી નિર્મલ આત્મા છૂટો પડતો જાય છે. (૧૧/૮)

વ્યુપરતક્રિય અનિવર્તી નામનો ચોથો ભેદ કહે છે -

**ગાથાર્થ-ટીકાર્થ** :- મેરુપર્વતની માફક અડોલ શૈલેશીકરણમાં રહેલા કેવલીને ઉત્સન્નક્રિય અપ્રતિપાતી નામનો શુક્લધ્યાનનો ચોથો ભેદ હોય છે. તેનું બીજું નામ વ્યુપરતક્રિય-અનિવર્તી રાખેલું છે. (૧૧/૯)

ચારે પ્રકારમાં યોગ-સંખ્યાનું નિરૂપણ કરે છે -

**ગાથાર્થ-ટીકાર્થ** :- પહેલો પૃથક્ત્વવિતર્ક સવિચાર નામનો ભેદ ભંગિક શ્રુત ભણેલાને હોય છે અને તે મન વગેરે એક યોગવાળા કે ત્રણે યોગવાળાને હોય છે. બીજું એકત્વવિતર્ક અવિચાર ધ્યાન, મન વગેરે યોગોમાંથી કોઈ પણ એક યોગવાળાને હોય છે, બીજા યોગમાં સંક્રમ થવાનો અભાવ હોવાથી. ત્રીજું સૂક્ષ્મક્રિય અનિવર્તી સૂક્ષ્મ કાયયોગમાં હોય, પણ બાકીના વચન અને મનોયોગમાં હોય નહીં. ચોથું વ્યુત્સન્નક્રિય અપ્રતિપાતી યોગરહિત અયોગી કેવલીઓને શૈલેશીકરણમાં રહેલાને હોય. મન, વચન, કાયાના ભેદથી યોગ ત્રણ પ્રકારનો હોય. તેમાં ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીરવાળા જીવની વિશેષ પ્રકારની વીર્યપરિણતિ કાયયોગ છે. ઔદારિક, વૈક્રિય, આહારક શરીરની વ્યાપારક્રિયાથી ગ્રહણ કરેલાં ભાષાવર્ગણાનાં પુદ્ગલ દ્રવ્યોના ટેકાથી જીવનો વ્યાપાર તે વચનયોગ છે. તે જ ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરની વ્યાપારક્રિયાથી ગ્રહણ કરેલાં મનોવર્ગણાનાં દ્રવ્યોની મદદથી જીવનો વ્યાપાર, તે મનોયોગ છે. (૧૧/૧૦)'

(સટીક યોગશાસ્ત્રના આ. શ્રીહેમસાગરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

ગુરુ પ્રત્યેક ચાર પ્રકારના આ ચાર ધ્યાનોને જાણે છે.

આમ છત્રીસ ગુણોથી યુક્ત એવા ગુરુનો વિજય થાઓ. (૨)

**આમ પહેલી છત્રીસી સમાપ્ત થઈ.**

●●●

# द्वितीया षट्त्रिंशिका

अधुना द्वितीयां षट्त्रिंशिकां प्रतिपादयति -

**मूलम् - पणविहसम्मचरणवय-ववहारायारसमिइसज्झाए ।**
**इगसंवेगे अ रओ, छत्तीसगुणो गुरू जयउ ॥३॥**

**छाया - पञ्चविधसम्यक्त्वचरणव्रत-व्यवहाराचारसमितिस्वाध्यायेषु ।**
**एकसंवेगे च रतः, षट्त्रिंशद्गुणो गुरुर्जयतु ॥३॥**

**प्रेमीया वृत्तिः - पञ्चविधसम्यक्त्वचरणव्रतव्यवहाराचारसमितिस्वाध्यायेषु-** पञ्चविधेषु सम्यक्त्वेषु, पञ्चविधेषु चरणेषु, पञ्चविधेषु व्रतेषु, पञ्चविधेषु व्यवहारेषु, पञ्चविधेषु आचारेषु, पञ्चविधासु समितिषु, पञ्चविधेषु स्वाध्यायेषु च, **एकसंवेगे** - एकस्मिन् संवेगे, **चः** समुच्चये, **रतः - मग्नः**, इत्थं **षट्त्रिंशद्गुणो गुरुर्जयत्वि**ति शब्दार्थः ।

भावार्थस्त्वयम्-सम्यक्त्वं जिनोक्ततत्त्वश्रद्धानरूपम् । तत्पञ्चविधम् तद्यथा - १ क्षायिकं, २ क्षायोपशमिकं, ३ वेदकं, ४ औपशमिकं ५ सास्वादनञ्च ।

तत्र क्षायिकं सम्यक्त्वं दर्शनमोहनीयकर्मणः क्षयेण निर्वृत्तम् । यदुक्तं **श्रीविशेषावश्यकभाष्ये मलधारिश्रीहेमचन्द्रसूरिनिर्मिततट्टीकायाञ्च** -

**'खीणे दंसणमोहे तिविहम्मि वि खाइयं होइ ॥५३३॥**

(**छाया**- क्षीणे दर्शनमोहे त्रिविधेऽपि क्षायिकं भवति ॥५३३॥)

**वृत्तिः** - अनन्तानुबन्धिकषायचतुष्टयक्षयानन्तरं मिथ्यात्व-मिश्र-सम्यक्त्वपुञ्जलक्षणे **त्रिविधेऽपि दर्शनमोहनीये** सर्वथा **क्षीणे क्षायिकं** सम्यक्त्वं **भवती**ति ।....॥५३३॥'

तत्र दर्शनमोहनीयक्षपणायाः स्वरूपमेवं प्रतिपादितं **कर्मप्रकृतिगतोपशमनाकरणे**

**महोपाध्यायश्रीयशोविजयकृततट्टीकायाञ्च-**

**'दंसणमोहे वि तहा कयकरणद्धा य पच्छिमे होइ ।**
**जिणकालगो मणुस्सो पट्ठवगो अट्ठवासुप्पि ॥३२॥**

(**छाया**- दर्शनमोहेऽपि तथा कृतकरणाद्धायां पश्चिमे भवति ।
जिनकालिको मनुष्यः प्रस्थापको ऽष्टवर्षोपरि ॥३२॥)

**वृत्तिः** - अथ **दर्शनमोहनीयक्षपणाविधिमाह** - इह दर्शनमोहनीयक्षपणाया आरम्भको मनुष्यो जिनकालको-जिनकालसम्भवी, जिनकालश्च प्रथमतीर्थङ्करविहरणकालादिर्जम्बूस्वामिकेवलोत्पत्तिपर्यवसानो ज्ञातव्यः । तथा वर्षाष्टकस्योपरि वर्तमानो वज्रर्षभनाराचसंहननश्च भवति । दर्शनमोहेऽपि च क्षपणा तथैव वक्तव्या यथा प्रागनन्तानुबन्धिनामुक्ता । इत्थं सामान्येनातिदिष्टेऽपि य इह विशेषः स उच्यते-इह दर्शनमोहनीयक्षपणायोद्यतो यथाप्रवृत्तादीनि त्रीणि करणानि करोति, तानि च प्रागिव वक्तव्यानि, नवरमपूर्वकरणस्य प्रथमसमय एवानुदितयोर्मिथ्यात्वसम्यङ्मिथ्यात्वयोर्दलिकं गुणसङ्क्रमेण सम्यक्त्वे प्रक्षिपति । उद्वलनासङ्क्रममपि तयोरेवमारभते-प्रथमं स्थितिखण्डं बृहत्तरमुद्वलयति, ततो द्वितीयं विशेषहीनं, ततोऽपि तृतीयं विशेषहीनं, एवं तावद्वाच्यं यावदपूर्वकरणचरमसमयः । अपूर्वकरणप्रथमसमये च यत्स्थितिकर्मासीत्तत्तस्यैव चरमसमये सङ्ख्येयगुणहीनं जातम् । एवं स्थितिबन्धोऽपि वेदितव्यः, अपूर्वकरणस्य प्रथमसमये यावान् स्थितिबन्ध आसीत्तदपेक्षया तस्यैवापूर्वकरणस्य चरमसमये सङ्ख्येयगुणहीनो भवतीत्यर्थः । ततोऽनिवृत्तिकरणे प्रविशति । तत्र च प्रविष्टः सन् प्रथमसमयादेवारभ्यापूर्वां गुणश्रेणिमपूर्वं स्थितिघातमपूर्वं रसघातमपूर्वं च स्थितिबन्धं कर्तुमारभते, अनिवृत्तिकरणप्रथमसमय एव च दर्शनत्रिकस्य देशोपशमनानिधत्तिनिकाचना व्यवच्छिद्यन्ते, देशोपशमनादीनां त्रयाणां करणानां नैकमपि दर्शनत्रिकस्य ततः प्रभृति प्रवर्तते इत्यर्थः । किञ्च तत्त्रयस्य स्थितिसत्कर्मानिवृत्तिकरणप्रथमसमयादारभ्य स्थितिघातादिभिर्घात्यमानं स्थितिखण्डसहस्रेषु गतेष्वसञ्ज्ञिपञ्चेन्द्रियस्थितिसत्कर्मसमानं भवति । ततः स्थितिखण्डसहस्रपृथक्त्वे गते सति चतुरिन्द्रियस्थितिसत्कर्मसमानं भवति । ततोऽपि तावन्मात्रेषु खण्डेषु गतेषु त्रीन्द्रियस्थितिसत्कर्मसमानं, ततोऽपि तावन्मात्रेषु खण्डेषु गतेषु द्वीन्द्रियस्थितिसत्कर्मसमानम्, ततोऽपि तावन्मात्रेषु खण्डेषु गतेष्वेकेन्द्रियस्थितिसत्कर्मसमानं भवति । ततोऽपि तावन्मात्रेषु खण्डेषु गतेषु पल्योपममात्रप्रमाणं भवति । एतच्च चूर्णिकृन्मतेनोक्तम् । पञ्चसङ्ग्रहकृन्मते तु पल्योपमसङ्ख्येयभागमात्रं, तदुक्तं **पञ्चसङ्ग्रहे** -

**''ठिइखण्डसहस्साइं एक्केक्के अन्तरम्मि गच्छन्ति ।**
**पलिओवमसंखंसे दंसणसंते तओ जाए ॥१॥''**

(**छाया**- स्थितिखण्डसहस्राणि एकैकस्मिन् अन्तरे गच्छन्ति ।
पल्योपमसङ्ख्येयांशः दर्शनं शान्तं ततो जातम् ॥१॥) इत्यादि ।

'**एकैकस्मिन्नन्तरे**' इति-असञ्ज्ञिपञ्चेन्द्रियचतुरिन्द्रियादिसमानस्थितिसत्कर्मभवनानामपान्तराले, तत एकं सङ्ख्येयतमं भागं मुक्त्वा शेषं सर्वमपि त्रयाणामपि दर्शनमोहनीयानां विनाशयति, ततस्तस्यापि प्राग्मुक्तस्य सङ्ख्येयतमभागस्यैकं सङ्ख्येयभागं मुक्त्वा शेषान् सङ्ख्येयान् भागान् विनाशयति, एवं स्थितिघाताः सहस्रशो व्रजन्ति, तदनन्तरं च मिथ्यात्वस्यासङ्ख्येयान् भागान्, सम्यक्त्वसम्यङ्मिथ्यात्वयोस्तु सङ्ख्येयान् भागान् खण्डयति । अनेन विधिना स्थितिखण्डेषु प्रभूतेषु परिगलितेषु सत्सु मिथ्यात्वमुदयावलिकारहितं सकलमपि क्षीणं, आवलिकामात्रं तु तिष्ठति । सम्यक्त्वसम्यङ्मिथ्यात्वयोस्तु पल्योपमासङ्ख्येयभागमात्रशेषीभूतं तिष्ठति । अमूनि च स्थितिखण्डानि खण्ड्यमानानि मिथ्यात्वसत्कानि सम्यक्त्वसम्यग्मिथ्यात्वयोः प्रक्षिपति, सम्यङ्मिथ्यात्वसत्कानि सम्यक्त्वे, सम्यक्त्वसत्कानि त्वधस्तात्स्वस्थाने इति । यदपि मिथ्यात्वदलिकमावलिकामात्रमुद्धरितं तिष्ठति तदपि स्तिबुकसङ्क्रमेण सम्यक्त्वे प्रक्षिपति, तदनन्तरं सम्यक्त्वसम्यग्मिथ्यात्वयोरसङ्ख्येयान् भागान् खण्डयत्येकं मुञ्चति, ततस्तस्याप्यसङ्ख्येयान् भागान् खण्डयत्येकं मुञ्चति, एवं कतिपयेषु स्थितिखण्डेषु गतेषु सम्यङ्मिथ्यात्वमावलिकामात्रं तिष्ठति, तदानीं च सम्यक्त्वस्थितिसत्कर्माष्टवर्षप्रमाणं भवति । स चाष्टवर्षप्रमाणसम्यक्त्वसत्कर्मा निश्चयनयमतेन सकलप्रत्यूहविलयाद्दर्शनमोहनीयक्षपक उच्यते । ततो निश्चयनयाभिमतक्षपकत्वभवनादूर्ध्वं सम्यक्त्वस्य स्थितिखण्डमन्तर्मुहूर्त्तप्रमाणमुत्किरति घातयतीत्यर्थः, तद्दलिकं तूदयसमयादारभ्य प्रक्षिपति, तच्चैवम्-उदयसमये स्तोकं, ततो द्वितीयसमयेऽसङ्ख्येयगुणं, ततोऽपि तृतीयसमयेऽसङ्ख्येयगुणं, एवं तावद्वाच्यं यावद्गुणश्रेणीशिरः, तत ऊर्ध्वं विशेषहीनं विशेषहीनं तावद्यावच्चरमा स्थितिः, ततो द्वितीयं स्थितिखण्डमन्तर्मुहूर्तप्रमाणं पूर्वस्मादसङ्ख्येयगुणमुत्किरति, उत्कीर्य च प्रागुक्तप्रकारेणोदयसमयादारभ्य निक्षिपति, एवं पूर्वस्मात्पूर्वस्मादसङ्ख्येयगुणान्यान्तर्मौहूर्त्तिकान्यनेकानि स्थितिखण्डान्युत्किरति निक्षिपति च तावद्यावद्द्विचरमं स्थितिखण्डम् । द्विचरमाच्च स्थितिखण्डादन्तिमं स्थितिखण्डं सङ्ख्येयगुणं, तस्मिँश्चान्तिमे स्थितिखण्डे खण्ड्यमाने सङ्ख्येयभागं गुणश्रेण्याः खण्डयति, अन्याश्च तदुपरितनीः सङ्ख्येयगुणाः स्थतीः तावन्मानत्वादेव चरमखण्डस्य, उत्कीर्य च तद्दलिक-

मुदयसमयादारभ्यासङ्ख्येयगुणनया प्रक्षिपति, तद्यथा-उदयसमये स्तोकं, ततो द्वितीय-समयेऽसङ्ख्येयगुणं, ततोऽपि तृतीयसमयेऽसङ्ख्येयगुणं, एवं तावद्वाच्यं यावद्-गुण-श्रेणीशिरः । अत ऊर्ध्वं तूत्कीर्यमाणमेव दलिकं प्राप्यते, न तत्प्रक्षेपाधारभूतमिति न तत् क्वापि प्रक्षिपति, चरमे च स्थितिखण्डे उत्कीर्णे सत्यसौ क्षपकः कृतकरण इति परिभाष्यते। तथा चाह -

**''कयकरणद्धाइ पच्छिमे होइ ।''**

(**छाया**- कृतकरणाद्धायां पश्चिमे भवति ।)

पश्चिमे चरमे खण्डे उत्कीर्णे कृतकरणाद्धायां वर्तते कृतकरणो भवतीत्यर्थः । अस्यां च कृतकरणाद्धायां वर्तमानः कश्चित्कालमपि कृत्वा चतसृणां गतीनामन्यतमस्यां गतावुत्पद्यते । लेश्यायामपि पूर्वं शुक्लायामेवासीत्, सम्प्रति त्वन्यतमस्यां गच्छति । तदेवं प्रस्थापको मनुष्यो निष्ठापकस्तु चतसृष्वपि गतिषु भवतीत्यागतः । उक्तं च -

**''पट्ठवगो उ मणूसो निट्ठवगो होइ चउसु वि गईसु ।''**

(**छाया**- प्रस्थापकस्तु मनुष्यः निष्ठापको भवति चतसृषु अपि गतिषु ।)

यदि पुनस्तदानीं कालं न करोति तदा वेदितसम्यक्त्वशेषः क्षायिकसम्यग्दृष्टिः सन्नुप-शमश्रेणिं क्षपकश्रेणिं वा समारोहति । तत्र यो वैमानिकेष्वेव बद्धायुष्कः क्षीणसप्तकः स उपशमश्रेणिमारोहति, अबद्धायुष्कस्तु क्षपकश्रेणिं, अन्यगतिबद्धायुष्कस्तु न कामपि श्रेणि-मारभते श्रेणिकादिवदिति ज्ञेयम् । अथ क्षीणसप्तको गत्यन्तरं सङ्क्रामन् कतितमे भवे मोक्षमुपयाति ? उच्यते - तृतीये चतुर्थे वा । तथाहि - यदि स्वर्गे नरके वा गच्छति तदा स्वर्गभवान्तरितो नरकभवान्तरितो वा तृतीयभवे मोक्षमुपयाति, यदि चासौ तिर्यक्षु मनुष्येषु वा मध्ये समुत्पद्यते तदाऽवश्यमसङ्ख्येयवर्षायुष्केष्वेव न सङ्ख्येयवर्षायुष्केषु, ततस्तद्-भवानन्तरं देवभवं, तस्माच्च देवभवाच्च्युत्वा मनुष्यभवं ततो मोक्षं यातीति चतुर्थभवे मोक्षगमनम्, उक्तं च **पञ्चसङ्ग्रहे** -

**''तइयचउत्थे तम्मि व भवम्मि सिज्झन्ति दंसणे खीणे ।**
**जं देवणिरयसंखाउचरमदेहेसु ते हुंति ॥१॥''**

(**छाया**- तृतीये चतुर्थे तस्मिन् वा भवे सिध्यन्ति दर्शने क्षीणे ।
यत् देवनिरयासङ्ख्यातायुष्कचरमदेहेषु ते भवन्ति ॥१॥)

अत्र तृतीयभवे मोक्षगमने देवनारकेषु मध्ये उत्पत्तिर्हेतुश्चतुर्थभवे च मोक्षगमने-ऽसङ्ख्येयवर्षायुष्केषूत्पत्तिस्तद्भवमोक्षगमने च चरमदेहत्वमिति क्रमेण योजनीयम् । इदं च प्रायोवृत्त्योक्तमिति सम्भाव्यते, यतः क्षीणसप्तकस्य कृष्णस्य पञ्चमभवेऽपि मोक्षगमनं श्रूयते । उक्तं च -

**''नरयाउ नरभवम्मि देवो होऊण पंचमे कप्पे ।**
**तत्तो चुओ समाणो बारसमो अममतित्थयरो ॥१॥''**

(**छाया**- नरकात् नरभवे देवो भूत्वा पञ्चमे कल्पे ।
ततश्च्युतः सन् द्वादशः अममतीर्थकरः ॥१॥) इति ।

इत्थमेव दुःप्रसहादीनामपि क्षायिकसम्यक्त्वमागमोक्तं युज्यत इति यथागमं विभावनीयम् ॥३२॥'

क्षायोपशमिकं सम्यक्त्वमुदीर्णस्य मिथ्यात्वमोहनीयस्य क्षयेणाऽनुदीर्णस्योपशमेन सम्यक्त्वमोहनीयस्योदयेन च निर्वृत्तम् । यदवाचि **श्रीविशेषावश्यकभाष्ये मलधारिश्रीहेमचन्द्रसूरिकृततट्टीकायाञ्च** -

'अथ क्षायोपशमिकमाह -

**मिच्छत्तं जमुइण्णं तं खीणं अणुइयं च उवसंतं ।**
**मीसीभावपरिणयं वेइज्जंतं खओवसमं ॥५३२॥**

(**छाया**- मिथ्यात्वं यदुदीर्णं तत् क्षीणमनुदितं चोपशान्तम् ।
मिश्रीभावपरिणतं वेद्यमानं क्षायोपशमिकम् ॥५३२॥)

**वृत्तिः - यदुदीर्ण**मुदयमागतं **मिथ्यात्वं तद्** विपाकोदयेन वेदितत्वात् **क्षीणं** निर्जीर्णं, यच्च शेषं सत्तायामनुदयागतं वर्तते **तदुपशान्तम्** । उपशान्तं नाम विष्कम्भितोदयमपनीतमिथ्यास्वभावं च शेषमिथ्यात्वं, मिथ्यात्व-मिश्रपुञ्जावाश्रित्य विष्कम्भितोदयं, शुद्धपुञ्जमाश्रित्य पुनरपनीतमिथ्यास्वभावमित्यर्थः । आह - यद्येवम्, अशुद्ध-मिश्रपुञ्जद्वयरूपस्य विष्कम्भितोदयस्यैवोपशान्तस्याऽनुदीर्णता युज्यते, न तु शुद्धपुञ्जलक्षणस्यापनीतमिथ्यात्वस्वभावस्य, तस्य विपाकेन साक्षादनुभूयमानत्वादिति, भवद्भिस्तु '**अणुइयं च उवसंतं**' इति वचनाद् द्विस्वभावमप्युपशान्तमनुदीर्णमुक्तम्, तदेतत् कथम् ? इति । अत्रोच्यते - सत्यमेतत्, किन्त्वपनीतमिथ्यात्वस्वभावत्वात् स्वरूपेणाऽनुदयात् तस्याऽप्यनुदीर्णतोपचारः क्रियते ।

अथवा, अनुदीर्णत्वमविशुद्धमिश्रपुञ्जद्वयरूपस्य मिथ्यात्वस्यैव योज्यते, न तु सम्यक्त्वस्य, तस्यापनीतमिथ्यात्वस्वभावत्वलक्षणमुपशान्तत्वमेव योज्यत इत्यर्थः । कथम् ?, इति चेत् । उच्यते - मिथ्यात्वं यदुदीर्णमुदयमागतं तत् क्षीणं, शेषं त्वविशुद्ध-मिश्रपुञ्जद्वयलक्षणं मिथ्यात्वमनुदीर्णं **'अणुइयं च'** इति चशब्दस्य व्यवहितप्रयोगात् शुद्धपुञ्जलक्षणं तदुपशान्तं चेति - अपनीतमिथ्यात्वस्वभावमित्यर्थः, इत्येवं सर्वं सुस्थं भवति ।

तदेवमुदीर्णस्य मिथ्यात्वस्य क्षयः, अनुदीर्णस्य च य उपशमः, एतत्स्वभावद्वयस्य योऽसौ मिश्रीभाव एकत्र मिथ्यात्वलक्षणे धर्मिणि भवनरूपस्तमापन्नं **मिश्रीभावपरिणतं वेद्यमान**मनुभूयमानं त्रुटितरसं शुद्धपुञ्जलक्षणं मिथ्यात्वमपि क्षयोपशमाभ्यां निर्वृत्तत्वात् **क्षायोपशमिकं** सम्यक्त्वमुच्यते । शोधिता हि मिथ्यात्वपुद्गला अतिस्वच्छवस्त्रमिव द्रष्टेर्यथावस्थिततत्त्वरुच्यध्यवसायरूपस्य सम्यक्त्वस्याऽऽवारका न भवन्ति । अतस्तेऽप्युपचारतः सम्यक्त्वमुच्यत इति ।

अत्राह - ननूदीर्णस्य मिथ्यात्वस्य क्षये, अनुदीर्णस्य चोपशमे क्षायोपशमिकं सम्यक्त्वमिहोक्तम्, प्रागुक्तमौपशमिकमपि तदेवंविधमेव, तत् कोऽनयोर्विशेषः ? । तदेतदसमीक्षिताभिधानम्, यतो **'मीसीभावपरिणयं वेइज्जंतं खओवसमं'** इति वचनादत्र क्षायोपशमिकसम्यक्त्वे शुद्धपुञ्जपुद्गलवेदनमुक्तम्, औपशमिके तु तत् सर्वथैव नास्ति, इति महान् विशेषः । किञ्च, औपशमिकसम्यक्त्वे मिथ्यात्वं प्रदेशोदयेनाऽपि न वेद्यते, अत्र तु प्रदेशोदयेन तदपि वेद्यते । इत्यलं प्रसङ्गेनेति ॥५३२॥'

अनन्तानुबन्धिकषायमिथ्यात्वमोहनीयमिश्रमोहनीयेषु क्षपितेषु सत्सु सम्यक्त्वमोहनीये प्रभूततरे क्षपिते सम्यक्त्वमोहनीयस्य चरमांशस्य वेदनरूपं वेदकसम्यक्त्वम् । यदुक्तम् **श्रीविशेषावश्यकभाष्ये मलधारिश्रीहेमचन्द्रसूरिकृततट्टीकायाञ्च** -

'अथोक्तशेषं वेदकं, क्षायिकं च सम्यक्त्वमेकगाथया प्राह -

**वेययसम्मत्तं पुण सव्वोइयचरमपोग्गलावत्थं ।**
**खीणे दंसणमोहे तिविहम्मि वि खाइयं होइ ॥५३३॥**

(**छाया**- वेदकसम्यक्त्वं पुनः सर्वोदितचरमपुद्गलावस्थम् ।
क्षीणे दर्शनमोहे त्रिविधेऽपि क्षायिकं भवति ॥५३३॥)

**वृत्तिः** - वेदयत्यनुभवति सम्यक्त्वपुद्गलानिति वेदकोऽनुभविता, तदनर्थान्तरभूतत्वात् तत्सम्यक्त्वमपि वेदकम् । अथवा, यथा आह्रियत इत्याहारकम्, तथा वेद्यत इति वेदकम्, जीवादिवस्तुबोधं प्रति समिति सम्यग् अवैपरीत्येन, अञ्चति प्रवर्तत इति सम्यक्, तस्य भावः सम्यक्त्वं, वेदकं च तत् सम्यक्त्वं च **वेदकसम्यक्त्वम्** । तत् **पुनः** क्षपकश्रेणिं प्रतिपन्नस्याऽनन्तानुबन्धिकषायचतुष्टयमिथ्यात्वमिश्रपुञ्जेषु क्षपितेषु, सम्यक्त्वपुञ्जमप्युदीर्योदीर्याऽनुभूय निर्जरयतो निष्ठितोदीरणीयस्य **सर्वोदितचरमपुद्गलावस्थं** भवति । सर्वे च ते उदिताश्च ते च ते चरमपुद्गलाश्च सर्वोदितचरमपुद्गलास्तेऽवस्था स्वरूपं यस्य तत् तथा । इदमुक्तं भवति - क्षपितप्रायदर्शनसप्तकस्य सम्यक्त्वपुञ्जचरमपुद्गलग्रासमात्रमनुभवतो वेदकसम्यक्त्वं भवति ।

अत्राह - नन्वेवं सति क्षायोपशमिकेन सहाऽस्य को विशेषः, सम्यक्त्वपुञ्जपुद्गलानुभवस्योभयत्रापि समानत्वात् ? । सत्यम्, किन्त्वेतदशेषोदितपुद्गलानुभूतिमतः प्रोक्तम्, इतरत्तूदिताऽनुदिततत्पुद्गलस्य, एतन्मात्रकृतो विशेषः, परमार्थतस्तु क्षायोपशमिकमेवेदम्, चरमग्रासशेषाणां पुद्गलानां क्षयात्, चरमग्रासवर्तिनां तु मिथ्यात्वस्वभावापगमलक्षणस्योपशमस्य सद्भावादिति । अवश्यं चेदमङ्गीकर्तव्यम्, स्थानान्तरेषु बहुशः क्षायिकौपशमिक-क्षायोपशमिकलक्षणस्य त्रिविधस्यैव सम्यक्त्वस्याऽभिधानात् । तत्र च वेदकस्य क्षायोपशामिक एवाऽन्तर्भावः, कियन्मात्रभेदेन च भेद एवाऽङ्गीक्रियमाणे औदयिकसम्यक्त्वस्यापि प्राप्तेरतिप्रसङ्गः स्यादिति । अनन्तानुबन्धिकषायचतुष्टयक्षयानन्तरं मिथ्यात्वमिश्रसम्यक्त्वपुञ्जलक्षणे **त्रिविधेऽपि दर्शनमोहनीये** सर्वथा **क्षीणे** क्षायिकं **सम्यक्त्वं भवती**ति । तदेवमेतत्सम्यक्त्वपञ्चकपरिग्रहात् सम्यक्श्रुतम्, मिथ्यात्वपरिग्रहात्तु मिथ्याश्रुतं भवतीति प्रतिपत्तव्यमिति ॥५३३॥'

औपशमिकं सम्यक्त्वं द्विविधं - ग्रन्थिभेदसम्भवमुपशमश्रेणिसम्भवञ्च । ग्रन्थिभेदसम्भवमौपशमिकं सम्यक्त्वं मिथ्यात्वमोहनीयकर्मण उपशमेन निर्वृत्तम् । उपशमश्रेणिसम्भवमौपशमिकं सम्यक्त्वं दर्शनमोहनीयकर्मण उपशमेन निर्वृत्तम् । तत्र ग्रन्थिभेदसम्भवौपशमिकसम्यक्त्वस्य स्वरूपमित्थं प्रतिपादितं **षडशीतिनामचतुर्थकर्मग्रन्थवृत्तौ श्रीदेवेन्द्रसूरिभिः** -

'तथा उदीर्णस्य मिथ्यात्वस्य क्षये सति अनुदीर्णस्य उपशमः - विपाकप्रदेशवेदनरूपस्य द्विविधस्याप्युदयस्य विष्कम्भणं तेन निर्वृत्तमौपशमिकम्, तच्च द्विधा - ग्रन्थिभेदसम्भवमुप-

शमश्रेणिसम्भवं च । तत्र ग्रन्थिभेदसम्भवमेवम् - इह गम्भीरापारसंसारसागरमध्यमध्यासीनो जन्तुर्मिथ्यात्वप्रत्ययमनन्तान् पुद्गलपरावर्तान् अनन्तदुःखलक्षाण्यनुभूय कथमपि तथाभव्यत्वपरिपाकवशतो गिरिसरिदुपलघोलनाकल्पेनाऽनाभोगनिर्वर्तितयथाप्रवृत्तिकरणेन **''करणं परिणामोऽत्र''** इति वचनादध्यवसायविशेषरूपेणाऽऽयुर्वर्जानि ज्ञानावरणीयादिकर्माणि सर्वाण्यपि पल्योपमासङ्ख्येयभागन्यूनैकसागरोपमकोटाकोटीस्थितिकानि करोति, अत्र चाऽन्तरे जीवस्य कर्मजनितो घनरागद्वेषपरिणामरूपः कर्कशनिबिडचिरप्ररूढगुपिलवक्रग्रन्थिवद् दुर्भेदोऽभिन्नपूर्वो ग्रन्थिर्भवति । तदुक्तम् -

**'तीए वि थोवमित्ते, खविए इत्थंतरम्मि जीवस्स ।**
**हवइ हु अभिन्नपुव्वो, गंठी एवं जिणा बिंति ॥ ( धर्मसं० गा० ७५२ )**

**गंठि त्ति सुदुब्भेओ, कक्खडघणरूढगूढगंठि व्व ।**
**जीवस्स कम्मजणिओ, घणरागद्दोसपरिणामो ॥' ( विशेषा० गा० ११९५ )**

(**छाया**- तस्या अपि स्तोकमात्रे क्षपितेऽत्रान्तरे जीवस्य ।
भवति खलु अभिन्नपूर्वो ग्रन्थिरेवं जिना ब्रुवते ॥

ग्रन्थिरिति सुदुर्भेदः कर्कशघनरूढगूढग्रन्थिरिव ।
जीवस्य कर्मजनितो घनरागद्वेषपरिणामः ॥) इति ।

इमं च ग्रन्थिं यावद् अभव्या अपि यथाप्रवृत्तिकरणेन कर्म क्षपयित्वाऽनन्तशः समागच्छन्ति । उक्तं **चावश्यकटीकायाम्** -

'अभव्यस्यापि कस्यचिद् यथाप्रवृत्तिकरणतो ग्रन्थिमासाद्य अर्हदादिविभूतिदर्शनतः प्रयोजनान्तरतो वा प्रवर्तमानस्य श्रुतसामायिकलाभो भवति न शेषलाभ इति ॥' (पत्र ७६)

एतदनन्तरं कश्चिदेव महात्मा समासन्नपरमनिर्वृत्तिसुखः समुल्लसितप्रचुरदुर्निवारवीर्यप्रसरो निशितकुठारधारयेव परमविशुद्ध्या यथोक्तस्वरूपस्य ग्रन्थेर्भेदं विधाय मिथ्यात्वस्थितेरन्तर्मुहूर्तमुदयक्षणादुपर्यतिक्रम्याऽपूर्वकरणानिवृत्तिकरणलक्षणविशुद्धिजनितसामर्थ्योऽन्तर्मुहूर्तकालप्रमाणं तत्प्रदेशवेद्यदलिकाभावरूपमन्तरकरणं करोति । अत्र यथाप्रवृत्तिकरणापूर्वकरणानिवृत्तिकरणानामयं क्रमः -

**'जा गंठी ता पढमं, गंठिं समइच्छओ भवे बीयं ।**
**अनियट्टीकरणं पुण, सम्मत्तपुरक्खडे जीवे ॥' ( विशेषा० गा० १२०३ )**

(**छाया**- यावद् ग्रन्थिस्तावत् प्रथमं, ग्रन्थिं समतिक्रामतो भवेद् द्वितीयम् ।
अनिवृत्तिकरणं पुनः, पुरस्कृतसम्यक्त्वे जीवे ॥)

'**गंठिं समइच्छओ**' त्ति ग्रन्थिं समतिक्रामतः-भिन्दानस्येति, '**सम्मत्तपुरक्खडे**' त्ति सम्यक्त्वं पुरस्कृतं येन तस्मिन्, आसन्नसम्यक्त्वे जीवेऽनिवृत्तिकरणं भवतीत्यर्थः । एतस्मिंश्चान्तरकरणे कृते सति तस्य मिथ्यात्वकर्मणः स्थितिद्वयं भवति । अन्तरकरणादधस्तनी प्रथमा स्थितिरन्तर्मुहूर्तप्रमाणा, तस्मादेवान्तरकरणादुपरितनी शेषा द्वितीया स्थितिः । स्थापना ◓। तत्र प्रथमस्थितौ मिथ्यात्वदलिकवेदनादसौ मिथ्यादृष्टिरेव । अन्तर्मुहूर्तेन पुनस्तस्यामपगतायामन्तरकरणप्रथमसमय एव औपशमिकसम्यक्त्वमवाप्नोति, मिथ्यात्वदलिकवेदनाभावात् । यथा हि वनदावानलः पूर्वदग्धेन्धनमूषरं वा देशमवाप्य विध्यायति तथा मिथ्यात्ववेदनवनदावोऽप्यन्तरकरणमवाप्य विध्यायति, तथा च सति तस्यौपशमिकसम्यक्त्वलाभः । यदाहुः **श्रीपूज्यपादाः**-

'**ऊसरदेसं दड्ढिल्लयं च विज्झाइ वणदवो पप्प ।**
**इय मिच्छस्स अणुदए, उवसमसम्मं लहइ जीवो ॥' (विशेषा० गा० २७३४)** इति ।

(**छाया**- ऊषरदेशं दग्धं च विध्यायति वनदवः प्राप्य ।
इति मिथ्यात्वस्यानुदये औपशमिकसम्यक्त्वं लभते जीवः ॥)

व्यावर्णितं ग्रन्थिभेदसम्भवमौपशमिकसम्यक्त्वम् ॥१३॥'

उपशमश्रेणिप्रतिपत्तुकामो दर्शनमोहनीयमुपशमय्यौपशमिकं सम्यक्त्वं प्राप्नोति । दर्शनमोहनीयोपशमनायाः स्वरूपमेवं ज्ञेयं **कर्मप्रकृतिगतोपशमनाकरणमहोपाध्याय-श्रीयशोविजयगणिकृततद्वृत्तिभ्याम्** -

**'अहवा दंसणमोहं पुव्वं उवसामइत्तु सामन्ने ।**
**पढमठिइमावलियं करेइ दोण्हं अणुदियाणं ॥३३॥**

(**छाया**- अथवा दर्शनमोहं पूर्वं उपशमय्य श्रामण्ये ।
प्रथमस्थितिमावलिकां करोति द्वयोरनुदितयोः ॥३३॥)

**वृत्तिः** - तदेवं दर्शनमोहनीयं क्षपयित्वोपशमश्रेणिर्भवतीति प्रकारः उक्तः, अथ दर्शनमोहनीयमुपशमय्याप्युपशमश्रेणिप्रतिपत्तिर्भवतीति प्रकारान्तरमाह - **अथवा** इति प्रकारान्तरे । इह यदि वेदकसम्यग्दृष्टिः सन्नुपशमश्रेणिं प्रतिपद्यते ततो नियमाद्दर्शनमोहनीयत्रितयं **पूर्व-**

मुपशमयति, तच्च **श्रामण्ये** स्थितः सन्नुपशमयति । तथा चाह - श्रामण्ये स्थितः सन् दर्शनमोहनीयमुपशमय्यान्तरकरणं कुर्वन्न**नुदितयो**र्मिथ्यात्वसम्यङ्मिथ्यात्वयोः **प्रथमां स्थितिमावलिकामात्रां करोति,** सम्यक्त्वस्य चान्तर्मुहूर्त्तप्रमाणां, उत्कीर्यमाणं च दलिक-मन्तरकरणसत्कं त्रयणामपि सम्यक्त्वप्रथमस्थितौ प्रक्षिपति । अयमेवात्र विशेषः । शेष उपशमनाविधिरशेषोऽपि प्राग्वदेव करणत्रयानुगोऽवसेयः । अत्र मुखं व्यादाय स्वपीतीत्यत्रेव क्त्वाप्रत्ययस्य व्यत्ययेन प्रयोग इति प्रथमस्थितिमावलिकां कृत्वा पूर्वं दर्शनमोहनीयमुप-शमयतीति सम्मुखोऽर्थः । अन्तरकरणप्रवेशसमयादारभ्यान्तर्मुहूर्त्तेऽतिक्रान्ते गुणसङ्क्रमावसाने चात्र विध्यातसङ्क्रमः सम्यक्त्वस्य भवति, विध्यातसङ्क्रमेण मिथ्यात्वसम्यङ्मिथ्यात्व-योर्दलिकं सम्यक्त्वे प्रविशतीत्यर्थः । उक्तं च -

**''पढमुवसमं व सेसं अंतमुहुत्ताउ अस्स विज्झाओ ॥''**

(**छाया**- प्रथमोपशमः इव शेषं अन्तर्मुहूर्त्तात् अस्य विध्यातः ।) इति ॥३३॥'

औपशमिकसम्यक्त्वकाले अनन्तानुबन्धिकषायोदयेन द्वितीयं गुणस्थानं प्राप्तस्य जीवस्य सास्वादनं सम्यक्त्वं भवति । यदाह **षडशीतिवृत्तौ** -

'तथा ''**सासाण**'' त्ति सासादनं तत्र आयम् - औपशमिकसम्यक्त्वलक्षणं सादयति - अपनयति आसादनम् - अनन्तानुबन्धिकषायवेदनम्, अत्र पृषोदरादित्वाद् यशब्दलोपः, '**रम्यादिभ्यः**' (५-३-१२६) कर्तर्यनट्प्रत्ययः, सति ह्यस्मिन् परमानन्दरूपानन्तसुखदो निःश्रेयसतरुबीजभूतो ग्रन्थिभेदसम्भवौपशमिकसम्यक्त्वलाभो जघन्यतः समयमात्रेण उत्कर्षतः षड्भिरावलिकाभिरपगच्छतीति, ततः सह आसादनेन वर्तत इति सासादनम् । यद्वा सास्वादनं तत्र सम्यक्त्वलक्षणरसास्वादनेन वर्तत इति सास्वादनम्, यथा हि भुक्तक्षीरान्न-विषयव्यलीकचित्तपुरुषस्तद्वमनकाले क्षीरान्नरसमास्वादयति तथाऽत्रापि गुणस्थाने मिथ्यात्वा-भिमुखतया सम्यक्त्वस्योपरि व्यलीकचित्तस्य पुरुषस्य सम्यक्त्वमुद्वमतस्तद्रसास्वादो भवतीति इदं सास्वादनमुच्यत इति ॥१३॥'

चारित्रं सर्वसावद्ययोगविरतिरूपम् । यदाह **योगशास्त्रे** - '**सर्वसावद्ययोगानां त्यागश्चारित्रमिष्यते ।...॥१/१८॥**' तत् पञ्चविधम् । तद्यथा - १ सामायिकं, २ छेदोपस्थापनीयं, ३ परिहारविशुद्धिकं, ४ सूक्ष्मसम्परायं, ५ यथाख्यातञ्च । उक्तञ्च **श्रीदेवगुप्ताचार्यप्रणीतश्रीनवतत्त्वप्रकरणस्य श्रीअभयदेवसूरिविरचितभाष्ये यशोदेवोपाध्यायनिर्मिततट्टीकायाञ्च** -

'अधुना चरित्रं चेत्यस्यावसरस्तद्व्याचिख्यासुर्भाष्यकृत्तद्भेदप्रतिपादिकां गाथामाह –

**सामइयं छेओवट्ठवणं परिहारसुद्धियं चेव ।**
**तह सुहुमसंपरायं, अहखायं पंचमं चरणं ॥८८॥**

(**छाया**- सामायिकं छेदोपस्थापनं परिहारशुद्धिकं चैव ।
तथा सूक्ष्मसम्परायं यथाख्यातं पञ्चमं चरणम् ॥८८॥)

**वृत्तिः** - '**सामइयं**' इति समो रागद्वेषविरहितस्तस्यायनमयो गमनं सकलक्रियोपलक्षणं चैतत्सर्वैव क्रिया साधोररक्तद्विष्टस्य निर्जराफलेति समायः । यद्वा समस्यायो लाभः कर्म्मपरिशाटनलक्षणः स एव **सामायिकं 'स्वार्थिक इकण्'** सूत्रे च प्राकृतत्वात् '**सामइयं**' इति निर्द्देशः । तच्च प्रथमान्त्यतीर्थकरतीर्थयोरित्वरं प्रव्रज्याप्रतिपत्त्यनन्तराधीतशस्त्रपरिज्ञाध्ययनादेः छेदोपस्थाप्यसंयमारोपणे सामायिकव्यपदेशविगमात् । मध्यमतीर्थकरतीर्थेषु विदेहक्षेत्रवर्त्तिषु च यावज्जीविकम्, तस्य प्रव्रज्याप्रतिपत्तिकालादारभ्याप्राणोपरममवस्थितत्वादिति । '**छेओवट्ठवणं**' इति च्छेदश्च पूर्वस्य सामान्यसामायिकपर्यायस्य च्छेदनं पातनम्, उपस्थापनं च विशुद्धतरसर्वसावद्ययोगविरतावावस्थापनं विविक्ततरमहाव्रतारोपणं छेदोपस्थापने, ताभ्यां निर्वृत्तं परिणामविशेषरूपं चारित्रमभेदोपचारवृत्त्या **छेदोपस्थापनम्,** सूत्रे च '**छेओवट्ठवणं**' इति प्राकृतत्वादिति । तदपि सातिचारानतिचारभेदाद्द्विधा । तत्र सातिचारं भग्नमूलगुणस्य पुनर्व्रतारोपणे, निरतिचारं च शैक्षस्याधीतविशिष्टाध्ययनस्य मध्यमतीर्थकरशिष्यस्य वा चरमतीर्थकरशिष्यत्वमुपसम्पद्यमानस्य महाव्रतोपस्थापनायाम्, एतच्च द्विविधमप्याद्यान्ततीर्थकरतीर्थयोरेवेति । '**परिहारसुद्धियं चेव**' इति परिहरणं परिहारः परित्यागस्तेनोपलक्षितस्तपोविशेषोऽपि परिहारस्तेन शुद्धिर्निर्मलता यस्य चारित्रस्य तत्**परिहारशुद्धिकम्,** '**चेव**' इति च्छन्दःपूरणे । तत्प्रतिपन्नानां च नवको गणः, चत्वारः परिहारिणः, चत्वारश्चानुपरिहारिणः, कल्पस्थित एको वाचनाचार्यः, सर्वेऽपि चैते यद्यपि श्रुताद्यतिशयसमन्वितास्तथापि रुच्या कल्पस्थित एको व्यवस्थाप्यते । तत्र ये कालभेदेन विहितं तपोऽनुतिष्ठन्ति ते परिहारिणः, तेषां च जघन्यमध्यमोत्कृष्टं ग्रीष्मकाले चतुर्थषष्ठाष्टमभक्तलक्षणम्, शिशिरे षष्ठाष्टमदशमभक्तरूपम्, वर्षासु अष्टमदशमद्वादशभक्तस्वरूपं तपः । पारणके चाचाम्लमेव, तत्साहाय्यकारिणश्चानुपरिहारिणो नियताचाम्लभक्ताः, कल्पस्थितोऽपि नियताचाम्ल एव । इत्थं च षण्मासान् कृत्वा परिहारिणोऽनुपरिहारित्वं प्रतिपद्यन्ते, अनुपरिहारिणश्च परिहारिणो भवन्ति, तेऽपि षण्मासांस्तत्तपो विदधति । पश्चात्कल्पस्थित एकाक्येव षण्मासावधिकं तत्तपः प्रतिपद्यते, तस्य च तन्मध्य एवैकः कल्पस्थितो भवत्यन्ये

चानुपरिहारका एको वानुपरिहारीति । एवं च पुरुषभेदेनैतदपि द्विधा - निर्विश्यमानकं निर्विष्टकायिकं च । तत्र निर्विश्यमानकमासेव्यमानकमुपभुज्यमानमित्यर्थः । निर्विष्टकायिकं चासेवितमुपभुक्तं तत्सहयोगात्तदनुष्ठायिनोऽपि निर्विश्यमानका निर्विष्टकायिकाश्चोच्यन्ते । एषां चैतच्चारित्रमष्टादशभिर्मासैः परिसमाप्यते, तत्समाप्तौ च केचित्तदेव पुनः प्रतिपद्यन्ते, केचित्तु जिनकल्पमन्ये स्वगच्छं वा विशन्ति । परिहारविशुद्धिकाश्च स्थितकल्प एव प्रथम-चरमतीर्थकरतीर्थयोरेव न मध्यमतीर्थेष्विति । **'तह सुहुमसंपरायं'** इति **'तथा'** समुच्चये । सूक्ष्मः सूक्ष्मकिट्टीकृतः सम्परायः कषायो लोभलक्षणो यत्र तत्**सूक्ष्मसम्परायम्,** तच्च सङ्क्लिश्यमानकविशुध्यमानकभेदाद्द्विधा । तत्रोपशमश्रेण्याः प्रतिपतत आद्यम्, क्षपक-श्रेण्युपशमश्रेण्योरारोहतो द्वितीयम् । क्षपकोपशमश्रेणिस्वरूपं तु -

**''अणमिच्छमीससम्मं, अट्ठ नपुंसित्थिवेयछक्कं च ।**
**पुमवेयं च खवेई, कोहाईए अ संजलणे ॥१॥ ( विशेषावश्यकभाष्यम् १३१३ )**
**अणदंसणपुंसित्थी-वेयच्छक्कं च पुरिसवेयं च ।**
**दो दो एगंतरिए सरिसे सरिसं उवसमेइ ॥२॥'' ( विशेषावश्यकभाष्यम् १२८४ )**

(**छाया**- अन-मिथ्या-मिश्र-सम्यक्त्वं, अष्ट नपुंसक-स्त्रीवेद-षट्कं च ।
पुंवेदं च क्षपयति, क्रोधादींश्च सञ्ज्वलनान् ॥१॥
अन-दर्श-नपुंसक-स्त्रीवेद-षट्कं च पुरुषवेदं च ।
द्वौ द्वावेकान्तरितौ सदृशौ सदृशमुपशमयति ॥२॥)

**'अहखायं पंचमं चरणं'** इति अथशब्दो यथाशब्दार्थे, यथाख्यातं भणितं भगवद्भि-रर्हद्भिश्चारित्रं तथा यद्भवति त**दथाख्यातम्,** कथं चाख्यातं भगवद्भिः ? इति चेद्ब्रूमः - अकषायं कषायविगमश्चैकादशद्वादशयोर्गुणस्थानकयोरुपशान्तक्षीणमोहलक्षणयोरुपशान्तत्वा-त्क्षीणत्वाच्च कषायाणां बोद्धव्यः, एत**त्पञ्चमं चरणं** चारित्रम् । इति गाथार्थः ॥८८॥'

व्रतानि साधूनामव्रतेभ्यः सर्वथा विरमणरूपाणि महाव्रतानि । यदुक्तम् - **'हिंसा-नृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ॥७/१॥' ( तत्त्वार्था० )** तानि पञ्चविधानि । तद्यथा - १ प्राणातिपातविरमणमहाव्रतं, २ मृषावादविरमणमहाव्रतं, ३ अदत्तादान-विरमणमहाव्रतं, ४ मैथुनविरमणमहाव्रतं ५ परिग्रहविरमणमहाव्रतञ्च । यदाहुः **योग-शास्त्रे तद्वृत्तौ** च -

**'अहिंसासूनृतास्तेयब्रह्मचर्यापरिग्रहाः ।**
**पञ्चभिः पञ्चभिर्युक्ता भावनाभिर्विमुक्तये ॥१/१९॥**

**वृत्तिः** - अहिंसादयश्च पञ्चापि प्रत्येकं पञ्चविधभावनाभ्यर्हिताः सन्तः स्वकार्यजननं प्रति अप्रतिबद्धसामर्थ्या भवन्तीति पञ्चभिरित्याद्युक्तम् ॥१/१९॥

प्रथमं मूलगुणमाह -

**न यत्प्रमादयोगेन जीवितव्यपरोपणम् ।**
**त्रसानां स्थावराणां च तदहिंसाव्रतं मतम् ॥१/२०॥**

**वृत्तिः** - प्रमादोऽज्ञानसंशयविपर्ययरागद्वेषस्मृतिभ्रंशयोगदुष्प्रणिधानधर्मानादरभेदादष्ट-विधः । तद्योगात्त्रसानां स्थावराणां च जीवानां प्राणव्यपरोपणं हिंसा । तन्निषेधादहिंसा प्रथमं व्रतम् ॥१/२०॥

द्वितीयमाह -

**प्रियं पथ्यं वचस्तथ्यं सूनृतव्रतमुच्यते ।**
**तत्तथ्यमपि नो तथ्यमप्रियं चाहितं च यत् ॥१/२१॥**

**वृत्तिः** - **तथ्यं वचो**ऽमृषारूपमुच्यमानं **सूनृतव्रतमुच्यते** । किंविशिष्टं तथ्यं ? **प्रियं पथ्यं** च, तत्र प्रियं यत् श्रुतमात्रं प्रीणयति, पथ्यं यदायतौ हितम् । ननु तथ्यमेवैकं विशेषणमस्तु सत्यव्रताधिकारात् प्रियपथ्ययोस्तु कोऽधिकारः ? अत आह - **तत्तथ्यमपी**ति व्यवहारापेक्षया तथ्यमपि **यदप्रियं** यथा चौरं प्रति चौरस्त्वं कुष्ठिनं प्रति कुष्ठी त्वमिति तदप्रियत्वान्न **तथ्यम्** । तथ्यमप्य**हितं** यथा मृगयुभिः पृष्टस्यारण्ये मृगान् दृष्टवतो मया मृगा दृष्टा इति तज्जन्तुघातहेतुत्वन्न **तथ्यम्** ॥१/२१॥

तृतीयमाह -

**अनादानमदत्तस्यास्तेयव्रतमुदीरितम् ।**
**बाह्याः प्राणा नृणामर्थो हरता तं हता हि ते ॥१/२२॥**

**वृत्तिः** - वित्तस्वामिना **अदत्तस्य** वित्तस्य **यदनादानं तदस्तेयव्रतम्** । तच्च स्वामिजीवतीर्थकरगुर्व्वदत्तभेदेन चतुर्विधम् । तत्र स्वाम्यदत्तं तृणोपलकाष्ठादिकं तत्स्वामिना यददत्तम् । जीवादत्तं यत्स्वामिना दत्तमपि जीवेनादत्तं यथा प्रव्रज्यापरिणामविकलो मातापितृभ्यां पुत्रादिर्गुरुभ्यो दीयते । तीर्थकरादत्तं यत्तीर्थकरैः प्रतिषिद्धमाधाकर्मिकादि गृह्यते । गुर्व्वदत्तं नाम स्वामिना दत्तमाधाकर्म्मिकादिदोषरहितं गुरूनननुज्ञाप्य यद्गृह्यते । नन्व-हिंसापरिकरत्वं सर्व्वव्रतानामदत्तादाने तु केव हिंसा येनाहिंसापरिकरत्वं स्यादित्युक्तं **बाह्याः प्राणा** इत्यादि । यदि स्तेयस्य प्राणहरणस्वरूपं मृग्यते तदा तदस्त्येव ॥१/२२॥

चतुर्थमाह –

**दिव्यौदारिककामानां कृतानुमतिकारितैः ।**
**मनोवाक्कायतस्त्यागो ब्रह्माष्टादशधा मतम् ॥१/२३॥**

**वृत्तिः** – दिवि भवा दिव्याः ते च वैक्रियशरीरसम्भवाः । औदारिकाश्च औदारिक-तिर्यग्मनुष्यदेहप्रभवास्ते च ते काम्यन्त इति कामाश्च तेषां त्यागोऽब्रह्मनिषेधात्मकं ब्रह्मचर्य-व्रतम् । तच्चाष्टादशधा मनसा अब्रह्म न करोमि न कारयामि कुर्वन्तमपि परं नानुमन्ये । एवं च वचसा कायेन वेति दिव्ये ब्रह्मणि नव भेदाः । एवमौदारिकेऽपीत्यष्टादश । यदाह –

**'दिव्यात्कामरतिसुखात् त्रिविधं त्रिविधेन विरतिरिति नवकम् ।**
**औदारिकादपि तथा तद्ब्रह्माष्टादशविकल्पम् ॥१७७॥' (प्रशमरतिः)** इति ॥

कृतानुमतिकारितैरिति मनोवाक्कायत इति च मध्ये कृतत्वात्पूर्वोत्तरेष्वपि महाव्रतेषु सम्बन्धनीयम् ॥१/२३॥

पञ्चममाह –

**सर्वभावेषु मूर्च्छायास्त्यागः स्यादपरिग्रहः ।**
**यदसत्स्वपि जायेत मूर्च्छया चित्तविप्लवः ॥१/२४॥**

**वृत्तिः** – **सर्वभावेषु** द्रव्यक्षेत्रकालभावरूपेषु यो **मूर्च्छाया** गार्द्ध्यस्य **त्यागो** न तु द्रव्यादित्यागमात्रं सोऽपरिग्रहव्रतम् । ननु परिग्रहत्यागोऽपरिग्रहव्रतं स्यात् किं मूर्छात्यागलक्षणेन तल्लक्षणेन ? अत आह – **यदसत्स्वपी**ति । यस्मादसत्स्वप्यविद्यमानेष्वपि द्रव्यक्षेत्र-कालभावेषु **मूर्च्छया चित्तविप्लवः** स्यात् । चित्तविप्लवः प्रशमसौख्यविपर्यासः । असत्यपि धने धनगर्द्धवतो राजगृहनगरद्रमकस्येव चित्तसङ्क्लेशो दुर्गतिपातनिबन्धनं भवति । सत्यपि वा द्रव्यक्षेत्रकालभावलक्षणे सामग्रीविशेषे तृष्णाकृष्णाहिनिरुपद्रवमनसां प्रशमसुखप्राप्त्या चित्तविप्लवाभावः । अत एव धर्म्मोपकरणधारिणां यतीनां शरीरे उपकरणे च निर्ममत्वानाम-परिग्रहत्वम् । यदाह –

**'यद्वत्तुरगः सत्स्वप्याभरणभूषणेष्वनभिषक्तः ।**
**तद्वदुपग्रहवानपि न सङ्गमुपयाति निर्ग्रन्थः ॥१४१॥' (प्रशमरतिः)**

यथा च धर्मोपकरणवतामपि मूर्च्छारहितानां मुनीनां न परिग्रहग्रहित्वदोषस्तथा व्रतिनी-नामपि गुरूपदिष्टधर्म्मोपकरणधारिणीनां रत्नत्रयवतीनां, तेन तासां धर्म्मोपकरणपरिग्रहमात्रेण मोक्षापवादः प्रलापमात्रम् ॥१/२४॥'

प्ररूपणादिप्रकारेण व्यवह्रियते जीवादिवस्त्वनेनेति व्यवहारः । स पञ्चविधः । तद्यथा - १ आगमव्यवहारः, २ श्रुतव्यवहारः, ३ आज्ञाव्यवहारः, ४ धारणाव्यवहारः ५ जीतव्यवहारश्च । उक्तञ्च **श्रीपुष्पमालायां तद्वृत्तौ** च -

'तत्र पञ्चप्रकारव्यवहारस्वरूपदर्शनार्थमाह -

**आगम सुय आणा धारणा य जीयं च होइ ववहारो ।**
**केवलिमणोहिचउदसदसनवपुव्वाइं पढमोऽत्थ ॥३५७॥**

(**छाया**- आगमः श्रुतं आज्ञा धारणा च जीतं च भवति व्यवहारः ।
केवलिमनअवधिचतुर्दशनवपूर्वाणि प्रथमोऽत्र ॥३५७॥)

**वृत्तिः** - व्यवह्रियन्ते जीवादयोऽनेनेति व्यवहारः, अथवा व्यवहरणं व्यवहारः मुमुक्षु-प्रवृत्तिनिवृत्तिरूपस्तत्कारणत्वात् ज्ञानविशेषा अपि व्यवहारः, स पञ्चभेदः, तद्यथा - आगम्यन्ते-परिच्छिद्यन्ते पदार्था अनेने**त्यागमः** १, श्रवणं श्रूयत इति वा **श्रुतं** २ आज्ञायते-आदिश्यत इ**त्याज्ञा** ३ धरणं **धारणा** ४ जीयत इति **जीतं** ५, तत्र प्रथम आगमव्यवहारः क इत्याह-केवलज्ञानं मनःपर्यायज्ञानं अवधिज्ञानं चतुर्दश पूर्वाणि दश पूर्वाणि नव पूर्वाणि एषः सर्वोऽप्यागमव्यवहार उच्यत इति गाथार्थः ॥ इह च यदि केवली प्राप्यते तदा तस्यैवालोचना दीयते, तदभावे मनःपर्यायज्ञानिनः, तस्याप्यभावे अवधिज्ञानिन इत्यादि यथाक्रमं वाच्यम् ॥३५७॥

तत्र प्रस्तुतश्रुतादिव्यवहारनिरूपणार्थमाह -

**आयारपगप्पाई सेसं सव्वं सुयं विणिद्दिट्ठं ।**
**देसंतरट्ठियाणं गूढपयालोयणा आणा ॥३६०॥**

(**छाया**- आचारप्रकल्पादि शेषं सर्वं श्रुतं विनिर्दिष्टम् ।
देशान्तरस्थितानां गूढपदालोचना आज्ञा ॥३६०॥)

**वृत्तिः** - आचारप्रकल्पो-निशीथस्तदादिकं कल्पव्यवहारदशाश्रुतस्कन्धप्रभृतिकं **शेषं-श्रुतं सर्व**मपि श्रुतव्यवहारः, चतुर्दशादिपूर्वाणां श्रुतत्वाविशेषेऽप्यतीन्द्रियार्थेषु विशिष्ट-ज्ञानहेतुत्वेन सातिशयत्वात् केवलादिवदागमत्वेनैव तानि व्यपदिष्टानि, **देशान्तरस्थित-योर्गुरुशिष्ययोर्गूढपदालोचना त्वाज्ञा**ऽभिधीयते, इदमुक्तं भवति-केनापि शिष्येणालोचना-चार्यः सन्निहितो न प्राप्तो, दूरे त्वसौ तिष्ठति, ततः केनचित् कारणेन स्वयं तावत्तत्र गन्तुं न

शक्नोति, अगीतार्थस्तु कश्चित्तत्र गन्ता विद्यते, तस्य हस्ते आगमभाषया गूढान्यपराधपदानि लिखित्वा यदा शिष्यः प्रस्थापयति गुरुरपि तथैव गूढपदैः प्रायश्चित्तं लिखित्वा प्रेषयति तदाऽसौ आज्ञालक्षणस्तृतीयो व्यवहारो द्रष्टव्य इति गाथार्थः ॥३६०॥

धारणाव्यवहारमाह –

**गीयत्थेणं दिन्नं सुद्धिं अवधारिऊण तह चेव ।**
**दिंतस्स धारणा सा उद्धियपयधरणरूवा वा ॥३६१॥**

(**छाया**– गीतार्थेन दत्तां शुद्धिं अवधार्य तथैव ।
ददतो धारणा सा उद्धृतपदधारणरूपा वा ॥३६१॥)

**वृत्तिः** – इह केनचिद्गीतार्थसंविग्नेन गुरुणा कस्यापि शिष्यस्य क्वचिदपराधे द्रव्याद्यपेक्षया या शुद्धिः प्रदत्ता तां **शुद्धिं तथैवावधार्य** सोऽपि शिष्यो यदाऽन्यत्रापि तद्रूप एव अपराधे **तथैव** प्रयुङ्क्ते तदाऽसौ **धारणा** नाम चतुर्थो व्यवहार इष्यते, **उद्धृतपदधरणरूपा वा** धारणा, इदमुक्तं भवति–वैयावृत्यकरणादिना कश्चिद्गच्छोपकारी साधुः अद्याप्यशेषच्छेदश्रुतयोग्यो न भवति, ततस्तस्यानुग्रहं कृत्वा यदा गुरुरुद्धृतान्येव कानिचित् प्रायश्चित्तपदानि कथयति तदा तस्य तेषां पदानां धरणं धारणाऽभिधीयते इति गाथार्थः ॥३६१॥

जीतव्यवहारमाह –

**दव्वाइ चिंतिऊणं संघयणाईण हाणिमासज्ज ।**
**पायच्छित्तं जीयं रूढं वा जं जहिं गच्छे ॥३६२॥**

(**छाया**– द्रव्यादि चिन्तयित्वा संहननादीनां हानिमाश्रित्य ।
प्रायश्चित्तं जीतं रूढं वा यत् यत्र गच्छे ॥३६२॥)

**वृत्तिः** – येष्वपराधेषु पूर्वमहर्षयो बहुना तपःप्रकारेण शुद्धिं कुर्वन्तस्तेष्वप्यपराधेषु साम्प्रतं द्रव्यक्षेत्रकालभावान् विचिन्त्य **संहननादीनां** च **हानिमासाद्य** समुचितेन केनचित्तपःप्रकारेण यां गीतार्थाः शुद्धिं निर्दिशन्ति तत् समयपरिभाषया **जीत**मुच्यते, अथवा **यद् यत्र गच्छे** सूत्रातिरिक्तं कारणतः प्रायश्चित्तं प्रवर्त्तितं तत्तत्र **रूढं** जीतमुच्यत इति गाथार्थः ॥ तदेवमेतेषां पञ्चानां व्यवहाराणामन्यतरेणापि व्यवहारेण युक्त एव प्रायश्चित्तप्रदाने गीतार्थो गुरुरधिक्रियते, न त्वगीतार्थः ॥३६२॥'

आचरणमाचारः । स पञ्चधा । तद्यथा – १ ज्ञानाचारः, २ दर्शनाचारः, ३ चारित्रा–

चारः, ४ तपआचारः ५ वीर्याचारश्च । यदुक्तं **श्रीदशवैकालिकसूत्रनिर्युक्तौ हरिभद्रसूरिदृब्धतद्वृत्तौ च** -

**'दंसणनाणचरित्ते तवआयारे य वीरियायारे ।**
**एसो भावायारो पंचविहो होइ नायव्वो ॥१८१॥**

(**छाया**- दर्शनज्ञानचारित्रे तपआचारे च वीर्याचारे ।
एष भावाचारः पञ्चविधो भवति ज्ञातव्यः ॥१८१॥)

**वृत्तिः** - दर्शनज्ञानचारित्रादिष्वाचारशब्दः प्रत्येकमभिसम्बध्यते, दर्शनाचारो ज्ञानाचारश्चारित्राचारस्तपआचारो वीर्याचारश्चेति । तत्र दर्शनं सम्यग्दर्शनमुच्यते, न चक्षुरादिदर्शनं, तच्च क्षायोपशमिकादिरूपत्वाद्भाव एव, ततश्च तदाचरणं दर्शनाचार इत्येवं शेषेष्वपि योजनीयं, भावार्थं तु वक्ष्यति **एष भावाचारः पञ्चविधो भवति ज्ञातव्यः**, इति गाथाक्षरार्थः ॥१८१॥'

तत्र ज्ञानाचार-दर्शनाचार-चारित्राचारस्वरूपं षष्ठषर्ट्त्रिंशिकावृत्तौ वक्ष्यते । द्वादशविधं तप एव तपआचारः । तत्स्वरूपं प्रथमषर्ट्त्रिंशिकावृत्तौ प्रोक्तम् । अनिगूहितबलवीर्यस्य ज्ञानादिषु यथाशक्ति प्रवर्त्तनरूपो वीर्याचारः । स मनोवाक्कायभेदात् त्रिविधः । तत्स्वरूपं पञ्चत्रिंशत्तमषर्ट्त्रिंशिकावृत्तौ वक्ष्यते ।

समितिः शोभनप्रवृत्तिरूपा । सा पञ्चप्रकारा । तद्यथा - १ ईर्यासमितिः, २ भाषासमितिः, ३ एषणासमितिः, ४ आदाननिक्षेपणासमितिः ५ परिष्ठापनासमितिश्च । यदाहुः **पुष्पमालायां तद्वृत्तौ** च -

**'इरिया भासा एसण आयाणे तह परिट्ठवणसमिई ।....॥१७०॥**

(**छाया**- ईर्या भाषा एषणा आदानं तथा परिष्ठापनसमितिः ।....॥१७०॥)

**वृतिः** - सम्यक् - सर्वज्ञप्रवचनानुसारितया इतिः आत्मनश्चेष्टा समितिरिति तान्त्रिकी सञ्ज्ञा, समितिशब्दस्य सर्वत्र योगाद् ईरण**मीर्या**-गमनागमनचेष्टा तद्विषया समितिरीर्यासमितिः, एवं भाषासमितिः एषणासमितिः, '**आयाणे**' त्ति एकारस्यालाक्षणिकत्वात् देशेन च समुदायगमनाद् आदानं पीठफलकादेर्ग्रहणं निक्षेपणं-तस्यैव मोचनं तद्विषया समितिरादाननिक्षेपणासमितिः, **तथा परिष्ठापनसमिति**रित्येताः पञ्च समितयः ।'

समितीनां स्वरूपमेवं प्रोक्त**मुपदेशमालायां तद्वृत्तौ च** -

'साम्प्रतमेनामेव प्रतिपदं व्याचष्टे, तत्राद्यं समितिपदं ताश्च पञ्चाऽतस्तावदाद्यामधिकृत्याह -

**जुगमित्तंतरदिट्ठी, पयं पयं चक्खुणा विसोहिंतो ।**
**अव्वक्खित्ताउत्तो, इरियासमिओ मुणी होइ ॥२९६॥**

(**छाया**- युगमात्रान्तरदृष्टिः, पदं पदं चक्षुषा विशोधयन् ।
अव्याक्षिप्तः आयुक्तः, ईर्यासमितः मुनिः भवति ॥२९६॥)

**वृत्तिः** - '**जुग**' गाहा, युगमात्रमन्तरमन्तरालं यस्याः सा तथा, युगमात्रान्तरा दृष्टिर्यस्येति समासः । इह चातिदूरात्यासन्ननिरीक्षणे जन्त्वदर्शनयोगातिप्रवृत्तिदोषाद्युगमात्रक्षेत्रनियमनं, **पदं पदं चक्षुषा विशोधयन्** पार्श्वयोः पृष्ठतश्चोपयोगं ददन्नित्यर्थः, **अव्याक्षिप्तः** शब्दादिषु रागद्वेषावगच्छन्ना**युक्तो** धर्मध्यानोपयुक्तः सन् किं ?, ईरणमीर्या गमनमित्यर्थः, तस्यां सम्यगितः **ईर्यासमितः**, यथोक्तगमनानुष्ठायी **मुनिर्भवती**ति ॥२९६॥

अधुना भाषासमितिमुररीकृत्याह -

**कज्जे भासइ भासं, अणवज्जमकारणे न भासइ य ।**
**विगहविसुत्तियपरि-वज्जिओ य जइ भासणासमिओ ॥२९७॥**

(**छाया**- कार्ये भाषते भाषां, अनवद्यामकारणे न भाषते च ।
विकथाविश्रोतसिकापरि-वर्जितश्च यतिः भाषणासमितः ॥२९७॥)

**वृत्तिः** - '**कज्जे**' गाहा, **कार्ये** ज्ञानादिविषये **भाषते भाषां**, तत्राप्य**नवद्याम**पापाम्, **अकारणे** पुनर्निष्प्रयोजनं **न भाषते च** न जल्पत्येव, अत एवाह - विकथा स्त्रीकथादिः, विश्रोतसिका दुष्टान्तर्जल्परूपा, ताभ्यां परि समन्ताद् वर्जितो **विकथाविश्रोतसिका-परिवर्जितः**, **च**शब्दात् षोडशवचनविधिज्ञश्च **यतिः** साधुः भाषणं भाषणा वाक् तस्यां समितो **भाषणासमित** इति ॥२९७॥

साम्प्रतमेषणासमितिमुररीकृत्याह -

**बायालमेसणाओ, भोयणदोसे य पंच सोहेइ ।**
**सो एसणाइ समिओ, आजीवी अन्नहा होइ ॥२९८॥**

(**छाया**- द्विचत्वारिंशदेषणाः, भोजनदोषांश्च पञ्च शोधयति ।
स एषणायां समितः, आजीवी अन्यथा भवति ॥२९८॥)

**वृत्तिः** - '**बायाल०**' गाहा, **द्विचत्वारिंशदे**ष्यते अन्विष्यते पिण्डो यकाभिस्ता **एषणा** आधाकर्मादिकदोषाः सामान्यव्युत्पत्त्या गृह्यन्ते । तत्रोद्गमदोषाः षोडश ते चामी -

**'आहाकम्मुद्देसिय-पूइयकम्मे य मीसजाए य ।**
**ठवणा पाहुडियाए, पाओयरकीयपामिच्चे ॥१॥**

**परियट्टिए अभिहडे, उब्भिन्ने मालोहडे य अच्छिज्जे ।**
**अणिसिट्ठेझोयरए सोलस पिंडोग्गमे दोसा ॥२॥'**

(**छाया**- आधाकर्म औद्देशिकं पूतिकर्म च मिश्रजातं च ।
स्थापना प्राभृतिका, प्रादुष्करणं क्रीतं अपमित्यम् ॥१॥

परिवर्त्तितं अभिहृतं, उद्भिन्नं मालापहृतं च आच्छेद्य ।
अनिसृष्टं अध्यवपूरकं, षोडश पिण्डोद्गमे दोषाः ॥२॥)

उत्पादनादोषा अपि षोडश, ते चाऽमी -

**'धाई दूइनिमित्ते, आजीववणीमगे तिगिच्छा य ।**
**कोहे माणे माया-लोभे य हवंति दस एए ॥३॥**

**पुव्वि पच्छासंथव-विज्जामंते य चुन्नजोगे य ।**
**उप्पायणाइ दोसा, सोलसमे मूलकम्मे य ॥४॥'**

(**छाया**- धात्री दूती निमित्तं, आजीवः वनीपकः चिकित्सा च ।
क्रोधः मानः माया, लोभश्च भवन्ति दश एते ॥३॥

पूर्वपश्चात्संस्तवः, विद्या मन्त्रश्च चूर्णं योगश्च ।
उत्पादनायां दोषाः, षोडशः मूलकर्म्म च ॥४॥)

एषणादोषाः दश, ते चैते -

**'संकियमक्खियनिक्खित्तपिहियसाहरियदायगुम्मीसे ।**
**अपरिणयलित्तछड्डिय, एसणदोसा दस हवंति ॥'**

(**छाया**- शङ्कितं म्रक्षितं निक्षिप्तं पिहितं संहृतं दायक उन्मिश्रम् ।
अपरिणतं लिप्तं छर्द्दितं, एषणदोषा दश भवन्ति ॥)

एते सर्वेऽपि मीलिता द्विचत्वारिंशदेषणा उक्ताः मकारस्त्वागमी, तथा **भोजनदोषाँश्च**

**पञ्च शोधय**त्यकरणेन मुनिः, ते चामी –

**'संजोयणा पमाणे इंगाले धूमकारणे चेव त्ति ।'**

(**छाया**– संयोजना प्रमाणं अङ्गारः धूमः कारणं चैव इति ।)

**स** साधु**रेषणायां समित** इत्युच्यते । **आजीवी** लिङ्गोपजीवको वेषविडम्बको**ऽन्यथा** एतद्वैपरीत्ये **भवति** गुणशून्यत्वादिति ॥२९८॥

इदानीमाददाननिक्षेपणासमितिमाह –

**पुव्विं चक्खू परिक्खिय, पमज्जिउं जो ठवेइ गिण्हइ वा ।**
**आयाणभंडनिक्खेवणाए समिओ मुणी होइ ॥२९९॥**

(**छाया**– पूर्वं चक्षुषा परीक्ष्य प्रमृज्य यः स्थापयति गृह्णाति वा ।
आदानभाण्डनिक्षेपणायां समितो मुनिर्भवति ॥२९९॥

**वृत्तिः** – '**पुव्विं**' गाहा, **पूर्वं** प्रथमं '**चक्खु**' त्ति **चक्षुषा परीक्ष्या**ऽवलोक्य प्रदेशं **प्रमृज्य** रजोहरणेन **यः** साधुः **स्थापयति** भाजनादिकं **गृह्णाति** वा तथैव, स किम् ? आदानेन सह निक्षेपणा आदाननिक्षेपणा भाण्डस्योपकरणस्यादाननिक्षेपणा भाण्डाददाननिक्षेपणा, गाथायां तु भाण्डशब्दस्य मध्यनिपातः प्राकृतशैल्या, तस्यां **समितो मुनिर्भवति** ॥२९९॥

अधुना पञ्चमसमितिमधिकृत्याह –

**उच्चारपासवणखेलजल्ल-सिंघाणए य पाणविही ।**
**सुविवेइए पएसे, निसिरंतो होइ तस्समिओ ॥३००॥**

(**छाया**– उच्चारप्रस्रवणखेलजल्लसिङ्घानकांश्च प्राणिविधीन् ।
सुविवेचिते प्रदेशे, निःसृजन् भवति तत्समितः ॥३००॥)

**वृत्तिः** – '**उच्चार०**' गाहा, उच्चारः पुरीषं, प्रस्रवणं मूत्रं, खेलः श्लेष्मा, जल्लो देहमलः, सिंहानको नासिकामलः, उच्चारश्च प्रस्रवणं चेत्यादिद्वन्द्वः, तान्, **च**शब्दादतिरिक्ता-ऽशुद्धभक्तपानोपकरणानि च **प्राणिविधीन्** जन्तुभेदाननेकाकारान् कथञ्चिदुपकरणा-दावापतितान् **सुविवेचिते प्रदेशे निःसृजन्** परिष्ठापयन् **भवति तत्समितः** परिष्ठापनासमित इति ।

इह च सुविविक्ते स्थाने स्थावरजङ्गमजन्तुरहिते प्रदेशे इति वक्तव्ये सुविवेचिते यदुक्तं

तत्सुविविक्तेऽपि स्वयमसुविवेचिते चक्षुषा रजोहरणेन च परिष्ठापयन्न तत्समित इति ज्ञापनार्थम् ॥३००॥'

आ-मर्यादया सिद्धान्तोक्तन्यायेन अध्ययनं-पठनं आध्यायः, सुष्ठु-शोभन आध्यायः स्वाध्यायः । स पञ्चविधः । तद्यथा - १ वाचना, २ पृच्छना, ३ परावर्त्तनम्, ४ अनुप्रेक्षा ५ धर्मकथा च । उक्तञ्च **तत्त्वार्थाधिगमसूत्रे तद्भाष्ये च श्रीउमास्वाति-वाचकवर्यैः** -

**'वाचना-प्रच्छना-ऽनुप्रेक्षा-ऽऽम्नाय-धर्मोपदेशाः ॥९/२५॥**

**भाष्यम्** - स्वाध्यायः पञ्चविधः । तद्यथा - वाचना, प्रच्छनं, अनुप्रेक्षा, आम्नायः, धर्मोपदेश इति । तत्र वाचनं शिष्याध्यापनम् । प्रच्छनं ग्रन्थार्थयोः । अनुप्रेक्षा ग्रन्थार्थयोरेव मनसाऽभ्यासः । आम्नायो घोषविशुद्धं परिवर्त्तनं गुणनं, रूपादानमित्यर्थः । अर्थोपदेशो व्याख्यानं अनुयोगवर्णनं धर्मोपदेश इत्यनर्थान्तरम् ॥९/२५॥'

स्वाध्यायस्य विधिरित्थं ज्ञेयः -

**'पल्हट्ठियमवट्ठुंभं, तहा पायप्पसारणं ।**
**वज्जिज्जा विगहं हासं, अहिज्जंतो सया सुयं ॥'**

(**छाया**- पर्यस्तिकामवष्टम्भं, तथा पादप्रसारणम् ।
विवर्जयेत् विकथां हासं, अधीयानः सदा श्रुतम् ॥)

**उत्तराध्ययनसूत्रवृत्त्योरुक्तम्** -

**'आसणगओ ण पुच्छिज्जा, णेव सिज्जागओ कया ।**
**आगम्मुकुडुओ संतो, पुच्छिज्जा पंजलीउडो ॥१/२२॥**

(**छाया**- आसनगतो न पृच्छेत्, नैव शय्यागतः कदा ।
आगम्य उत्कुटुकः सन्, पृच्छेत् प्राञ्जलिपुटः ॥१/२२॥)

**वृत्तिः** - **आसनगत** आसनासीनो **न पृच्छेत्**सूत्रादिकमिति शेषः, **नैव शय्यागतः** संस्तारकस्थितस्तथाविधावस्थां विनेति गम्यते, कदाचिद्बहुश्रुतत्वेऽपि, अयंभावः - बहुश्रुतेनापि संशये सति प्रष्टव्यं, पृच्छता च गुरोरवज्ञा न कार्या, सदापि गुरुविनयस्यानति-क्रमणीयत्वादिति, किं तर्हि कुर्यादित्याह - **'आगम्मे'**त्यादि **आगम्य** गुरुपार्श्वमेत्य **उत्कुटुको**

मुक्तासनः कारणे पादपुञ्छनादिगतो वा **सन् पृच्छेत्** सूत्रादिकमिति शेषः, **प्राञ्जलिपुटः** कृताञ्जलिरिति सूत्रार्थः ॥१/२२॥

ईदृशस्य शिष्यस्य गुरुणा यत्कार्यं तदाह -

**एवं विणयजुत्तस्स, सुत्तं अत्थं च तदुभयं ।**
**पुच्छमाणस्स सीसस्स, वागरेज्ज जहासुअं ॥१/२३॥**

(**छाया**- एवं विनययुक्तस्य सूत्रं अर्थं च तदुभयम् ।
पृच्छमानस्य शिष्यस्य व्यागृणीयात् यथाश्रुतम् ॥१/२३॥)

**वृत्तिः** - **एवं** उक्तनीत्या **विनययुक्तस्य सूत्रं** कालिकोत्कालिकादि, **अर्थं च** तस्यैवाभिधेयं, **तदुभयं** सूत्रार्थोभयं, **पृच्छतो** ज्ञातुमिच्छतः **शिष्यस्य** स्वयं दीक्षितस्योपसम्पन्नस्य वा **व्यागृणीयात्**कथयेत्, **यथा** येन प्रकारेण **श्रुत**मार्कर्णितं गुरुभ्य इति शेषः, न तु स्वबुद्धिकल्पितमिति सूत्रार्थः ॥१/२३॥'

**पुष्पमालातद्वृत्त्योरुक्तम्** -

**'अखलियमिलियाइगुणे कालग्गहणाइओ विही सुत्ते ।**
**मज्जणनिसिज्जअक्खा इच्चाइ कमो तयत्थम्मि ॥२२॥**

(**छाया**- अस्खलितामिलितादिगुणे कालग्रहणादिकः विधिः सूत्रे ।
मार्जनं निषद्या अक्षा इत्यादिः क्रमः तदर्थे ॥२२॥)

**वृत्तिः** - श्रुतज्ञानं द्विधा-सूत्रतोऽर्थतश्च, तत्र **सूत्रे** आचारोत्तराध्ययनादिसम्बन्धिनि **कालग्रहणादिको विधिः**, कालश्च समयचयार्प्रसिद्धः क्रियाविशेषः, आदिग्रहणादुद्देशसमुद्देशानुज्ञादिविधिपरिग्रहः, कथम्भूते सूत्रे इत्याह - उपलशकलाद्याकुलभूभागे लाङ्गलमिव स्खलति यत्तत् स्खलितं, उच्चरतः पदादिविच्छेदो यत्र न प्रतीयते तन्मिलितं, भावप्रधानश्चायं निर्देशः, ततश्चास्खलितं च तदमिलितमिति अस्खलितामिलिते तयोर्भावोऽस्खलितामिलितत्वं तदादिर्येषामहीनाक्षरानत्यक्षरत्वादीनां तेऽस्खलितामिलितत्वादयः, एवम्भूता गुणा यत्र तत्तथा तस्मिन्, एतच्च विशेषणं भणता अहीनाक्षरास्खलितामिलितत्वादिगुणयुक्तं सूत्रं पठनीयमिति विधिरेव कथितो द्रष्टव्यः, अत्राह-हीनाक्षरत्वाद्युपेते सूत्रे समुच्चार्यमाणे कः पुनर्दोषो येनैवं तद्वर्जनमुपदिश्यते, अत्रोच्यते, लोकेऽपि तावद्विद्यामन्त्रादिभिरक्षरहीनत्वाद्युपेतैरुच्चार्यमाणैर्विवक्षितफलवैकल्यमनर्थावाप्तिश्च दृश्यते, किं पुनः परममन्त्रकल्पे जिनप्रणीतसूत्रे, तथा **चानुयोगद्वारचूर्णा**वुक्तम् -

"मगहाजणवयमज्झे रायगिहे पुरवरम्मि रमणिज्जे ।
समवसरणम्मि रइए सुरेहिं सिरि-वीरनाहस्स ॥१॥

अमरनरतिरियसंगमसोहिल्ले तम्मि सेणिओ राया ।
अभयकुमाराइजुओ समागओ वंदणनिमित्तं ॥२॥

धम्मं सोऊण विणिग्गयाए परिसाए खेयरो एक्को ।
गयणंपि किंपि गंतुं पुणो २ पडइ धरणीए ॥३॥

तो सेणिओ जिणिंदं पुच्छइ किं एस उप्पयनिवाए ।
विहुरियपक्खो पक्खिव्व खेयरो कुणइ ? जयनाह ! ॥४॥

अह भणइ जिणवरिंदो अक्खरमिक्कं इमस्स पम्हुसियं ।
नहगामिणीएँ तेणं गंतु इमो न क्खमो खयरो ॥५॥

अभयकुमारो सोऊण भासियं तं जिणस्स तो खिप्पं ।
गंतूण भणइ खयरं भो तुह विज्जाए पम्हुट्ठं ॥६॥

लहिऊण अक्खरमहं कहेमि जइ देसि मह इमं विज्जं ।
पडिवन्ने खयरेणं पयाणुसारित्तलद्धीए ॥७॥

अभयकुमारो तं लहइ अक्खरं तो इमस्स दाऊण ।
विज्जं तुट्ठो खयरो उप्पइओ गयणमग्गम्मि ॥८॥"

(**छाया**- मगधजनपदमध्ये राजगृहे पुरवरे रमणीये ।
समवसरणे रचिते सुरैः श्रीवीरनाथस्य ॥१॥

अमरनरतिर्यक्सङ्गमशोभावति तस्मिन् श्रेणिको राजा ।
अभयकुमारादियुतः समागतो वन्दननिमित्तम् ॥२॥

धर्मं श्रुत्वा विनिर्गतायां पर्षदि खेचरः एकः ।
गगनमपि किमपि गत्वा पुनः २ पतति धरण्याम् ॥३॥

ततः श्रेणिको जिनेन्द्रं पृच्छति, किं एष उत्पातनिपातान् ।
विधुरितपक्षः पक्षीव खेचरः करोति ? जगन्नाथ ! ॥४॥

अथ भणति जिनवरेन्द्रः अक्षरमेकं अस्य विस्मृतम् ।
नभोगामिन्या तेन गन्तुमयं न क्षमः खेचरः ॥५॥

अभयकुमारः श्रुत्वा भाषितं तत् जिनस्य ततः क्षिप्रम् ।
गत्वा भणति खेचरं भोः ! तव विद्याया विस्मृतम् ॥६॥

लब्ध्वा अक्षरमहं कथयामि यदि ददासि मह्यं इमां विद्याम् ।
प्रतिपन्ने खेचरेण पदानुसारित्वलब्ध्या ॥७॥

अभयकुमारस्तं लभते अक्षरं ततः अस्मै दत्त्वा ।
विद्यां तुष्टः खेचर उत्पतितो गगनमार्गे ॥८॥)

तदेवं यथा - हीनाक्षरतया खेचरस्य विद्यासाध्यकार्यातिपातः सम्पन्नः एवमत्राप्यक्षरादिहीनतायामभिधेयभेदः तद्भेदात् क्रियाविघातः तद्विघाते चरणविसंवादः तद्विसंवादे निर्वाणाभावः तदभावे च दीक्षावैयर्थ्यं, एवमधिकाक्षरादावपि दोषा अभ्यूह्य वाच्याः इत्यतो यथोक्तगुणैर्विशिष्टमेव सूत्रं पठनीयं, अर्थगतं विधिमाह - तस्य सूत्रस्यार्थस्तदर्थः तस्मिन् श्रूयमाणे मार्जनं, शोधनं भुवः कर्त्तव्यं, निषद्या गुरोर्विरचनीया, अक्षाः चन्दनकास्तत्स्थापना कार्या **इत्यादिकः क्रमो** विधिः, आदिशब्दात्कृतिकर्मदानादिपरिग्रह इति गाथार्थः ॥२२॥

अथ श्रवणगतमेव विधिमाह -

**निद्दाविगहापरिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं ।**
**भत्तिबहुमाणपुव्वं उवउत्तेहिं सुणेयव्वं ॥२३॥**

(**छाया**- निद्राविकथापरिवर्जितैः गुप्तैः प्राञ्जलिपुटैः ।
भक्तिबहुमानपूर्वं उपयुक्तैः श्रोतव्यम् ॥२३॥)

**वृत्तिः** - पाठसिद्धैव ॥२३॥

पुनरपि कथम्भूतैः श्रोतव्यमित्याह -

**अभिकंखंतेहिं सुहासियाइं वयणाइं अत्थसाराइं ।**
**विम्हियमुहेहिं हरिसागएहिं हरिसं जणंतेहिं ॥२४॥**

(**छाया**- अभिकाङ्क्षद्भिः सुभाषितानि वचनानि अर्थसाराणि ।
विस्मितमुखैः हर्षमागतैः हर्षं जनयद्भिः ॥२४॥)

**वृत्तिः** - एषाऽपि तथैव, नवरं **हर्षमागतैः** तेनैव च हर्षागमनेनान्येषां संवेगकरणादिना **हर्षं जनयद्भिः** श्रोतव्यम् ॥२४॥

एवं च शृण्वद्भिर्गुरोरतीव परितोषो भवति, ततश्च किमित्याह -

**गुरुपरिओसगएणं गुरुभत्तीए तहेव विणएणं ।**
**इच्छियसुत्तत्थाणं खिप्पं पारं समुवयंति ॥२५॥**

(**छाया**- गुरुपरितोषगतेन गुरुभक्त्या तथैव विनयेन ।
इष्टसूत्रार्थानां क्षिप्रं पारं समुपयान्ति ॥२५॥)

**वृत्तिः** - गुरुपरितोषगतेन-गुरुपरितोषजातेन सता गुरुभक्त्या-तत्सेवारूपया तथैव विनयेन-आसनप्रदानादिरूपेण, किमित्याह - **क्षिप्रं** शीघ्रमीप्सितसूत्रार्थयोः **पारमुपयान्ति**, इति गाथार्थः ॥२५॥'

अन्यत्राप्युक्तम् -

**'इरिअं सुपडिक्कंतो, पसन्नचित्तो अ सुट्ठु पिहिअमुहो ।**
**सुत्तं दोसविमुक्कं, सपयच्छेयं गुणे निच्चं ॥**

**जिणवरपवयणपायडण-पउणगुरुवयणमुणियसमपुव्वे ।**
**एगग्गमणो धणियं, चित्ते चिंतिज्ज सुवियारे ॥**

**सुद्धं धम्मुवएसं, गुरुप्पसाएण सम्ममवबुद्धं ।**
**सपरोवयारजणगं, जोग्गस्स कहिज्ज धम्मत्थी ॥'**

(**छाया**- ईर्यां सुप्रतिक्रान्तः, प्रसन्नचित्तः च सुष्ठु पिहितमुखः ।
सूत्रं दोषविमुक्तं, सपदच्छेदं गुणयेत् नित्यम् ॥

जिनवरप्रवचनप्रकटन-प्रगुणगुरुवचनज्ञातसर्वपूर्वः ।
एकाग्रमना अत्यन्तं, चित्ते चिन्तयेत् सुविचारान् ॥

शुद्धं धर्मोपदेशं गुरुप्रसादेन सम्यगवबुद्धम् ।
स्वपरोपकारजनकं, योग्यस्य कथयेत् धर्मार्थी ॥)

**श्रीहरिभद्रसूरिविरचितविंशतिविंशिकासु श्रीकुलचन्द्रसूरिकृततद्वृत्तौ** चोक्तम् -

'अथ सूत्रग्रहणविधिमाह -

**पत्तं परियाएणं सुगुरुसगासाउ कालजोगेण ।**
**उद्देसाइकमजुयं सुत्तं गेज्झंति गहणविहि ॥१२/७॥**

(**छाया**- पर्यायेण प्राप्तं सुगुरुसकाशात् कालयोगेन ।
उद्देशादिक्रमयुतं सूत्रं ग्राह्यमिति ग्रहणविधिः ॥१२/७॥

**वृत्तिः** - **पर्यायेण** दीक्षापर्यायेण **प्राप्तं** क्रमागतं **सूत्रं** पूर्वोक्तस्वरूपं **कालयोगेन** कालो त्रिपञ्चादिवर्षलक्षणस्तद्योगेन तत्सङ्गत्या यदि वा पदैकदेशे पदोपचारात् कालग्रहण-योगोद्वहनेन **सुगुरुसकाशात्** सुगुरुः पूर्वोक्तस्वरूपो गुणगुरुस्तस्य सकाशात् पार्श्वात् **उद्देशादिक्रमयुतम्** उद्देशसमुद्देशादिक्रमसङ्गतं **ग्राह्यं** ग्रहीतव्यम् **इति**र्निदर्शने **ग्रहणविधिः** सूत्रग्रहणविधानमिति ॥१२/७॥

उक्तः सूत्रग्रहणविधिरथ दानविधिमाह -

**एसु च्चिय दाणविही नवरं दाया गुरूऽथ एयस्स ।**
**गुरुसंदिट्ठो वा जो अक्खयचारित्तजुत्तु त्ति ॥१२/८॥**

(**छाया**- एष एव दानविधिः केवलं दाता गुरुरथ एतस्य ।
गुरुसन्दिष्टो वा यो अक्षतचारित्रयुक्त इति ॥१२/८॥)

**वृत्तिः** - **एतस्य** सूत्रस्य **दानविधिः** प्रयच्छनविधानम् **एष एवा**नन्तरोक्तः **'पत्तं परियाएणं'** इत्यादिरेव **नवरं** प्राकृतत्वात् केवलं **दाता** प्रयच्छको **यः** अनिर्दिष्टनामा **अक्षतचारित्रयुक्तः** अक्षुण्णमहाव्रतधारक एव **इति**शब्दोऽवधारणे स **गुरु**रथवा **गुरुसन्दिष्टो वा** गुर्वनुज्ञातः सूत्रदाता **अथ**शब्दो विकल्प इति ॥१२/८॥

अथार्थग्रहणविधिमाह -

**अत्थगहणे उ एसो विन्नेओ तस्स तस्स य सुयस्स ।**
**तह चेव भावपरियागजोगओ आणुपुव्वीए ॥१२/९॥**

(**छाया**- अर्थग्रहणे तु एष विज्ञेयः तस्य तस्य च सूत्रस्य ।
तथैव भावपर्याययोगतः आनुपूर्व्या ॥१२/९॥

**वृत्तिः** - **तस्य तस्य** चाऽऽवश्यकदशवैकालिकादेः **सूत्रस्य** पूर्वोक्तस्वरूपस्य **अर्थ-ग्रहणे** अभिधेयग्रहणे **तु**शब्दो विशेषे स च वक्ष्यत एव, **एष** विधिर्यथा सूत्रग्रहणे **'पत्तं परियाएणं'** इत्यादि**स्तथैव** तेनैव प्रकारेण **आनुपूर्व्या** परिपाट्या तथाहि - प्रथमं ताव-दावश्यकं ततो दशवैकालिकं तत उत्तराध्ययनानि तत आचाराङ्गमित्यादिरूपया । अथ विशेषमाह - **भावपर्याययोगतो** भावश्च यथा सूत्रं तथा सूत्रार्थोऽपि परममन्त्ररूप

इत्यध्यवसायः पर्यायश्चाऽस्खलितचारित्रपर्यायो भावपर्यायौ ताभ्यां योगतः सङ्गत्या । '**भावपरिवागजोगओ**'त्ति पाठान्तरमाश्रित्य भावः परिणामस्तस्य परिपाकः परिणतिः, अपरिणामित्वातिपरिणामित्वपरिहारेण परिणामित्वमित्यर्थस्तद्योगतस्तत्सङ्गत्या विधिः **विज्ञेयो** बोद्धव्यः । **अयं भावः** - अर्थग्रहणे पर्यायेण प्राप्तोऽपि अपरिणामी अतिपरिणामी चाऽयोग्य इति तत्परिहारेण परिणामिन्येवार्थन्यास इति विधिः ॥१२/९॥

अर्थग्रहणविधिमेव विशेषत आह -

**मंडलिनिसिज्ज अक्खाकिइकम्मुस्सग्ग वंदणं जिट्ठे ।**
**उवओगो संवेगो ठाणे पसिणो य इच्चाइ ॥१२/१०॥**

(**छाया**- मण्डली निषद्याऽक्षाः कृतिकर्मोत्सर्गो वन्दनं ज्येष्ठे ।
उपयोगः संवेगः स्थाने प्रश्नश्चेत्यादि ॥१२/१०॥)

**वृत्तिः** - **मण्डली** साधूनां यथापर्यायं गोलाकारावस्थानं यत्र वा तद् व्याख्यानादि-स्थानम् । क्वचिद् ग्रन्थान्तरे **मज्जन** इतिपाठस्तथा च मण्डलीस्थानप्रमार्जनम् । **निषद्या**-ऽऽसनविशेषो गुर्वादेः, आदिपदात् स्थापनाचार्यस्याऽक्षाणां मनागुच्चतरा । **अक्षाः** चन्दनका उपनीयन्ते, क्वचित् '**सिक्खा**' '**सक्खा**' चापपाठ इति नाद्रियते **कृतिकर्म** वन्दनमाचार्यस्य । **कायोत्सर्गः** अनुयोगार्थमूर्ध्वस्थानम् । **ज्येष्ठे** ज्येष्ठविषयं **वन्दनम्**, इह भाषमाणो भवति ज्येष्ठः, न तु पर्यायेण, ततो वन्देत तमेवेति । **उपयोगः** समीपयोगः प्रस्तावाच्च सूत्रार्थ-व्याख्यानश्रवणविषयः अवितथभावः, एतल्लिङ्ग एव बोधः परलोकपक्षपातो भगवद्बहुमानश्च । उक्तं च -

'**उवओगो पुण एत्थ विण्णेओ समीवजोगो त्ति ।**
**विहियकिरियागओ खलु अवितहभावो उ सव्वत्थ ॥७६॥**' (**योगशतकम्**)

(**छाया**- उपयोगः पुनरत्र विज्ञेयः समीपयोग इति ।
विहितक्रियागतः खलु अवितथभावस्तु सर्वत्र ॥७६॥)

**संवेगः** अहोभावस्तदभिव्यञ्जको वा रोमाञ्चगद्गदध्वन्यादिः । उक्तं च- '**जह जह नवनवसु-अमभिगाहइ तह तह संवेगमेइ ।**' (**छाया**- यथा यथा नवनवश्रुतमभिगाहते तथा तथा संवेगमेति ।) **स्थाने** योग्यावसरे **प्रश्नः** पृच्छा **चः** समुच्चय आदिपदात् प्रतिप्रश्नादिग्रहण-मवसेयमिति ॥१२/१०॥'

स्वाध्यायस्य गुणा एवं प्रोक्ता **उपदेशमालायां तद्वृत्तौ** च -

'साम्प्रतं स्वाध्यायद्वारं विवरीतुकामस्तद्गुणानाचष्टे –

**सज्झाएण पसत्थं, झाणं जाणइ य सव्वपरमत्थं ।**
**सज्झाए वट्टंतो, खणे खणे जाइ वेरग्गं ॥३३८॥**

(**छाया**– स्वाध्यायेन प्रशस्तं, ध्यानं जानाति च सर्वपरमार्थम् ।
स्वाध्याये वर्तमानः, क्षणे क्षणे याति वैराग्यम् ॥३३८॥)

**वृत्तिः** – '**सज्झाएण**' गाहा, **स्वाध्यायेन** वाचनादिना क्रियमाणेन **प्रशस्तं** धर्म-शुक्लरूपं **ध्यानं** भवति, **जानाति च** तत्कर्ता **सर्वं परमार्थं** समस्तस्यापि जगतस्तत्त्वं, **स्वाध्याये वर्तमानः** क्षणे क्षणे याति वैराग्यं, रागादिविषमन्त्ररूपत्वात् तस्य ॥३३८॥

कथं सर्वपरमार्थं जानातीत्याह –

**उड्ढमहतिरियनरया, जोइसवेमाणिया य सिद्धी य ।**
**सव्वो लोगालोगो, सज्झायविउस्स पच्चक्खो ॥३३९॥**

(**छाया**– ऊर्ध्वमधस्तिर्यग्नरकाः, ज्योतिर्वैमानिकाश्च सिद्धिश्च ।
सर्वो लोकालोकः, स्वाध्यायविदः प्रत्यक्षः ॥३३९॥)

**वृत्तिः** – '**उड्ढ०**' गाहा, इह यथासम्भवं पदानां सम्बन्धात् **स्वाध्यायविदो** वाचनादि-वेदिन **ऊर्द्ध्वं वैमानिकाः सिद्धिश्च** प्रत्यक्षा, **अधो नरकास्तिर्यग्ज्योतिष्काः** किं वानेन ? **सर्वो लोकालोकः** स्वाध्यायविदः **प्रत्यक्ष** इति तदुपयुक्तोऽसौ समस्तार्थान् साक्षादिव पश्यतीति भावार्थः ॥३३९॥

व्यतिरेकमाह –

**जो निच्चकालतव-संजमुज्जुओ न वि करेइ सज्झायं ।**
**अलसं सुहसीलजणं, न वि तं ठावेइ साहुपए ॥३४०॥**

(**छाया**– यः नित्यकालं तपःसंयमोद्युक्तः नापि करोति स्वाध्यायम् ।
अलसं सुखशीलजनं, नापि तं स्थापयति साधुपदे ॥३४०॥)

**वृत्तिः** – '**जो**' गाहा, **यो नित्यकालं तपःसंयमोद्यतः** सदाप्रमाद्यपिशब्दस्येह सम्बन्धान्न **करोति स्वाध्यायं** स किमित्याह – **अलसं** कर्त्तव्येषु शिथिलमत एव **सुखशीलजनं** सातलम्पटलोकं **नापि** नैव **तं** निजशिष्यवर्गादिकं **स्थापयति साधुपदे** स्वाध्यायमन्तरेण ज्ञानाभावात्, कथञ्चित् स्वयमप्रमादिनाऽपि न परत्राणं कर्तुं शक्यमित्यभिसन्धिः ॥३४०॥'

मोक्षाभिलाषरूपः संवेगः । उक्तञ्च **मूलशुद्धिप्रकरणवृत्तौ** - ' **'संवेग'** त्ति संवेगः मोक्षाभिलाषः ।.... ॥१०॥'

**धर्मसङ्ग्रहण्यामप्युक्तम्** -

**'णरविबुहेसरसोक्खं दुक्खं विय भावओ उ मण्णंतो ।**
**संवेगओ ण मोक्खं मोत्तूणं किंचि पत्थेइ ॥८०९॥'**

(**छाया**- नरविबुधेश्वरसौख्यं दुःखमेव भावतुस्तु मन्यमानः ।
संवेगतो न मोक्षं मुक्त्वा किञ्चित् प्रार्थयति ॥८०९॥

यद्वा सम्यक्त्वपूतान्तःकरणानां मोक्षसाधकयोगेषु मानसप्रमोदरूपः संवेगः । यदुक्तं **संवेगरङ्गशालायाम्** -

**'जह जह सुअमवगाहइ, अइसयरसपसरसंजुअमपुव्वं ।**
**तह तह पल्हाइ मुणी, नवनवसंवेगसद्धाए ॥१३४२॥**

**जह जह संवेगरसो, वन्निज्जइ तह तहेव धन्नाणं ।**
**भिज्जंति खिप्पं जलनि-म्मियामकुंभुव्व हिययाइं ॥४९॥**

**सारोऽवि य एसो च्चिय, दीहरकालंपि चिन्नचरणस्स ।**
**जम्हा तं चिय कंडं, जं विंधइ लक्खमज्झे वि ॥५०॥**

**सुचिरंपि तवं तविअं, चिन्नं चरणं सुअंपि बहु पढिअं ।**
**जइ न हु संवेगरसो, ता तं तुसखंडणं सव्वं ॥५१॥**

**तह संवेगरसो जइ खणं पि न समुच्छलेज्ज दिवसंतो ।**
**ता विहलेण किमिमिणा, बज्झाणुट्ठाणकट्ठेणं ॥५२॥**

**पक्खंतो मासंतो, छम्मासंतो व वच्छरंतो वा ।**
**जस्स न स होज्ज तं जाण, दूरभव्वं अभव्वं वा ॥५३॥'**

(**छाया**- यथा यथा श्रुतमवगाहते, अतिशयरसप्रसरसंयुतमपूर्वम् ।
तथा तथा प्रह्लादते मुनिः, नवनवसंवेगश्रद्धया ॥१३४२॥

यथा संवेगरसो, वर्ण्यते तथा तथैव धन्यानाम् ।
भिद्यन्ते क्षिप्रं जलनिर्मितामकुम्भ इव हृदयानि ॥४९॥

सारोऽपि च एष एव, दीर्घकालमपि चीर्णचरणस्य ।
यस्मात् तदेव काण्डं, यत् विध्यति लक्ष्यमध्येऽपि ॥५०॥

सुचिरमपि तपः तप्तं, चीर्णं चरणं श्रुतमपि बहु पठितम् ।
यदि न खलु संवेगरसः, ततः तत् तुषखण्डनं सर्वम् ॥५१॥

तथा संवेगरसो यदि क्षणमपि न समुच्छलेत् दिवसान्तः ।
ततो विफलेन किमनेन, बाह्यानुष्ठानकष्टेन ॥५२॥

पक्षान्तः मासान्तः, षण्मासान्तः वा वत्सरान्तः वा ।
यस्य न स भवेत् तं जानीहि, दूरभव्यं अभव्यं वा ॥५३॥)

संवेग एकविधः ।

गुरुः सम्यक्त्व-चारित्र-व्रत-व्यवहार-आचार-समिति-स्वाध्याय-संवेगेषु मग्नो भवति ।

इत्थं षट्त्रिंशद्गुणसमृद्धो गुरुर्विजयताम् ॥३॥

**इति द्वितीया षट्त्रिंशिका समाप्ता ।**

●●●

+ **अक्खाण रसणी कम्माण, मोहणी तह वयाण बंभवयं ।**
**गुत्तीण य मणगुत्ती चउरो दुक्खेहि जिप्पंति ॥**

ઇન્દ્રિયોમાં રસનેન્દ્રિય, કર્મોમાં મોહનીય કર્મ, વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત અને ગુપ્તિઓમાં મનગુપ્તિ - આ ચારે દુઃખેથી જીતાય છે.

+ **मुत्तिसमं नत्थि सुहं, नरयसमाणं दुहं महं नत्थि ।**
**बंभसमं नत्थि वयं, सज्झायसमो तवो नत्थि ॥**

મુક્તિ સમાન સુખ નથી, નરક સમાન મોટુ દુઃખ નથી, બ્રહ્મચર્ય સમાન વ્રત નથી અને સ્વાધ્યાય સમાન તપ નથી.

# બીજી છત્રીસી

હવે બીજી છત્રીસી કહે છે -

**શબ્દાર્થ** - પાંચ પ્રકારના સમ્યક્ત્વમાં, પાંચ પ્રકારના ચારિત્રમાં, પાંચ પ્રકારના વ્રતોમાં, પાંચ પ્રકારના વ્યવહારોમાં, પાંચ પ્રકારના આચારોમાં, પાંચ પ્રકારની સમિતિઓમાં, પાંચ પ્રકારના સ્વાધ્યાયોમાં અને એક સંવેગમાં રત - આમ છત્રીસગુણોવાળા ગુરુ જય પામો. (૩)

**પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ** - સમ્યક્ત્વ એટલે ભગવાને કહેલા તત્ત્વોની શ્રદ્ધા. તે પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ ક્ષાયિક, ૨ ક્ષાયોપશમિક, ૩ વેદક, ૪ ઔપશમિક અને ૫ સાસ્વાદન.

તેમાં ક્ષાયિક સમ્યક્ત્વ દર્શનમોહનીય કર્મના ક્ષયથી થયેલું છે. **શ્રીવિશેષાવશ્યક-ભાષ્ય**માં અને **મલધારીશ્રીહેમચંદ્રસૂરિ મહારાજે** રચેલ **તેની ટીકા**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - ત્રણે ય પ્રકારનું દર્શનમોહનીય કર્મ ખપી ગયે છતે ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. (૫૩૩)

**ટીકાર્થ** - અનંતાનુબંધી ચાર કષાયોના ક્ષય પછી મિથ્યાત્વમોહનીય પુંજ, મિશ્ર-મોહનીય પુંજ અને સમ્યક્ત્વમોહનીય પુંજરૂપ ત્રણે પ્રકારનું દર્શનમોહનીય કર્મ સંપૂર્ણ રીતે ખપી ગયે છતે ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે...(૫૩૩)'

તેમાં દર્શનમોહનીયકર્મની ક્ષપણાનું સ્વરૂપ **કર્મપ્રકૃતિના ઉપશમનાકરણ**માં અને **મહોપાધ્યાયશ્રીયશોવિજયજીએ રચેલ તેની ટીકા**માં આ પ્રમાણે બતાવ્યું છે -

'હવે દર્શનમોહનીયની ક્ષપણાની વિધિને કહે છે - અહીં દર્શનમોહનીયની ક્ષપણા શરૂ કરનાર જિનકાળમાં થયેલ, આઠ વર્ષની ઉપરની વયનો, વજ્રઋષભનારાચ સંઘયણવાળો મનુષ્ય છે. જિનકાળ એટલે પહેલા તીર્થંકરના વિચરણકાળથી માંડીને જંબૂસ્વામીને કેવળજ્ઞાન થયું ત્યાંસુધીનો કાળ જાણવો. જેમ પહેલા અનંતાનુબંધીની ક્ષપણા કહી તે જ પ્રમાણે દર્શનમોહમાં પણ ક્ષપણા કહેવી. આમ સામાન્યથી અતિદેશ કરવા છતાં પણ અહીં જે વિશેષ (ફરક) છે તે કહેવાય છે - અહીં દર્શનમોહનીયની ક્ષપણા માટે તૈયાર થયેલ મનુષ્ય યથા-પ્રવૃત્તકરણ વગેરે ત્રણ કરણો કરે છે. તે પહેલાની જેમ કહેવા. ફરક એટલો છે કે અપૂર્વકરણના પહેલા સમયે જ ઉદયમાં નહીં આવેલ મિથ્યાત્વમોહનીય અને સમ્યગ્મિથ્યાત્વમોહનીયનું દલિક

ગુણસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં નાંખે છે. તેમનો ઉદ્વલનાસંક્રમ પણ આ રીતે શરૂ કરે છે- પહેલો સ્થિતિખંડ મોટો ઉદ્વલે છે. પછી બીજો વિશેષહીન, તેનાથી પણ ત્રીજો વિશેષહીન, એ પ્રમાણે અપૂર્વકરણના ચરમ સમય સુધી કહેવું. અપૂર્વકરણના પહેલા સમયે જે સ્થિતિસત્તા હતી તે તેના જ ચરમ સમયે સંખ્યાતગુણહીન એટલે સંખ્યાતમા ભાગની થાય છે. એ પ્રમાણે સ્થિતિબંધ પણ જાણવો, એટલે કે અપૂર્વકરણના પહેલા સમયે જેટલો સ્થિતિબંધ હતો તેની અપેક્ષાએ તે જ અપૂર્વકરણના ચરમ સમયે સંખ્યાતગુણહીન એટલે સંખ્યાતમા ભાગનો થાય છે. પછી અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે. ત્યાં પ્રવેશીને પહેલા સમયથી જ માંડીને અપૂર્વ ગુણશ્રેણિ, અપૂર્વ સ્થિતિઘાત, અપૂર્વ રસઘાત અને અપૂર્વ સ્થિતિબંધ કરવાનું શરૂ કરે છે. અનિવૃત્તિકરણના પહેલા સમયે જ દર્શનત્રિકના દેશોપશમના-નિધત્તિ-નિકાચનાનો વિચ્છેદ થાય છે, એટલે કે ત્યારથી માંડીને દર્શનત્રિકના દેશોપશમના વગેરે ત્રણે કરણોમાંથી એક પણ પ્રવર્તતા નથી. વળી અનિવૃત્તિકરણના પહેલા સમયથી માંડીને દર્શનત્રિકની સ્થિતિસત્તાનો સ્થિતિઘાત વગેરે વડે ઘાત થતા થતા હજારો સ્થિતિખંડો ગયે છતે દર્શનત્રિકની સ્થિતિસત્તા અસંજ્ઞીપંચેન્દ્રિયની સ્થિતિસત્તાની સમાન થાય છે. ત્યારપછી ઘણા હજારો સ્થિતિખંડો ગયે છતે દર્શનત્રિકની સ્થિતિસત્તા ચઉરિન્દ્રિયની સ્થિતિસત્તાની સમાન થાય છે. ત્યાર પછી તેટલા સ્થિતિખંડો ગયે છતે દર્શનત્રિકની સ્થિતિસત્તા તેઇન્દ્રિયની સ્થિતિસત્તાની સમાન થાય છે. ત્યારપછી તેટલા સ્થિતિખંડો ગયે છતે દર્શનત્રિકની સ્થિતિસત્તા બેઇન્દ્રિયની સ્થિતિસત્તાની સમાન થાય છે. ત્યારપછી તેટલા સ્થિતિખંડો ગયે છતે દર્શનત્રિકની સ્થિતિસત્તા એકેન્દ્રિયની સ્થિતિસત્તાની સમાન થાય છે. ત્યારપછી તેટલા સ્થિતિખંડો ગયે છતે દર્શનત્રિકની સ્થિતિસત્તા પલ્યોપમપ્રમાણ થાય છે. આ ચૂર્ણિકારના મતે કહ્યું છે. પંચસંગ્રહકારના મતે તો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્તા થાય છે. **પંચસંગ્રહ**માં કહ્યું છે 'એક-એક અંતરમાં હજારો સ્થિતિખંડો જાય છે. તેથી દર્શનત્રિકની સત્તા પલ્યોપમનો સંખ્યાતમો ભાગ થઈ. (૧)' વગેરે. એક એક અંતરમાં એટલે અસંજ્ઞી પંચેન્દ્રિય, ચઉરિન્દ્રિય વગેરેની સમાન સ્થિતિસત્તા થવાના અંતરમાં. ત્યારપછી ત્રણે દર્શનમોહનીયનો એક સંખ્યાતમો ભાગ મૂકીને બાકીનું બધુ નાશ કરે છે. ત્યારપછી પૂર્વે મૂકેલા તે સંખ્યાતમા ભાગનો પણ એક સંખ્યાતમો ભાગ મૂકીને બાકીના સંખ્યાતા ભાગોનો વિનાશ કરે છે. આમ હજારો સ્થિતિઘાતો પસાર થાય છે. ત્યારપછી દરેક સ્થિતિઘાતમાં મિથ્યાત્વમોહનીયના અસંખ્ય ભાગોનો અને સમ્યક્ત્વમોહનીય-સમ્યગ્-મિથ્યાત્વમોહનીયના સંખ્યાતા ભાગોનો નાશ કરે છે. આ વિધિથી ઘણા સ્થિતિખંડો પસાર થયે છતે ઉદયાવલિકા સિવાયનું બધુ ય મિથ્યાત્વમોહનીય ક્ષય થઈ ગયું, આવલિકા જેટલું બાકી છે. સમ્યક્ત્વમોહનીય અને સમ્યગ્મિથ્યાત્વમોહનીયની સ્થિતિસત્તા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી બાકી છે. આ સ્થિતિખંડોનો નાશ કરતી વખતે મિથ્યાત્વમોહનીયના સ્થિતિખંડો સમ્યક્ત્વમોહનીય અને સમ્યગ્મિથ્યાત્વમોહનીયમાં નાંખે છે, સમ્યગ્મિથ્યાત્વ-

મોહનીયના સ્થિતિખંડો સમ્યક્ત્વમોહનીયમાં નાંખે છે, સમ્યક્ત્વમોહનીયના સ્થિતિખંડો નીચે સ્વસ્થાનમાં નાંખે છે. મિથ્યાત્વમોહનીયનું બાકી રહેલું આવલિકાપ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં નાંખે છે. ત્યારપછી સમ્યક્ત્વમોહનીય અને સમ્યગ્મિથ્યાત્વમોહનીયના અસંખ્ય ભાગોનો નાશ કરે છે અને એક અસંખ્યાતમો ભાગ મૂકે છે. ત્યારપછી તે અસંખ્યાતમા ભાગના પણ અસંખ્યભાગોનો નાશ કરે છે અને એક અસંખ્યાતમો ભાગ મૂકે છે. એમ કેટલાક સ્થિતિખંડો ગયે છતે સમ્યગ્મિથ્યાત્વમોહનીય એક આવલિકા જેટલું રહે છે. ત્યારે સમ્યક્ત્વમોહનીયની સ્થિતિસત્તા આઠ વર્ષ પ્રમાણ છે. સમ્યક્ત્વમોહનીયની આઠ વર્ષની સ્થિતિસત્તાવાળો તે જીવ નિશ્ચયનયના મતે બધા વિઘ્નોનો નાશ થવાથી દર્શનમોહનીયક્ષપક કહેવાય છે. નિશ્ચયનયને માન્ય દર્શનમોહનીયક્ષપક થયા પછી સમ્યક્ત્વમોહનીયના અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિખંડોનો ઘાત કરે છે. તેનું દલિક ઉદયસમયથી માંડીને નાંખે છે. તે આ પ્રમાણે - ઉદયસમયમાં થોડું દલિક નાંખે, તેના કરતા બીજા સમયે અસંખ્યગુણ દલિક નાંખે, તેના કરતા પણ ત્રીજા સમયે અસંખ્યગુણ દલિક નાંખે, એમ ગુણશ્રેણિના શીર્ષ સુધી કહેવું. ત્યારપછી ચરમસ્થિતિ સુધી વિશેષહીન વિશેષહીન દલિક નાંખે. ત્યારપછી પૂર્વેના સ્થિતિખંડ કરતા અસંખ્યગુણ દલિકવાળો અંતર્મુહૂર્તપ્રમાણ બીજો સ્થિતિખંડ ખાલી કરે છે અને ખાલી કરીને પૂર્વે કહ્યા મુજબ ઉદય સમયથી માંડીને નાંખે છે. આ પ્રમાણે દ્વિચરમ સ્થિતિખંડ સુધી પૂર્વ-પૂર્વના સ્થિતિખંડ કરતા અસંખ્યગુણ દલિકવાળા અંતર્મુહૂર્તપ્રમાણવાળા અનેક સ્થિતિખંડો ખાલી કરે છે અને નાંખે છે. દ્વિચરમ સ્થિતિખંડ કરતા ચરમ સ્થિતિખંડ સંખ્યાતગુણ દલિકવાળો છે. તે ચરમસ્થિતિખંડનો નાશ કરતા ગુણશ્રેણિનો સંખ્યાતમો ભાગ અને બીજી તેની ઉપરની સંખ્યાતગુણ સ્થિતિઓના દલિકોનો નાશ કરે છે, કેમકે ચરમ સ્થિતિખંડ તેટલા પ્રમાણવાળો જ છે. ખાલી કરીને તે દલિક ઉદયસમયથી માંડીને અસંખ્યગુણાકારે નાંખે છે. તે આ પ્રમાણે - ઉદયસમયમાં થોડું, તેના કરતા બીજા સમયે અસંખ્યગુણ, તેના કરતા પણ ત્રીજા સમયે અસંખ્યગુણ, એમ ગુણશ્રેણિના શીર્ષ સુધી કહેવું. ત્યારપછી ખાલી કરાતું દલિક જ મળે છે, તેને નાંખવાના આધારરૂપ દલિકો મળતાં નથી, એટલે જીવ તેને ક્યાંય નાંખતો નથી. ચરમ સ્થિતિખંડ ખાલી થઈ જવા પર એ ક્ષપક કૃતકરણ એમ કહેવાય છે. કહ્યું છે - 'ચરમ સ્થિતિખંડ ખાલી થવા પર જીવ કૃતકરણાદ્ધામાં વર્તે છે એટલે કે કૃતકરણ થાય છે.' આ કૃતકરણાદ્ધામાં રહેલો કોઈક જીવ કાળ કરીને (મૃત્યુ પામીને) ચારમાંથી કોઈપણ એક ગતિમાં ઉત્પન્ન થાય છે. પહેલા શુક્લલેશ્યામાં જ હતો, હવે કોઈ પણ લેશ્યામાં જાય છે. આમ દર્શનમોહનીયની ક્ષપણા શરૂ કરનાર મનુષ્ય હોય છે અને પૂર્ણ કરનાર ચારેય ગતિઓમાં હોય છે. કહ્યું છે - 'શરૂ કરનાર મનુષ્ય હોય છે, પૂર્ણ કરનાર ચારે ય ગતિમાં હોય છે.' જો ત્યારે કાળ ન કરે તો સમ્યક્ત્વમોહનીયના બાકીના દલિક ભોગવીને ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ થયો થકો ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિ પર ચઢે છે. તેમાં જેણે વૈમાનિકદેવનું જ આયુષ્ય બાંધ્યું હોય

તે દર્શન સપ્તકનો ક્ષય થયા પછી ઉપશમશ્રેણિ પર ચઢે છે. જેણે આયુષ્ય ન બાંધ્યું હોય તે દર્શનસપ્તકનો ક્ષય થયા પછી ક્ષપકશ્રેણિ પર ચઢે છે. જેણે બીજીગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે શ્રેણિકરાજા વગેરેની જેમ કોઈપણ શ્રેણિને માંડતો નથી એમ જાણવું. **પ્રશ્ન** - દર્શન સપ્તકનો ક્ષય થયા બાદ અન્ય ગતિમાં જતો જીવ કેટલામાં ભવે મોક્ષે જાય છે ? **જવાબ** - ત્રીજા કે ચોથા ભવે. તે આ પ્રમાણે - જો સ્વર્ગ કે નરકમાં જાય તો સ્વર્ગભવ પછી કે નરકભવ પછી ત્રીજા ભવે મોક્ષે જાય છે. જો એ તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થાય છે તો અસંખ્ય વર્ષના આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્યમાં જ ઉત્પન્ન થાય, સંખ્યાતવર્ષના આયુષ્યવાળામાં નહીં. તેથી તે ભવ પછી દેવભવ, તે દેવભવ પછી ચ્યવીને મનુષ્યભવ પામે છે અને ત્યાંથી મોક્ષે જાય છે. આમ ચોથા ભવે મોક્ષે જાય છે. પંચસંગ્રહમાં કહ્યું છે - 'દર્શન સપ્તકનો ક્ષય થવા પર ત્રીજા, ચોથા કે તે ભવમાં સિદ્ધ થાય છે, કેમકે તે જીવો દેવ, નારકી, અસંખ્યવર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ અને ચરમશરીરી હોય છે. (૧)' અહીં ત્રીજા ભવે મોક્ષે જવામાં દેવ-નરકમાં થયેલી ઉત્પત્તિ કારણ છે, ચોથા ભવે મોક્ષે જવામાં અસંખ્યવર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચમાં થયેલી ઉત્પત્તિ કારણ છે અને તે ભવમાં મોક્ષે જવામાં ચરમશરીર કારણ છે એમ ક્રમશઃ યોજના કરવી. આ 'મોટા ભાગે આવું થાય છે' એમ વિચારીને કહ્યું હોય એમ સંભવે છે, કેમકે દર્શન સપ્તકનો ક્ષય થયા પછી કૃષ્ણવાસુદેવનું પાંચમા ભવે પણ મોક્ષમાં જવાનું સંભળાય છે. કહ્યું છે - 'નરકમાંથી મનુષ્યભવમાં, પછી પાંચમા દેવલોકમાં દેવ થઈને ત્યાંથી ચ્યવીને બારમા અમમ તીર્થંકર થશે. (૧)' દુઃપ્રસહસૂરિ વગેરેને આગમમાં ક્ષાયિકસમ્યક્ત્વ કહ્યું છે તે આ જ રીતે ઘટે છે એમ આગમને અનુસારે વિચારવું. (૩૨)'

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ઉદયમાં આવેલા મિથ્યાત્વમોહનીયના ક્ષયથી, ઉદયમાં નહીં આવેલા મિથ્યાત્વમોહનીયના ઉપશમથી અને સમ્યક્ત્વમોહનીયના ઉદયથી થયેલ છે. **શ્રીવિશેષાવશ્યકભાષ્ય**માં અને **મલધારી હેમચન્દ્રસૂરિ મહારાજે** રચેલ તેની **ટીકા**માં કહ્યું છે -

'હવે ક્ષાયોપશમિક સમકિતનું સ્વરૂપ કહે છે -

**ગાથાર્થ** - જે ઉદય પામેલું મિથ્યાત્વ હોય તેને ક્ષય કર્યું હોય અને નહિ ઉદય પામેલું (સત્તામાં) હોય તેને ઉપશમાવ્યું હોય, એવા મિશ્રભાવે પરિણામ પામીને, જે અનુભવાતું હોય તે ક્ષાયોપશમિકસમકિત કહેવાય છે. (૫૩૨)

**ટીકાર્થ** - જે ઉદયમાં આવેલું મિથ્યાત્વ હોય તેને વિપાકાદિવડે ભોગવીને ક્ષીણ કર્યું હોય અને શેષ સત્તામાં રહેલું અનુદિત હોય, તેને ઉપશમાવ્યું હોય એટલે તેનો ઉદય અટકાવ્યો હોય, અને મિથ્યાત્વસ્વભાવ દૂર કર્યો હોય, તેમાં મિથ્યાત્વ અને મિશ્રપુંજની અપેક્ષાએ તેનો

ઉદય અટકાવ્યો હોય તથા શુદ્ધપુંજની અપેક્ષાએ મિથ્યાત્વ સ્વભાવ દૂર કર્યો હોય તે ક્ષયોપશમ સમકિત કહેવાય છે.

**પ્રશ્ન** :- જો એમ હોય, તો અટકાવેલા ઉદયવાળા મિથ્યાત્વરૂપ અશુદ્ધપુંજ અને મિશ્રપુંજ, એ બેની અટકાવેલા ઉદયરૂપ ઉપશાન્તની જ અનુદીર્ણતા થવી ઘટે છે, પણ મિથ્યાત્વસ્વભાવ રહિત સમ્યક્ત્વમોહનીયરૂપ શુદ્ધપુંજની નથી ઘટતી, કેમકે તે શુદ્ધપુંજ તો વિપાકોદયવડે સાક્ષાત્ અનુભવાય છે અને તમે તો 'ઉદયમાં નહીં આવેલું તે ઉપશાંત થાય છે' એમ કહીને બન્ને સ્વભાવવાળા (અશુદ્ધપુંજમિશ્રપુંજ અને શુદ્ધપુંજ) કર્મો ઉદયમાં નહીં આવેલા હોવાથી ઉપશાંત કહ્યા છે. તેનું શું કારણ ?

**ઉત્તર** :- તારું કહેવું સત્ય છે, પરન્તુ મિથ્યાત્વ સ્વભાવ રહિત શુદ્ધપુંજનો પોતાના સ્વરૂપે (મિથ્યાત્વરૂપે) ઉદય નહિ થતો હોવાથી, તેને વિષે અનુદીર્ણતાનો ઉપચાર કર્યો છે. અથવા અશુદ્ધ અને મિશ્રપુંજરૂપ એ બે મિથ્યાત્વનું જ અનુદીર્ણપણું સમજવું, પણ શુદ્ધપુંજરૂપ સમ્યક્ત્વમોહનીયનું નહિ, કેમકે તે તો મિથ્યાત્વસ્વભાવ રહિત હોવાથી ઉપશાંત જ છે. ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય થયો છે અને શેષ રહેલ જે અશુદ્ધ તથા મિશ્રપુંજ લક્ષણવાળું મિથ્યાત્વ તેનો અનુદય હોવાથી તે ઉપશાંત છે અને શુદ્ધપુંજરૂપ મિથ્યાત્વ દૂર કરેલા મિથ્યાત્વ સ્વભાવવાળું હોવાથી ઉપશાંત થયેલું છે. આમ સર્વ સારી રીતે રહેલ છે.

એ રીતે ઉદય પામેલ મિથ્યાત્વનો ક્ષય, અને નહિ ઉદય પામેલ મિથ્યાત્વનો ઉપશમ. એ ઉભય સ્વભાવનો મિથ્યાત્વ પુદ્ગલરૂપ ધર્મીમાં જે મિશ્રભાવપણે પરિણામ તેને પામેલ ત્રુટિતરસવાળો અનુભવાતું જે શુદ્ધપુંજરૂપ મિથ્યાત્વ પણ ક્ષય અને ઉપશમ વડે થયેલ હોવાથી, તેને ક્ષાયોપશમિકસમ્યક્ત્વ કહેવાય છે. શોધેલા મિથ્યાત્વના પુદ્ગલો, અત્યંત સ્વચ્છ વસ્ત્રની જેમ યથાવસ્થિતતત્ત્વરૂચિ અધ્યવસાયરૂપ સમ્યક્ત્વને આવરણ કરનાર થતા નથી, એટલા માટે ઉપચારથી સમ્યક્ત્વ કહેવાય છે.

**પ્રશ્ન** :- ઉદય પામેલા મિથ્યાત્વનો ક્ષય અને નહિ ઉદય પામેલાનો ઉપશમ, તેને તમે અહીં ક્ષયોપશમ સમકિત કહ્યું છે અને પૂર્વે ઉપશમસમકિત પણ એજ પ્રમાણે કહ્યું છે, તો પછી એ બેમાં તફાવત શો ?

**ઉત્તર** :- ક્ષયોપશમસમકિતમાં સમ્યક્ત્વમોહનીયરૂપ શુદ્ધપુંજના પુદ્ગલો વેદાય છે, અનુભવાય છે અને ઉપશમસમકિતમાં તેમ નથી. વળી ઉપશમસમકિતમાં પ્રદેશોદયથી પણ મિથ્યાત્વ નથી અનુભવાતું અને ક્ષયોપશમસમકિતમાં તો મિથ્યાત્વ પ્રદેશોદયથી અનુભવાય છે. એટલે બેમાં ઘણો તફાવત છે. (૫૩૨)'

(સટીક વિશેષાવશ્યકભાષ્યના શાહ ચુનીલાલ હકમચંદ કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયનો ક્ષય થયે છતે અને સમ્યક્ત્વમોહનીય ઘણું ક્ષય થયે છતે સમ્યક્ત્વમોહનીયના છેલ્લા અંશને વેદવારૂપ વેદકસમ્યક્ત્વ છે. **શ્રીવિશેષાવશ્યકભાષ્ય**માં અને તેની **મલધારીશ્રીહેમચન્દ્રસૂરિ-મહારાજકૃત ટીકા**માં કહ્યું છે -

'હવે વેદક અને ક્ષાયિકસમકિતનું સ્વરૂપ કહે છે.

**ગાથાર્થ** - સમ્યક્ત્વપુંજના છેલ્લા અંશનો જે અનુભવ તેને વેદસમ્યક્ત્વ કહે છે અને (અનંતાનુબંધીચતુષ્કસહિત) ત્રણે દર્શનમોહનીયનો ક્ષય થયા બાદ ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. (૫૩૩)

**ટીકાર્થ** - અનંતાનુબંધીચતુષ્ક, મિથ્યાત્વ, મિશ્રનો ક્ષય થયા પછી તેમજ સમ્યક્ત્વ પુંજનો ઘણો ભાગ ક્ષય થયો હોય ત્યારે તેના છેલ્લા અંશને અનુભવતાં વેદક સમ્યક્ત્વ થાય છે.

**પ્રશ્ન** :- જો એમ હોય તો, ક્ષાયોપશમિક સમકિત અને વેદક સમકિતમાં શો તફાવત ? કારણ કે ઉભયમાં સમ્યક્ત્વ પુંજના પુદ્ગલો અનુભવાય છે.

**ઉત્તર** :- વેદક સમકિતમાં બાકી રહેલ સમસ્ત શુદ્ધપુંજનો અનુભવ થાય છે અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં શુદ્ધપુંજના થોડા પુદ્ગલો અનુભવાય છે. માત્ર એટલો જ આ બેમાં તફાવત છે. પરમાર્થથી તો વેદક પણ ક્ષાયોપશમિકસમકિત જ છે, કેમકે અનુભવાતા છેલ્લા અંશ સિવાયના સર્વ પુદ્ગલોનો ક્ષય અને છેલ્લા અંશમાં રહેલા પુદ્ગલોનો મિથ્યાત્વભાવ દૂર થવા રૂપ ઉપશમ, એમ ક્ષય અને ઉપશમ ઉભય સ્વભાવથી થતું હોવાથી તે ક્ષાયોપશમિક જ છે. વળી બીજે ઘણે સ્થળે ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એમ સમ્યક્ત્વના ત્રણ પ્રકાર જ કહ્યા છે. ત્યાં વેદક સમકિતનો સમાવેશ ક્ષયોપશમ સમકિતમાં કર્યો છે, કેમકે અલ્પ ભેદથી ભેદ માનવામાં આવે તો ઔદયિકસમકિત પણ માનવું પડે અને તેમ માનવાથી અતિવ્યાપ્તિ દોષ આવે. માટે એ ત્રણ ભેદ જ માનવા યોગ્ય છે.

અનંતાનુબંધી ચાર કષાયનો ક્ષય થયા બાદ મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વરૂપ શુદ્ધ પુંજ એ ત્રિવિધ દર્શનમોહનીયનો સર્વથા નાશ થવાથી ક્ષાયિકસમકિત થાય છે. આ પાંચે પ્રકારના સમ્યક્ત્વમાંથી કોઈ પણ સમ્યક્ત્વ ધારણ કરનાર દ્વારા ગ્રહણ કરાયેલું શ્રુત, તે સમ્યક્શ્રુત કહેવાય અને મિથ્યાત્વી દ્વારા ગ્રહણ કરાયેલું હોય તે મિથ્યાશ્રુત કહેવાય છે. (૫૩૩)'

(સટીક વિશેષાવશ્યક ભાષ્યના શાહ ચુનીલાલ હકમચંદ કૃત ભાવાનુવાદમાંથી સાભાર.)

ઔપશમિક સમ્યક્ત્વ બે પ્રકારનું છે - ગ્રંથીભેદથી થનારું અને ઉપશમશ્રેણિમાં થનારું. ગ્રંથીભેદથી થનારું ઔપશમિક સમ્યક્ત્વ મિથ્યાત્વમોહનીય કર્મના ઉપશમથી થાય છે. ઉપશમશ્રેણિમાં થનારું ઔપશમિક સમ્યક્ત્વ દર્શનમોહનીય કર્મના ઉપશમથી થાય છે. તેમાં ગ્રંથીભેદથી થનારા ઔપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ **ષડશીતિ નામના ચોથા કર્મગ્રંથની વૃત્તિમાં શ્રીદેવેન્દ્રસૂરિ મહારાજે** આ પ્રમાણે બતાવ્યું છે -

'તથા ઉદયમાં આવેલા મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયે છતે ઉદયમાં નહીં આવેલ મિથ્યાત્વમોહનીયનો ઉપશમ એટલે કે વિપાકોદય અને પ્રદેશોદયરૂપ બન્ને પ્રકારના ઉદયને અટકાવવું, તેનાથી થયેલ સમ્યક્ત્વ તે ઔપશમિક સમ્યક્ત્વ. તે બે પ્રકારે છે - ગ્રન્થીભેદથી થનારું ઔપશમિકસમ્યક્ત્વ અને ઉપશમશ્રેણિમાં થનારું ઔપશમિકસમ્યક્ત્વ. તેમાં ગ્રન્થીભેદથી થયેલ ઔપશમિકસમ્યક્ત્વ આ પ્રમાણે છે - અહીં ગંભીર અને અપાર સંસારસાગરની મધ્યમાં રહેલો જીવ મિથ્યાત્વના કારણે અનંત પુદ્ગલપરાવર્તો સુધી અનંત દુઃખો અનુભવીને કોઈક રીતે તથાભવ્યત્વનો પરિપાક થવાથી જેમ પર્વત પરથી પડતી નદીમાં રહેલ પથ્થર જેમ અથડાતો અથડાતો ગોળ થાય છે તેમ અનાભોગથી થયેલ યથાપ્રવૃત્તકરણ વડે એટલે કે 'અહીં કરણ એટલે પરિણામ' એવા વચનથી વિશેષ પ્રકારના અધ્યવસાય વડે આયુષ્ય સિવાયના જ્ઞાનાવરણીય વગેરે બધા કર્મોની સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ કરે છે. એ વખતે જીવને કર્મથી ઉત્પન્ન થયેલ, રાગ-દ્વેષના ગાઢ પરિણામરૂપ, કર્કશ-ગાઢ-લાંબા સમયની - રૂઢ થયેલી - ગુંચવાળી -વાંકી ગાંઠ જેવી, દુઃખેથી ભેદી શકાય એવી, પૂર્વે નહીં ભેદેલી ગાંઠ થાય છે. કહ્યું છે - 'તેને પણ થોડું ખપાવે છતે એ વખતે જીવને પૂર્વે નહીં ભેદાયેલ ગાંઠ થાય છે એમ જિનેશ્વરો કહે છે.' **(ધર્મસંગ્રહ ગાથા ૭૫૨)** 'ગાંઠ એટલે ખૂબ જ મુશ્કેલીથી ભેદાય તેવો, કર્કશ-ગાઢ-રૂઢ-ગૂઢ ગાંઠ જેવો, કર્મથી પેદા થયેલો જીવનો રાગ-દ્વેષનો ગાઢ પરિણામ.' **(વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૧૧૯૫)** આ ગાંઠ સુધી અભવ્ય જીવો પણ યથાપ્રવૃત્તિકરણ વડે કર્મ ખપાવીને અનંતવાર આવે છે. **આવશ્યકની ટીકા**માં કહ્યું છે - 'યથાપ્રવૃત્તિકરણથી ગાંઠને પામીને અરિહંત વગેરેના ઐશ્વર્યને જોવાથી કે બીજા કારણ પ્રવર્તતા કોઈક અભવ્યને પણ શ્રુતસામાયિકનો લાભ થાય છે, બાકીના સામાયિકોનો લાભ થતો નથી.'

આના પછી જેનું પરમનિર્વાણનું સુખ નજીકમાં છે એવા, જેનો ઘણો અને દુઃખેથી નિવારી શકાય તેવો વીર્યનો વિસ્તાર ઉલ્લસિત થયો છે એવા કોઈક જ મહાત્મા તીક્ષ્ણ કુહાડીની ધાર જેવી શ્રેષ્ઠ વિશુદ્ધિથી કહેલા સ્વરૂપવાળી ગાંઠને ભેદીને અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ રૂપ વિશુદ્ધિથી પેદા થયેલ સામર્થ્યવાળો થઈને ઉદયસમયની ઉપર રહેલ મિથ્યાત્વમોહનીયની અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિને ઓળંગીને અંતર્મુહૂર્તકાળપ્રમાણવાળુ તે

પ્રદેશમાં રહેલા ભોગવવા યોગ્ય દલિકોના અભાવરૂપ અંતરકરણ કરે છે. અહીં યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણનો આ ક્રમ છે - 'જ્યાંસુધી ગાંઠ હોય છે ત્યાં સુધી પહેલું યથાપ્રવૃત્તિકરણ હોય છે, ગાંઠને ઓળંગતા એટલે કે ભેદતા બીજું અપૂર્વકરણ હોય છે, વળી જેણે સમ્યક્ત્વને આગળ કરેલ છે એટલે કે જે નજીકમાં સમ્યક્ત્વ પામવાનો છે એવા જીવને અનિવૃત્તિકરણ હોય છે. **(વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૧૨૦૩)**'

આ અંતરકરણ કર્યે છતે તે મિથ્યાત્વમોહનીયકર્મની બે સ્થિતિ થાય છે. અંતરકરણની નીચેની અંતર્મુહૂર્તપ્રમાણ પહેલી સ્થિતિ. તે જ અંતરકરણની ઉપરની બાકીની બીજી સ્થિતિ. સ્થાપના -  તેમાં પહેલી સ્થિતિમાં એ જીવ મિથ્યાત્વમોહનીયના દલિકોને ભોગવતો હોવાથી મિથ્યાદૃષ્ટિ જ છે. અંતર્મુહૂર્તમાં તે પહેલી સ્થિતિ પૂર્ણ થયે છતે અંતરકરણના પહેલા સમયે જ જીવ ઔપશમિકસમ્યક્ત્વ પામે છે, કેમકે ત્યાં મિથ્યાત્વમોહનીયના દલિકોનો ઉદય નથી. જેમ વનનો દાવાનળ પૂર્વે જ્યાં ઇન્ધન બળી ગયું છે એવી ભૂમીને કે ઉખર ભૂમીને પામીને બુઝાઈ જાય છે તેમ મિથ્યાત્વમોહનીયના ઉદયરૂપ વનનો દાવાનળ પણ અંતરકરણને પામીને બુઝાઈ જાય છે. તેમ થવાથી તે જીવને ઔપશમિકસમ્યક્ત્વ મળે છે. **પૂજ્યપાદ જિનભદ્રગણિક્ષમાશ્રમણજી**એ કહ્યું છે - 'વનનો દાવાનળ ઉખરભૂમિને અને બળી ગયેલા ઇંધનવાળા દેશને પામીને બુઝાઈ જાય છે. એ પ્રમાણે મિથ્યાત્વમોહનીયના અનુદયમાં જીવ ઉપશમસમ્યક્ત્વ પામે છે. **(વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૨૭૩૪)**'

ગ્રન્થિભેદથી થનારા ઔપશમિકસમ્યક્ત્વનું વર્ણન કર્યું. (૧૩)'

ઉપશમશ્રેણિ સ્વીકારનાર દર્શનમોહનીયને ઉપશમાવીને ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. દર્શનમોહનીયની ઉપશમનાનું સ્વરૂપ **કર્મપ્રકૃતિના ઉપશમનાકરણ અને મહોપાધ્યાય શ્રીયશોવિજયજીકૃત** તેની **વૃત્તિ**માંથી આ પ્રમાણે જાણવું -

'આ પ્રમાણે દર્શનમોહનીયને ખપાવીને ઉપશમશ્રેણિ થાય છે એ પ્રકાર કહ્યો. હવે દર્શનમોહનીયને ઉપશમાવીને પણ ઉપશમશ્રેણિ મંડાય છે એ બીજો પ્રકાર કહે છે 'અથવા' શબ્દ બીજા પ્રકારને બતાવે છે. અહીં જો ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપશમશ્રેણિને માંડે છે તો અવશ્ય ત્રણ દર્શનમોહનીયને પહેલા ઉપશમાવે છે. તે સાધુપણામાં રહીને ઉપશમાવે છે. તે કહે છે - સાધુપણામાં રહેલો જીવ દર્શનમોહનીયને ઉપશમાવીને અંતરકરણ કરતો જીવ ઉદયમાં નહીં આવેલા મિથ્યાત્વમોહનીય અને સમ્યગ્મિથ્યાત્વમોહનીયની પહેલી સ્થિતિ એક આવલિકા જેટલી કરે છે અને સમ્યક્ત્વમોહનીયની પહેલી સ્થિતિ અંતર્મુહૂર્ત-પ્રમાણ કરે છે. ત્રણે દર્શનમોહનીયનું ખાલી કરાતું અંતરકરણનું દલિક સમ્યક્ત્વમોહનીયની પહેલી સ્થિતિમાં નાંખે છે. આ જ અહીં વિશેષ છે. ત્રણ કરણને અનુસરનારી બાકીની બધી

ઉપશમનાની વિધિ પૂર્વેની જેમ જ જાણવી. 'મુખને પહોળુ કરી સુવે છે' એ વાક્યમાં क्त्वा પ્રત્યયનો વ્યત્યયથી પ્રયોગ છે. એટલે તેનો અર્થ આ રીતે થાય - 'સુઈને મુખ પહોળુ કરે છે.' તેમ અહીં પણ મૂળગાથામાં 'પહેલા દર્શનમોહ ઉપશમાવીને પહેલી સ્થિતિ એક આવલિકા પ્રમાણ કરે છે' એમ કહ્યું તેમાં क्त्वा પ્રત્યયનો વ્યત્યયથી પ્રયોગ કર્યો છે. તેથી અર્થ આવો થાય - 'પહેલી સ્થિતિ એક આવલિકા પ્રમાણ કરીને પહેલા દર્શનમોહનીયને ઉપશમાવે છે.' અંતરકરણમાં પ્રવેશવાના સમયથી માંડીને અંતર્મુહૂર્ત સુધી સમ્યક્ત્વ-મોહનીયમાં ગુણસંક્રમ થાય છે, ત્યારપછી વિધ્યાતસંક્રમથી થાય છે, એટલે કે મિથ્યાત્વ-મોહનીય અને સમ્યગ્મિથ્યાત્વમોહનીયનું દલિક વિધ્યાતસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં નાંખે છે. કહ્યું છે કે, 'બાકીનું પ્રથમઉપશમસમ્યક્ત્વની જેમ જાણવું. અંતર્મુહૂર્ત પછી એનો વિધ્યાતસંક્રમ થાય છે.' (૩૩)

ઔપશમિક સમ્યક્ત્વના કાળમાં અનંતાનુબંધીકષાયના ઉદયથી બીજુ ગુણઠાણું પામેલા જીવને સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે. **ષડશીતિની વૃત્તિ**માં કહ્યું છે -

'તથા સાસાદન સમ્યક્ત્વ આ પ્રમાણે જાણવું - તેમાં ઔપશમિકસમ્યક્ત્વરૂપ આયને દૂર કરે તે આસાદન એટલે કે અનંતાનુબંધીકષાયોના ઉદયને ભોગવવો. અહીં પૃષોદરાદિ સમાસ થવાથી 'ય' શબ્દનો લોપ થયો છે અને 'रम्यादिभ्यः' (૫।૩।૧૨૬) આ વ્યાકરણના સૂત્રથી કર્તામાં अनट् પ્રત્યય લાગ્યો છે. અનંતાનુબંધીકષાયનો ઉદય થવાથી પરમ આનંદ રૂપ, અનંતસુખ આપનાર, મોક્ષવૃક્ષના બીજ સમાન, ગ્રન્થિભેદથી થયેલ ઔપશમિક-સમ્યક્ત્વનો લાભ જઘન્યથી એક સમય માટે અને ઉત્કૃષ્ટથી છ આવલિકા સુધી દૂર થાય છે. આસાદનથી સહિત હોય તે સાસાદન. અથવા સાસ્વાદન સમ્યક્ત્વ આ પ્રમાણે જાણવું - તેમાં સમ્યક્ત્વરૂપ રસના આસ્વાદનથી સહિત હોય તે સાસ્વાદન. જેમ ખાધેલી ખીર સંબંધી ખરાબ મનવાળો પુરુષ તેના વમન વખતે ખીરના રસના સ્વાદને અનુભવે છે તેમ આ (બીજા સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ નામના) ગુણઠાણે મિથ્યાત્વને અભિમુખ હોવાથી સમ્યક્ત્વ પ્રત્યે ખરાબ મનવાળો પુરુષ સમ્યક્ત્વને વમતો હોવાથી તેને અનુભવે છે. તેથી આ સમ્યક્ત્વને સાસ્વાદનસમ્યક્ત્વ કહેવાય છે. (૧૩)'

ચારિત્ર એટલે સર્વ સાવદ્યયોગોથી વિરતિ. **યોગશાસ્ત્ર**માં કહ્યું છે, 'સર્વસાવદ્ય-યોગોનો ત્યાગ એ ચારિત્ર તરીકે ઇચ્છાય છે...(૧/૧૮)' તે પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ સામાયિક, ૨ છેદોપસ્થાપનીય, ૩ પરિહારવિશુદ્ધિ, ૪ સૂક્ષ્મસંપરાય અને ૫ યથાખ્યાત. **શ્રીદેવગુપ્તાચાર્યજીએ** રચેલ **શ્રીનવતત્ત્વપ્રકરણ**ના **શ્રીઅભયદેવસૂરિજી** રચિત **ભાષ્ય**માં અને **તેની ટીકા**માં કહ્યું છે -

'હવે ચારિત્રને કહેવાનો અવસર છે. ચારિત્રની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા

ભાષ્યકાર ચારિત્રના ભેદ બતાવનારી ગાથાને કહે છે -

**ગાથાર્થ** - સામાયિક, છેદોપસ્થાપન, પરિહારશુદ્ધિક, સૂક્ષ્મસંપરાય અને પાંચમુ યથાખ્યાત ચારિત્ર (આમ ચારિત્રના પાંચ પ્રકાર છે).

**ટીકાર્થ** - સમ એટલે રાગ-દ્વેષ વિનાનો. તેનું ગમન એટલે કે બધી ક્રિયાઓ તે સમાય. રાગ-દ્વેષ વિનાના સાધુની બધી જ ક્રિયા નિર્જરારૂપી ફળવાળી છે. અથવા સમનો આય એટલે કે કર્મનિર્જરારૂપ લાભ તે સમાય. સ્વાર્થમાં इकण् પ્રત્યય લાગવાથી સમાય એ જ સામાયિક. સૂત્રમાં પ્રાકૃતપણાને લીધે 'સામઇયં' એમ કહ્યું છે. તે સામાયિકચારિત્ર પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં ઈત્વર એટલે અલ્પકાળનું છે, કેમકે દીક્ષા લીધા પછી જે શસ્ત્રપરિજ્ઞા અધ્યયન વગેરેને ભણ્યો છે એવા સાધુને છેદોપસ્થાપનીય ચારિત્રનું આરોપણ થતા (વડીદીક્ષા થતા, પાંચ મહાવ્રત-રાત્રિભોજનવિરમણવ્રતનું આરોપણ થતા) સામાયિક-ચારિત્ર નામ ચાલ્યું જાય છે. મધ્યમ બાવીસ તીર્થંકરોના શાસનમાં અને મહાવિદેહક્ષેત્રમાં સામાયિકચારિત્ર જીવનપર્યંતનું હોય છે, કેમકે તે દીક્ષા લીધા બાદ મરણ સુધી રહે છે.

છેદ એટલે પૂર્વેના સામાન્યસામાયિકચારિત્રના પર્યાયને કાપવું. ઉપસ્થાપન એટલે વધુ વિશુદ્ધ એવા સર્વસાવદ્યયોગોની વિરતિમાં સ્થાપન કરવું એટલે કે વધુ વિશુદ્ધ એવા મહાવ્રતોનું આરોપણ કરવું. છેદ અને ઉપસ્થાપન જેમાં હોય તે છેદોપસ્થાપન. તેનાથી થયેલું વિશેષ પ્રકારના પરિણામરૂપ અને ઉપચારથી ચારિત્રના ભેદરૂપ ચારિત્ર તે છેદોપસ્થાપનચારિત્ર. સૂત્રમાં 'छेओवट्ठवणं' કહ્યું છે તે પ્રાકૃતપણાને લીધે. તે પણ સાતિચાર અને અનતિચાર એમ બે પ્રકારનું છે. તેમાં જેણે મૂળગુણનો ભંગ કર્યો હોય તેને ફરી વ્રતોનું આરોપણ કરાય તે સાતિચાર છેદોપસ્થાપન ચારિત્ર છે. નૂતન દીક્ષિતને વિશિષ્ટ અધ્યયન ભણ્યા પછી મહાવ્રતોનું આરોપણ કરાય તે નિરતિચાર છેદોપસ્થાપન ચારિત્ર છે. અથવા મધ્યમ તીર્થંકરના શિષ્ય ચરમતીર્થંકરનું શિષ્યપણું સ્વીકારે ત્યારે ફરી મહાવ્રતોનું આરોપણ કરાય તે નિરતિચાર છેદોપસ્થાપન ચારિત્ર છે. આ બન્ને પ્રકારનું છેદોપસ્થાપન-ચારિત્ર પહેલા અને છેલ્લા તીર્થંકરોના તીર્થોમાં જ હોય છે.

પરિહારવિશુદ્ધિકચારિત્ર કહે છે - પરિહાર એટલે પરિત્યાગ. તેનાથી યુક્ત એવો વિશેષ પ્રકારનો તપ તે પણ પરિહાર. તેનાથી જે ચારિત્રની વિશુદ્ધિ એટલે નિર્મળતા થાય તે પરિહારશુદ્ધિક ચારિત્ર. 'चेव' શબ્દ છન્દ પૂરો કરવા માટે છે. આ ચારિત્રને સ્વીકારનાર નવનો ગણ હોય છે. તેમાં ચાર પરિહારી, ચાર અનુપરિહારી અને કલ્પમાં રહેલ એક વાચનાચાર્ય છે. જો કે આ બધા ય અતિશયશ્રુત ભણેલા હોય છે છતાં પણ રુચિમુજબ એક વાચનાચાર્ય સ્થપાય છે. તેમાં જેઓ કાળના ભેદથી વિહિત તપને કરે છે તે પરિહારી. તેમનો તપ આ પ્રમાણે છે -

| કાળ | તપ | | |
|---|---|---|---|
| | જઘન્ય | મધ્યમ | ઉત્કૃષ્ટ |
| ઉનાળો | ચોથ | છઠ્ઠ | અઠ્ઠમ |
| શિયાળો | છઠ્ઠ | અઠ્ઠમ | દશમ |
| ચોમાસુ | અઠ્ઠમ | દશમ | દ્વાદશ |

તેઓ પારણે આયંબિલ જ કરે. પરિહારીઓને સહાય કરનારા તે અનુપરિહારી. તેઓ રોજ આયંબિલ કરે. વાચનાચાર્ય પણ રોજ આયંબિલ જ કરે. આમ છ મહિના સુધી કરીને પરિહારીઓ અનુપરિહારી બને છે અને અનુપરિહારીઓ પરિહારી બને છે. તેઓ પણ છ મહિના સુધી તપ કરે છે. પછી વાચનાચાર્ય એકલા જ છ મહિના સુધી તપ કરે છે. તેની માટે બાકીનામાંથી એક વાચનાચાર્ય થાય અને શેષ બધા કે એક અનુપરિહારી બને. આ પરિહારશુદ્ધિકચારિત્ર પુરુષના ભેદથી બે પ્રકારનું છે - નિર્વિશ્યમાનક અને નિર્વિષ્ટકાયિક. તેમાં આરાધના કરાતું એવું પરિહારશુદ્ધિક ચારિત્ર તે નિર્વિશ્યમાનક પરિહારશુદ્ધિકચારિત્ર અને આરાધના કરાયેલું એવું પરિહારશુદ્ધિક ચારિત્ર તે નિર્વિષ્ટકાયિક પરિહારશુદ્ધિકચારિત્ર. આ બન્ને પ્રકારના સહયોગથી તેને આરાધનાર મહાત્માઓ પણ નિર્વિશ્યમાનક અને નિર્વિષ્ટકાયિક કહેવાય છે. આમનું આ ચારિત્ર અઢાર મહિને પૂરું થાય છે. તે પૂરું થયા પછી કેટલાક ફરીથી તે જ ચારિત્રને સ્વીકારે છે, કેટલાક જિનકલ્પને સ્વીકારે છે અને કેટલાક પોતાના ગચ્છમાં પ્રવેશે છે. પરિહારશુદ્ધિક ચારિત્રવાળા સ્થિતકલ્પમાં જ હોય છે અને પહેલા-છેલ્લા તીર્થંકરના શાસનમાં જ હોય છે, મધ્યમ તીર્થંકરોના શાસનમાં નહીં.

સૂક્ષ્મસંપરાયચારિત્ર કહે છે - 'તથા' શબ્દ સમુચ્ચય માટે છે. જે ચારિત્રમાં સૂક્ષ્મ એટલે સૂક્ષ્મકિટ્ટિરૂપ કરાયેલો સંપરાય એટલે લોભકષાય હોય છે તે સૂક્ષ્મસંપરાયચારિત્ર. તે સંક્લિશ્યમાનક અને વિશુધ્યમાનક એમ બે પ્રકારનું છે. તેમાં ઉપશમશ્રેણિથી પડનારાને સંક્લિશ્યમાનક સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોય છે અને ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિ પર ચડનારાને વિશુધ્યમાનક સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોય છે. ક્ષપકશ્રેણિ અને ઉપશમશ્રેણિનું સ્વરૂપ આ ગાથાઓથી જાણવું - 'ક્ષપકશ્રેણિમાં અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, આઠ કષાય (અપ્રત્યાખ્યાનાવરણીય ૪ અને પ્રત્યાખ્યાનાવરણીય ૪), નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્ય ૬, પુરુષવેદ અને સંજ્વલન ક્રોધ વગેરે ચાર કષાયોને ક્રમશઃ ખપાવે છે. (૧) ઉપશમશ્રેણિમાં અનંતાનુબંધી ચાર કષાય, ત્રણ દર્શનમોહનીય, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્ય ૬, પુરુષવેદ અને એકના આંતરે બે-બે સરખે

સરખા કષાયો (એટલે અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ - પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, સંજ્વલન ક્રોધ, અપ્રત્યાખ્યાનાવરણીય માન - પ્રત્યાખ્યાનાવરણીય માન, સંજ્વલન માન, અપ્રત્યાખ્યાનાવરણીય માયા - પ્રત્યાખ્યાનાવરણીય માયા, સંજ્વલન માયા, અપ્રત્યાખ્યાનાવરણીય લોભ - પ્રત્યાખ્યાનાવરણીય લોભ, સંજ્વલન લોભ)ને ક્રમશઃ ઉપશમાવે.

અથાખ્યાત ચારિત્રને કહે છે - 'અથ' શબ્દ 'યથા' શબ્દના અર્થવાળો છે. અથાખ્યાત એટલે યથાખ્યાત એટલે કે જે પ્રમાણે અરિહંત ભગવંતોએ ચારિત્ર કહ્યું તે પ્રમાણે જે ચારિત્ર છે તે અથાખ્યાત ચારિત્ર છે. **પ્રશ્ન** - ભગવાને કેવું ચારિત્ર કહ્યું છે ? **જવાબ** - કષાય-વિનાનું. ઉપશાંતમોહ અને ક્ષીણમોહ નામના અગ્યારમા-બારમા ગુણસ્થાનકોમાં કષાયોનો ઉપશમ કે ક્ષય થઈ ગયો હોય છે. તેથી કષાયો વિનાનું અથાખ્યાત ચારિત્ર અગ્યારમા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધી હોય છે. આ પાંચમુ ચારિત્ર છે. (૮૮)'

વ્રત એટલે સાધુઓનું અવ્રતો થકી સર્વથા અટકવારૂપ મહાવ્રતો. કહ્યું છે, 'હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ થકી વિરતિ તે વ્રત છે. (૭/૧)' (**तत्त्वार्था०**) તે વ્રતો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ પ્રાણાતિપાતવિરમણમહાવ્રત, ૨ મૃષાવાદવિરમણમહાવ્રત, ૩ અદત્તાદાનવિરમણમહાવ્રત, ૪ મૈથુનવિરમણમહાવ્રત અને ૫ પરિગ્રહવિરમણમહાવ્રત. **યોગશાસ્ત્ર**માં અને તેની વૃત્તિમાં કહ્યું છે -

**'ગાથાર્થ** - પાંચ મહાવ્રતો : મહાવ્રતો પાંચ પ્રકારના છે. (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ. આ પાંચેય મહાવ્રતોનું પાલન પાંચ પાંચ ભાવનાથી યુક્ત કરવામાં આવે તો મુક્તિને માટે થાય છે. (૧/૧૯)

**ટીકાર્થ** - અહિંસાદિક પાંચ મહાવ્રતોની દરેકની પાંચ પાંચ ભાવના છે. ભાવનાથી યુક્ત એવા મહાવ્રતો પોતાના મુક્તિપ્રાપ્તિરૂપી કાર્યને અવશ્યક કરે છે. (૧/૧૯)

મૂળગુણરૂપ પ્રથમ મહાવ્રત કહે છે -

**ગાથાર્થ** - પ્રમાદના યોગથી ત્રસ કે સ્થાવર જીવોના પ્રાણોનો નાશ ન કરવો તે પ્રથમ અહિંસા મહાવ્રત માનેલું છે. (૧/૨૦)

**ટીકાર્થ** - પ્રમાદ એટલે અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, યાદ ન રહેવું, મન, વચન અને કાયાના યોગોનું પ્રતિકૂળપણે વર્તન થવું અને ધર્મનો અનાદર કરવો. એમ આઠ પ્રકારનો પ્રમાદ કહેલો છે. તેના યોગથી ત્રસ કે સ્થાવર જીવોનાં પ્રાણનો વિયોગ કરવો, તે હિંસા અને તે ન કરવી તે અહિંસા. (૧/૨૦)

બીજું મહાવ્રત કહે છે -

**ગાથાર્થ** - પ્રિય, હિતકારી અને સત્ય વચન બોલવું તે સૂનૃત વ્રત કહેવાય, તથ્ય વચન પણ જો અપ્રિય અને અહિતકર હોય તો તે સત્ય વચન ન કહેવાય. (૧/૨૧)

**ટીકાર્થ** - તથ્ય વચન એટલે અમૃષાસ્વરૂપ સાચું વચન બોલવું તે સૂનૃતવ્રત કહેવાય. તથ્ય વચન કેવું હોય ? પ્રિય અને પથ્ય. તેમાં સાંભળતા માત્ર જે આનંદ આપે તે પ્રિય અને ભવિષ્યમાં હિતકારી તે પથ્ય. અહીં સત્યવ્રતનો અધિકાર હોવાથી તથ્ય એવું એક વિશેષણ બસ છે. પ્રિય અને પથ્ય એવા વિશેષણોની શી જરૂર છે ? તેનું સમાધાન કરતાં જણાવે છે - વ્યવહારથી સત્ય હોવા છતાં પણ ચોરને 'તું ચોર છે.' કોઢીયાને 'તું કોઢરોગવાળો' છે. એમ કહે તે અપ્રિય હોવાથી સાચું નથી. સાચું છતાં અહિતકર, જેમ કે શિકારીઓ જંગલમાં પૂછે, કે મૃગલાઓ કઈ તરફ ગયા ? એને ખરી હકીકત કહેવાથી મૃગલાઓને હિંસા કરી મારી નાંખે, તેથી તેને સત્ય નથી ગણ્યું. (૧/૨૧)

ત્રીજા મહાવ્રતને કહે છે -

**ગાથાર્થ** - ધનના સ્વામીએ નહિ આપેલ વસ્તુ ગ્રહણ ન કરવી, તે અસ્તેય નામનું ત્રીજું મહાવ્રત કહેલું છે. ધન એ મનુષ્યના બાહ્ય પ્રાણો છે અને તેનું હરણ કરવાથી તેઓના પ્રાણોનો નાશ કર્યો સમજવો. (૧/૨૨)

**ટીકાર્થ** - ધનના માલિકે આપ્યા વગર ગ્રહણ કરવું તે અદત્તાદાન. ૧ સ્વામી અદત્ત, ૨ જીવ અદત્ત, ૩ તીર્થંકર અદત્ત અને ૪ ગુરુ અદત્ત એમ તેના ચાર પ્રકાર છે: ઘાસ, પથ્થર, કાષ્ઠ વગેરે તેના સ્વામીએ ન આપેલા હોય તો તે સ્વામીથી અદત્ત. માલિકે આપવા છતાં જીવ પોતે ન આપે જેમ કે દીક્ષાના પરિણામ વગરનો જીવ હોય તેને માતા-પિતા ગુરુને આપે તે જીવથી અદત્ત. તીર્થંકરોએ પ્રતિષિદ્ધ એવા આધાકર્માદિ ગ્રહણ કરવા, તે તીર્થંકરથી અદત્ત. માલિકે આપેલ હોય, આધાકર્માદિ દોષ-રહિત હોય, પણ ગુરુની રજા વગર ગ્રહણ કરે તો તે ગુરુથી અદત્ત કહેવાય. બાકીના વ્રતો પ્રથમ વ્રતનું રક્ષણ કરનારાં છે. અદત્તાદાનમાં હિંસા કેવી રીતે થાય કે જેથી અદત્તાદાનવિરમણ મહાવ્રતથી તેની રક્ષા થાય ? ત્યારે જણાવ્યું કે, ધન એ બાહ્ય પ્રાણ છે. ચોરી કરવી તે બાહ્ય પ્રાણ લીધા બરાબર છે. (૧/૨૨)

ચોથું મહાવ્રત કહે છે.

**ગાથાર્થ** - દેવ સંબંધી અને ઔદારિક શરીર સંબંધી, કામોને મન, વચન અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવાના ત્યાગરૂપ એવા અઢાર ભેદવાળું બ્રહ્મવ્રત કહેલું છે. (૧/૨૩)

**ટીકાર્થ** - દેવતાઈ વૈક્રિય શરીરો અને તિર્યંચો તથા મનુષ્યોના ઔદારિક શરીરોના

કામોનો મનથી, વચનથી અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવાનો ત્યાગ એ પ્રમાણે અઢાર ભેદવાળું કામના ત્યાગરૂપ બ્રહ્મવ્રત. કહ્યું છે કે, 'દેવતાઈ કામના રતિસુખથી ત્રિવિધ ત્રિવિધ વિરતિ એ પ્રમાણે નવ, તથા ઔદારિક સંબંધી પણ તે જ પ્રમાણે નવ મળીને અઢાર પ્રકારવાળું બ્રહ્મવ્રત છે.' **(પ્રશમરતિ ૧૭૭)** કરવું, કરાવવું, અનુમોદવું, તથા મન, વચન અને કાયાથી આ વચલા વ્રતમાં કહેવાથી પહેલાં અને પછીના મહાવ્રતમાં પણ આ ભેદો જોડવા. (૧/૨૩)

**ગાથાર્થ** - સર્વપદાર્થો સંબંધી મૂર્ચ્છાનો ત્યાગ, તે અપરિગ્રહ વ્રત છે, કેમકે અવિદ્યમાન પદાર્થોમાં પણ મૂર્ચ્છા થવાથી ચિત્ત અસ્થિર બને છે. (૧/૨૪)

**ટીકાર્થ** - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ સર્વ ભાવોમાં મૂર્ચ્છા કે આસક્તિનો ત્યાગ, એકલા પદાર્થ માત્રનો ત્યાગ નહિ, પણ તેની મૂર્ચ્છાનો ત્યાગ અપરિગ્રહવ્રત છે. શંકા કરે છે કે, પરિગ્રહનો ત્યાગ કર્યો એટલે અપરિગ્રહવ્રત થઈ ગયું. મૂર્ચ્છાત્યાગરૂપ તેનું લક્ષણ કેમ કહ્યું ? તેના સમાધાનમાં કહે છે કે, અવિદ્યમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં મૂર્ચ્છા થવાથી ચિત્તની અશાંતિ થાય છે અને અસ્થિર ચિત્તવાળાથી પ્રશમસુખનો અનુભવ કરી શકાતો નથી. ધન ન હોવા છતાં ધનની તૃષ્ણાવાળા રાજગૃહીના દ્રમકની માફક ચિત્તની મલિનતા દુર્ગતિમાં પડવાનું કારણ બને છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ રૂપી સામગ્રીની હાજરી છતાં તૃષ્ણારૂપ કાળા સર્પના ઉપદ્રવ વગરના મનવાળાઓને પ્રશમસુખની પ્રાપ્તિથી ચિત્તની પૂર્ણ સ્થિરતા હોય છે. આ જ કારણથી ધર્મોપકરણ ધારણ કરનાર યતિઓને શરીર અને ઉપકરણમાં મમતા ન હોવાથી અપરિગ્રહપણું જણાવેલું છે. કહ્યું છે કે :- 'જેમ ઘોડાને આભૂષણો હોવા છતાં તેને તેની મૂર્ચ્છા હોતી નથી, તેવી રીતે ઉપકરણવાળા નિર્ગ્રંથો પણ તેમાં રાગ કરતા નથી.' **(પ્રશમરતિ ૧૪૧)** જેવી રીતે મૂર્ચ્છા રહિત ધર્મોપકરણવાળા મુનિઓને પરિગ્રહદોષ નથી, તેવી રીતે વ્રત ધારણ કરનારી પણ ગુરુના ઉપદેશ અનુસાર ધર્મોપકરણ ધારણ કરનારી, ત્રણ રત્નવાળી સાધ્વીઓને પણ પરિગ્રહપણાનો દોષ નથી. આ કારણથી સાધ્વીઓ માટે 'ધર્મોપકરણના પરિગ્રહ માત્રથી સ્ત્રીઓને મોક્ષ ન હોય.' તેમ કહેવું તે માત્ર વાચાળતા છે. (૧/૨૪)'

(સટીક યોગશાસ્ત્રના આ. શ્રીહેમસાગરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

પ્રરૂપણા વગેરે પ્રકાર વડે જીવ વગેરે વસ્તુનો જેનાથી વ્યવહાર થાય છે તે વ્યવહાર. તે પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે - ૧ આગમવ્યવહાર, ૨ શ્રુતવ્યવહાર, ૩ આજ્ઞાવ્યવહાર, ૪ ધારણાવ્યવહાર અને ૫ જીતવ્યવહાર. **શ્રીપુષ્પમાલા**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે -

'પાંચ પ્રકારના વ્યવહારના સ્વરૂપને બતાવવા માટે કહે છે -

**ગાથાર્થ** - આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત એમ પાંચ પ્રકારનો વ્યવહાર છે. તેમાં કેવલજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન, ચૌદપૂર્વ, દશપૂર્વ અને નવપૂર્વ એ પહેલો આગમ વ્યવહાર છે. (૩૫૭)

**ટીકાર્થ** - જેનાથી જીવાદિ પદાર્થોનો વ્યવહાર કરાય તે વ્યવહાર. અથવા મુમુક્ષુઓની પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ વ્યવહાર છે. વ્યવહારનું કારણ હોવાથી (કારણમાં કાર્યના ઉપચારથી) વિશેષ પ્રકારનું જ્ઞાન પણ વ્યવહાર છે. તે વ્યવહાર પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે - આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત.

(૧) **આગમ** - જેનાથી પદાર્થોનો નિર્ણય કરાય તે આગમ.

(૨) **શ્રુત** - સાંભળવું તે શ્રુત. અથવા જે સંભળાય તે શ્રુત.

(૩) **આજ્ઞા** - આદેશ કરાય તે આજ્ઞા.

(૪) **ધારણા** - ધારી રાખવું તે ધારણા.

(૫) **જીત** - જે સર્વોત્કૃષ્ટતાથી વર્તે તે જીત.

પાંચ પ્રકારના વ્યવહારમાં કેવલજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન, ચૌદપૂર્વો, દશપૂર્વો અને નવપૂર્વો આ સઘળોય વ્યવહાર પહેલો આગમવ્યવહાર છે. (૩૫૭)

જો કેવલજ્ઞાનીનો યોગ થાય તો તેમની જ પાસે આલોચના કરવી. તેના અભાવમાં મનઃપર્યવજ્ઞાનીની પાસે આલોચના કરવી. તેના પણ અભાવમાં અવધિજ્ઞાનીની પાસે ઇત્યાદિ ક્રમશઃ કહેવું.

પ્રસ્તુત શ્રુત વગેરે વ્યવહારનું નિરૂપણ કરવા માટે કહે છે -

**ગાથાર્થ** - શેષ નિશીથ વગેરે સઘળાય શ્રુતને શ્રુતવ્યવહાર કહેલ છે. જુદા જુદા સ્થાને રહેલાઓની ગૂઢપદોથી થતી આલોચના આજ્ઞાવ્યવહાર છે. (૩૬૦)

**ટીકાર્થ** - નિશીથસૂત્ર, બૃહત્કલ્પસૂત્ર, વ્યવહારસૂત્ર, દશાશ્રુતસ્કન્ધ વગેરે સઘળું ય શ્રુત શ્રુતવ્યવહાર છે. ચૌદપૂર્વો વગેરે પણ શ્રુત હોવા છતાં અતીન્દ્રિય પદાર્થોમાં વિશિષ્ટજ્ઞાનના હેતુ છે, અર્થાત્ ચૌદપૂર્વો વગેરેથી અતીન્દ્રિય પદાર્થો વિશેષથી જાણી શકાય છે. આથી ચૌદપૂર્વો વગેરે અતિશયવાળા હોવાથી કેવલજ્ઞાન વગેરેની જેમ ચૌદપૂર્વો વગેરેને આગમ તરીકે જ કહેલ છે.

આજ્ઞાવ્યવહાર - કોઈ શિષ્યને નજીકમાં આલોચનાચાર્યનો યોગ ન થયો. આલોચનાચાર્ય દૂર રહેલા છે. તથા કોઈ કારણથી સ્વયં ત્યાં જવા માટે સમર્થ નથી. કોઈ અગીતાર્થ ત્યાં જાય તેમ છે. તેથી શિષ્ય અપરાધપદોને આગમભાષાથી ગૂઢ (=સાંકેતિક) ભાષામાં લખીને અગીતાર્થ દ્વારા આલોચના મોકલે અને ગુરુ પણ તે જ રીતે ગૂઢપદોથી પ્રાયશ્ચિત્ત લખીને મોકલે ત્યારે આ આજ્ઞારૂપ ત્રીજો વ્યવહાર જાણવો. (૩૬૦)

ધારણાવ્યવહારને કહે છે -

**ગાથાર્થ** - ગીતાર્થ વડે અપાયેલ શુદ્ધિને (=પ્રાયશ્ચિત્તને) અવધારીને તે જ પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપનારનો ધારણાવ્યવહાર છે. અથવા ઉદ્ધૃતપદોની ધારણારૂપ ધારણાવ્યવહાર છે. (૩૬૧)

**ટીકાર્થ** - કોઈ ગીતાર્થ અને સંવિગ્ન ગુરુએ કોઈ શિષ્યને કોઈક અપરાધમાં દ્રવ્યાદિની અપેક્ષાએ જે શુદ્ધિ (=પ્રાયશ્ચિત્ત) આપી હોય તે શુદ્ધિને તે જ પ્રમાણે ચિત્તમાં ધારીને તે શિષ્ય પણ જ્યારે બીજા સ્થાને પણ તેવા જ અપરાધમાં તે જ પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે ત્યારે આ ધારણા નામનો ચોથો વ્યવહાર ઈચ્છાય છે. અથવા વૈયાવચ્ચ કરવા આદિ વડે ગચ્છનો ઉપકારી કોઈ સાધુ હજી સુધી સઘળા છેદશ્રુતને ભણવાને માટે યોગ્ય થયો નથી. તેથી તેના ઉપર અનુગ્રહ કરીને ગુરુ જ્યારે ઉદ્ધરેલા જ કેટલાક પ્રાયશ્ચિત્તપદોને કહે ત્યારે તે તે પદોને ધારી રાખે તેને ધારણા કહેવાય છે. (૩૬૧)

જીતવ્યવહારને કહે છે -

**ગાથાર્થ** - દ્રવ્યાદિને વિચારીને અને સંઘયણ આદિની હાનિને પામીને જે પ્રાયશ્ચિત્ત અપાય તે જીતવ્યવહાર છે. અથવા જે ગચ્છમાં જે પ્રાયશ્ચિત્ત રૂઢ હોય તે જીતવ્યવહાર છે. (૩૬૨)

**ટીકાર્થ** - પૂર્વે મહર્ષિઓ જે અપરાધોમાં ઘણા તપથી શુદ્ધિ કરતા હતા તે અપરાધોમાં હમણાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવોને વિચારીને તથા સંઘયણ વગેરેની હાનિને પામીને ઉચિત કોઈ તપવડે ગીતાર્થો જે શુદ્ધિ જણાવે છે તેને શાસ્ત્રની પરિભાષાથી જીતવ્યવહાર કહેવામાં આવે છે. અથવા જે ગચ્છમાં કારણસર સૂત્રમાં કહ્યા સિવાયનું જે પ્રાયશ્ચિત્ત પ્રવર્તેલું હોય, તે ગચ્છમાં રૂઢ થયેલું તે પ્રાયશ્ચિત્ત જીતવ્યવહાર કહેવાય છે. (૩૬૨)'

(સટીક પુષ્પમાળાના આ. શ્રીરાજશેખરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

આચરવું તે આચાર. તે પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે - ૧ જ્ઞાનાચાર, ૨ દર્શનચાર, ૩ ચારિત્રાચાર, ૪ તપાચાર અને ૫ વીર્યાચાર. **શ્રીદશવૈકાલિકસૂત્રની**

**નિર્યુક્તિમાં અને હરિભદ્રસૂરિ મહારાજે રચેલ તેની વૃત્તિમાં** કહ્યું છે -

**'ગાથાર્થ** - દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર - આ ભાવઆચાર પાંચ પ્રકારનો જાણવાનો છે. (૧૮૧)

**ટીકાર્થ** - દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરેમાં આચાર શબ્દ દરેક સાથે જોડાય છે. દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પ્રમાણે. તેમાં દર્શન એટલે સમ્યગ્દર્શન કહેવાય છે, ચક્ષુદર્શન વગેરે નહીં. તે ક્ષાયોપશમિક વગેરે રૂપ હોવાથી ભાવ જ છે. તેથી સમ્યગ્દર્શનનું આચરણ તે દર્શનાચાર. એ પ્રમાણે બાકીના આચારોમાં પણ જોડવું. ભાવાર્થ તો આગળ કહેશે. આ ભાવાચાર પાંચ પ્રકારનો હોય છે એમ જાણવું. આ પ્રમાણે ગાથાના અક્ષરોનો અર્થ છે. (૧૮૧)'

તેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચારનું સ્વરૂપ છઠ્ઠી છત્રીસીની વૃત્તિમાં કહેવાશે. બાર પ્રકારનો તપ એ જ તપાચાર છે. તેનું સ્વરૂપ પહેલી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. બળ અને વીર્યને નહીં ગોપવનારાનું જ્ઞાન વગેરેમાં યથાશક્તિ પ્રવર્તવું તે વીર્યાચાર છે. તે મન-વચન-કાયાના ભેદથી ત્રણ પ્રકારનો છે. તેનું સ્વરૂપ પાંત્રીસમી છત્રીસીની વૃત્તિમાં કહેવાશે.

સમિતિ એટલે સારી પ્રવૃત્તિ. તે પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે - ૧ ઈર્યાસમિતિ, ૨ ભાષાસમિતિ, ૩ એષણાસમિતિ, ૪ આદાનનિક્ષેપણાસમિતિ અને ૫ પરિષ્ઠાપના-સમિતિ. **પુષ્પમાળા**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનસમિતિ અને પરિષ્ઠાપનાસમિતિ...(૧૭૦)

**ટીકાર્થ** - સર્વજ્ઞ ભગવાને કહેલા પ્રવચનને અનુસારે આત્માની ચેષ્ટા તે સમિતિ. એ શાસ્ત્રીય સંજ્ઞા છે. સમિતિશબ્દ બધે જોડવો. ઈર્યા એટલે ગમનાગમનની ચેષ્ટા. તેના સંબંધી તે ઈર્યાસમિતિ. એ પ્રમાણે ભાષાસમિતિ, એષણાસમિતિ. 'આયાણે' શબ્દમાં એ-કાર વ્યાકરણના સૂત્રથી થયેલ નથી અને દેશથી સમુદાય જણાવાથી આદાન એટલે પીઠ-ફલક વગેરેનું ગ્રહણ કરવું. નિક્ષેપણ એટલે તેને જ મૂકવું. તે સંબંધી સમિતિ તે આદાન-નિક્ષેપણાસમિતિ. તથા પરિષ્ઠાપનાસમિતિ. એમ આ પાંચ સમિતિઓ છે.'

સમિતિઓનું સ્વરૂપ **ઉપદેશમાળા**માં અને **તેની વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'હવે આ જ ગાથાના દરેક પદની વ્યાખ્યા કરે છે. તેમાં પહેલું સમિતિ પદ છે. સમિતિ

પાંચ છે. એમાંથી પહેલી સમિતિને આશ્રયીને કહે છે -

જેની દૃષ્ટિ યુગ જેટલા અંતરવાળી છે, પગલે પગલે આંખથી શોધતો એટલે કે બન્ને બાજુ અને પાછળ ઉપયોગ રાખતો, વ્યાક્ષેપ વિનાનો એટલે કે શબ્દ વગેરે વિષયોમાં રાગ-દ્વેષ ન કરતો, ધર્મધ્યાનમાં ઉપયોગવાળો મુનિ ઈર્યાસમિતિવાળો એટલે કે ગમનમાં સારી પ્રવૃત્તિવાળો થાય છે એટલે કે જે પ્રમાણે ભગવાને કહ્યું છે તે પ્રમાણે ગમન કરનારો થાય છે. અહીં અતિદૂર અને અતિનજીક જોવામાં જીવો ન દેખાવા અને કાયયોગની અતિપ્રવૃત્તિ (શરીરને રોકી ન શકવું) રૂપ દોષ હોવાથી યુગ જેટલા ક્ષેત્રનું નિયમન કર્યું. (૨૯૬)

હવે ભાષાસમિતિને આગળ કરીને કહે છે -

જ્ઞાન વગેરે સંબંધી કાર્ય આવે ત્યારે પાપ ન લાગે તેવી ભાષા બોલે, કારણ વિના ન બોલે, વિકથા અને વિશ્રોતસિકા વિનાનો, સોળ પ્રકારના વચનોને જાણનારો સાધુ બોલવામાં સારી પ્રવૃત્તિવાળો એટલે ભાષાસમિતિવાળો છે. વિકથા એટલે સ્ત્રીકથા વગેરે. વિશ્રોતસિકા એટલે મનમાં ખરાબ બોલવું. (૨૯૭)

હવે એષણાસમિતિને આગળ કરીને કહે છે -

આધાકર્મી વગેરે બેતાલીશ એષણાદોષોને અને ભોજનના પાંચ દોષોને શોધે છે એટલે કે કરતો નથી તે સાધુ એષણામાં સારી પ્રવૃત્તિવાળો છે એટલે એષણાસમિતિવાળો થાય છે. જો આનાથી વિપરીત કરે તો ગુણ વિનાનો હોવાથી લિંગ (સાધુવેષ)થી આજીવિકા ચલાવનારો એટલે કે વેષની વિડંબના કરનારો થાય છે. બેતાલીસ દોષોમાં સોળ ઉદ્ગમના દોષો છે, સોળ ઉત્પાદનાના દોષો છે અને દસ એષણાના દોષો છે. તેમાં સોળ ઉદ્ગમના દોષો આ પ્રમાણે છે -

(૧) આધાકર્મદોષ - સાધુ માટે છ કાયની વિરાધના કરીને બનાવવું તે.

(૨) ઔદ્દેશિકદોષ - સાધુ, યાચકો, ભિખારીઓ વગેરે બધાને ઉદ્દેશીને બનાવવું તે.

(૩) પૂતિકર્મદોષ - આધાકર્મદોષવાળા આહાર વગેરેની સાથે નિર્દોષ આહાર વગેરે રાખવો તે.

(૪) મિશ્રજાતદોષ - સાધુ માટે અને પોતાની (શ્રાવકની) માટે બનાવવું તે.

(૫) સ્થાપનાદોષ - સાધુ માટે જુદુ રાખી મૂકવું તે.

(૬) પ્રાભૃતિકાદોષ - સાધુ માટે વિવાહ વગેરે મોટા પ્રસંગો કે પુત્રને જમવા આપવું વગેરે નાના કાર્યો વહેલા - મોડા કરવા તે.

(૭) પ્રાદુષ્કરણદોષ - વહોરાવવા માટે વસ્તુ અંધારામાંથી પ્રકાશમાં લાવવી તે.

(૮) ક્રીતદોષ - સાધુ માટે ખરીદીને વહોરાવવું તે.

(૯) પ્રામિત્યદોષ - સાધુ માટે ઉધાર લઈને વહોરાવવું તે.

(૧૦) પરિવર્તિતદોષ - પોતાની વસ્તુ બીજાને આપી બીજાની વસ્તુ લાવીને પોતે વહોરાવવી તે.

(૧૧) અભ્યાહૃતદોષ - સાધુ માટે ઉપાશ્રયમાં લાવીને વહોરાવવું તે.

(૧૨) ઉદ્ભિન્નદોષ - કોઠી વગેરેનું સીલ તોડીને વહોરાવવું તે.

(૧૩) માલાપહૃતદોષ - માળીયામાંથી ઉતારીને વહોરાવવું તે.

(૧૪) આચ્છેદ્યદોષ - બીજા પાસેથી ઝુંટવીને વહોરાવવું તે.

(૧૫) અનિસૃષ્ટદોષ - માલિકની રજા વિના વહોરાવવું તે.

(૧૬) અધ્યવપૂરકદોષ - પોતાની માટે આહાર વગેરે ચૂલા ઉપર ચઢાવ્યા બાદ સાધુ માટે તેમાં ઉમેરવું તે.

આ પિંડના ઉદ્ગમના દોષો છે.

ઉત્પાદનાના સોળ દોષો આ પ્રમાણે છે -

(૧) ધાત્રીદોષ - ગોચરી માટે ગૃહસ્થના બાળક વગેરેને રમાડવા વગેરે ધાવમાતાનું કાર્ય કરવું તે.

(૨) દૂતિદોષ - ગોચરી માટે એક સ્થાનથી બીજા સ્થાને સંદેશો પહોંચાડવારૂપ દૂતનું કાર્ય કરવું તે.

(૩) નિમિત્તદોષ - ગોચરી માટે નિમિત્ત વડે ભવિષ્ય ભાખવું તે.

(૪) આજીવકદોષ - ગોચરી માટે ગૃહસ્થની સાથે પૂર્વની ઓળખાણ કાઢવી તે.

(૫) વનીપકદોષ - ગૃહસ્થ જેનો ભક્ત હોય તેનો પોતે (સાધુ) પણ ભક્ત છે એમ કહીને ગોચરી મેળવવી તે.

(૬) ચિકિત્સાદોષ - ગોચરી માટે ગૃહસ્થને રોગની ચિકિત્સા કે તે કરનાર વૈદ્ય બતાવે.

(૭) ક્રોધદોષ - ગુસ્સો કરીને ગોચરી મેળવવી તે.

(૮) માનદોષ - અભિમાનથી ગોચરી મેળવવી તે.

(૯) માયાદોષ - બીજાને ઠગીને ગોચરી મેળવવી તે.

(૧૦) લોભદોષ - લાલસાથી સારી સારી ગોચરી મેળવવી તે.

(૧૧) પૂર્વપશ્ચાત્સંસ્તવદોષ - લગ્ન પહેલાના અને પછીના સંબંધો બતાવીને ગોચરી મેળવવી તે.

(૧૨) વિદ્યાદોષ - દેવતાથી અધિષ્ઠિત વિદ્યાનો પ્રયોગ કરીને ગોચરી મેળવવી તે.

(૧૩) મંત્રદોષ - દેવથી અધિષ્ઠિત મંત્રનો પ્રયોગ કરીને ગોચરી મેળવવી તે.

(૧૪) ચૂર્ણદોષ - અદૃશ્ય થવું વગેરે પ્રભાવવાળા ચૂર્ણનો પ્રયોગ કરીને ગોચરી મેળવવી તે.

(૧૫) યોગદોષ - સૌભાગ્ય-દૌર્ભાગ્ય કરનારા ચંદન, ધૂપ વગેરે દ્રવ્યો તથા આકાશગમન, જલસ્તંભન વગેરે ફળવાળા પગે લગાડવાના લેપ વગેરેનો પ્રયોગ કરીને ગોચરી મેળવવી તે.

(૧૬) મૂળકર્મદોષ - ગર્ભને થંભાવવો, ગર્ભ ઉત્પન્ન કરવો વગેરે વડે ગોચરી મેળવવી તે.

આ ઉત્પાદનાના સોળ દોષો છે.

એષણાના દસ દોષો આ પ્રમાણે છે -

(૧) શંકિતદોષ - દોષની શંકાથી વહોરવું તે.

(૨) પ્રક્ષિતદોષ - અકલ્પ્ય વસ્તુથી ખરડાયેલ વસ્તુ વહોરવી તે.

(૩) નિક્ષિપ્તદોષ - સચિત્ત વસ્તુ ઉપર મૂકેલ વસ્તુ વહોરવી તે.

(૪) પિહિતદોષ - સચિત્ત વસ્તુથી ઢાંકેલ વસ્તુ વહોરવી તે.

(૫) સંહૃતદોષ - વહોરાવવાના ભાજન વગેરેમાં રહેલ વસ્તુને સચિત્ત વગેરેમાં નાંખી ખાલી થયેલા ભાજનથી વહોરાવેલ વસ્તુ વહોરવી તે.

(૬) દાયકદોષ - અયોગ્ય દાયકના હાથે વહોરવું તે.

(૭) ઉન્મિશ્રદોષ - સચિત્તથી મિશ્ર વસ્તુ વહોરવી તે.

(૮) અપરિણતદોષ - સંપૂર્ણ અચિત્ત નહીં થયેલી વસ્તુ વહોરવી તે.

(૯) લિપ્તદોષ - લેપવાળી વસ્તુ કે અકલ્પ્ય વસ્તુથી લેપાયેલી વસ્તુ વહોરવી તે.

(૧૦) છર્દિતદોષ - ઢોળતા ઢોળતા વહોરાવેલ વસ્તુ વહોરવી તે.

આ એષણાના દસ દોષો છે.

આ બધા ય બેતાલીસ દોષો થાય છે. ગાથામાં 'बायालमेसणाओ' શબ્દમાં મ કાર છે તે વ્યાકરણના નિયમ વિના બહારથી આવેલ છે.

ભોજનના પાંચ દોષ આ પ્રમાણે છે -

(૧) સંયોજનાદોષ - સ્વાદ માટે બે કે વધુ વસ્તુને ભેગી કરીને વાપરવી તે.

(૨) પ્રમાણદોષ - પુરુષ, સ્ત્રી, નપુંસકનો ક્રમશઃ ૩૨, ૨૮, ૨૪ કોળીયા આહાર છે. તે પ્રમાણથી વધુ વાપરવું તે.

(૩) ઈંગાલદોષ - આહાર વગેરેના દાતાની પ્રશંસા કરીને કે આહાર વગેરે ઉપર રાગ કરીને વાપરવું તે.

(૪) ધૂમદોષ - આહાર વગેરેના દાતાની નિંદા કરીને કે આહાર વગેરે ઉપર દ્વેષ કરીને વાપરવું તે.

(૫) કારણદોષ - કારણ વિના વાપરવું તે. (૨૯૮)

હવે આદાનનિક્ષેપણાસમિતિને કહે છે -

જે સાધુ પહેલા આંખથી પ્રદેશને જોઈને પછી રજોહરણથી પ્રમાર્જીને ભોજન વગેરે મૂકે છે કે લે છે તે ઉપકરણના લેવા-મૂકવામાં સારી પ્રવૃત્તિવાળો થાય છે એટલે કે આદાનભાંડ-નિક્ષેપણાસમિતિવાળો થાય છે. ગાથામાં ભાંડ શબ્દ વચ્ચે મૂક્યો છે તે પ્રાકૃતશૈલીના કારણે. (૨૯૯)

હવે પાંચમી સમિતિને આશ્રયીને કહે છે -

વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મ, શરીરનો મેલ, નાસિકાનો મેલ, વધારાના કે અશુદ્ધ આહાર-પાણી-ઉપકરણો, કોઈક રીતે ઉપકરણ વગેરેમાં આવી ગયેલા અનેક પ્રકારના જંતુઓ આ બધાને જીવ વિનાની - સુવિવેચિત-(જોયેલી-પૂંજેલી) જગ્યાએ પરઠવનારો સાધુ પરઠવવામાં સારી પ્રવૃત્તિવાળો થાય છે એટલે કે પરિષ્ઠાપનાસમિતિવાળો થાય છે. અહીં સ્થાવર-ત્રસ જીવો વિનાનું એકાંતસ્થાન કહેવાની બદલે સુવિવેચિતસ્થાન કહ્યું તે એકાંત સ્થાનમાં પણ પોતે જોયા વિના અને રજોહરણથી પૂંજ્યા વિના પરઠવનારો સાધુ પરિષ્ઠાપનાસમિતિવાળો નથી એવું જણાવવા માટે. (૩૦૦)'

આ એટલે મર્યાદાપૂર્વક એટલે કે સિદ્ધાંતમાં કહેલ ન્યાયપૂર્વક, અધ્યયન એટલે ભણવું - તે આધ્યાય. સારો આધ્યાય તે સ્વાધ્યાય. તે પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે - ૧ વાચના, ૨ પૃચ્છના, ૩ પરાવર્તના, ૪ અનુપ્રેક્ષા અને ૫ ધર્મકથા. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં અને **તેના ભાષ્ય**માં **વાચકવર્ય ઉમાસ્વાતિ મહારાજે** કહ્યું છે -

**'સૂત્રાર્થ** - વાચના, પ્રચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય છે. (૯/૨૫)

**ભાષ્યાર્થ** - સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે - વાચના, પ્રચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ. તેમાં વાચના એટલે શિષ્યને ભણાવવું. પ્રચ્છના એટલે ગ્રંથ અને અર્થ પૂછવા. અનુપ્રેક્ષા એટલે ગ્રંથ અને અર્થનો જ મનથી અભ્યાસ કરવો. આમ્નાય એટલે ઘોષથી વિશુદ્ધ એવું પરાવર્તન, એટલે કે ગુણવું, એટલે કે રૂપનું ગ્રહણ એટલે એક વાર, બે વાર, ત્રણ વાર વગેરે ગણત્રીપૂર્વક પાઠ કરવો. અર્થનો ઉપદેશ, વ્યાખ્યાન, વ્યાખ્યાનું વર્ણન, ધર્મનો ઉપદેશ એ પર્યાયવાચી શબ્દો છે. (૯/૨૫)'

સ્વાધ્યાયની વિધિ આ પ્રમાણે જાણવી -

'શ્રુતને ભણનારાએ હંમેશા પલાઠી, ટેકો, પગ પસારવા, વિકથા અને હાસ્ય-આટલું વર્જવું.'

**ઉત્તરાધ્યયનસૂત્ર**ના **પહેલા અધ્યયન**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'આસન ઉપર બેસીને સૂત્ર વગેરે ન પૂછે. તેવા પ્રકારની (માંદગી વગેરે) અવસર વિના કદાચ બહુશ્રુત હોય તો પણ સંથારા પર રહીને ન પૂછે. બહુશ્રુતે પણ સંશય પડે તો પૂછવું જોઈએ અને પૂછતા ગુરુની અવજ્ઞા ન કરવી જોઈએ, કેમકે ગુરુનો વિનય હંમેશા ઓળંગવા યોગ્ય નથી. ગુરુની પાસે આવીને ઊભડક પગે બેસીને એટલે કે આસન છોડીને અથવા કારણે આસન પર બેસીને હાથ જોડીને સૂત્ર વગેરેને પૂછે. (૧/૨૨)

આવા શિષ્યનું ગુરુએ જે કરવાનું છે તે કહે છે -

આ રીતે કહેલી નીતિથી વિનયવાળા, કાલિકઉત્કાલિક વગેરે સૂત્ર, તેનાથી કહેવા યોગ્ય અર્થ અને સૂત્ર-અર્થ ઉભયને પૂછનારા એટલે કે જાણવા ઇચ્છનારા, પોતે દીક્ષા આપેલા કે ઉપસંપદા સ્વીકારેલા શિષ્યને જે પ્રમાણે પોતે પોતાના ગુરુ પાસેથી સાંભળ્યું હોય તે પ્રમાણે કહેવું, પોતાની બુદ્ધિથી વિચારીને નહીં. (૧/૨૩)'

**પુષ્પમાળા**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - અસ્ખલિતત્વ-અમિલિતત્વ આદિ ગુણવાળા સૂત્રમાં કાલગ્રહણ વગેરે વિધિ છે. સૂત્રના અર્થમાં માર્જન, નિષદ્યા અને અક્ષ વગેરે વિધિ છે. (૨૨)

**ટીકાર્થ** - શ્રુતજ્ઞાન સૂત્રથી અને અર્થથી એમ બે પ્રકારે છે. તેમાં આચારાંગ, ઉત્તરાધ્યયન વગેરે સૂત્રોમાં કાલગ્રહણ વગેરે વિધિ છે. કાલ એ શાસ્ત્ર-આચરણથી પ્રસિદ્ધ ક્રિયાવિશેષ છે. આદિ શબ્દથી ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા વગેરે વિધિ સમજવી.

**અસ્ખલિતત્વ-અમિલિતત્વ** - જેમ ખેડૂત હળ ખેડે છે ત્યારે પથ્થર વગેરેના અવરોધથી હળ ખચકાય છે તેમ સૂત્રો બોલતાં ખચકાવું તે સ્ખલિતત્વદોષ છે. એનાથી વિરુદ્ધ અસ્ખલિતત્વગુણ છે. (ઉતાવળ વગેરે કારણોથી) બોલનારના પદ વગેરેનો વિચ્છેદ જેમાં ન જણાય, અર્થાત્ બોલનાર પદો છૂટાં છૂટાં ન બોલે તે મિલિતત્વદોષ છે. એનાથી વિરુદ્ધ અમિલિતત્વગુણ છે. આ નિર્દેશ ભાવની પ્રધાનતાવાળો છે. આથી અસ્ખલિતના સ્થાને અસ્ખલિતત્વ (=સ્ખલનાનો અભાવ) અને અમિલિતના સ્થાને અમિલિતત્વ(=છૂટું છૂટું) એમ સમજવું. અહીં ગ્રંથકારે સૂત્રનું ''અસ્ખલિતત્વ-અમિલિતત્વ આદિ ગુણવાળા'' એવું વિશેષણ કહીને અહીનાક્ષરત્વ, અનત્યક્ષરત્વ, અસ્ખલિતત્વ, અમિલિતત્વ વગેરે ગુણોથી યુક્ત સૂત્ર બોલવું જોઈએ એવો વિધિ જ કહેલો છે એમ જાણવું.

**પ્રશ્ન** - હીનાક્ષરત્વ આદિથી યુક્ત સૂત્ર બોલવામાં ક્યો દોષ છે કે જેથી એનો ત્યાગ કરવાનો ઉપદેશ અપાય છે ?

**ઉત્તર** - લોકમાં પણ હીનાક્ષરત્વ આદિથી યુક્ત બોલતા વિદ્યા-મંત્રો વગેરેથી વિવક્ષિત ફલનો અભાવ અને અનર્થની પ્રાપ્તિ દેખાય છે, તો પછી પરમમંત્ર સમાન જિનપ્રણીત સૂત્રો અંગે શું કહેવું ? **અનુયોગદ્વાર સૂત્રની ચૂર્ણિ**માં કહ્યું છે કે - 'મગધદેશના રાજગૃહ નામના શ્રેષ્ઠ નગરમાં શ્રીમહાવીરસ્વામી પધાર્યા. દેવોએ રમણીય સમવસરણ રચ્યું. દેવ-મનુષ્ય-તિર્યંચોના મિલનથી શોભતા તે સમવસરણમાં અભયકુમાર આદિથી સહિત શ્રેણિકરાજા વંદન કરવા માટે આવ્યા. ધર્મ સાંભળીને પર્ષદા સમવસરણમાંથી નીકળી ત્યારે એક ખેચર આકાશમાં થોડુંક જઈને ફરી ફરી પૃથ્વી ઉપર પડે છે. તેથી શ્રેણિકે જિનેન્દ્રને પૂછ્યું, 'હે જગન્નાથ ! આ વિદ્યાધર પાંખથી રહિત પક્ષીની જેમ ઉત્પાત-નિપાત (ઊંચે જવું અને નીચે પડવું) કેમ કરે છે ?' જિનેશ્વરે કહ્યું, 'આ વિદ્યાધર આકાશગામિની વિદ્યાનો એક અક્ષર ભૂલી ગયો છે. તેથી આ વિદ્યાધર આકાશમાં જવા સમર્થ નથી.' જિનેશ્વરે કહેલી તે વાતને સાંભળીને અભયકુમારે જલદી વિદ્યાધરની પાસે જઈને કહ્યું, 'તું વિદ્યાનો એક અક્ષર ભૂલી ગયો છે. જો તું મને આ વિદ્યા આપે તો હું તને એ અક્ષર મેળવીને કહું.' વિદ્યાધરે તેમ સ્વીકાર્યું. અભયકુમારે પદાનુસારી લબ્ધિથી તે અક્ષર મેળવીને તેને કહ્યો. ખુશ થયેલો તે

વિદ્યાધર અભયકુમારને વિદ્યા આપીને આકાશમાં ઊડી ગયો. જેમ આ પ્રમાણે એક અક્ષરની ન્યૂનતાથી વિદ્યાથી સાધી શકાય તેવું કાર્ય ન થયું, તેમ અહીં પણ અક્ષર વગેરેની ન્યૂનતામાં અર્થનો ભેદ થાય. અર્થના ભેદથી ક્રિયાનો નાશ થાય. ક્રિયાનો નાશ થતાં ચારિત્રમાં વિસંવાદ ઉત્પન્ન થાય. ચારિત્રના વિસંવાદમાં મોક્ષનો અભાવ થાય. મોક્ષનો અભાવ થતાં દીક્ષા વ્યર્થ બને.

**અર્થસંબંધી વિધિને કહે છે** - સૂત્રનો અર્થ સાંભળવાનો હોય ત્યારે માર્જન, નિષદ્યા અને અક્ષ વગેરે વિધિ છે. **માર્જન**=ભૂમિની શુદ્ધિ કરવી અર્થાત્ જ્યાં વાચના લેવાની હોય ત્યાં કાજો લેવો. **નિષદ્યા**=ગુરુનું આસન પાથરવું. **અક્ષ**=સ્થાપનાચાર્યજી પધરાવવા. આદિ શબ્દથી વંદન કરવું વગેરે વિધિ સમજવો. (૨૨)

હવે શ્રવણનો જ વિધિ કહે છે -

**ગાથાર્થ-ટીકાર્થ** - નિદ્રા-વિકથાનો ત્યાગ કરી, (गुत्तेहिं=) વાચના-શ્રવણ સિવાયની સઘળી પ્રવૃત્તિનો ત્યાગ કરી, અંજલિ જોડી, ગુરુપ્રત્યે ભક્તિ-બહુમાનપૂર્વક વાચના સાંભળવામાં એકાગ્ર બનીને વાચના સાંભળવી જોઈએ. (૨૩)

ફરી પણ કેવા બનીને વાચના સાંભળવી જોઈએ તે કહે છે -

**ગાથાર્થ - ટીકાર્થ** - ગુરુના પરલોકમાં અનુકૂળ(=હિતકર) અર્થોવાળા સુભાષિત વચનોને સાંભળવાની ઇચ્છાવાળા, વિસ્મિત મુખવાળા, સુંદર અર્થોની પ્રાપ્તિથી થયેલા હર્ષવાળા, હર્ષના આગમનથી બીજાઓને સંવેગ કરવા વડે હર્ષ ઉત્પન્ન કરનારા બનીને વાચના સાંભળવી જોઈએ. (૨૪)

આ પ્રમાણે સાંભળનારાઓથી ગુરુને અતિશય સંતોષ થાય છે. ગુરુને સંતોષ થવાથી શું થાય છે ? તે કહે છે -

**ગાથાર્થ - ટીકાર્થ** - ગુરુને થયેલા સંતોષથી, ગુરુસેવાથી, આસનપ્રદાન આદિ વિનયથી ઇચ્છિત સૂત્ર અને અર્થનો જલદી પાર પામે છે. (૨૫)'

(સટીક પુષ્પમાળાના આ. શ્રીરાજશેખરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

બીજે પણ કહ્યું છે -

'દરરોજ સારી રીતે ઇરિયાવહીને પડિક્કમીને, પ્રસન્ન મનવાળા થઈને, સારી રીતે મુખને ઢાંકીને એટલે કે મુહપત્તિના ઉપયોગપૂર્વક દોષો વિનાના સૂત્રનું પદોનો છેદ (વિભાગ) કરવા પૂર્વક પુનરાવર્તન કરવું. જિનેશ્વર ભગવાનના શાસ્ત્રોને પ્રગટ કરવામાં

હોંશિયાર એવા ગુરુના વચનથી જાણેલા બધા પૂર્વોના સારા વિચારોને એકાગ્રતાપૂર્વક મનમાં ખૂબ વિચારવા. ધર્મના અર્થીએ ગુરુકૃપાથી સારી રીતે સમજેલ, પોતાની અને બીજાની ઉપર ઉપકાર કરનાર, શુદ્ધ એવો ધર્મનો ઉપદેશ યોગ્ય જીવોને કહેવો.'

**શ્રીહરિભદ્રસૂરિજી**એ રચેલ **વિંશતિવિંશિકા**માં અને **શ્રીકુલચન્દ્રસૂરિજી**એ રચેલ **તેની વૃત્તિ**માં કહ્યું છે -

'હવે સૂત્રને ગ્રહણ કરવાની વિધિ કહે છે - દીક્ષાપર્યાયના ક્રમથી આવેલું સૂત્ર ત્રણ વર્ષ, પાંચ વર્ષ વગેરે કાળના યોગથી અથવા કાલગ્રહણ અને યોગોદ્વહન કરીને ગુણથી ગુરુ એવા સુગુરુ પાસેથી ઉદ્દેશ, સમુદ્દેશ વગેરે ક્રમે ગ્રહણ કરવું એ ગ્રહણની વિધિ છે. (૧૨/૭)

સૂત્રને ગ્રહણ કરવાની વિધિ કહી. હવે સૂત્રને આપવાની વિધિ કહે છે - ઉપરના શ્લોકમાં કહેલ સૂત્રને ગ્રહણ કરવાની વિધિ એ જ સૂત્રને આપવાની વિધિ છે. ફરક એટલો છે કે અખંડ ચારિત્રથી યુક્ત એવા જે ગુરુ કે ગુરુ વડે અનુજ્ઞા અપાયેલ સાધુ તે સૂત્રના દાતા છે. (૧૨/૮)

હવે અર્થને ગ્રહણ કરવાની વિધિ કહે છે - સૂત્રને ગ્રહણ કરવાની વિધિ તે જ રીતે આવશ્યક, દશવૈકાલિક વગેરે સૂત્રના અર્થને ગ્રહણ કરવાની વિધિ ક્રમથી અને ભાવ-પર્યાયના યોગથી જાણવી. ક્રમથી એટલે પહેલા આવશ્યક, પછી ઉત્તરાધ્યયન, પછી આચારાંગ વગેરે રૂપ ક્રમથી. ભાવ એટલે સૂત્રની જેમ સૂત્રનો અર્થ પણ શ્રેષ્ઠમંત્રરૂપ છે એવો અધ્યવસાય. પર્યાય એટલે અસ્ખલિત ચારિત્રપર્યાય. 'भावपरिवागजोगओ' એવા પાઠાંતરને આશ્રયીને ભાવ એટલે પરિણામ, તેનો પરિપાક એટલે પરિણતિ એટલે કે અપરિણામીપણું અને અતિપરિણામીપણું છોડીને પરિણામીપણું, તેના યોગથી. કહેવાનો ભાવ આવો છે - પર્યાયથી અર્થને ગ્રહણ કરવાને યોગ્ય થયો હોવા છતાં અપરિણામી અને અતિપરિણામી અયોગ્ય છે એટલે તેમને છોડીને પરિણામીને જ અર્થ આપવા એ વિધિ છે. (૧૨/૯)

અર્થને ગ્રહણ કરવાની વિધિને જ વિશેષથી કહે છે -

માંડલી, નિષદ્યા, અક્ષ, કૃતિકર્મ, કાઉસ્સગ્ગ, જ્યેષ્ઠને વંદન, ઉપયોગ, સંવેગ, યોગ્ય અવસરે પૂછવું વગેરે અર્થને ગ્રહણ કરવાની વિધિ છે. માંડલી એટલે પર્યાય પ્રમાણે સાધુઓનું ગોળાકારે બેસવું તે અથવા જ્યાં તે વ્યાખ્યાન કરવા વગેરેનું સ્થાન હોય તે. કોઈક અન્ય ગ્રંથમાં 'मज्जन' એવો પાઠ છે. એનો અર્થ - માંડલીના સ્થાનની પ્રમાર્જના એવો કરવો. નિષદ્યા એટલે ગુરુ માટે અને સ્થાપનાચાર્ય માટેના વિશેષ પ્રકારના આસન. સ્થાપનાચાર્યનું આસન થોડું ઊંચું હોય. અક્ષ એટલે સ્થાપનાચાર્યજી લાવવા. ક્યાંક 'सिक्खा' 'सक्खा' એવા ખોટા પાઠો મળે છે. તે ખોટા હોવાથી અમે તેનો આદર કરતાં નથી. કૃતિકર્મ

એટલે આચાર્યને વંદન કરવું. કાઉસ્સગ્ગ એટલે વ્યાખ્યાન માટે ઊભા રહીને કાઉસ્સગ્ગ કરવો તે. જ્યેષ્ઠને વંદન - અહીં વ્યાખ્યાનમાં બોલનાર પણ જ્યેષ્ઠ હોય છે, પર્યાયથી નહીં. તેથી તેને જ વંદન કરે. ઉપયોગ એટલે નજીકનો યોગ, અહીં પ્રસ્તાવથી સૂત્રના અર્થના વ્યાખ્યાનને સાંભળવા સંબંધી સાચો ભાવ. આવા લિંગવાળો બોધ જ પરલોકના પક્ષપાતવાળો અને ભગવાન ઉપર બહુમાનવાળો હોય છે. કહ્યું છે - 'અહીં ઉપર એટલે વિહિત ક્રિયા સંબંધી બધે સાચા ભાવરૂપ નજીકનો યોગ જાણવો. (૭૬)' **(યોગશાસ્ત્ર)** સંવેગ એટલે અહોભાવ અથવા તેને વ્યક્ત કરનાર રોમાંચ, ગદ્‌ગદ અવાજ વગેરે. કહ્યું છે - 'જેમ જેમ નવા નવા શ્રુતનું અવગાહન કરે તેમ તેમ સંવેગ પામે.' વગેરેથી પ્રતિપ્રશ્ન વગેરેનું ગ્રહણ જાણવું. (૧૨/૧૦)'

**ઉપદેશમાળા**માં અને **તેની વૃત્તિ**માં સ્વાધ્યાયના ગુણો આ પ્રમાણે કહ્યા છે -

'હવે સ્વાધ્યાયદ્વારનું વર્ણન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર સ્વાધ્યાયના ગુણોને કહે છે -

વાચના વગેરે સ્વાધ્યાય કરવાથી શુક્લધ્યાન થાય છે. સ્વાધ્યાય કરનારો બધા પરમાર્થને એટલે કે સંપૂર્ણ જગતના તત્ત્વને જાણે છે. સ્વાધ્યાયમાં રહેનારો ક્ષણે ક્ષણે વૈરાગ્ય પામે છે, કેમકે સ્વાધ્યાય એ રાગ વગેરે રૂપ વિષના મન્ત્ર સમાન છે. (૩૩૮)

શી રીતે બધા પરમાર્થને જાણે છે ? એ કહે છે -

વાચના વગેરે સ્વાધ્યાયને જાણનારાને ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવલોકો અને સિદ્ધિ પ્રત્યક્ષ છે, અધોલોકમાં નરક પ્રત્યક્ષ છે અને તિર્ચ્છાલોકમાં જ્યોતિષ વિમાનો પ્રત્યક્ષ છે. અથવા આનાથી શું ? સ્વાધ્યાયને જાણનારાને સંપૂર્ણ લોક અને અલોક પ્રત્યક્ષ છે એટલે કે તેના ઉપયોગવાળો તે બધા પદાર્થોને જાણે સાક્ષાત્ નજર સામે હોય તેમ જુવે છે. (૩૩૯)

વ્યતિરેકને કહે છે -

જે હંમેશા તપ અને સંયમમાં તત્પર હોવા છતાં પણ એટલે કે સદા અપ્રમાદી હોવા છતાં પણ સ્વાધ્યાય નથી કરતો તે કર્તવ્યોમાં શિથિલ અને સાતામાં લંપટ એવા તે પોતાના શિષ્યસમૂહ વગેરેને સાધુપદમાં સ્થાપતો નથી, કેમકે સ્વાધ્યાય વિના જ્ઞાન થતું નથી. કદાચ પોતે અપ્રમાદી હોય તો પણ બીજાની રક્ષા કરવી અશક્ય છે એવો કહેવાનો ભાવ છે. (૩૪૦)'

સંવેગ એટલે મોક્ષની અભિલાષા. **મૂલશુદ્ધિપ્રકરણની વૃત્તિ**માં કહ્યું છે -

'સંવેગ એટલે મોક્ષની અભિલાષા....(૧૦)'

**ધર્મસંગ્રહણી**માં પણ કહ્યું છે - '(સમ્યગ્દૃષ્ટિ) ચક્રવર્ત્તી અને ઇન્દ્રના સુખને ભાવથી દુઃખરૂપ જ માનતો સંવેગથી મોક્ષ સિવાય કંઈ પણ માંગતો નથી. (૮૦૯)'

અથવા સમ્યક્ત્વથી પવિત્ર અંતઃકરણવાળા જીવોનો મોક્ષસાધકયોગોમાં માનસિક આનંદ તે સંવેગ છે. **સંવેગરંગશાળા**માં કહ્યું છે -

'જેમ જેમ (તાત્ત્વિક) રસના અતિશય વિસ્તારથી ભરપૂર એવા નવા નવા શ્રુતનું અવગાહન કરે છે, તેમ તેમ નવા નવા સંવેગની શ્રદ્ધા થવાથી મુનિ આહ્લાદને પામે છે. (૧૩૪૨) વળી જેમ જેમ સંવેગરસનું વર્ણન કરાય, તેમ તેમ પાણી ભરેલો માટીનો કાચો ઘડો જેમ ભિંજાય (ભેદાય), તેમ ભવ્યાત્માઓના હૃદયો ભેદાય છે. (૪૯) વળી લાંબા કાળ સુધી પાળેલા સંયમનો સાર પણ આ (સંવેગરસની પ્રાપ્તિ) છે, કારણ કે - બાણ તેને કહેવાય, કે જે લક્ષ્યના મધ્યને વિંધે ! (તેમ આરાધના તેને કહેવાય, કે જેથી સંવેગ પ્રગટે.) (૫૦) દીર્ઘકાળ સુધી તપ તપ્યા, ચારિત્ર પાળ્યું અને બહુ શ્રુતજ્ઞાનને પણ ભણ્યા, છતાં જો સંવેગરસ ન પ્રગટ્યો, તો તે સર્વ ફોતરાને ખાંડવાની જેમ (નિષ્ફળ) જાણવું. (૫૧) કારણ કે હૃદયમાં (અથવા પાઠાન્તરે) સમગ્ર દિવસમાં એક ક્ષણ પણ સંવેગરસ ન પ્રગટે, તો તે નિષ્ફળ બાહ્ય ક્રિયાના કષ્ટનું શું ફળ મળ્યું ? (૫૨) પખવાડિયામાં, મહિનામાં, છ માસમાં કે વર્ષને અંતે પણ જેને સંવેગરસ ન પ્રગટે, તે આત્માને દુર્ભવ્ય કે અભવ્ય જાણવો. (૫૩)'

સંવેગ એક પ્રકારનો છે.

ગુરુ સમ્યક્ત્વ, ચારિત્ર, વ્રત, વ્યવહાર, આચાર, સમિતિ, સ્વાધ્યાય અને સંવેગમાં મગ્ન હોય છે.

આમ છત્રીસ ગુણોથી સમૃદ્ધ ગુરુ વિજય પામો. (૩)

**આમ બીજી છત્રીસી સમાપ્ત થઈ.**

●●●

+ **जइ वि दिवसेण पयं धरेइ, पक्खेण वा सिलोगद्धं ।**
**उज्जोयं मा मुंचसु, जइ इच्छसि सिक्खिउं नाणं ॥**

જો તું જ્ઞાન ભણવા ઇચ્છે છે તો જો દિવસમાં એક પદ યાદ રહે કે ૧૫ દિવસમાં અડધો શ્લોક યાદ રહે તો ય ઉદ્યમ છોડવો નહીં.

# तृतीया षट्त्रिंशिका

अथ तृतीयां षट्त्रिंशिकामाह-

**मूलम् - इंदियविसयपमाया-सवनिद्दकुभावणापणगच्छक्के ।**
**छसु काएसु सजयणो, छत्तीसगुणो गुरू जयउ ॥४॥**

**छाया - इन्द्रियविषयप्रमादा-स्त्रवनिद्राकुभावनापञ्चकषट्के ।**
**षट्सु कायेषु सयतनः, षट्त्रिंशद्गुणो गुरुर्जयतु ॥४॥**

**प्रेमीया वृत्तिः - इन्द्रियविषयप्रमादास्त्रवनिद्राकुभावनापञ्चकषट्के**-इन्द्रिय-पञ्चके, विषयपञ्चके, प्रमादपञ्चके, आस्त्रवपञ्चके, निद्रापञ्चके, कुभावनापञ्चके चेति पञ्चकषट्के, तथा **षट्सु कायेषु** - पृथ्वीकायादिषु, **सयतनः** - यतनावान्, एवं **षट्त्रिंशद्गुणो गुरुर्जय**त्विति समासार्थः ।

व्यासार्थस्त्वयम् - इन्द्रस्य जीवस्य लिङ्गं चिह्नमिन्द्रियम् । उक्तञ्च **तत्त्वार्थाधि-गमसूत्रवृत्तौ श्रीसिद्धसेनगणिभिः - 'तस्यैवम्प्रकारस्यात्मन इन्द्रस्य लिङ्गं चिह्नमविना-भाव्यत्यन्तलीनपदार्थावगमकारीन्द्रियमुच्यते ॥२/१५॥'**

इन्द्रियाणि पञ्चविधानि । तद्यथा - १ स्पर्शनेन्द्रियं, २ रसनेन्द्रियं, ३ घ्राणेन्द्रियं, ४ चक्षुरिन्द्रियं ५ श्रोत्रेन्द्रियञ्च । यदाह **तत्त्वार्थाधिगमसूत्रे - 'स्पर्शनरसनघ्राण-चक्षुःश्रोत्राणि ॥२/२०॥'**

इन्द्रियाणां भेदस्वरूपादिकमेवं प्रतिपादितं **पुष्पमालायां तद्वृत्तौ च** -

**'पंचेव इंदियाइं लोयपसिद्धाइं सोयमाईणि ।**
**दव्विंदियभावेंदियभेयविभिन्नं पुणेक्केक्कं ॥२४७॥**

(**छाया**- पञ्चैव इन्द्रियाणि लोकप्रसिद्धानि श्रोत्रादीनि ।
द्रव्येन्द्रियभावेन्द्रियभेदविभिन्नं पुनरेकैकम् ॥२४७॥)

**वृत्तिः** - द्रव्येन्द्रियभावेन्द्रियभेदात् पुनरेकैकं द्विभेदमित्याह - '**दव्वी**'त्यादि ॥२४७॥

तत्र द्रव्येन्द्रियभावेन्द्रिययोः स्वरूपमाह -

**अंतोबहिनिव्वत्ती तस्सत्तिसरूवयं च उवगरणं ।**
**दव्विंदियमियरं पुण लद्धुवओगेहिं नायव्वं ॥२४८॥**

(**छाया**- अन्तर्बहिर्निर्वृत्तिः तच्छक्तिस्वरूपकं चोपकरणम् ।
द्रव्येन्द्रियमितरत् पुनः लब्ध्युपयोगैः ज्ञातव्यम् ॥२४८॥)

**वृत्तिः** - '**इदि परमैश्वर्ये**' इन्दतीति इन्द्रः-जीवस्तस्योपकाराय वर्त्तते यत्तदिन्द्रियं-श्रोत्रादि, तच्च प्रत्येकं द्विधा-पुद्गलद्रव्यरूपं द्रव्येन्द्रियं, लब्ध्युपयोगस्वभावस्वरूपं तु भावेन्द्रियं, पुनरपि निर्वृत्त्युपकरणभेदाद् द्रव्येन्द्रियं द्विधा, निर्वृत्तिः पुनरपि द्विधा-अन्तो बहिश्च, तत्र श्रवणेन्द्रियस्यान्तः-मध्ये चक्षुर्गोचरातीता केवलिदृष्टा कदम्बकुसुमगोलकाकारा देहावयवमात्ररूपा काचित् निर्वृत्तिरस्ति, यथा शब्दग्रहणोपकारे वर्त्तते, चक्षुरिन्द्रियस्य धान्यमसूराकारा घ्राणेन्द्रियस्य अतिमुक्तककुसुमाकारा काहलाकारेतियावत् रसनेन्द्रियस्य क्षुरप्रप्रहरणाकारा स्पर्शनेन्द्रियस्य तु यथास्वमात्मीयाधारभूतदेहाकारा निर्वृत्तिः, बहिर्निर्वृत्तिस्तु या बहिरेव सर्वेषामपि श्रोत्रादीनां कर्णशष्कुलिकादिका दृश्यते सैव मन्तव्या, उपकरणं तु तेषामेव कदम्बगोलकाकारादीनां खड्गस्य छेदनशक्तिरिव या स्वकीयविषयग्रहणशक्तिस्तत्स्वरूपं द्रष्टव्यं, तदेवं व्यवस्थिते अन्तर्बहिश्च या निर्वृत्तिस्तस्या अन्तर्बहिर्निर्वृत्तेः शक्तिस्तच्छक्तिस्तत्स्वरूपं च यदुपकरणं एतद्द्वितयमपि द्रव्येन्द्रियमुच्यते, '**निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम्**' (**तत्त्वार्थ अ० २ सू० १७**) इति वचनात्, **इतरद्**-भावेन्द्रियं पुन**र्लब्ध्युपयोगाभ्यां ज्ञातव्यं,** तत्र ज्ञानावरणादिकर्मक्षयोपशमाज्जीवस्य शब्दादिग्रहणशक्तिर्लब्धिः, उपयोगस्तु शब्दादीनामेव ग्रहणपरिणामः, एतत्तु द्वयमपि भावेन्द्रियमिति भाव इति गाथार्थः ॥२४८॥

संस्थानद्वारे प्राह -

**कायंबपुप्फगोलयमसूरअइमुत्तयस्स पुप्फं च ।**
**सोयं चक्खुं घाणं खुरप्पपरिसंठियं रसणं ॥२५२॥**

(**छाया**- कदम्बपुष्पगोलकमसूरअतिमुक्तकस्य पुष्पं च ।
श्रोत्रं चक्षुः घ्राणं क्षुरप्रपरिसंस्थितं रसनम् ॥२५२॥)

**नाणागारं फासिंदियं तु बाहल्लओ य सव्वाइं ।**
**अंगुलअसंखभागं एमेव पुहुत्तओ नवरं ॥२५३॥**

(**छाया**- नानाकारं स्पर्शनेन्द्रियं तु बाहल्यतश्च सर्वाणि ।
अङ्गुलअसङ्ख्येयभागं एवमेव पृथक्त्वतो नवरं ॥२५३॥)

**अंगुलपुहुत्तरसणं फरिसं तु सरीरवित्थडं भणियं ।**

(**छाया**- अङ्गुलपृथक्त्वं रसनं स्पर्शनं तु शरीरविस्तृतं भणितं ।)

**वृत्तिः** - सातिरेकाऽपि गाथा परिभावितार्थैव, नवरं श्रोत्रादीनि चत्वारीन्द्रियाणि अन्तर्निर्वृत्तिमाश्रित्य यथासङ्ख्यं कदम्बकुसुमगोलकादिसंस्थानानि मन्तव्यानि, स्पर्शनेन्द्रियं तु नानासंस्थानं, तदाधारभूतानां सर्वजन्तुशरीराणामसङ्ख्येयत्वात् तेषां च नानाकारत्वेन तदाधेयस्पर्शनेन्द्रियस्यापि तावदाकारत्वादिति भावः ।

अथ प्रमाणद्वारमाश्रित्याह -

श्रोत्रादीनि सर्वाण्यप्यन्तर्निर्वृत्तिमाश्रित्य बाहल्यतः-स्थूलतया प्रत्येकमङ्गुलासङ्ख्येय-भागप्रमाणान्येव, पृथुत्वमाश्रित्य एतदेव प्रमाणं, नवरमुत्कृष्टतो रसनेन्द्रियं कस्यचिदङ्गुल-पृथक्त्वमपि पृथुलत्वेन भवति, स्पर्शनेन्द्रियं तु स्वाधारभूतशरीरविस्तरोपेतं द्रष्टव्यमिति ॥२५३॥ ॥२५३॥

विषयद्वारमधिकृत्याह -

**बारसहिं जोयणेहिं सोयं परिगिण्हए सद्दं ॥२५४॥**
**रूवं गिण्हइ चक्खुं जोयणलक्खाओ साइरेगाओ ।**
**गंधं रसं च फासं जोयणनवगाउ सेसाइं ॥२५५॥**

(**छाया**- बारसहिं जोयणेहिं श्रोत्रं परिगृह्णाति शब्दम् ॥२५४॥
रूपं गृह्णाति चक्षुः योजनलक्षात् सातिरेकात् ।
गन्धं रसं च स्पर्शं योजननवकात् शेषाणि ॥२५५॥)

**वृत्तिः** - **श्रोत्रं** तावन्मेघगर्जितादिध्वनिलक्षणं स्वयं उत्कृष्टतो द्वादशयोजनव्यवधानादा-गतं शृणोति, न परतः, **चक्षुः** पुनरुत्कृष्टतो **योजनलक्षात् सातिरेकाद्रूपं गृह्णाति,** विष्णु-कुमारादयो हि कृतलक्षयोजनप्रमाणवैक्रियशरीराः स्वचरणपुरो व्यवस्थितं गर्त्तादिकं तन्मध्यगतं च लेष्ट्वादिकं पश्यन्त्येवेति तच्चक्षुषः सातिरेकयोजनलक्षविषयता द्रष्टव्या,

**शेषाणि** पुनर्घ्राणरसनस्पर्शनेन्द्रियाणि प्रत्येकमुत्कृष्टतो **योजननवकादा**गतं स्वविषयं यथासङ्ख्यं **गन्धं रसं स्पर्शं** च गृह्णन्ति, तथाहि - कर्प्पूरादीनां प्रथममेघवृष्टितिमिताटविक-सुरभिमृत्तिकादीनां वा सम्बन्धिनं गन्धं कश्चित् पटुघ्राणशक्तिर्देवादिरुत्कृष्टतो नवयोजनान्त-रितानामपि गृह्णाति, स एव च यदा गन्धवतो द्रव्यस्य दूरस्थितस्यापि तिक्तकटुकत्वादिकं धर्म्मं निश्चिन्वानो दृश्यते तदा ज्ञायते रसपुद्गला अपि तत्सम्बन्धिनो गृहीता एव, तिक्तत्वादेर्घ्राणाद्यविषयत्वाद्, एवं नवयोजनविषयता रसनेन्द्रियस्यापि सिद्धा, स एव च देवादिर्जलवातोऽयं हिमवातोऽयमित्यादिप्रकारेणोत्कृष्टतो योजननवकादागतं शीतलपवनादि-स्पर्शं परिच्छिनत्ति, न परत इति सार्धगाथार्थः ॥२५४॥ ॥२५५॥

जघन्यतः पुनः कियद् दूरे स्थितं स्वविषयमेतानि गृह्णन्तीत्याह -

**अंगुलअसंखभागा मुणंति विसयं जहन्नओ मोत्तुं ।**
**चक्खुं तं पुण जाणइ अंगुलसंखेज्जभागाओ ॥२५६॥**

(**छाया**- अङ्गुलअसङ्ख्येयभागात् जानन्ति विषयं जघन्यतो मुक्त्वा ।
चक्षुः तत् पुनः जानाति अङ्गुलसङ्ख्येयभागात् ॥२५६॥)

**वृत्तिः** - श्रोत्रादीनि सर्वाण्यपि **जघन्यतो**ऽङ्गुलासङ्ख्येयभागे व्यवस्थितं प्रत्येकं स्वविषयं गृह्णन्ति, किं सर्वाण्यप्येवं ?, नेत्याह **मुक्त्वा चक्षुः**, तस्य तर्हि का वार्त्तेत्याह- **तत्पुनः**-चक्षु**र्जानाति** जघन्यतो रूपमङ्गुलसङ्ख्यातभागे व्यवस्थितं, असङ्ख्यातभागे त्वङ्गुलस्य व्यवस्थितमतिसन्निकृष्टं वस्तु लोचनं न पश्यत्येव, अञ्जनदूषिकाशलाकादीना-मतिसन्निकृष्टानां चक्षुषा अनुपलम्भादिति गाथार्थः ॥२५६॥

आह-नन्विन्द्रियार्थगृद्धिविपाक एवोपदेष्टव्यः, तस्यैव विषयविरागजनकत्वेन मुक्ति-साधकत्वात्, किमिन्द्रियभेदादिकथनेनेत्याह -?

**इय नायतस्सरूवो इंदियतुरए सएसु विसएसु ।**
**अणवरय धावमाणे निगिण्हए नाणरज्जूहिं ॥२५७॥**

(**छाया**- इति ज्ञाततत्स्वरूप इन्द्रियतुरगान् स्वकेषु विषयेषु ।
अनवरतं धावमानान् निगृह्णीयात् ज्ञानरज्जुभिः ॥२५७॥)

**वृत्तिः** - इदमुक्तं भवति-ज्ञातमेव वस्तु निग्रहीतुमनुग्रहीतुं वा शक्यते, अतो ज्ञानोपाय-त्वादिन्द्रियजयादीनां भेदादयोऽपि कथनीया एव, तद्द्वारेण च ज्ञातस्वरूपानिन्द्रियतुरगान्

स्वस्वविषयप्रवृत्तिभाजो ज्ञानवल्गाभिः सुखेनैव गृह्णातीति गाथाभावार्थः ॥२५७॥'

इन्द्रियैर्ग्राह्या अर्था विषयाः । ते पञ्चविधाः । तद्यथा - १ स्पर्शः, २ रसः, ३ गन्धः, ४ वर्णः, ५ शब्दश्च । यदवाचि **तत्त्वार्थाधिगमसूत्रे** -

**'स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः ॥२/२१॥'**

मनोज्ञामनोज्ञेषु इन्द्रियविषयेषु रागद्वेषौ न कर्त्तव्यौ । यदुक्त**मुत्तराध्ययनसूत्रे महोपाध्यायश्रीभावविजयकृततद्वृत्तौ** च -

**'चक्खुस्स रूवं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो उ जो तेसु स वीअरागो ॥३२/२२॥**

(**छाया**- चक्षुषो रूपं ग्रहणं वदन्ति, तद्रागहेतुं तु मनोज्ञमाहुः ।
तद् द्वेषहेतुममनोज्ञमाहुः, समस्तु यस्तेषु स वीतरागः ॥३२/२२॥)

**वृत्तिः - चक्षुषा रूपं** गृह्यतेऽनेनेति **ग्रहण**माक्षेपकं **वदन्ति,** ततः किमित्याह - **तद्रूपं रागहेतुं तुः** पूर्त्तौ **मनोज्ञमाहुः**, तथा **तद्रूपमेव द्वेषहेतुममनोज्ञमाहुः**, ततस्तयोश्चक्षुःप्रवर्त्तने रागद्वेषसम्भवात्तदुद्धरणाशक्तिलक्षणो दोषः स्यादिति भावः । आहैवं न कोऽपि सति रूपे वीतरागः स्यादत आह - **समस्त्वरक्तद्विष्टतया** तुल्यः पुनर्**यस्तयो**र्मनोज्ञेतररूपयोः **स वीतराग** इव वीतरागः, उपलक्षणत्वाद्वीतद्वेषश्च । अयं भावः - न तावत्तयोश्चक्षुः प्रवर्त्तयेत्, कथञ्चित्प्रवृत्तौ तु समतामेवावलम्बेतेति ॥३२/२२॥

**रूवेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे से जह वा पयंगे आलोअलोले समुवेइ मच्चुं ॥३२/२४॥**

(**छाया**- रूपेषु यो गृद्धिमुपैति तीव्रां, अकालिकं प्राप्नोति स विनाशम् ।
रागातुरः सन् स यथा वा पतङ्गः, आलोकलोलः समुपैति मृत्युम् ॥३२/२४॥)

**वृत्तिः - रूपेसु यो गृद्धिं** रागम**ुपैति तीव्रां** अकाले भव**मकालिकं प्राप्नोति स विनाशं, रागातुरः** सन् **स** इति लोकप्रतीतः, **यथा वे**ति वाशब्दस्यैवकारार्थत्वात् यथैव **पतङ्गः आलोकलोलो**ऽतिस्निग्धदीपशिखादर्शनलम्पटः **समुपैति मृत्युम्** ॥३२/२४॥

**रूवे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**न लिप्पई भवमज्झेवि संतो, जलेण वा पोक्खरिणीपलासं ॥३२/३४॥**

(**छाया**- रूपे विरक्तो मनुजो विशोकः, एतया दुःखौघपरम्परया ।
न लिप्यते भवमध्येऽपि सन्, जलेन इव पुष्करिणीपलासम् ॥३२/३४॥)

**वृत्तिः** - **रूपे विरक्त** उपलक्षणत्वादद्विष्टश्च **मनुजो विशोकः** शोकमुक्तस्तन्निबन्धनयो रागद्वेषयोरभावा**देतेना**नन्तरोक्तेन '**दुक्खोहपरंपरेण**'त्ति दुःखानामोघाः सङ्घातास्तेषां परम्परा तया **न लिप्यते** न स्पृश्यते **भवमध्येऽपि सं**स्तिष्ठन् । दृष्टान्तमाह - '**जलेण वत्ति**' **जलेने**व वाशब्दस्येवार्थत्वात्, **पुष्करिणीपलासं** पद्मिनीपत्रं, जलमध्येऽपि सदिति शेषः ॥३२/३४॥

**सोअस्स सद्दं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो अ जो तेसु स वीअरागो ॥३२/३५॥**

(**छाया**- श्रोत्रस्य शब्दं ग्रहणं वदन्ति, तद् रागहेतुं तु मनोज्ञमाहुः ।
तद् द्वेषहेतुममनोज्ञमाहुः, समश्च यस्तेषु स वीतरागः ॥३२/३५॥)

**वृत्तिः** - '**सोअस्स**'त्ति, श्रोत्रेन्द्रियस्य ॥३२/३५॥

**सद्देसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे हरिणमिएव्व मुद्धे, सद्दे अतित्ते समुवेइ मच्चुं ॥३२/३७॥**

(**छाया**- शब्देषु यो गृद्धिपैति तीव्रां, अकालिकं प्राप्नोति स विनाशम् ।
रागातुरः हरिणमृग इव मुग्धः, शब्दे अतृप्तः समुपैति मृत्युम् ॥३२/३७॥)

**वृत्तिः** - '**हरिणमिए व्व मुद्धे** त्ति ।' मृगशब्देन सर्वोऽपि पशुरुच्यते ततो हरिणशब्देन विशेष्यते । हरिणश्चासौ मृगश्च **हरिणमृगो** हरिणपशुरित्यर्थः । **मुग्धो** हिताहितानभिज्ञः, **शब्दे** लुब्धकगीताद्यात्मके तदाकृष्टचित्ततया **अतृप्तः** सन् ॥३२/३७॥

**सद्दे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**न लिप्पई भवमज्झे वि संतो, जलेण वा पुक्खरिणीपलासं ॥३२/४७॥**

(**छाया**- शब्दे विरक्तो मनुजो विशोकः, एतया दुःखौघपरम्परया ।
न लिप्यते भवमध्येऽपि सन्, जलेन इव पुष्करिणीपलासम् ॥३२/४७॥)

**घाणस्स गंधं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो अ जो तेसु स वीअरागो ॥३२/४८॥**

(**छाया**- घ्राणस्य गन्धं ग्रहणं वदन्ति, तद् रागहेतुं तु मनोज्ञमाहुः ।
तद् दोषहेतुममनोज्ञमाहुः, समश्च यस्तेषु स वीतरागः ॥३२/४८॥)

**गंधेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे ओसहिगंधगिद्धे, सप्पे बिलाओ विव निक्खमंते ॥३२/५०॥**

(**छाया**- गन्धेषु यो गृद्धिमुपैति तीव्रां, अकालिकं प्राप्नोति स विनाशम् ।
रागातुरः औषधिगन्धगृद्धः, सर्पो बिलादिव निष्क्रामन् ॥३२/५०॥)

**वृत्तिः** - '**ओसहि**' इत्यादि - औषधयो नागदमन्याद्यास्तासां गन्धे गृद्धः **औषधि-गन्धगृद्धः** सन् '**सप्पे बिलाओ विव**'त्ति इहेवशब्दस्य भिन्नक्रमत्वात् **सर्प इव बिलान्निष्क्रामन्**, स ह्यत्यन्तप्रियं तद्गन्धमुपेक्षितुमशक्तो बिलान्निष्क्रामति, ततो गारुडिकादिपरवशो दुःखमनुभवतीति ॥३२/५०॥

**गंधे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**न लिप्पई भवमज्झेवि संतो, जलेण वा पुक्खरिणी पलासं ॥३२/६०॥**

(**छाया**- गन्धे विरक्तो मनुजो विशोकः, एतया दुःखौघपरम्परया ।
न लिप्यते भवमध्येऽपि सन्, जलेनेव पुष्करिणीपलासम् ॥३२/६०॥)

**जीहाए रसं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो अ जो तेसु स वीअरागो ॥३२/६१॥**

(**छाया**- जिह्वया रसं ग्रहणं वदन्ति, तद् रागहेतुं तु मनोज्ञमाहुः ।
तद् द्वेषहेतुममनोज्ञमाहुः, समश्च यस्तेषु स वीतरागः ॥३२/६१॥)

**रसेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे बडिसविभिन्नकाए, मच्छे जहा आमिसभोगगिद्धे ॥३२/६३॥**

(**छाया**- रसेषु यो गृद्धिमुपैति तीव्रां, अकालिकं प्राप्नोति स विनाशम् ।
रागातुरो बडिशविभिन्नकायः, मत्स्यः यथा आमिषभोगगृद्धः ॥३२/६३॥)

**वृत्तिः** - '**बडिसविभिन्नकाए**'त्ति बडिशं प्रान्तन्यस्तामिषो लोहकीलकस्तेन विभिन्नो विदारितः कायो यस्य स **बडिशविभिन्नकायः मत्स्यो यथा** आमिषस्य मांसस्य भोगे खादने गृद्ध **आमिषभोगगृद्धः** ॥३२/६३॥

**रसे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**न लिप्पई भवमज्झेवि संतो, जलेण वा पुक्खरिणीपलासं ॥३२/७३॥**

**कायस्स फासं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो अ जो तेसु स वीअरागो ॥३२/७४॥**

**फासस्स जो गिद्धिमुवेइ तिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे सीअजलावसन्ने, गाहग्गहीए महिसे व रण्णे ॥३२/७६॥**

(**छाया**- रसे विरक्तो मनुजो विशोको, एतया दुःखौघपरम्परया ।
न लिप्यते भवमध्येऽपि सन्, जलेन इव पुष्करिणीपलासम् ॥३२/७३॥

कायस्य स्पर्शं ग्रहणं वदन्ति, तद् रागहेतुं तु मनोज्ञमाहुः ।
तद् द्वेषहेतुममनोज्ञमाहुः, समश्च यस्तेषु स वीतरागः ॥३२/७४॥

स्पर्शस्य यो गृद्धिमुपैति तीव्रां, अकालिकं प्राप्नोति स विनाशम् ।
रागातुरः शीतजलावसन्नः, ग्राहगृहीतो महिष इव अरण्ये ॥३२/७६॥)

**वृत्तिः** - '**सीअजलावसन्ने**'त्ति शीतजलेऽवसन्नो निमग्नः **शीतजलावसन्नो** ग्राहैर्जलचरविशेषैर्गृहीतो **महिष इवारण्ये,** वसतौ हि कदाचित्केनचिन्मोच्येतापीत्यरण्यग्रहणम् ॥३२/७६॥

**फासे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**न लिप्पई भवमज्झे वि संतो, जलेण वा पुक्खरिणीपलासं ॥३२/८६॥**

(**छाया**- स्पर्शे विरक्तो मनुजो विशोको, एतया दुःखौघपरम्परया ।
न लिप्यते भवमध्येऽपि सन्, जलेनेव पुष्करिणीपलासम् ॥३२/८६॥)'

मोक्षमार्गं प्रति शिथिलोद्यमो भवत्यनेन प्राणीति प्रमादः । स पञ्चविधः । तद्यथा - १ मद्यं, २ विषयाः, ३ कषायाः, ४ निद्रा, ५ विकथा च । पञ्चविधप्रमादस्वरूपमेवं ज्ञेय**मुत्तराध्ययनसूत्रचतुर्थाध्ययननिर्युक्तितद्वृत्ति**भ्याम् -

**'मज्जं विसय कसाया निद्दा विगहा य पंचमी भणिया ।**
**इअ पंचविहो एसो होइ पमाओ य अपमाओ ॥१८०॥**

(**छाया**- मद्यं विषयाः कषाया निद्रा विकथा च पञ्चमी भणिता ।
इति पञ्चविध एष भवति प्रमादश्च अप्रमादः ॥१८०॥)

**वृत्तिः** - माद्यन्ति येन तत् **मद्यं,** यद्वशाद्गम्यागम्यवाच्यावाच्यादिविभागं जनो न जानाति, अत एवाह -

**''कार्याकार्ये न जानीते, वाच्यावाच्ये तथैव च ।**
**गम्यागम्ये च यन्मूढो, न पेयं मद्यमित्यतः ॥१॥''**

विषीदन्ति-धर्मं प्रति नोत्सहन्त एतेष्विति **विषयाः,** यद्वाऽऽसेवनकाले मधुरत्वेन परिणामे चातिकटुकत्वेन विषस्योपमां यान्तीति विषयाः, अत एवाविवेकिलोकाऽऽसेविता विवेकिलोकपरित्यक्ताश्च, तदुक्तम् -

**''आपातमात्रमधुरा विपाककटवो विषोपमा विषयाः ।**
**अविवेकिजनाऽऽचरिता विवेकिजनवर्जिताः पापाः ॥१॥''**

कष्यतेऽस्मिन् प्राणी पुनः पुनरावृत्तिभावमनुभवति कषोपलकष्यमाणकनकवदिति कषः-संसारस्तस्मिन् आ-समन्तादयन्ते-गच्छन्त्येभिरसुमन्त इति **कषायाः,** यद्वा कषाया इव कषायाः, यथा हि तुवरिकादिकषायकलुषिते वाससि मञ्जिष्ठादिरागः श्लिष्यति चिरं चावतिष्ठते तथैतत्कलुषित आत्मनि कर्म सम्बध्यते चिरतरस्थितिकं च जायते, तदायत्तत्वात् तत्स्थितेः, उक्तं हि शिवशर्मणा -

**''जोगा पयडिपएसं ठितिअणुभागं कसायओ कुणई'' ।**

(**छाया**- योगात् प्रकृतिप्रदेशौ स्थित्यनुभागौ कषायतः करोति ।)

इत्यादि, एतद्दुष्टता च निरुक्त्यैव भाविता, '**णिद्द**'त्ति नितरां द्रान्ति - गच्छन्ति कुत्सितामवस्थामिहामुत्र चानयेति **निद्रा,** तद्वशाद्धि प्रदीपनकादिषु विनाशमिहैवानुभवन्ति, धर्मकार्येष्वपि शून्यमानसत्वान्न प्रवर्तन्ते, तथा चाह -

**''जागरिया धम्मीणं अहमीणं च सुत्तया सेया ।**
**वच्छहिवभगिणीए अकहिंसु जिणो जयंतीए ॥१॥''**

(**छाया**- जाग्रत्ता धर्मिणामधर्मिणां च सुप्तता श्रेयसी ।
वत्साधिपभगिन्यै अचकथत् जिनो जयन्त्यै ॥१॥)

विरूपा स्त्रीभक्तचौरजनपदविषयतयाऽसम्बद्धभाषितया च कथा **विकथा,** तत्प्रसक्तो हि परगुणदोषोदीरणादिभिः पापमेवोपार्जयति, अत एवाह वाचकः -

**''यावत् परगुणदोषपरिकीर्त्तने व्यापृतं मनो भवति ।**
**तावद्धरं विशुद्धे ध्याने व्यग्रं मनः कर्त्तुम् ॥१८४॥'' ( प्रशमरतिः )**

इह च चूर्णिकृतेन्द्रियाण्येव पञ्चमप्रमादतया व्याख्यातानि, तत्र च विषयग्रहणेऽपि पुनरिन्द्रियग्रहणं विषयेष्वपीन्द्रियवशत एव प्रवर्त्तन्त इति तेषामेवातिदुष्टताख्यापकं, महासामर्थ्या अपि ह्येतद्वशादुपघातमाप्नुवन्ति, आह च **वाचकः** - ''इह चेन्द्रियप्रसक्ता निधनमुपजग्मुः, तद्यथा-गार्ग्यः सत्यकिर्नैकर्द्धिगुणं प्राप्तोऽनेकशास्त्रकुशलोऽनेकविद्याबल-सम्पन्नोऽपी''त्यादि । एते च तत्तत्पुद्गलोपचितद्रव्यरूपतया विवक्ष्यमाणा द्रव्यप्रमाद आत्मनि च रागद्वेषपरिणतिरूपतया विवक्षिता भावप्रमाद इति हृदयम्, अत एव न भावप्रमादः पृथगुक्तः । उपसंहारमाह-'**इती**'त्यनन्तरमुपदर्शितः **पञ्चविधः**-पञ्चप्रकारः **एष** इति इहैवोच्यमानतया प्रत्यक्षत उपलभ्यमानो **भवति** विद्यते प्रकर्षेण माद्यन्त्यनेनेति **प्रमादः अप्रमादश्च** तदभावरूपः पञ्चविधो, भावस्य चैकत्वेऽपि प्रतिषेध्यापेक्षया पञ्चविधत्वमिति गाथार्थः ॥१८०॥'

आत्मनि कर्म्माणि आस्रवन्तीति आस्रवाः । उक्तञ्च **तत्त्वार्थाधिगमसूत्रवृत्तौ**-

**'आस्रवन्ति तेन कर्माण्यात्मन इत्यास्रवः ॥६/२॥'**

ते पञ्चविधाः । तद्यथा १ हिंसा, २ असत्यं, ३ चौर्यं, ४ मैथुनं ५ परिग्रहश्च । एतेषां स्वरूपमेवं प्रोक्तं **श्रीतत्त्वार्थाधिगमसूत्रवृत्तौ** -

'तत्र कषायादिप्रमादपरिणतस्यात्मनः कर्त्तुः कायादिकरणव्यापाराद् द्रव्यभावभेदेन प्राणव्यपरोपणं हिंसा । प्रागभिहितसामान्यलक्षणयोगे सति सद्भूतनिह्नवासद्भूतो-द्भावनविपरीतकसावद्यादि मृषावचनम् । परपरिगृहीतस्य स्वीकरणमाक्रान्त्या चौर्येण शास्त्रनिषिद्धस्य वा स्तेयम् । पूर्वलक्षणयोगान्मोहोदये सति चेतनाचेतनस्रोतसोरासेवनमब्रह्म । सचित्ताचित्तमिश्रेषु द्रव्यादिषु शास्त्राननुमतेषु ममत्वं परिग्रहः ॥७/१॥'

नितरां द्राति - कुत्सितत्वं-अविस्पष्टत्वं गच्छति चैतन्यमनयेति निद्रा । सा पञ्चधा । तद्यथा - १ निद्रा, २ निद्रानिद्रा, ३ प्रचला, ४ प्रचलाप्रचला ५ स्त्यानर्द्धिश्च । यदुक्तं **प्रथमकर्मग्रन्थे तद्वृत्तौ** च -

'सम्प्रति निद्रापञ्चकमभिधित्सुराह -

**सुहपडिबोहा निद्दा १, निद्दानिद्दा २ य दुक्खपडिबोहा ।**
**पयला ३ ठिओवविट्ठस्स पयलपयला ४ उ चंकमओ ॥११॥**

(**छाया**- सुखप्रतिबोधा निद्रा १ निद्रानिद्रा २ च दुःखप्रतिबोधा ।
प्रचला ३ स्थितोपविष्टस्य, प्रचलाप्रचला ४ तु चङ्क्रमतः ॥११॥)

**वृत्तिः** - सुखेन - अकृच्छ्रेण नखच्छोटिकामात्रेणापि प्रतिबोधः-जागरणं स्वप्तुर्यस्यां स्वापावस्थायां सा **सुखप्रतिबोधा निद्रा,** तद्विपाकवेद्या कर्मप्रकृतिरपि कारणे कार्योपचारात् निद्रेत्युच्यते १ । निद्रातोऽतिशायिनी निद्रा **निद्रानिद्रा,** मयूरव्यंसकादित्वान्मध्यमपदलोपी समासः, '**चः**' समुच्चये, दुःखेन-कष्टेन बहुभिर्घोलनाप्रकारैरत्यर्थमस्फुटतरीभूतचैतन्यत्वेन स्वप्तुः प्रतिबोधो यस्यां सा **दुःखप्रतिबोधा,** अत एव सुखप्रतिबोधनिद्रापेक्षयाऽस्या अतिशायिनीत्वम्, तद्विपाकवेद्या कर्मप्रकृतिरपि निद्रानिद्रा २ । प्रचलति-विघूर्णते यस्यां स्वापावस्थायां प्राणी सा **प्रचला,** सा च स्थितस्योर्ध्वस्थानेन उपविष्टस्य-आसीनस्य भवति, तद्विपाकवेद्या कर्मप्रकृतिरपि प्रचला ३ । प्रचलातोऽतिशायिनी प्रचला **प्रचलाप्रचला,** इयं **तुः** पुनरर्थे **चङ्क्रमतः** चङ्क्रमणमपि कुर्वतो जन्तोरुपतिष्ठते, अतः स्थानस्थितस्वप्तृप्रभव-प्रचलामपेक्ष्य अतिशायिनीत्वमस्याः, तद्विपाकवेद्या कर्मप्रकृतिरपि प्रचलाप्रचला ४ । सूत्रे च '**पयलपयला**' इति ह्रस्वत्वं '**दीर्घह्रस्वौ मिथो वृत्तौ**' ( **सि० ८-१-४** ) इति सूत्रेण । इति ॥११॥

**दिणचिंतियत्थकरणी, थीणद्धी ५ अद्धचक्किअद्धबला ॥१२॥**

(**छाया**- दिनचिन्तितार्थकरणी स्त्यानर्द्धिः ५ अर्द्धचक्रिअर्द्धबला ॥१२॥)

**वृत्तिः** - स्त्याना-बहुत्वेन सङ्घातमापन्ना गृद्धिः-अभिकाङ्क्षा जाग्रदवस्थाध्यव-सितार्थसाधनविषया यस्यां स्वापावस्थायां सा स्त्यानगृद्धिः । '**गौणादयः**' ( **सि० ८-२-१७४** ) इति प्राकृतसूत्रेण '**थीणद्धी**' इति निपात्यते । अस्यां हि जाग्रदवस्थाध्यवसित-मर्थमुत्थाय साधयति । श्रूयते ह्येतदागमे कथानकम् -

क्वचित् प्रदेशे कोऽपि क्षुल्लको द्विरदेन दिवा स्खलीकृतः स्त्यानर्द्ध्युदये वर्तमानस्त-स्मिन्नेव द्विरदे बद्धाभिनिवेशो रजन्यामुत्थाय तद्दन्तयुगलमुत्पाट्य स्वोपाश्रयद्वारे क्षिप्त्वा पुनः सुप्तवान् इत्यादि ।

इमां च व्युत्पत्तिमाश्रित्याह - '**दिणचिंतियत्थकरणी थीणद्धी**' इति दिने-दिवसे चिन्तितमुपलक्षणत्वान्निशायामपि चिन्तितम्-अध्यवसितमर्थं करोति-साधयति निद्रानिद्रा-वतोरभेदोपचारा**द्दिनचिन्तितार्थकरणी, 'रम्यादिभ्यः'** (**सि० ५-३-१२६**) कर्तर्यनट्-प्रत्ययः । यद्वा स्त्याना-पिण्डीभूता ऋद्धिः-आत्मशक्तिरस्यामिति **स्त्यानर्द्धिः,** एतत्सद्भावे हि

प्रथमसंहननस्य केशवार्धबलसदृशी शक्तिः । एनां च व्युत्पत्तिमाश्रित्याह - '**अद्ध-चक्किअद्धबल**' त्ति अर्धचक्रिणः-वासुदेवस्य बलापेक्षया अर्धं बलं-स्थाम यस्या उदये जन्तोर्भवति **साऽर्धचक्र्यर्धबला,** तद्विपाकवेद्या कर्मप्रकृतिरपि थीणद्धीति ५ ।....॥१२॥'

कुत्सिताः- सङ्क्लिष्टा भावनाः-तत्तत्स्वभावाभ्यासरूपा इति कुभावनाः । ताः पञ्चविधाः । तद्यथा - १ कान्दर्पी भावना, २ किल्बिषी भावना, ३ आभियोगी भावना, ४ आसुरी भावना ५ सम्मोही भावना च । यदवाचि **श्रीपञ्चवस्तुके तद्वृत्तौ** च -

**'कंदप्पदेवकिब्बिस, अभिओगा आसुरा य सम्मोहा ।**
**एसा उ संकिलिट्ठा, पंचविहा भावणा भणिआ ॥१६२८॥**

(**छाया**- कान्दर्पी देवकैल्बिषी, आभियोगा आसुरा च सम्मोहा ।
एषा तु सङ्क्लिष्टा, पञ्चविधा भावना भणिता ॥१६२८॥)

**वृत्तिः - कान्दर्पी कैल्बिषिकी आभियोगिकी आसुरी च सम्मोही,** कन्दर्प्यादीनामियमिति सर्वत्र भावनीयम्, **एषा तु सङ्क्लिष्टा पञ्चविधा भावना भणिता,** तत्तत्स्वभावाभ्यासो भावनेति गाथार्थः ॥१६२८॥

**जो संजओऽवि एआसु अप्पसत्थासु वट्टइ कहंचि ।**
**सो तव्विहेसु गच्छइ, सुरेसु भइओ चरणहीणो ॥१६२९॥**

(**छाया**- यः संयतोऽपि एतास्वप्रशस्तासु वर्त्तते कथञ्चिद् ।
स तद्विधेषु गच्छति, सुरेषु भाज्यश्चरणहीनः ॥१६२९॥)

**वृत्तिः - यः संयतोऽपि** सन् व्यवहारतः **एतास्वप्रशस्तासु** भावनासु **वर्त्तते कथञ्चिद्** भावमान्द्यात् **स तद्विधेषु गच्छति सुरेषु** कन्दर्प्यादिप्रकारेषु, **भाज्यश्चरणहीनः**-सर्वथा तत्सत्ताविकलः द्रव्यचरणहीनो वेति गाथार्थः ॥१६२९॥

तत्र

**कंदप्पे कुक्कुइए, दवसीले आवि हासणपरे अ ।**
**विम्हावितो अ परं, कंदप्पं भावणं कुणइ ॥१६३०॥ ॥ पडिदारगाहा ॥**

(**छाया**- कन्दर्प्पवान् कौकुच्यः, दर्प्पशीलश्चापि हासनपरश्च ।
विस्मापयंश्च परं, कान्दर्पीं भावनां करोति ॥१६३०॥ ॥ प्रतिद्वारगाथा ॥)

**वृत्तिः** - '**कन्दर्प्पवान्**' कन्दर्प्पः, एवं **कौकुच्यः द्रुतदर्प्पशीलश्चापि हासकरश्च** तथा **विस्मापयंश्च परान् कान्दर्प्पीं भावनां करोतीति** गाथार्थः ॥१६३०॥

**कहकहकहस्स हसणं, कंदप्पो अणिहुआ य संलावा ।**
**कंदप्पकहाकहणं, कंदप्पुवएस संसा य ॥१६३१॥ ॥ दारं ॥**

(**छाया**- कहकहकहस्य हसनं, कन्दर्प्पः अनिभृताश्च संलापाः ।
कन्दर्पकथाकथनं, कन्दर्पोपदेशो शंसा च ॥१६३१॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - कन्दर्प्पवान् कान्दर्पीं भावनां करोतीत्युक्तं, स च यस्य **कहकहकहस्ये**ति, **सुपां सुपो भवतीति** तृतीयार्थे षष्ठी, कहकहकहेन **हसनं,** अट्टट्टहास इत्यर्थः, तथा **कन्दर्प्पः** परिहासः स्वानुरूपेण, अनिभृताश्च **संलापाः,** गुर्वादिनापि निष्ठुरवक्रोक्त्यादयः तथा **कन्दर्पकथाकथनं**-कामकथाग्रहः तथा **कन्दर्पोपदेशो**-विधानद्वारेण एवं कुर्विति, **शंसा च** - प्रशंसा च कन्दर्पविषया यस्य स कन्दर्प्पवान् ज्ञेय इति गाथार्थः ॥१६३१॥

कौकुच्यवन्तमाह -

**भमुहणयणाइएहिं, वयणेहि अ तेहिं तेहिं तह चिट्ठं ।**
**कुणइ जह कुक्कुअं चिअ, हसइ परो अप्पणा अहसं ॥१६३२॥ ॥ दारं ॥**

(**छाया**- भ्रूनयनादिकैः, वचनैश्च तैः तैः तथा चेष्टां ।
करोति यथा कुकुचमेव, हसति परः आत्मना अहसन् ॥१६३२॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **भ्रूनयनादिभिर्देहावयवैः वचनैश्च तैस्तै**र्हासकारकैः **तथा चेष्टां करोति** क्वचित् तथाविधमोहदोषाद् **यथा कुकुचमेव**-गात्रपरिस्पन्दवद् **हसति परः** तद्द्रष्टा, **आत्मनाऽहसन्,** अभिन्नमुखराग इव, य एवंविधः स कौकुच्यवानिति गाथार्थः ॥१६३२॥

द्रुतदर्प्पशीलमाह-

**भासइ दुअं दुअं गच्छई अ दपिअव्व गोविसो सरए ।**
**सव्वदवद्दवकारी, फुट्टइव ठिओवि दप्पेणं ॥१६३३॥ ॥ दारं ॥**

(**छाया**- भाषते द्रुतं द्रुतं गच्छति च दर्प्पित इव गोवृषभः शरदि ।
सर्वद्रुतद्रुतकारी, स्फुटतीव स्थितोऽपि दर्प्पेण ॥१६३३॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **भाषते द्रुतं द्रुतम**समीक्ष्य, सम्भ्रमावेगाद् **गच्छति च** द्रुतं द्रुतमेव, **दर्प्पित इव**

दर्प्पोद्धुर इव **गोवृषभो** बलीवर्द्दविशेषः **शरदि** काले, तथा **सर्वद्रुतकारी** असमीक्ष्य-कारीति यावत्, तथा **स्फुटतीव** तीव्रोद्रेकविशेषात् **स्थितोऽपि** सन् **दर्प्पेण** कुत्सितबलरूपेण, य इत्थम्भूतः स द्रुतदर्प्पशील इति गाथार्थः ॥१६३३॥

हासकरमाह -

**वेसवयणेहि हासं, जणयंतो अप्पणो परेसिं च ।**
**अह हासणोत्ति भण्णइ, घयणोव्व छले णिअच्छंतो ॥१६३४॥ ॥ दारं ॥**

(**छाया**- वेषवचनैः हासं, जनयन् आत्मनः परेषां च ।
अथ हासन इति भण्यते, घतन इव छलानि नियच्छन् ॥१६३४॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **वेषवचनैः** तथा चित्ररूपै**र्हासं जनयन् आत्मनः परेषां च** द्रष्टृणा**मथ हासन इति भण्यते,** हासकर इत्यर्थः, **घतन इव** भाण्ड इव, **छलानि** छिद्राणि **नियच्छन्** पश्यन्निति गाथार्थः ॥१६३४॥

विस्मापकमाह -

**सुरजालमाइएहिं, तु विम्हयं कुणइ तव्विहजणस्स ।**
**तेसु ण विम्हयइ सयं, आहट्टकुहेडएसुं च ॥१६३५॥ ॥ दारं ॥**

(**छाया**- सुरजालादिभिस्तु विस्मयं करोति तद्विधजनस्य ।
तेषु न विस्मयते स्वयं, आहर्त्तकुहेटकेषु च ॥१६३५॥

**वृत्तिः** - **सुरजालादिभिस्तु** इन्द्रजालकौतुकै**र्विस्मयं करोति** चित्तविभ्रमलक्षणं **तद्विधजनस्य** बालिशप्रायस्य, **तेषु** इन्द्रजालादिषु **न विस्मयते स्वयं** = न विस्मयं स्वयं करोत्यात्मना, **आहर्त्तकुहेटकेषु च** पुनः तथाविधग्राम्यलोकप्रतिबद्धेषु, यः स विस्मापक इति गाथार्थः ॥१६३५॥

उक्ता कान्दर्पी भावना, किल्बिषिकीमाह -

**नाणस्स केवलीणं, धम्मायरिआण सव्वसाहूणं ।**
**भासं अवण्णमाई, किब्बिसियं भावणं कुणइ ॥१६३६॥**

(**छाया**- ज्ञानस्य केवलिनां, धर्माचार्याणां सर्वसाधूनाम् ।
भाषमाणोऽवर्णं मायी, कैल्बिषिकीं भावनां करोति ॥१६३६॥)

**वृत्तिः - ज्ञानस्य** श्रुतरूपस्य **केवलिनां** वीतरागाणां, **धर्म्माचार्याणां** गुरूणां, **सर्वसाधूनां** सामान्येन, **भाषमाणोऽवर्णम्**-अश्लाघारूपं, तथा **मायी** सामान्येन, यः स **कैल्बिषिकीं भावनां** तद्भावाभ्यासरूपां **करोती**ति गाथार्थः ॥१६३६॥

ज्ञानावर्णमाह -

**काया वया य ते च्चिअ, ते चेव पमाय अप्पमाया य ।**
**मोक्खाहिआरिआणं, जोइसजोणीहिं किं कज्जं ? ॥१६३७॥ ॥ दारं ॥**

(**छाया**- काया व्रतानि च तान्येव, ते एव प्रमादा अप्रमादाश्च ।
मोक्षाधिकारिकाणां, ज्योतिषयोनिभ्यां किं कार्यम् ? ॥१६३७॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः - कायाः** - पृथिव्यादयः **व्रतानि**-प्राणातिपातादिनिवृत्त्यादीनि, **तान्येव** भूयो भूयः, तथा **त एव प्रमादाः** मद्यादयः **अप्रमादाश्च**-तद्विपक्षभूताः तत्र तत्र कथ्यन्त इति पुनरुक्तदोषः, तथा **मोक्षाधिकारिणां** साधूनां **ज्योतिषयोनिभ्यां** ज्योतिषयोनिप्राभृताभ्यां **किं कृत्यं ?**, न किञ्चिद्, भवहेतुत्वादिति ज्ञानावर्णवादः, इह कायादय एव यत्नेन परिपालनीया इति तथा तथा तदुपदेशः उपाधिभेदेन मा भूद्विराधनेति, ज्योतिःशास्त्रादि च शिष्यग्रहणपालन-फलमित्यदुष्टफलमेव सूक्ष्मधिया भावनीयमिति गाथार्थः ॥१६३७॥

केवल्यवर्णमाह -

**सव्वेऽवि ण पडिबोहइ, ण याविसेसेण देइ उवएसं ।**
**पडितप्पइ ण गुरूणवि, णाओ अइणिट्ठिअट्ठो उ ॥१६३८॥ ॥ दारं ॥**

(**छाया**- सर्वानपि न प्रतिबोधयति, न चाविशेषेण ददात्युपदेशम् ।
परितप्यते न गुरुभ्योऽपि, ज्ञातः अतिनिष्ठितार्थस्तु ॥१६३८॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः - सर्वानपि** प्राणिनो **न प्रतिबोधयतीति** न समवृत्तिः **न वा अविशेषेण ददात्युपदेशम्**, अपि तु गम्भीरगम्भीरतरदेशनाभेदेन, तथा **परितप्यते न गुरुभ्योऽपि** दानादिना, आस्तामन्यस्य, **ज्ञातः** सन्, एव**मतिनिष्ठितार्थ एव**, लौकिको गर्हाशब्द एषः, इति केवल्यवर्णवादः, न ह्यभव्याः काङ्क्षटुकप्रायाश्च भव्याः केनचित्प्रतिबोध्यन्ते, उपाया-भावादिति सर्वानपि न प्रतिबोधयति, अत एवाविशेषेण न ददात्युपदेशं गुणगुरुत्वाच्च गुरुभ्यो न परितप्यते, साधु निष्ठितार्थ इति गाथार्थः ॥१६३८॥

धर्म्माचार्यावर्णमाह -

**जच्चाईहिं अवण्णं, विहसइ वट्टइ ण यावि उववाए ।**
**अहिओ छिद्दप्पेही, पगासवाई अणणुलोमो ॥१६३९॥ ॥ दारं ॥**

(**छाया**- जात्यादिभिः अवर्णं, विभाषते वर्त्तते न चाप्युपपाते ।
अहितः छिद्रप्रेक्षी, प्रकाशवादी अननुलोमः ॥१६३९॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **जात्यादिभिः** सद्भिरसद्भिर्वा **अवर्णम्** अश्लाघारूपं **विभाषते** अनेकधा ब्रवीति, **वर्त्तते न चाप्युपपाते** - गुरुसेवावृत्तौ, तथा **अहितः छिद्रप्रेक्षी** गुरोरेव, **प्रकाशवादी** सर्वसमक्षं तद्दोषवादी, **अननुलोमः** प्रतिकूल इति धर्म्माचार्यावर्णवादः, जात्यादयो ह्यकारणमत्र, गुणाः कल्याणकारणं, गुरुपरिभवाभिनिवेशादयस्त्वतिरौद्रा इति गाथार्थः ॥१६३९॥

साध्ववर्णमाह -

**अविसहणा तुरियगई, अणाणुवित्ती अ अवि गुरूणंपि ।**
**खणमित्तपीइरोसा, गिहिवच्छलगा य संचइआ ॥१६४०॥ ॥ दारं ॥**

(**छाया**- अविषहणाः अत्वरितगतयः, अननुवर्त्तिनश्चापि गुरूनपि ।
क्षणमात्रप्रीतिरोषाः, गृहिवत्सलाश्च सञ्चयिनः ॥१६४०॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **अविषहणाः** न सहन्ते कस्यचिद्, अपि तु देशान्तरं यान्ति, **अत्वरितगतयो** मन्दगामिन इत्यर्थः, **अननुवर्त्तिनश्च** प्रकृतिनिष्ठुराः, **अपि** तु **गुरुनपि** प्रति, आस्तामन्यो जनः, तथा **क्षणमात्रप्रीतिरोषाः** - तदैव रुष्टाः तदैव तुष्टाः, **गृहिवत्सलाश्च** स्वभावेन, **सञ्चयिनः**-सर्वसङ्ग्रहपरा इति साध्ववर्णवादः, इहाविषहणाः परोपतापभयेन, अत्वरितगतय ईर्यादिरक्षार्थम्, अननुवर्त्तिनः असंयमापेक्षया, क्षणमात्रप्रीतिरोषाः अल्पकषायतया, गृहि-वत्सला धर्म्मप्रतिपत्तये, सञ्चयवन्त उपकरणाभावे परलोकाभावादिति गाथार्थः ॥१६४०॥

मायिस्वरूपमाह -

**गूहइ आयसहावं, छायइ अ गुणे परस्स संतेऽवि ।**
**चोरो व्व सव्वसंकी, गूढायारो हवइ मायी ॥१६४१॥ ॥ दारं ॥**

(**छाया**- गूहति आत्मस्वभावं, छादयति च गुणान् परस्य सतोऽपि ।
चौर इव सर्वशङ्की, गूढाचारः भवति मायी ॥१६४१॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **गूहति** प्रच्छादयति **आत्मनः स्वभावं**-गुणाभावरूपमशोभनं, **छादयति गुणान्**

**परस्य** अन्यस्य **सतोऽपि** विद्यमानानपि मायादोषेण, तथा **चौर इव सर्वशङ्की** स्वचित्तदोषेण, **गूढाचारः** सर्वत्र वस्तुनि **भवति मायी** जीव इति गाथार्थः ॥१६४१॥

उक्ता किल्बिषिकी भावना, आभियोगिकीमाह -

**कोउअ भूईकम्मे, पसिणा इअरे णिमित्तमाजीवी ।**
**इड्ढिरससायगुरुओ, अभिओगं भावणं कुणइ ॥१६४२॥ ॥ पडिदारं ॥**

(**छाया**- कौतुकं भूतिकर्म्म, प्रश्नः इतरो निमित्तमाजीवी ।
ऋद्धिरससातगुरुकः, अभियोगां भावनां करोति ॥१६४२॥) ॥ प्रतिद्वारम् ॥

**वृत्तिः** - **कौतुकं** वक्ष्यमाणं एवं **भूतिकर्म्म** एवं **प्रश्नः एवमितरः** प्रश्नाप्रश्नः, एवं **निमित्तं आजीवी**ति कौतुकाद्याजीवकः **ऋद्धिरससातगुरुः** सन् **अभियोगां भावनां करोति,** तथाविधाभ्यासादिति गाथार्थः ॥१६४२॥

कौतुकद्वारावयवार्थमाह -

**विम्हवणहोमसिरपरिरयाइ खारडहणाणि धूमे अ ।**
**असरिसवेसग्गहणा, अवयासण थंभणं बंधं ॥१६४३॥ ॥ दारं ॥**

(**छाया**- विस्मापनहोमशिरःपरिरयादीनि क्षारदहनानि धूमश्च ।
असदृशवेषग्रहणानि, अवत्रासनं स्तम्भनं बन्धः ॥१६४३॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **विस्मापनं** बालस्नपनं **होमम्** अग्निहवनं **शिरःपरिरयः** करभ्रमणाभिमन्त्रणं, आदिशब्दः स्वभेदप्रख्यापकः, बालस्नपनादीनामनेकप्रकारत्वात्, **क्षारदहनानि** तथाविध-व्याधिशमनाय, **धूपश्च** योगगर्भः, **असदृशवेषग्रहणानि**-नार्यादेरनार्यादिनेपथ्यकरणानि, **अवत्रासनं** वृक्षादीनां प्रभावेन चालनम्, **अवस्तम्भनम्**-अनिष्टोपशान्तये स्तेनुकनिष्ठीव-नाथुक्करणं, एवं **बन्धः**-मन्त्रादिना प्रतिबन्धनं, कौतुकमिति गाथार्थः ॥१६४३॥

भूतिकर्म्माण्याह-

**भूईअ मट्टिआए, सुत्तेण व होइ भूइकम्मं तु ।**
**वसहीसरीरभंडग-रक्खा अभिओगमाईआ ॥१६४४॥ ॥ दारं ॥**

(**छाया**- भूत्या मृत्तिकया, सूत्रेण वा भवति भूतिकर्म्म तु ।
वसतिशरीरभण्डक-रक्षा अभियोगादयः ॥१६४४॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः - भूत्या** भस्मरूपया **मृदा** वा-आर्द्रपांसुलक्षणया **सूत्रेण वा** प्रसिद्धेन **भवति भूतिकर्म्म** परिरयवेष्टनरूपं, किमर्थमित्याह-**वसतिशरीरभण्डकरक्षे**ति एतद्रक्षार्थम्, **अभियोगादय** इति कृत्वा, तेन कृतेन तद्रक्षार्थं, कर्त्तुरिति गाथार्थः ॥१६४४॥

प्रश्नस्वरूपमाह -

**पण्हो उ होइ पसिणं, जं पासइ वा सयं तु तं पसिणं ।**
**अंगुट्ठुच्छिट्ठपडे, दप्पण-असि-तोअ-कुड्डाई ( कुद्धाई पा. ) ॥१६४५॥ ॥ दारं ॥**

(**छाया**- प्रश्नस्तु भवति प्रश्नः, यत् पश्यति वा स्वयं तु तत्प्रश्नः ।
अङ्गुष्ठोच्छिष्टपटः, दर्पण-असि-तोय-कुड्यादिषु (क्रुद्धादिःपा.) ॥१६४५॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः - प्रश्नस्तु भवति** देवतादिपृच्छारूपः **प्रश्न** इति, **यत्पश्यति वा स्वयं** आत्मना तुशब्दादन्ये च तत्रस्थाः प्रस्तुतं वस्तु **तत्प्रश्न** इति, क्व तदित्याह - **अङ्गुष्ठोच्छिष्टपट** इत्यङ्गुष्ठे पटे उच्छिष्टः कासारादिभक्षणेन, एवं **दर्प्पणे** आदर्शे **असौ** च खड्गे **तोये** उदके **कुड्डे** भित्तौ, आदिशब्दान्मदनफलादिपरिग्रहः, **क्रुद्धादि** क्रुद्धः प्रशान्तो वा पश्यति कल्पविशेषादिति गाथार्थः ॥१६४५॥

प्रश्नाप्रश्नमाह -

**पसिणापसिणं सुमिणे, विज्जासिट्ठं कहेइ अण्णस्स ।**
**अहवा आइंखणिआ, घंटिअसिट्ठं परिकहेइ ॥१६४६॥ ॥ दारं ॥**

(**छाया**- प्रश्नाप्रश्नः स्वप्ने, विद्याशिष्टं कथयति अन्यस्मै ।
अथवा आख्यात्री, घण्टिकाशिष्टं परिकथयति ॥१६४६॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः - प्रश्नाप्रश्नो**ऽयमेवंविधो भवति-यः **स्वप्ने विद्याशिष्टं** विद्याकथितं सत् **कथयत्यन्यस्मै** शुभजीवितादि, **अथवा 'आइंखणिय'**त्ति ईक्षणिका दैवज्ञा आख्यात्री लोकसिद्धा डोम्बी, **घण्टिकाशिष्टं**-घण्टिकायां स्थित्वा घण्टिकायक्षेण कथितं **परिकथयति,** एष वा प्रश्नाप्रश्न इति गाथार्थः ॥१६४६॥

निमित्तमाह -

**तिविहं होइ णिमित्तं, तीय-पडुप्पण्ण-णागयं चेव ।**
**एत्थ सुभासुभभेअं, अहिगरणेतरविभासाए ॥१६४७॥**

(**छाया**- त्रिविधं भवति निमित्तं, अतीतप्रत्युत्पन्नानागतं चैव ।
अत्र शुभाशुभभेदं, अधिकरणेतरविभाषया ॥१६४७॥)

**वृत्तिः - त्रिविधं भवति निमित्तं** कालभेदेनेत्याह-**अतीतं प्रत्युत्पन्नमनागतं चैव,** अतीतादिविषयत्वात्तस्य, **अत्र शुभाशुभभेदमे**तल्लोके, कथमित्याह-**अधिकरणेतर-विभाषया,** यत्साधिकरणं तदशुभमिति गाथार्थः ॥१६४७॥

**एयाणि गारवट्ठा, कुणमाणो आभिओगिअं बंधे ।**
**बीअं गारवरहिओ, कुव्वइ आराह उच्चं च ॥१६४८॥ ॥ दारं ॥**

(**छाया**- एतानि गौरवार्थं, कुर्वन् आभियोगिकं बध्नाति ।
द्वितीयं गौरवरहितः, करोति आराधक उच्चं च ॥१६४८॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः - एतानि** भूतिकर्म्मादीनि **गौरवार्थं** गौरवनिमित्तं **कुर्वन्** ऋषिः **आभियोगिकम्** - अभियोगनिमित्तं **बध्नाति** कर्म्म, देवताद्यभियोगादिकृत्यमेतद्, **द्वितीयम्** अपवादपदमत्र, **गौरवरहितः** सन् - निःस्पृह एव **करोत्य**तिशयज्ञाने सत्येतत्, स चैवं कुर्वन्नाराधको न विराधकः, **उच्चं च** गोत्रं बध्नातीति शेषः, तीर्थोन्नतिकरणादिति गाथार्थः ॥१६४८॥

उक्ताऽऽभियोगिकी भावना, साम्प्रतमासुरीमाह -

**अणुबद्धवुग्गहोच्चिअ, संसत्ततवो णिमित्तमाएसी ।**
**णिक्किवनिराणुकंपो, आसुरिअं भावणं कुणइ ॥१६४९॥**

(**छाया**- अनुबद्धविग्रह एव, संसक्ततपा निमित्तमादेशी ।
निष्कृपः निरनुकम्पः, आसुरीकां भावनां करोति ॥१६४९॥)

**वृत्तिः - अनुबद्धविग्रहः** सदा कलहशीलः, अपि च **संसक्ततपाः** आहारादिनिमित्तं तपःकारी, तथा **निमित्तम्** अतीतादिभेदं **आदिशति,** तथा **निष्कृपः** कृपारहितः, तथा **निरनुकम्पः** अनुकम्पारहितः अन्यस्मिन् कम्पमानेऽपि **इत्यासुरीभावनो**पेतो **भवतीति** गाथार्थः ॥१६४९॥

व्यासार्थं त्वाह -

**णिच्चं विग्गहसीलो, काऊण य णाणुतप्पई पच्छा ।**
**ण य खामिओ पसीअइ, अवराहीणं दुविण्हंपि ॥१६५०॥ ॥ दारं ॥**

(**छाया**- नित्यं व्युद्ग्रहशीलः, कृत्वा च नानुतप्यते पश्चात् ।
न च क्षान्तः प्रसीदति, अपराधिनोर्द्वयोरपि ॥१६५०॥ ॥ द्वारम् ॥

**वृत्तिः - नित्यं व्युद्ग्रहशीलः** सततं कलहस्वभावः, **कृत्वा च** कलहं **नानुतप्यते पश्चादिति, न च क्षान्तः** सन् अपराधिना **प्रसीदति** प्रसादं गच्छति **अपराधिनोर्द्वयोरपि**-स्वपक्षपरपक्षगतयोः कषायोदयादेवेत्येषोऽनुबद्धविग्रह इति गाथार्थः ॥१६५०॥

संसक्ततपसमाह -

**आहारउवहिसिज्जासु जस्स भावो उ निच्चसंसत्तो ।**
**भावोवहओ कुणइ अ, तवोवहाणं तयट्ठाए ॥१६५१॥**

(**छाया**- आहारोपधिशय्यासु यस्य भावस्तु नित्यसंसक्तः ।
भावोपहतः करोति च, तपउपधानं तदर्थम् ॥१६५१॥)

**वृत्तिः - आहारोपधिशय्यासु**-ओदनादिरूपासु **यस्य भावस्तु**-आशयः **नित्य-संसक्तः** सदा प्रतिबद्धः **भावोपहतः** स एवम्भूतः **करोति च तपउपधानम्**-अनशनादि **तदर्थम्** आहाराद्यर्थं यः संसक्ततपा यतिरिति गाथार्थः ॥१६५१॥

निमित्तादेशनमाह -

**तिविहं हवइ निमित्तं, एक्किक्कं छव्विहं तु विण्णेअं ।**
**अभिमाणाभिनिवेसा, वागरिअं आसुरं कुणइ ॥१६५२॥ ॥ दारं ॥**

(**छाया**- त्रिविधं भवति निमित्तं, एकैकं षड्विधं तु विज्ञेयम् ।
अभिमानाभिनिवेशात्, व्याकृतं आसुरीं करोति ॥१६५२॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः- त्रिविधं भवति निमित्तं** कालभेदेन, **एकैकं षड्विधं**-लाभालाभसुख-दुःखजीवितमरणविषयभेदेन तत् **तु** भवति **विज्ञेयम्,** एतच्च **अभिमानाभिनिवेशादि**ति अभिमानतीव्रतया **व्याकृतं सदासुरी**भावनां **करोति,** तद्भावाभ्यासरूपत्वादिति गाथार्थः ॥१६५२॥

निष्कृपमाह -

**चंकमणाई सत्तो, सुणिक्किवो थावराइसत्तेसुं ।**
**काउं व णाणुतप्पइ, एरिसओ णिक्किवो होइ ॥१६५३॥ ॥ दारं ॥**

(**छाया**- चङ्क्रमणादि सक्तः, सुनिष्कृपः स्थावरादिसत्त्वेषु ।
कृत्वा वा नानुतप्यते, ईदृशो निष्कृपो भवति ॥१६५३॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **चङ्क्रमणादि** गमनासनादि **सक्तः** सन् क्वचित् **सुनिष्कृपः**-सुष्ठु गतघृणः **स्थावरादिसत्त्वेषु** करोत्यजीवप्रतिपत्त्या, **कृत्वा वा** चङ्क्रमणादि **नानुतप्यते** केनचिन्नोदितः सन्, **ईदृशो निष्कृपो भवति,** लिङ्गमेतदस्येति गाथार्थः ॥१६५३॥

निरनुकम्पमाह -

**जो उ परं कंपंतं, दट्ठूण ण कंपए कठिणभावो ।**
**एसो उ णिरणुकंपो, पण्णत्तो वीअरागेहिं ॥१६५४॥ ॥ दारं ॥**

(**छाया**- यस्तु परं कम्पमानं, दृष्ट्वा न कम्पते कठिनभावः ।
एषस्तु निरनुकम्पः, प्रज्ञप्तो वीतरागैः ॥१६५४॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **यस्तु परं कम्पमानं दृष्ट्वा** कुतश्चिद्धेतुतः **न कम्पते कठिनभावः** सन् क्रूरतया, **एष पुनः निरनुकम्पो** जीवः **प्रज्ञप्तो वीतरागैः**-आप्तैरिति गाथार्थः ॥१६५४॥

उक्ताऽऽसुरीभावना, सम्मोहनीमाह -

**उम्मग्गदेसओ मग्गदूसओ मग्गविप्पडीवत्ती ।**
**मोहेण य मोहित्ता, सम्मोहं भावणं कुणइ ॥१६५५॥ ॥ पडिदारं ॥**

(**छाया**- उन्मार्गदेशकः मार्गदूषकः मार्गविप्रतिपत्तिः ।
मोहेन च मोहयित्वा, सम्मोहीं भावनां करोति ॥१६५५॥ ॥ प्रतिद्वारम् ॥)

**वृत्तिः** - **उन्मार्गदेशकः** वक्ष्यमाणः, एवं **मार्गदूषकः**, एवं **मार्गविप्रतिपत्तिः**, तथा **मोहेन** स्वगतेन, तथा **मोहयित्वा** परं **सम्मोहीभावनां करोति,** तद्भावाभ्यासरूपत्वादिति गाथार्थः ॥१६५५॥

उन्मार्गदेशकमाह -

**नाणाइ अ दूसिंतो, तव्विवरीअं तु उद्दिसइ मग्गं ।**
**उम्मग्गदेसओ एस होइ अहिओ अ सपरेसिं ॥१६५६॥**

(**छाया**- ज्ञानादीनि च दूषयन्, तद्विपरीतं तूद्दिशति मार्गम् ।
उन्मार्गदेशक एषः, भवत्यहितश्च स्वपरयोः ॥१६५६॥

**वृत्तिः** - **ज्ञानादीनि दूषयन्** पारमार्थिकानि, **तद्विपरीतं तु** पारमार्थिकज्ञानविपरीतमेव **उद्दिशति मार्गं** धर्म्मसम्बन्धिनम् **उन्मार्गदेशक एष** एवम्भूतः **भवत्यहित एव** परमार्थेन **स्वपरयोर्द्वयोरपीति** गाथार्थः ॥१६५६॥

मार्गदूषकमाह -

**णाणाइ तिविहमग्गं, दूसइ जो जे अ मग्गपडिवण्णे ।**
**अबुहो जाईए खलु, भण्णइ सो मग्गदूसोत्ति ॥१६५७॥ ॥ दारं ॥**

(**छाया**- ज्ञानादिं त्रिविधमार्गं, दूषयति यः ये च मार्गप्रतिपन्नाः ।
अबुधः जात्या खलु, भण्यते स मार्गदूषक इति ॥१६५७॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **ज्ञानादिं त्रिविधमार्गं** पारमार्थिकं **दूषयति यः** कश्चित्, **ये च मार्गप्रतिपन्नाः** साधवस्तांश्च दूषयति, **अबुधः** अविद्वान् **जात्यैव,** न परमार्थेन, **भण्यतेऽसावेवम्भूतः मार्गदूषकः** पाप इति गाथार्थः ॥१६५७॥

मार्गविप्रतिपत्तिमाह -

**जो पुण तमेव मग्गं, दूसिउं पंडिओ सतक्काए ।**
**उम्मग्गं पडिवज्जइ, विप्पडिवन्ने स मग्गस्स ॥१६५८॥ ॥ दारं ॥**

(**छाया**- यः पुनस्तमेव मार्गं, दूषयित्वा अपण्डितः स्वतर्क्कया ।
उन्मार्गं प्रतिपद्यते, विप्रतिपन्नः स मार्गस्य ॥१६५८॥ ॥ द्वारम् ॥)

**वृत्तिः** - **यः पुनस्तमेव मार्गं** ज्ञानादिं **दूषयित्वा अपण्डितः** सन् **स्वतर्क्कया** जातिरूपया देशे **उन्मार्गं प्रतिपद्यते,** देश एव **विप्रतिपत्तिरिति** गाथार्थः ॥१६५८॥

मोहमाह -

**तह तह उवहयमइओ, मुज्झइ णाणचरणंतरालेसु ।**
**इड्ढीओ अ बहुविहा, दट्ठुं जत्तो तओ मोहो ॥१६५९॥**

(**छाया**- तथा तथा उपहतमतिकः, मुह्यति ज्ञानचरणान्तरालेषु ।
ऋद्धीश्च बहुविधा, दृष्ट्वा यतस्ततो मोहः ॥१६५९॥)

**वृत्तिः** - **तथा तथा** चित्ररूपतया **उपहतमतिः** सन् **मुह्यति ज्ञानचरणान्तरालेषु** गहनेषु, **ऋद्धीश्च बहुविधा दृष्ट्वा** परतीर्थिकानां **यतो** मुह्यति **असौ मोह** इति गाथार्थः ॥१६५९॥

मोहयित्वेति व्याचिख्यासुराह -

**जो पुण मोहेइ परं, सब्भावेणं च कइअवेणं वा ।**
**समयंतरम्मि सो पुण, मोहित्ता घेप्पइ सऽणेणं ॥१६६०॥**

(**छाया**- यः पुनः मोहयति परं, सद्भावेन च कैतवेन वा ।
समयान्तरे स पुनः मोहयित्वा गृह्यते सोऽनेन ॥१६६०॥)

**वृत्तिः** - **यः पुनर्मोहयति परम्** अन्यं प्राणिनं **सद्भावेन वा** तथ्येन वा, तथा **कैतवेन वा** परिकल्पितेन, **समयान्तरे** परसमये मोहयति, **स पुनरे**वम्भूतः प्राणी **मोहयित्वेति गृह्यतेऽनेन** द्वारगाथावयवेनेति गाथार्थः ॥१६६०॥

आसां भावनानां फलमाह -

**एयाओ भावणाओ, भावित्ता देवदुग्गइं जंति ।**
**तत्तोऽवि चुआ संता, परिंति भवसागरमणंतं ॥१६६१॥**

(**छाया**- एता भावना, भावयित्वा देवदुर्गतिं यान्ति ।
तत्तोऽपि च्युताः सन्तः, पर्यटन्ति भवसागरमनन्तम् ॥१६६१॥)

**वृत्तिः** - **एता भावना भावयित्वा** अभ्यस्य **देवदुर्गतिं यान्ति** प्राणिनः **ततस्तस्या अपि च्युताः सन्तः**-देवदुर्गतेः, **पर्यटन्ति भवसागरं** संसारसमुद्रं **अनन्तमि**ति गाथार्थः ॥१६६१॥'

गुरुरिन्द्रियविषयप्रमादास्रवनिद्राकुभावनासु यतनावान् भवति - तेषां परिहारे प्रयत्नवान् भवति ।

कायाः जीवरूपाः । ते षड्विधाः । तद्यथा - १ पृथ्वीकायः, २ अप्कायः, ३ तेजस्कायः, ४ वायुकायः, ५ वनस्पतिकायः ६ त्रसकायश्च । गुरुरेतेषु षट्सु कायेषु यतनावान् भवति - तेषां रक्षणे तत्परो भवति । उक्तञ्च **दशवैकालिक**सूत्रे **तद्वृत्तौ** च-

**'पुढविदगअगणिमारुअ, तणरुक्खस्सबीयगा ।**
**तसा अ पाणा जीवत्ति, इइ वुत्तं महेसिणा ॥८/२॥**

**तेसिं अच्छणजोएण, निच्चं होअव्वयं सिआ ।**
**मणसा कायवक्केणं, एवं हवइ संजए ॥८/३॥**

**पुढविं भित्तिं सिलं लेलुं, नेव भिंदे न संलिहे ।**
**तिविहेण करणजोएणं, संजए सुसमाहिए ॥८/४॥**

**सुद्धपुढवीं न निसीए, ससरक्खंमि अ आसणे ।**
**पमज्जित्तु निसीइज्जा, जाइत्ता जस्स उग्गहं ॥८/५॥**

**सीओदगं न सेविज्जा, सिला वुट्ठं हिमाणि अ ।**
**उसिणोदगं तत्तफासुअं, पडिगाहिज्ज संजए ॥८/६॥**

**उदउल्लं अप्पणो कायं, नेव पुंछे न संलिहे ।**
**समुप्पेह तहाभूअं, नो णं संघट्टए मुणी ॥८/७॥**

**इंगालं अगणिं अच्चिं, अलायं वा सजोइअं ।**
**न उंजिज्जा न घट्टिज्जा, नो णं निव्वावए मुणी ॥८/८॥**

**तालिअंटेण पत्तेण, साहाए विहुयणेण वा ।**
**न वीइज्जऽप्पणो कायं, बाहिरं वावि पुग्गलं ॥८/९॥**

**तणरुक्खं न छिंदिज्जा, फलं मूलं च कस्सई ।**
**आमगं विविहं बीअं, मणसावि ण पत्थए ॥८/१०॥**

**गहणेसु न चिट्ठिज्जा, बीएसु हरिएसु वा ।**
**उदगंमि तहा निच्चं, उत्तिंगपणगेसु वा ॥८/११॥**

**तसे पाणे न हिंसिज्जा, वाया अदुव कम्मुणा ।**
**उवरओ सव्वभूएसु, पासेज्ज विविहं जगं ॥८/१२॥**

(**छाया**- पृथिव्युदकाग्निमारुताः, तृणवृक्षसबीजकाः ।
त्रसाश्च प्राणिनः जीवा इति, इति उक्तं महर्षिणा ॥८/२॥

तेषां अक्षणयोगेन नित्यं भवितव्यं स्यात् ।
मनसा कायेन वाक्येन एवं भवति संयतः ॥८/३॥

पृथिवीं भित्तिं शिलां लेष्टुं, नैव भिन्द्यात् न संलिखेत् ।
त्रिविधेन करणयोगेन, संयतः सुसमाहितः ॥८/४॥

शुद्धपृथिव्यां न निषीदेत्, सरजस्के चासने ।
प्रमृज्य निषीदेत्, याचयित्वा यस्य अवग्रहम् ॥८/५॥

शीतोदकं न सेवेत, शिला वृष्टं हिमानि च ।
उष्णोदकं तप्तप्रासुकं, प्रतिगृह्णीयात् संयतः ॥८/६॥

उदकार्द्रं आत्मनः कायं, नैव पुञ्छयेत् न संलिखेत् ।
समुत्प्रेक्ष्य तथाभूतं, न णं सङ्घट्टयेत् मुनिः ॥८/७॥

अङ्गारं अग्निं अर्चिः, अलातं वा सज्योतिः ।
न उञ्जेत् न घट्टयेत्, नैनं निर्वापयेत् मुनिः ॥८/८॥

तालवृन्तेन पत्रेण, शाखया विधूवनेन वा ।
न वीजयेत् आत्मनः कायं, बाह्यं वापि पुद्गलम् ॥८/९॥

तृणवृक्षं न छिन्द्यात्, फलं मूलं च कस्यचित् ।
आमकं विविधं बीजं, मनसाऽपि न प्रार्थयति ॥८/१०॥

गहनेषु न तिष्ठेत्, बीजेषु हरितेषु वा ।
उदके तथा नित्यं, उत्तिङ्गपनकयोर्वा ॥८/११॥

त्रसान् प्राणिनो न हिंस्यात्, वाचा अथवा कर्मणा ।
उपरतः सर्वभूतेषु, पश्येत् विविधं जगत् ॥८/१२॥)

**वृत्तिः** - तं प्रकारमाह - '**पुढवि**'त्ति सूत्रं, **पृथिव्युदकाग्निवायवस्तृणवृक्षसबीजा** एते पञ्चैकेन्द्रियकायाः पूर्ववत्, **त्रसाश्च प्राणिनो** द्वीन्द्रियादयो **जीवा इत्युक्तं महर्षिणा** वर्धमानेन गौतमेन वेति सूत्रार्थः ॥८/२॥

यतश्चैवमतः '**तेसिं**'ति सूत्रं, अस्य व्याख्या - **तेषां** पृथिव्यादीनाम् **अक्षणयोगेन** अहिंसाव्यापारेण **नित्यं भवितव्यं** वर्त्तितव्यं **स्यात्** भिक्षुणा **मनसा कायेन वाक्येन** एभिः करणैरित्यर्थः, **एवं** वर्तमानोऽहिंसकः सन् **भवति संयतो,** नान्यथेति सूत्रार्थः ॥८/३॥

एवं सामान्येन षड्जीवनिकायाहिंसया संयतत्वमभिधायाधुना तद्गतविधीन्विधानतो विशेषेणाह - '**पुढवि**'त्ति सूत्रं, **पृथिवीं** शुद्धां **भित्तिं** तटीं **शिलां** पाषाणात्मिकां **लेष्टुम्** इष्टालखण्डं **नैव भिन्द्यात् नो संलिखेत्,** तत्र भेदनं द्वैधीभावोत्पादनं संलेखनम् ईषल्लेखनं **त्रिविधेन करणयोगेन** न करोति मनसेत्यादिना **संयतः** साधुः **सुसमाहितः** शुद्धभाव इति

सूत्रार्थः ॥८/४॥

तथा '**सुद्ध**'त्ति सूत्रं, **शुद्धपृथिव्याम्** अशस्त्रोपहतायामनन्तरितायां **न निषीदेत्,** तथा **सरजस्के वा** पृथिवीरजोऽवगुण्ठिते वा **आसने** पीठकादौ न निषीदेत्, निषीदनग्रहणात्स्थानत्वग्वर्तनपरिग्रहः, अचेतनायां तु **प्रमृज्य** तां रजोहरणेन **निषीदेत् ज्ञात्वेत्यचेतनां** ज्ञात्वा **याचयित्वाऽवग्रहमिति** यस्य सम्बन्धिनी पृथिवी तमवग्रहमनुज्ञाप्येति सूत्रार्थः ॥८/५॥

उक्तः पृथिवीकायविधिः, अधुना अप्कायविधिमाह - '**सीओदगं**'ति सूत्रं, **शीतोदकं** पृथिव्युद्भवं सच्चित्तोदकं **न सेवेत,** तथा **शिला वृष्टं हिमानि च** न सेवेत, तत्र शिलाग्रहणेन करकाः परिगृह्यन्ते, वृष्टं वर्षणं, हिमं प्रतीतं प्राय उत्तरापथे भवति । यद्येवं कथमयं वर्त्तेतेत्याह - **उष्णोदकं** क्वथितोदकं **तप्तप्रासुकं** तप्तं सत्प्रासुकं त्रिदण्डोद्वृत्तं, नोष्णोदकमात्रं, **प्रतिगृह्णीयाद्वृत्त्यर्थं संयतः** साधुः, एतच्च सौवीराद्युपलक्षणमिति सूत्रार्थः ॥८/६॥

तथा '**उदउल्लं**'ति सूत्रं, नदीमुत्तीर्णो भिक्षाप्रविष्टो वा वृष्टिहतः **उदकार्द्रम्** उदकबिन्दुचितम**ात्मनः कायं** शरीरं स्निग्धं वा **नैव पुञ्छ्येद्** वस्त्रतृणादिभिः **न संलिखेत्** पाणिना, अपि तु **सम्प्रेक्ष्य** निरीक्ष्य **तथाभूतम्** उदकार्द्रादिरूपं **नैव** कायं **सङ्घट्टयेत् मुनिर्मनागपि** न स्पृशेदिति सूत्रार्थः ॥८/७॥

उक्तोऽप्कायविधिः, तेजःकायविधिमाह - '**इंगालं**'ति सूत्रं, **अङ्गारं** ज्वालारहितम् **अग्निम्** अयःपिण्डानुगतम् **अर्चिः** छिन्नज्वालम् **अलातम्** उल्मुकं वा **सज्योतिः** साग्निकमित्यर्थः, किमित्याह-**नोत्सिञ्चेत् न घट्टयेत्,** तत्रोञ्जनमुत्सेचनं प्रदीपादेः, घट्टनं मिथश्चालनं, तथा **नैनम्** - अग्निं **निर्वापयेद्** अभावमापादयेत् **मुनिः** साधुरिति सूत्रार्थः ॥८/८॥

प्रतिपादितस्तेजःकायविधिः, वायुकायविधिमाह - '**तालिअंटेण**'त्ति सूत्रं, **तालवृन्तेन** व्यजनविशेषेण **पत्रेण** पद्मिनीपत्रादिना **शाखया** वृक्षडालरूपया **विधूप( व )नेन वा** व्यजनेन वा, किमित्याह-**न वीजयेद् आत्मनः कायं** स्वशरीरमित्यर्थः **बाह्यं वापि पुद्गलम्** उष्णोदकादीति सूत्रार्थः ॥८/९॥

प्रतिपादितो वायुकायविधिः, वनस्पतिविधिमाह - '**तण**'त्ति सूत्रं, **तृणवृक्षमित्येक**वद्भावः, तृणानि-दर्भादीनि वृक्षाः-कदम्बादयः, एतान्न **छिन्द्यात्, फलं मूलं** वा **कस्यचिद्वृक्षादेर्न** छिन्द्यात्, तथा **आमम्** अशस्त्रोपहतं **विविधम्** अनेकप्रकारं **बीजं न मनसाऽपि प्रार्थयेत्,** किमुत अश्नीयादिति सूत्रार्थः ॥८/१०॥

तथा '**गहणेसु**'त्ति सूत्रं, **गहनेषु** वननिकुञ्जेषु **न तिष्ठेत्,** सङ्घट्टनादिदोषप्रसङ्गात्, तथा

**बीजेषु** प्रसारितशाल्यादिषु **हरितेषु वा** दूर्वादिषु **न तिष्ठेत्, उदके तथा नित्यम्** अत्रोदकम् - अनन्तवनस्पतिविशेषः, यथोक्तम् - **'उदए अवए पणए'** इत्यादि, उदकमेवान्ये, तत्र नियमतो वनस्पतिभावात्, **उत्तिङ्गपनकयोर्वा** न तिष्ठेत्, तत्रोत्तिङ्गः-सर्पच्छत्रादिः पनकः-उल्लिवनस्पतिरिति सूत्रार्थः ॥८/११॥

उक्तो वनस्पतिकायविधिः, त्रसकायविधिमाह - **'तस'**त्ति सूत्रं, **त्रसप्राणिनो** द्वीन्द्रियादीन् **न हिंस्यात्,** कथमित्याह-**वाचा अथवा कर्मणा** कायेन, मनसस्तदन्तर्गतत्वादग्रहणम्, अपि च - **उपरतः सर्वभूतेषु** निक्षिप्तदण्डः सन् **पश्येद्विविधं जगत्** कर्मपरतन्त्रं नरकादिगतिरूपं, निर्वेदायेति सूत्रार्थः ॥८/१२॥'

एवं षट्त्रिंशद्गुणगणसमलङ्कृतो गुरुर्जगति परमं प्रकर्षं प्राप्नोतु ॥४॥

**इति तृतीया षट्त्रिंशिका समाप्ता ।**

● ● ●

\+ **दयासमो न य धम्मो, अन्नसमं नत्थि उत्तमं दाणं ।**
**सच्चसमा न य कित्ती, सीलसमो नत्थि सिंगारो ॥**

દયા સમાન ધર્મ નથી, અન્ન સમાન ઉત્તમ દાન નથી, સત્ય સમાન કીર્તિ નથી, શીલ સમાન શૃંગાર નથી.

\+ **पंथसमा नत्थि जरा, दरिद्दसमो अ पराभवो नत्थि ।**
**मरणसमं नत्थि भयं, खुहासमा वेयणा नत्थि ॥**

માર્ગ (મુસાફરી) સમાન ઘડપણ નથી, દરિદ્રતા સમાન પરાભવ નથી, મરણ સમાન ભય નથી, ભૂખ સમાન વેદના નથી.

\+ **कालो १ सहाव २ नियई ३ पुव्वकयं ४ पुरिस ५ कारणे पंच ।**
**समवाए सम्मत्तं एगत्तं होइ मिच्छत्तं ॥**

(૧) કાળ (૨) સ્વભાવ (૩) નિયતિ (૪) પૂર્વે કરેલા કર્મો અને (૫) પુરુષાર્થ - આ પાંચ કારણો છે. પાંચે કારણોનો સમવાય માનવામાં સમ્યક્ત્વ છે, એકને માનવામાં મિથ્યાત્વ છે.

# ત્રીજી છત્રીસી

હવે ત્રીજી છત્રીસી કહે છે -

**શબ્દાર્થ** - ઇન્દ્રિયપંચક, વિષયપંચક, પ્રમાદપંચક, આસ્રવપંચક, નિદ્રાપંચક, કુભાવનાપંચક - આ છ પંચકોમાં અને છ કાયોમાં યતનાવાળા - આમ છત્રીસ-ગુણોવાળા ગુરુ જય પામો. (૩)

**પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ** - ઇન્દ્રનું એટલે કે જીવનું લિંગ એટલે કે ચિહ્ન તે ઇન્દ્રિય. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**ની **વૃત્તિ**માં **શ્રીસિદ્ધસેનગણિ મહારાજે** કહ્યું છે, 'તેનું એટલે કે આવા પ્રકારના આત્માનું એટલે કે ઇન્દ્રનું લિંગ એટલે કે અત્યંત છુપા પદાર્થને જણાવનારું અવિનાભાવી ચિહ્ન તે ઇન્દ્રિય કહેવાય છે. (૨/૧૫)'

ઇન્દ્રિયો પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે - ૧ સ્પર્શનેન્દ્રિય, ૨ રસનેન્દ્રિય, ૩ ઘ્રાણેન્દ્રિય, ૪ ચક્ષુરિન્દ્રિય અને ૫ શ્રોત્રેન્દ્રિય. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં કહ્યું છે, 'સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર - આ પાંચ ઇન્દ્રિયો છે. (૨/૨૦)'

ઇન્દ્રિયોના ભેદ, સ્વરૂપ વગેરે **પુષ્પમાળા**માં અને **તેની વૃત્તિ**માં આ પ્રમાણે બતાવ્યા છે -

**'ગાથાર્થ - ટીકાર્થ** - લોકપ્રસિદ્ધ શ્રોત્ર વગેરે પાંચ જ ઇંદ્રિયો છે. ફરી એક એક ઇંદ્રિય દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયના ભેદથી ભિન્ન છે = બે ભેદવાળી છે. (૨૪૭)

તેમાં દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયનું સ્વરૂપ કહે છે -

**ગાથાર્થ** - અંદર અને બહાર નિર્વૃત્તિ, અંદર-બહાર નિર્વૃત્તિની શક્તિરૂપ ઉપકરણ એ બંને દ્રવ્યેન્દ્રિય છે. ભાવેન્દ્રિય લબ્ધિ અને ઉપયોગથી જાણવી. (૨૪૮)

**ટીકાર્થ** - જે પરમ ઐશ્વર્યવાન હોય તે ઇન્દ્ર. જીવ પરમઐશ્વર્યવાન છે. માટે ઇંદ્ર એટલે જીવ. ઇંદ્રના = જીવના ઉપકાર માટે જે પ્રવર્તે તે ઇન્દ્રિય. કાન વગેરે ઇંદ્રના = જીવના ઉપકાર માટે પ્રવર્તે છે, માટે કાન વગેરે પાંચ ઇંદ્રિય છે. તે પ્રત્યેક ઇંદ્રિય દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એમ બે પ્રકારે છે. પુદ્ગલસ્વરૂપ ઇંદ્રિય દ્રવ્યેન્દ્રિય છે. લબ્ધિ-ઉપયોગ રૂપ ઇંદ્રિય

ભાવેન્દ્રિય છે. દ્રવ્યેન્દ્રિય નિર્વૃત્તિ અને ઉપકરણ એ બે ભેદથી બે પ્રકારે છે.

નિર્વૃત્તિ (=આકાર) પણ અભ્યંતર અને બાહ્ય એમ બે પ્રકારે છે. તેમાં શ્રવણેન્દ્રિયની અંદર-મધ્યમાં ચક્ષુથી ન જોઈ શકાય એવી અને કેવલીવડે જોવાયેલી કદંબપુષ્પના જેવી ગોળ આકારવાળી અને શરીરના અવયવમાત્રરૂપ કોઈક નિર્વૃત્તિ (=રચના) છે. જે રીતે શબ્દગ્રહણના ઉપકારમાં પ્રવર્તે તે રીતે અભ્યંતર નિર્વૃત્તિ છે. ચક્ષુ ઇંદ્રિયની મસૂર ધાન્યના જેવા આકારવાળી અભ્યંતર નિર્વૃત્તિ છે. ઘ્રાણેન્દ્રિયની અતિમુક્ત પુષ્પના જેવા આકારવાળી કે કાહલવાજિંત્રના જેવા આકારવાળી અભ્યંતરનિર્વૃત્તિ છે. રસનેન્દ્રિયની અસ્ત્ર-શસ્ત્રના જેવા આકારવાળી અભ્યંતરનિર્વૃત્તિ છે. સ્પર્શનેન્દ્રિયની યથાયોગ્ય પોતાના આધારભૂત શરીરના જેવા આકારવાળી અભ્યંતરનિર્વૃત્તિ છે. બાહ્યનિર્વૃત્તિ તો બહાર જ બધાય જીવોને કાન વગેરેનો (કાનનો) ગોળાકાર છિદ્ર વગેરે જે દેખાય છે તે જ જાણવી.

ઉપકરણ તો તલવારની છેદનશક્તિની જેમ નિર્વૃત્તિ ઇંદ્રિયોના જ કદંબપુષ્પના જેવા ગોળ આકાર વગેરેની પોતાના વિષયને ગ્રહણ કરવાની જે શક્તિ તે શક્તિરૂપ જાણવું.

આ પ્રમાણે નિશ્ચિત થયે છતે અભ્યંતર-બાહ્ય જે નિર્વૃત્તિ અને અભ્યંતર-બાહ્ય નિર્વૃત્તિની શક્તિરૂપ જે ઉપકરણ એ બંનેય દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. કારણ કે ''નિર્વૃત્તિ અને ઉપકરણ એ દ્રવ્યેન્દ્રિય છે.'' **(તત્ત્વાર્થા૦ ૨/૧૭)** એવું વચન છે.

લબ્ધિ અને ઉપયોગથી ભાવેન્દ્રિય જાણવી. તેમાં જ્ઞાનાવરણીય વગેરે કર્મના ક્ષયોપશમથી જીવની શબ્દ વગેરેને ગ્રહણ કરવાની શક્તિ તે લબ્ધિ છે. શબ્દ વગેરેને જ ગ્રહણ કરવાનો પરિણામ તે ઉપયોગ છે. આ બંનેય ભાવેન્દ્રિય છે. (૨૪૮)

સંસ્થાન દ્વારમાં કહે છે -

**ગાથાર્થ - ટીકાર્થ** - કાનનું સંસ્થાન (=આકાર) કદંબપુષ્પના જેવું ગોળ, ચક્ષુનું સંસ્થાન મસૂરના જેવું, નાકનું સંસ્થાન અતિમુક્ત પુષ્પના જેવું, જીભનું સંસ્થાન અસ્ત્રાના જેવું હોય છે. સ્પર્શનેન્દ્રિયનું સંસ્થાન વિવિધ પ્રકારનું હોય છે, કારણ કે સ્પર્શનના આધારભૂત સર્વજીવોના શરીરો અસંખ્યાત છે. એ શરીરો વિવિધ પ્રકારના હોવાથી એ શરીરોમાં રહેલી સ્પર્શનેન્દ્રિય પણ તેટલા આકારવાળી છે.

હવે પ્રમાણ દ્વારને આશ્રયીને કહે છે -

શ્રવણ વગેરે સર્વ ઇંદ્રિયોની અભ્યંતર નિર્વૃત્તિને આશ્રયીને જાડાઈમાં અને પહોળાઈમાં દરેકનું પ્રમાણ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. ફક્ત રસનેન્દ્રિય ઉત્કૃષ્ટથી કોઈને બેથી નવ આંગળ જેટલી પણ પહોળી હોય છે. સ્પર્શનેન્દ્રિય તો પોતાના આધારભૂત શરીરના

વિસ્તારથી યુક્ત જાણવી. (૨૫૨, ૨૫૩, ૨૫૪ પૂર્વાર્ધ)

વિષયદ્વારનો અધિકાર કરીને કહે છે -

**ગાથાર્થ** - શ્રોત્ર બાર યોજન સુધી શબ્દને ગ્રહણ કરે છે, ચક્ષુ સાધિક લાખ યોજન સુધી રૂપને ગ્રહણ કરે છે, નાક, જીભ અને સ્પર્શન એ ત્રણ ઇંદ્રિયો નવ યોજન સુધી અનુક્રમે ગંધ-રસ-સ્પર્શને ગ્રહણ કરે છે. (૨૫૪ ઉત્તરાર્ધ, ૨૫૫)

**ટીકાર્થ** - શ્રોત્ર ઉત્કૃષ્ટથી બાર યોજન દૂરથી આવેલા મેઘગર્જના આદિના ધ્વનિને સ્વયં સાંભળે છે, બાર યોજનથી અધિક દૂરથી આવેલા ધ્વનિને ન સાંભળે. આંખ ઉત્કૃષ્ટથી સાધિક લાખ યોજન સુધી રહેલા રૂપને ગ્રહણ કરે છે. જેમણે એક લાખ યોજન જેટલું વૈક્રિયશરીર કર્યું છે તેવા વિષ્ણુકુમાર વગેરે પોતાના પગોની આગળ રહેલા ખાડા વગેરેને અને ખાડા વગેરેમાં રહેલા ઢેફા વગેરેને જુએ જ છે. આથી તેમની આંખનો વિષય સાધિક લાખ યોજન જાણવો.

બાકીની નાક, જીભ અને સ્પર્શન એ ત્રણ ઇંદ્રિયોમાં પ્રત્યેક ઇંદ્રિય ઉત્કૃષ્ટથી નવ યોજન દૂરથી આવેલા પોતાના વિષયને અનુક્રમે ગંધ, રસ અને સ્પર્શને ગ્રહણ કરે છે. તે આ પ્રમાણે - જેની ઘ્રાણેન્દ્રિયની શક્તિ તીવ્ર છે તે દેવ વગેરે કોઈક ઉત્કૃષ્ટથી નવ યોજનના આંતરે રહેલા કપૂર વગેરેના ગંધને અથવા પ્રથમવાર મેઘની વૃષ્ટિથી ભીની થયેલી સુગંધી માટીની ગંધને ગ્રહણ કરે છે અને તે જ દેવ વગેરે જ્યારે દૂર રહેલા પણ ગંધવાળા દ્રવ્યના કડવા, તીખા વગેરે સ્વાદનો નિશ્ચય કરતો જોવામાં આવે છે ત્યારે જણાય છે કે તેણે તે દ્રવ્યના રસપુદ્ગલો પણ ગ્રહણ કર્યા જ છે. કારણ કે કડવો વગેરે સ્વાદ ઘ્રાણેન્દ્રિયનો વિષય નથી. આ પ્રમાણે રસનેન્દ્રિયનો પણ વિષય નવ યોજન છે એ સિદ્ધ થયું. તે જ દેવ વગેરે ઉત્કૃષ્ટથી નવ યોજન દૂરથી આવેલા શીતલપવન વગેરેને આ જલવાત (=પાણીયુક્ત પવન) છે, આ હિમવાત (=ઠંડો પવન) છે ઇત્યાદિ રીતે જાણે છે, નવ યોજનથી અધિક દૂર આવેલાને ન જાણે. (૨૫૪ ઉત્તરાર્ધ, ૨૫૫)

જઘન્યથી કેટલા દૂર રહેલા પોતાના વિષયને ઇન્દ્રિયો ગ્રહણ કરે છે તે કહે છે -

**ગાથાર્થ** - ચક્ષુ સિવાય ચાર ઇંદ્રિયો જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગે રહેલા સ્વવિષયને ગ્રહણ કરે છે. ચક્ષુ જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગે રહેલા રૂપને ગ્રહણ કરે છે. (૨૫૬)

**ટીકાર્થ** - અંગુલના અસંખ્યાતમા ભાગે રહેલી અતિ નજીકની વસ્તુને આંખ જોતી જ નથી. કારણ કે આંખમાં રહેલ અંજન, ચીપડા અને અંજન આંજવાની સળી વગેરે અતિનજીકની વસ્તુઓ આંખથી દેખાતી નથી. (૨૫૬)

ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ કરવાથી થતા વિપાકનો (=કટુફળનો) જ ઉપદેશ આપવો જોઈએ. કારણ કે તે (ઉપદેશ) જ વિષયો પ્રત્યે વિરાગભાવને ઉત્પન્ન કરનાર હોવાથી મુક્તિનો સાધક છે. ઇંદ્રિયોના ભેદો વગેરે કહેવાથી શું ? આવા પ્રશ્નના ઉત્તરને કહે છે -

**ગાથાર્થ** - આ પ્રમાણે જેને ઇન્દ્રિયોના સ્વરૂપનું જ્ઞાન થયું છે તે જીવ સતત પાપોના વિષયોમાં દોડતા ઇન્દ્રિયોરૂપી અશ્વોનો જ્ઞાનરૂપ દોરીથી નિગ્રહ કરે છે. (૨૫૭)

**ટીકાર્થ** - અહીં તાત્પર્ય આ છે - જાણેલી જ વસ્તુનો નિગ્રહ કે અનુગ્રહ કરી શકાય છે. આથી ભેદ વગેરે પણ ઇન્દ્રિયજય વગેરેના જ્ઞાનનો ઉપાય હોવાથી ભેદ વગેરે પણ કહેવા જોઈએ. ભેદ વગેરેના જ્ઞાન દ્વારા જેનું સ્વરૂપ જણાઈ ગયું છે તેવા પોતપોતાના વિષયમાં પ્રવૃત્તિ કરનારા ઇન્દ્રિયોરૂપી અશ્વોનો જ્ઞાનરૂપ દોરીથી સુખપૂર્વક નિગ્રહ કરે છે. (૨૫૭)'

(સટીક પુષ્પમાળાના આ. શ્રીરાજશેખરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર.)

ઇન્દ્રિયો વડે ગ્રહણ કરવા યોગ્ય પદાર્થો તે વિષયો. તે પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ સ્પર્શ, ૨ રસ, ૩ ગંધ, ૪ વર્ણ અને ૫ શબ્દ. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં કહ્યું છે, 'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ તેમના (ઇન્દ્રિયોના) વિષયો છે. (૨/૨૧)'

સારા અને ખરાબ ઇન્દ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષ ન કરવા. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં અને **મહોપાધ્યાયશ્રીભાવવિજયજી**એ કરેલ **તેની વૃત્તિ**માં કહ્યું છે -

'રૂપને આંખનું ગ્રહણ કરનારું એટલે આક્ષેપક કહે છે. જેનાથી ગ્રહણ કરાય તે ગ્રહણ. રાગના કારણરૂપ તે રૂપને સારુ કહે છે. દ્વેષના કારણરૂપ તે રૂપને ખરાબ કહે છે. તેથી તે સારા કે ખરાબ રૂપમાં આંખ પ્રવર્તવા પર રાગ થવાથી તેમાંથી બહાર નીકળી ન શકવારૂપ દોષ થાય છે, એવો કહેવાનો ભાવ છે. **પ્રશ્ન** - આમ રૂપ હોવા પર કોઈ પણ વીતરાગ નહીં થાય ? **જવાબ** - સારા અને ખરાબ રૂપને વિષે જે રાગ-દ્વેષ વિનાનો હોવાથી સમાન છે તે વીતરાગ જેવો વીતરાગ છે, ઉપલક્ષણથી વીતદ્વેષ છે. અહીં ભાવ આવો છે - સારા-ખરાબ રૂપમાં પહેલા તો આંખ પ્રવર્તાવે જ નહીં, કદાચ પ્રવૃત્તિ થાય તો પણ સમતાનું આલંબન લે. (૩૨/૨૨)

જેમ રાગથી આતુર થયેલું, અતિસ્નિગ્ધ એવી દીવાની શિખાને જોવામાં લંપટ બનેલું તે પતંગીયું મૃત્યુ પામે છે તેમ જે રાગમાં તીવ્ર આસક્તિ કરે છે તે અકાળે વિનાશ પામે છે. 'વા' શબ્દ 'એવ' શબ્દના અર્થવાળો છે. (૩૨/૨૪)

રૂપમાં રાગ-દ્વેષ નહીં કરનારો મનુષ્ય શોક વિનાનો થાય છે, કેમકે શોકના કારણરૂપ

રાગ-દ્વેષ નથી અને જેમ કમલીનીનું પાંદડું પાણીમાં હોવા છતાં પાણીથી લેપાતું નથી તેમ સંસારમાં રહેવા છતાં પણ આ પૂર્વે કહેલ દુઃખોના સમૂહોની પરંપરાથી તે લેપાતો નથી. 'વા' શબ્દ 'एव' શબ્દના અર્થવાળો છે. (૩૨/૩૪)

શબ્દને કાનનું આક્ષેપક કહે છે. રાગના કારણરૂપ તે શબ્દને સારો કહે છે અને દ્વેષના કારણરૂપ તે શબ્દને ખરાબ કહે છે. તેથી સારા કે ખરાબ શબ્દમાં કાન પ્રવર્તવા પર રાગ-દ્વેષ થવાથી તેમાંથી બહાર નીકળી ન શકાવારૂપ દોષ થાય છે. સારા-ખરાબ શબ્દને વિષે જે રાગ-દ્વેષ વિનાનો હોવાથી સમાન છે તે વીતરાગ અને વીતદ્વેષ છે. (૩૨/૩૫)

જેમ રાગથી આતુર થયેલું, હિત-અહિતને નહીં જાણનારું હરણ શીકારીના ગીત વગેરેરૂપ શબ્દમાં આકર્ષાયેલા ચિત્તવાળું હોવાથી અતૃપ્ત થઈને મરણ પામે છે તેમ જે શબ્દમાં તીવ્ર આસક્તિ કરે છે તે અકાળે વિનાશ પામે છે. (૩૨/૩૭)

શબ્દમાં રાગ-દ્વેષ નહીં કરનારો મનુષ્ય શોક વિનાનો થાય છે, કેમકે શોકના કારણરૂપ રાગ-દ્વેષ તેનામાં નથી અને જેમ કમલીનીનું પાંદડું પાણીમાં હોવા છતાં પાણીથી લેપાતું નથી તેમ સંસારમાં રહેવા છતાં પણ આ પૂર્વે કહેલ દુઃખોના સમૂહોની પરંપરાથી તે લેપાતો નથી. (૩૨/૪૭)

ગંધને નાકનું આક્ષેપક કહે છે. રાગના કારણરૂપ તે ગંધને સારી કહે છે અને દ્વેષના કારણરૂપ તે ગંધને ખરાબ કહે છે. તેથી સારી કે ખરાબ ગંધમાં નાક પ્રવર્તવા પર રાગ-દ્વેષ થવાથી તેમાંથી બહાર નીકળી ન શકાવારૂપ દોષ થાય છે. સારી અને ખરાબ ગંધને વિષે જે રાગ-દ્વેષ વિનાનો હોવાથી સમાન છે તે વીતરાગ અને વીતદ્વેષ છે (૩૨/૪૮)

જેમ રાગથી આતુર થયેલ, નાગદમની વગેરે ઔષધીઓની ગંધમાં આસક્ત થઈને બિલમાંથી નીકળનારો સર્પ મરણ પામે છે તેમ જે ગંધમાં તીવ્ર આસક્તિ કરે છે તે અકાળે વિનાશ પામે છે. તે સર્પ અત્યંત પ્રિય એવી ગંધની ઉપેક્ષા કરી શકતો ન હોવાથી બિલમાંથી નીકળે છે. તેથી ગારુડિયા વગેરેને પરવશ થઈને દુઃખને અનુભવે છે. (૩૨/૫૦)

ગંધમાં રાગ-દ્વેષ નહીં કરનારો મનુષ્ય શોક વિનાનો થાય છે, કેમકે શોકના કારણરૂપ રાગ-દ્વેષ તેનામાં નથી અને જેમ કમલીનીનું પાંદડું પાણીમાં હોવા છતાં પાણીથી લેપાતું નથી તેમ સંસારમાં રહેવા છતાં પણ આ પૂર્વે કહેલ દુઃખોના સમૂહોની પરંપરાથી તે લેપાતો નથી. (૩૨/૬૦)

રસને જીભનું આક્ષેપક કહે છે. રાગના કારણરૂપ તે રસને સારો કહે છે. દ્વેષના કારણરૂપ તે રસને ખરાબ કહે છે. તેથી સારા કે ખરાબ રસમાં નાક પ્રવર્તવા પર રાગ-દ્વેષ

થવાથી તેમાંથી બહાર નીકળી ન શકાવારૂપ દોષ થાય છે. સારા અને ખરાબ રસને વિષે જે રાગ-દ્વેષ વિનાનો હોવાથી સમાન છે તે વીતરાગ અને વીતદ્વેષ છે. (૩૨/૬૧)

જેમ રાગમાં આતુર થયેલા, માંસને ખાવામાં આસક્ત થયેલા માછલાની કાયા અંતે મૂકેલા માંસના ટુકડાવાળા લોઢાના ખીલારૂપ બડિશથી ભેદાય છે તેમ જે રસમાં તીવ્ર આસક્તિ કરે છે તે અકાળે વિનાશ પામે છે. (૩૨/૬૩)

રસમાં રાગ-દ્વેષ નહીં કરનારો મનુષ્ય શોક વિનાનો થાય છે, કેમકે શોકના કારણરૂપ રાગ-દ્વેષ તેનામાં નથી અને જેમ કમલીનીનું પાંદડું પાણીમાં હોવા છતાં પાણીથી લેપાતું નથી તેમ સંસારમાં રહેવા છતાં પણ આ પૂર્વે કહેલ દુઃખોના સમૂહોની પરંપરાથી તે લેપાતો નથી. (૩૨/૭૩)

સ્પર્શને ચામડીનું આક્ષેપક કહે છે. રાગના કારણરૂપ તે સ્પર્શને સારો કહે છે. દ્વેષના કારણરૂપ તે સ્પર્શને ખરાબ કહે છે. તેથી સારા કે ખરાબ સ્પર્શમાં ચામડી પ્રવર્તવા પર રાગ-દ્વેષ થવાથી તેમાંથી બહાર નીકળી ન શકાવારૂપ દોષ થાય છે. સારા અને ખરાબ સ્પર્શને વિષે જે રાગ-દ્વેષ વિનાનો હોવાથી સમાન છે તે વીતરાગ અને વીતદ્વેષ છે. (૩૨/૭૪)

જેમ રાગમાં આતુર થયેલો, જંગલમાં ઠંડા પાણીમાં પડેલો પાડો ગ્રાહ નામના જલચર જીવો વડે પકડાયો તેમ જે સ્પર્શમાં તીવ્ર આસક્તિ કરે છે તે અકાળે વિનાશ પામે છે. વસતિમાં કદાચ કોઈક પાડાને છોડાવે પણ ખરું, તેથી જંગલનું ગ્રહણ કર્યું. (૩૨/૭૬)

સ્પર્શમાં રાગ-દ્વેષ નહીં કરનારો મનુષ્ય શોક વિનાનો થાય છે, કેમકે શોકના કારણરૂપ રાગ-દ્વેષ તેનામાં નથી અને જેમ કમલીનીનું પાંદડું પાણીમાં હોવા છતાં પાણીથી લેપાતું નથી તેમ સંસારમાં રહેવા છતાં પણ આ પૂર્વે કહેલ દુઃખોના સમૂહોની પરંપરાથી તે લેપાતો નથી. (૩૨/૮૬)'

જેનાથી જીવ મોક્ષમાર્ગ પ્રત્યે શિથિલ ઉદ્યમવાળો થાય તે પ્રમાદ. તે પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે - ૧ મદ્ય, ૨ વિષય, ૩ કષાય, ૪ નિદ્રા અને ૫ વિકથા. પાંચ પ્રકારના પ્રમાદનું સ્વરૂપ **ઉત્તરાધ્યયનસૂત્રના ચોથા અધ્યયનની નિર્યુક્તિ** અને તેની **વૃત્તિ**માંથી આ પ્રમાણે જાણવું -

'મદ્ય (દારૂ), વિષયો, કષાયો, નિદ્રા અને પાંચમી વિકથા કહી છે. આમ પાંચ પ્રકારનો પ્રમાદ અને અપ્રમાદ છે. જેનાથી નશો ચડે તે મદ્ય એટલે દારુ. મદ્યને લીધે લોકો સેવવા યોગ્ય - નહીં સેવવા યોગ્ય, બોલવા યોગ્ય - નહીં બોલવા યોગ્ય વગેરેના વિભાગને જાણતા નથી. માટે જ કહ્યું છે - 'જે કારણથી મૂઢ જીવ કરવા યોગ્ય - નહીં કરવા યોગ્ય, બોલવા યોગ્ય - નહીં બોલવા યોગ્ય અને સેવવા યોગ્ય - નહીં સેવવા યોગ્યને જાણતો નથી

એ કારણથી દારૂ ન પીવો. (૧)'

જીવો જેમાં વિષાદ પામે એટલે કે ધર્મ પ્રત્યે ઉત્સાહિત ન થાય તે વિષયો. અથવા ભોગવતી વખતે મધુર હોવાથી અને પરિણામે અતિ કડવા હોવાથી જે વિષની ઉપમાને પામે છે તે વિષયો. માટે જ અવિવેકી લોકો વિષયોને ભોગવે છે અને વિવેકી લોકો તેમને ત્યજે છે. કહ્યું છે કે, 'માત્ર શરૂઆતમાં મધુર, કડવા ફળવાળા, વિષની ઉપમાવાળા, પાપી વિષયો અવિવેકી લોકો વડે આચરાયેલા છે અને વિવેકી લોકોથી વર્જાયેલા છે. (૧)'

જેમ કસવાના પથ્થર ઉપર સોનું કસાય છે તેમ જેમાં જીવ કસાય છે એટલે કે વારંવાર ફેરાવાય છે તે કષ એટલે સંસાર. તે સંસારમાં જીવો જેના વડે ચારે બાજુથી જાય છે તે કષાયો. અથવા કષાય (કેસરી રંગ) જેવા હોવાથી કષાય કહેવાય છે. જેમ તુવેર વગેરેના કેસરીરંગથી ખરડાયેલા કપડા ઉપર મજીઠ (એક પ્રકારનું વનસ્પતિનું મૂળિયું) વગેરેનો રંગ ચોંટી જાય છે અને લાંબાકાળ સુધી રહે છે તેમ કષાયોથી કલુષિત આત્મા ઉપર કર્મ બંધાય છે અને ઘણી લાંબી સ્થિતિવાળું થાય છે, કેમકે કર્મની સ્થિતિ કષાયને આધીન છે. શિવશર્મસૂરિજીએ કહ્યું છે, 'પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી કરે છે તથા સ્થિતિબંધ અને રસબંધ કષાયથી કરે છે.' વગેરે. કષાયોની દુષ્ટતા એમની વ્યુત્પત્તિથી જ સમજાવાઈ છે.

જેનાથી આ ભવમાં અને પરભવમાં અવશ્ય ખરાબ અવસ્થાને પામે છે તે નિદ્રા. નિદ્રાને લીધે આ ભવમાં જ દાવાનળ વગેરેમાં વિનાશ પામે છે, શૂન્ય મનવાળો હોવાથી ધર્મકાર્યોમાં પણ પ્રવર્તતો નથી. કહ્યું છે કે, 'ધર્મી જીવો જાગતા સારા, અધર્મી જીવો સૂતેલા સારા - એમ જિનેશ્વર પ્રભુએ વત્સદેશના રાજાની બહેન જયંતીશ્રાવિકાને કહ્યું. (૧)'

સ્ત્રી, ભોજન, ચોર, દેશ સંબંધી હોવાથી જેમ-તેમ બોલાતી હોવાથી વિરૂપ એવી કથા તે વિકથા. વિકથાના રસવાળો જીવ બીજાના ગુણ-દોષ બોલવા વગેરે વડે પાપકર્મો જ બાંધે છે. માટે જ ઉમાસ્વાતિ વાચકજીએ કહ્યું છે - 'જ્યાં સુધી મન બીજાના ગુણ-દોષ બોલવામાં વ્યગ્ર થાય ત્યાં સુધી મનને વિશુદ્ધ ધ્યાનમાં વ્યગ્ર કરવું સારું છે. (પ્રશમરતિ ૧૮૪)' અહીં ચૂર્ણિકારે પાંચમા પ્રમાદ તરીકે ઇન્દ્રિયો જ કહી છે. ત્યાં વિષયોનું ગ્રહણ કરવા છતાં પણ ફરી ઇન્દ્રિયોનું ગ્રહણ કર્યું છે તે વિષયોમાં પણ ઇન્દ્રિયોના કારણે જ પ્રવર્તે છે એવી ઇન્દ્રિયોની અતિદુષ્ટતાને કહેવા માટે. મોટા સામર્થ્યવાળા પણ ઇન્દ્રિયોને લીધે નાશ પામે છે. વાચકશ્રીએ કહ્યું છે, 'અહીં ઇન્દ્રિયોમાં આસક્ત જીવો મરણ પામે છે, તે આ પ્રમાણે - ગર્ગનું સંતાન એવો સત્યકી અનેક ઋદ્ધિઓ અને ગુણોને પામેલો, અનેક શાસ્ત્રોમાં કુશળ અને અનેક વિદ્યાઓ અને બળથી યુક્ત હોવા છતાં પણ...' વગેરે.

તે તે પુદ્ગલો ભેગા થવાથી થયેલા દ્રવ્યરૂપે વિવક્ષા કરાતા આ પ્રમાદો દ્રવ્યપ્રમાદ છે અને આત્મામાં રાગ-દ્વેષના પરિણામરૂપે વિવક્ષા કરાતા આ પ્રમાદો ભાવપ્રમાદ છે-એવો

કહેવાનો ભાવ છે. માટે જ ભાવપ્રમાદ જુદો કહ્યો નથી. ઉપસંહાર કરે છે. ઉપર બતાવેલો અહીં જ કહ્યો હોવાથી પ્રત્યક્ષથી જણાતો આ પાંચ પ્રકારનો પ્રમાદ અને પાંચ પ્રકારનો અપ્રમાદ છે. જેનાથી જીવ ખૂબ મદ કરે તે પ્રમાદ. પ્રમાદનો અભાવ તે અપ્રમાદ. અભાવ એક હોવા છતાં પણ પ્રતિષેધ્ય (જેનો નિષેધ કરવાનો છે તે)ની અપેક્ષાએ અપ્રમાદના પાંચ પ્રકાર છે. (૧૮૦)'

આત્મામાં કર્મોને લાવે તે આસ્રવ. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**ની **વૃત્તિ**માં કહ્યું છે, 'તેનાથી કર્મો આત્મામાં આવે છે તેથી આસ્રવ કહેવાય છે. (૬/૨)'

તે પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ હિંસા, ૨ અસત્ય, ૩ ચોરી, ૪ મૈથુન અને ૫ પરિગ્રહ. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**ની **વૃત્તિ**માં આમનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે -

'તેમાં કષાય વગેરે પ્રમાદથી પરિણત થયેલ આત્મારૂપ કર્તાએ કાયા વગેરે કરણના વ્યાપારથી દ્રવ્યભાવભેદથી પ્રાણોનો નાશ કરવો તે હિંસા છે. પૂર્વે કહેલ સામાન્ય લક્ષણનો યોગ હોતે છતે વિદ્યમાનને છુપાવનારું, અવિદ્યમાનને પ્રગટ કરનારું, વિપરીત, સાવદ્ય વગેરે મૃષાવચન છે. બીજાએ સ્વીકારેલાને આંચકીને, ચોરીથી કે શાસ્ત્રનિષિદ્ધને સ્વીકારવું તે સ્તેય છે. પૂર્વેના લક્ષણના યોગથી મોહનો ઉદય હોતે છતે ચેતન અને અચેતન પ્રવાહોનું આસેવન કરવું તે અબ્રહ્મ. શાસ્ત્રને અમાન્ય એવા, સચિત્ત-અચિત્ત-મિશ્ર દ્રવ્ય વગેરેને વિષે મમત્વ તે પરિગ્રહ છે....(૭/૧)'

જેનાથી ચૈતન્ય ખરાબપણાને એટલે કે અસ્પષ્ટપણાને પામે છે તે નિદ્રા. તે પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે - ૧ નિદ્રા, ૨ નિદ્રાનિદ્રા, ૩ પ્રચલા, ૪ પ્રચલાપ્રચલા અને ૫ થીણદ્ધિ. **પહેલા કર્મગ્રંથમાં** અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'હવે પાંચ નિદ્રાને કહેવાની ઇચ્છાવાળા કહે છે -

જે નિદ્રાવસ્થામાં સૂનારો નખની ચપટીથી જ સુખેથી જાગી જાય તે નિદ્રા. તેના ઉદયથી ભોગવવા યોગ્ય કર્મપ્રકૃતિને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને નિદ્રા કહેવાય છે. નિદ્રા કરતા ચડિયાતી નિદ્રા તે નિદ્રાનિદ્રા. આ શબ્દ મયૂરવ્યંસકાદિ ગણનો હોવાથી મધ્યમ-પદલોપી સમાસ થયો. 'ચ' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. જે નિદ્રાવસ્થામાં સૂનારો અત્યંત અસ્પષ્ટ ચૈતન્યવાળો થયો હોવાથી ઘણા બધાં ઢંઢોળવાના પ્રકારો વડે મુશ્કેલીથી જાગે તે નિદ્રાનિદ્રા. માટે જ જેમાં સુખેથી જાગી શકાય એવી નિદ્રાની અપેક્ષાએ નિદ્રાનિદ્રા ચડિયાતી છે. તેના ઉદયથી ભોગવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ નિદ્રાનિદ્રા કહેવાય છે. જે નિદ્રાવસ્થામાં જીવ ઊભા ઊભા કે બેઠા બેઠા ઊંઘે તે પ્રચલા. તેના ઉદયથી ભોગવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ પ્રચલા કહેવાય. પ્રચલા કરતા ચડિયાતી પ્રચલા તે પ્રચલાપ્રચલા. આ પ્રચલાપ્રચલા

ચાલનારા જીવને પણ હોય છે. માટે એક સ્થાનમાં ઊભા રહીને ઊંઘનારાને થનારી પ્રચલાની અપેક્ષાએ પ્રચલાપ્રચલા ચડિયાતી છે. તેના ઉદયથી ભોગવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ પ્રચલાપ્રચલા કહેવાય છે. સૂત્રમાં 'पयलपयला' એ પ્રમાણે 'લા' ની બદલે 'લ' હ્રસ્વ કર્યો છે તે 'दीर्घह्रस्वौ मिथो वृत्तौ' (સિદ્ધહેમશબ્દાનુશાસન ૮/૧/૪) આ સૂત્રથી. (૧૧) જે નિદ્રાવસ્થામાં જાગ્રત અવસ્થામાં વિચારેલા કાર્યને સાધવા સંબંધી ઘણી ગાઢ ઇચ્છા થઈ હોય તે સ્ત્યાનગૃદ્ધિ. 'गौणादयः' (સિદ્ધહેમશબ્દાનુશાસન ૮/૨/૧૭૪) આ પ્રાકૃતવ્યાકરણના સૂત્રથી થીણદ્ધિ એ પ્રમાણે નિપાત થાય છે. આ નિદ્રાવસ્થામાં સૂનારો જાગ્રત અવસ્થામાં વિચારેલા કાર્યને ઊઠીને સાધે છે. આગમમાં આ કથાનક સંભળાય છે - કોઈક જગ્યાએ કોઈક સાધુ દિવસે હાથી વડે હેરાન કરાયો. થીણદ્ધિ નિદ્રાના ઉદયમાં વર્તનારો તે સાધુ તે જ હાથી ઉપર કદાગ્રહ બાંધીને રાત્રે ઊઠીને તેના બન્ને દાંત ઉખેડીને પોતાના ઉપાશ્રયના દરવાજા પાસે નાંખીને ફરી સૂઈ ગયો, વગેરે. આ વ્યુત્પત્તિને આશ્રયીને કહે છે - થીણદ્ધિ દિવસે કે રાત્રે ચિંતવેલા કાર્યને કરનારી છે. નિદ્રા અને નિદ્રાવાળાનો અભેદ ઉપચાર કરીને આ પ્રમાણે કહ્યું. 'रम्यादिभ्यः' (સિદ્ધહેમશબ્દાનુશાસન ૫/૩/૧૨૬) આ સૂત્રથી કર્તામાં अनट् પ્રત્યય લાગ્યો છે. અથવા જે નિદ્રાવસ્થામાં આત્મશક્તિ એકઠી થઈ હોય તે સ્ત્યાનર્દ્ધિ, કેમકે આ નિદ્રામાં પહેલા સંઘયણવાળાની શક્તિ વાસુદેવના અડધા બળ જેટલી હોય છે. આ વ્યુત્પત્તિને આશ્રયીને કહે છે - થીણદ્ધિ વાસુદેવના બળની અપેક્ષાએ અડધા બળવાળી છે. તેના ઉદયથી ભોગવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ થીણદ્ધિ કહેવાય છે...(૧૨)'

કુત્સિત એટલે સંક્લેશવાળી. ભાવના એટલે તે તે સ્વભાવનો અભ્યાસ. કુત્સિત એવી ભાવના તે કુભાવના. તે પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે - ૧ કાંદર્પી ભાવના, ૨ કિલ્બિષી ભાવના, ૩ આભિયોગી ભાવના, ૪ આસુરી ભાવના અને ૫ સમ્મોહી ભાવના. **શ્રીપંચવસ્તુક**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે -

**'પાંચ અશુભ ભાવનાઓ**

સંક્લિષ્ટ ભાવના કાંદર્પી, કૈલ્બિષિકી, આભિયોગિકી, આસુરી અને સંમોહની એમ પાંચ પ્રકારની કહી છે. કંદર્પ સંબંધી ભાવના તે કાંદર્પી ભાવના. એમ સર્વ શબ્દોમાં વ્યુત્પત્તિ કરવી. ભાવના એટલે તે તે સ્વભાવનો અભ્યાસ. (૧૬૨૮)

જે વ્યવહારનયથી સાધુ હોવા છતાં કોઈ પણ રીતે ભાવમંદતાથી આ અપ્રશસ્ત ભાવનાઓમાં વર્તે છે તે તેવા પ્રકારના = કંદર્પ વગેરે પ્રકારના દેવોમાં ઉત્પન્ન થાય છે. જે સર્વથા (નિશ્ચયનય અને વ્યવહારનય એમ બંને નયોની અપેક્ષાએ) ચારિત્રની સત્તાથી રહિત છે, અથવા જે દ્રવ્યચારિત્રથી રહિત છે, તે કંદર્પ વગેરે દેવોમાં ઉત્પન્ન થાય કે ન પણ

થાય. (તિર્યંચ વગેરે ગતિમાં પણ ઉત્પન્ન થાય.) (૧૬૨૯)

(કાંદર્પી ભાવનાના પાંચ પ્રકાર કહે છે :)

અહીં કંદર્પ એટલે કંદર્પવાળો. કૌકુચ્ય એટલે કૌકુચ્યવાળો. કંદર્પવાળો (=કંદર્પ કરનાર), કૌકુચ્યવાળો, [1]દ્રુતદર્પશીલ, હાસ્યકર અને બીજાઓને વિસ્મય પમાડતો જીવ કાંદર્પી ભાવના કરે છે. (૧૬૩૦)

કંદર્પવાળો કાંદર્પીભાવના કરે છે એમ કહ્યું. (આથી કંદર્પવાળો કોને કહેવાય તે કહે છે :) મુખ વિકૃત કરીને મોટા અવાજથી હસવું, અર્થાત્ અટ્ટહાસ્ય કરવું, પોતાના સરખા સાથે મશ્કરી કરવી, ગુરુ વગેરેને પણ કઠોર અને વક્ર વગેરે વચનો કહેવાં, કામને લગતી વાતો-કથાઓ કહેવી, આમ આમ કર એમ વિધાન દ્વારા કામનો ઉપદેશ આપવો, કામસંબંધી પ્રશંસા કરવી - (આ સર્વ કંદર્પ છે, આથી) આ સર્વ જેને છે = આ સર્વ જે કરે છે તેને કંદર્પવાળો જાણવો. (૧૬૩૧)

કૌકુચ્યવાળો કોણ છે તે કહે છે :- આંખના ભવાં, આંખો વગેરે શરીરના અંગોથી અને હાસ્યકારક તે તે વચનોથી તેવા પ્રકારના મોહરૂપ દોષથી ક્યારેક તેવી ચેષ્ટા કરે કે જેથી તેને જોનારા બીજા શરીર હાલી ઊઠે તે રીતે હસે, પણ પોતે ન હસે, મોઢું ખોલ્યા વિના હર્ષવાળો હોય તેમ રહે, જે આવો હોય તે કૌકુચ્યવાન છે. (૧૬૩૨)

દ્રુતદર્પશીલને કહે છે :-

ઉતાવળના વેગથી વિચાર્યા વિના જલ્દી જલ્દી બોલે, શરદઋતુમાં દર્પથી ઉચ્છૃંખલ બનેલ સાંઢની જેમ જલ્દી જલ્દી ચાલે, બધું ઉતાવળે કરે, અર્થાત્ વિચાર્યા વિના કરે, બેઠો હોય = ગમનાદિ ક્રિયા ન કરતો હોય તો પણ [2]કુત્સિત બલના અતિશય અભિમાનથી ફુલાતો હોય, આવો જે હોય તે દ્રુતદર્પશીલ છે. (૧૬૩૩)

હાસ્યકરને કહે છે :-

ભાંડની જેમ બીજાઓના છિદ્રોને = [3]જુદા જુદા પ્રકારના વેષ અને ભાષાને નિરંતર જુએ, અને તેવા જ વિચિત્ર વેષ અને વચનોથી પોતાને અને જોનારા બીજાઓને હાસ્ય ઉત્પન્ન કરે તે હાસ્યકર છે. (૧૬૩૪)

---

૧. અહીં ધર્મસંગ્રહમાં દ્રુતશીલ એવો શબ્દ છે, બૃ. ક. માં દ્રવશીલ એવો શબ્દ છે.

૨. કુત્સિત એટલે નિંદ્ય કે ખરાબ. જે બલ અભિમાન કરાવે તે બલ નિંદ્ય કે ખરાબ છે.

૩. છિદ્રશબ્દનો આ અર્થ બૃ. ક. ભા. ગા. ૧૩૦૦ની ટીકાના આધારે કર્યો છે.

વિસ્મય પમાડનારને કહે છે :-

જે ઇંદ્રજાલ વગેરે કૌતુકોથી, તથા તેવા પ્રકારના ગામડિયા લોકોમાં પ્રસિદ્ધ (आहर्त=) પ્રહેલિકા અને (कुहेटक=) વક્રોક્તિથી [1]મૂર્ખપ્રાયઃલોકોને ચિત્તભ્રમ રૂપ વિસ્મય પમાડે, પણ તેમાં પોતે વિસ્મય ન પામે, તે વિસ્મય પમાડનાર છે. (૧૬૩૫)

કાંદર્પી ભાવના કહી, હવે કિલ્બિષિકી ભાવના કહે છે :-

શ્રુતરૂપ જ્ઞાનનો, કેવલીઓનો, ધર્માચાર્યોનો = ગુરુઓનો અને સામાન્યથી સર્વ સાધુઓનો અવર્ણવાદ બોલનાર અને માયા કરનાર કિલ્બિષભાવના અભ્યાસરૂપ કિલ્બિષિકી ભાવના કરે છે. (૧૬૩૬)

જ્ઞાનનો અવર્ણવાદ કહે છે :-

શાસ્ત્રોમાં પૃથ્વીકાય વગેરે કાયો, પ્રાણાતિપાતનિવૃત્તિ વગેરે વ્રતો, મદ્ય વગેરે પ્રમાદો અને તેના વિરોધી અપ્રમાદો - આ બધાનું તે તે સ્થળે વારંવાર એકનું એક વર્ણન આવે છે, આથી તે પુનરુક્તિ દોષ છે, તથા મોક્ષના અધિકારી સાધુઓને જ્યોતિષશાસ્ત્ર અને યોનિપ્રાભૃતની શી જરૂર છે ? કોઈ જરૂર નથી. કારણ કે તે સંસારનું કારણ છે. આ પ્રમાણે કહેવું એ જ્ઞાનનો અવર્ણવાદ છે. અહીં કાય વગેરેનું જ પ્રયત્નથી પરિપાલન કરવાનું હોવાથી વિરાધના ન થાય એ માટે ઉપાધિના[2] ભેદથી તે તે રીતે પૃથ્વીકાયાદિનો ઉપદેશ છે. જ્યોતિષશાસ્ત્ર વગેરે શિષ્યને સારા મુહૂર્તે (ग्रहण=) દીક્ષા આપવામાં અને સારા મુહૂર્તે (पालन=) વિશિષ્ટ આરાધના કરાવવામાં ઉપયોગી છે. આથી જ્યોતિષ વગેરેનું ફલ શુભ જ છે. આ વિષે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. (૧૬૩૭)

કેવલીઅવર્ણવાદને કહે છે :-

કેવલી બધાય જીવોને પ્રતિબોધ પમાડતા ન હોવાથી સમભાવવાળા નથી, ઉપદેશ સામાન્યથી (=સામાન્ય જીવોને સમજાય તે રીતે) આપતા નથી, કિંતુ ગંભીર કે અધિક

---

૧. મૂર્ખપ્રાયઃ = મૂર્ખ જેવા.

૨. વસ્તુના મૂળ સ્વરૂપને દબાવીને બાહ્ય સ્વરૂપમાં ફેરફાર કરે તે ઉપાધિ કહેવાય. જેમકે સફેદ સ્ફટિકનું સફેદ રંગ મૂળ સ્વરૂપ છે, પણ તેના ઉપર લાલ વસ્ત્ર વગેરે મૂકતાં તે લાલ દેખાશે. અહીં લાલ વસ્ત્ર સ્ફટિકના સફેદ રંગને ઢાંકીને = દબાવીને સ્ફટિકને બહારથી લાલ બતાવે છે, આથી લાલવસ્ત્ર ઉપાધિ છે. ઉપાધિ જતી રહે એટલે વસ્તુનું મૂળ સ્વરૂપ પ્રગટ થાય. વસ્ત્ર દૂર થાય એટલે સ્ફટિક સફેદ દેખાય. તે રીતે જીવના પૃથ્વીકાય, અપ્કાય વગેરે ભેદો કર્મરૂપ ઉપાધિના ભેદથી છે, અસલથી તો બધા જીવો સમાન છે.

ગંભીર દેશનાથી આપે છે. બીજાની વાત દૂર રહી, પણ પોતે કેવલી છે એવું ગુરુએ જાણ્યા પછી તેમને (ભોજનાદિના) દાન વગેરેથી[૧] તૃપ્ત કરતા નથી, તથા તે અત્યંત કૃતકૃત્ય જ છે, આ પ્રમાણે બોલવું એ કેવલીનો અવર્ણવાદ છે. अतिनिष्ठितार्थ= અત્યંત કૃતકૃત્ય એ શબ્દ લૌકિક ગર્હાનો સૂચક છે.[૨]

(કેવલી માટે આ પ્રમાણે બોલવું યોગ્ય નથી. કારણ કે) અભવ્યોને અને કોરડુ મગ સમાન ભવ્યોને કોઈથી પ્રતિબોધ પમાડી શકાતો નથી. કારણ કે તેમને પ્રતિબોધ પમાડવાનો કોઈ ઉપાય નથી. આથી કેવલી બધાને પ્રતિબોધ પમાડી શકતા નથી. આથી જ બધાને એકસરખો ઉપદેશ આપતા નથી. કેવલી ગુણોથી ગુરુથી પણ મહાન હોવાથી ગુરુને (સેવાદિથી) તૃપ્ત કરતા નથી. કેવલી વાસ્તવિક રીતે કૃતકૃત્ય છે. તેથી તેઓને હવે ગુરુસેવાદિ કંઈ કરવાનું હોતું નથી. (૧૬૩૮)

ધર્માચાર્યના અવર્ણવાદને કહે છે :-

શુદ્ધજાતિ, શુદ્ધકુલ વગેરે ન હોય કે હોય તો પણ અનેક રીતે આચાર્યનો જાતિ-કુલ વગેરે સંબંધી અવર્ણવાદ બોલે, ગુરુસેવા કરવાની વૃત્તિ ન હોય, ગુરુનું અહિત કરે (=અનુચિત કરે), ગુરુના દોષો જુએ, સર્વ સમક્ષ ગુરુના દોષો કહે, ગુરુ પ્રત્યે પ્રતિકૂલ વર્તે, આ પ્રમાણે ધર્માચાર્યનો (ગુરુનો) અવર્ણવાદ છે. અહીં જાતિ, કુલ વગેરે કલ્યાણનું કારણ નથી, ગુણો કલ્યાણનું કારણ છે. ગુરુનો પરાભવ કરવાનો રસ વગેરે દોષો અત્યંત ભયંકર છે. (૧૬૩૯)

સાધુઓનો અવર્ણવાદ કહે છે :-

સાધુઓ કોઈનો પરાભવ વગેરે સહન કરતા નથી, પરાભવ વગેરે થાય તો બીજા દેશમાં ચાલ્યા જાય છે, ધીમે ધીમે ચાલે છે, સાધુઓ પ્રકૃતિથી કડક હોય છે, બીજા લોકો પ્રત્યે તો ઠીક, મોટાઓ પ્રત્યે પણ કડક હોય છે, ક્ષણમાં રુષ્ટ બને છે તો ક્ષણમાં તુષ્ટ બને છે, સ્વભાવથી ગૃહસ્થો પ્રત્યે વાત્સલ્યભાવ રાખે છે, બધાનો સંગ્રહ કરવામાં તત્પર રહે છે,

---

૧. શિષ્ય કેવલી બની જાય એની ગુરુને ખબર પડી જાય તો ગુરુને આહાર-પાણી લાવી આપવા વગેરે રીતે ગુરુની ભક્તિ ન કરે. આથી અહીં 'ગુરુને તૃપ્ત કરતા નથી' એમ કહ્યું છે.

૨. અર્થાત્ અહીં 'કૃતકૃત્ય' શબ્દ ગર્હા અર્થમાં છે. જેમ કોઈ શ્રીમંત પોતાના ગરીબ સગાને ત્યાં ન જાય તો ગરીબ સગો તેને કહે છે કે - 'તમે હવે બહુ મોટા માણસ થઈ ગયા એટલે અમારા ઘરે ક્યાંથી આવો ?' અહીં બહુ મોટા માણસ થઈ ગયા એ ગર્હા = વ્યંગ અર્થમાં છે. તેમ અહીં કેવલી 'કૃતકૃત્ય થઈ ગયા' એથી હવે તેમને બીજાની જરૂર શી છે ? જેથી ગુરુ વગેરેને ભોજનાદિથી તૃપ્ત કરે, એમ ગર્હા અર્થમાં કૃતકૃત્ય શબ્દ છે.

આ પ્રમાણે સાધુઓનો અવર્ણવાદ છે.

સાધુઓ (પોતાના નિમિત્તે) બીજાને સંતાપ થવાના ભયથી પરાભવ વગેરે સહન કરતા નથી. (નહિ કે પરાભવ સહન કરવાનો સ્વભાવ નથી માટે.) ઈર્યાસમિતિ આદિના પાલન, માટે ધીમે ધીમે ચાલે છે, (નહિ કે લોકરંજન માટે.) અસંયમની અપેક્ષાએ કડક હોય છે, (નહિ કે સ્વભાવથી.) કષાયો અલ્પ હોવાથી રુષ્ટ-તુષ્ટ બનતા નથી, બને તો પણ ક્ષણવાર જ બને છે, (નહિ કે અનવસ્થિતચિત્તના કારણે.) ગૃહસ્થો ધર્મને સ્વીકારે એ માટે ગૃહસ્થો પ્રત્યે વાત્સલ્યભાવ રાખે છે, (નહિ કે ખુશામતથી.) ઉપકરણો ન હોય તો પરલોકની સાધના ન થઈ શકે માટે ઉપકરણોનો સંગ્રહ કરે છે, (નહિ કે આસક્તિથી.) (૧૬૪૦)

માયાવીનું સ્વરૂપ કહે છે :-

**सम्यग्ज्ञान-क्रियायोगा-ज्जायते मोक्षभाजनम् ॥५४॥'**

मीमांसकदर्शने सर्वज्ञो देवता नास्ति । नित्यवेदवाक्येभ्यस्तत्त्वनिर्णयो जायते । प्रमाणानि षट् प्रत्यक्षानुमानोपमानागमार्थापत्त्यभावाख्यानि । नित्याद्येकान्तवादः । मोक्षमार्गः वेदविहितानुष्ठानरूपः । मोक्षः नित्यनिरतिशयसुखप्रादुर्भावरूपः । एवमादिस्वरूपं मीमांसकदर्शनमतम् । यदुक्तं **षड्दर्शनसमुच्चये** -

**'जैमिनीयाः पुनः प्राहुः, सर्वज्ञादिविशेषणः ।**
**देवो न विद्यते कोऽपि, यस्य मानं वचो भवेत् ॥६८॥**

**तस्मादतीन्द्रियार्थानां, साक्षाद्द्रष्टुरभावतः ।**
**नित्येभ्यो वेदवाक्येभ्यो, यथार्थत्वविनिश्चयः ॥६९॥**

**प्रत्यक्षमनुमानञ्च, शाब्दं चोपमया सह ।**
**अर्थापत्तिरभावश्च, षट् प्रमाणानि जैमिनेः ॥७२॥'**

**विवेकविलासे** उक्तम् -

**'मीमांसका द्विधा कर्म-ब्रह्ममीमांसकत्वतः ।**
**वेदान्ती मन्यते ब्रह्म, कर्म भट्टप्रभाकरौ ॥८/२५८॥**

**प्रत्यक्षमनुमानं च, शब्दश्चोपमया सह ।**
**अर्थापत्तिरभावश्च, भट्टानां षट्प्रमाण्यसौ ॥८/२५९॥**

**प्रभाकरमते पञ्च-वैतान्यभाववर्जनात् ।**
**अद्वैतवादिवेदान्ति-प्रमाणं तु यथा तथा ॥८/२६०॥'**

बौद्धदर्शने सुगतो देवता । तत्त्वानि चत्वारि दुःखायतनसमुदयमार्गरूपाणि आर्य-सत्यानि । प्रमाणे द्वे प्रत्यक्षानुमानसञ्ज्ञे । क्षणिकैकान्तवादः । मोक्षः सर्वक्षणिकत्व-सर्वनैरात्म्यवासनाक्लेशसमुदयच्छेदनं प्रदीपस्येव ज्ञानसन्तानोच्छेदश्च । एवमादि-

स्वरूपं बौद्धदर्शनमतम् । उक्तञ्च **षड्दर्शनसमुच्चयेऽज्ञातकर्तृकतदवचूर्याञ्च** -

**'तत्र बौद्धमते ताव-द्देवता सुगतः किल ।**
**चतुर्णामार्यसत्यानां, दुःखादीनां प्ररूपकः ॥४॥**

**अव०** - **चतुर्णां** दुःखदुःखसमुदयमार्गनिरोधलक्षणानाम् **आर्यसत्यानां** तत्त्वानां **प्ररूपकः** कथयिता **सुगतो** नाम ।

**प्रमाणे द्वे च विज्ञेये, तथा सौगतदर्शने ।**
**प्रत्यक्षमनुमानञ्च, सम्यग्ज्ञानं द्विधा यतः ॥९॥**

**क्षणिकाः सर्वसंस्कारा, इत्येवं वासना यका ।**
**स मार्ग इह विज्ञेयो, निरोधो मोक्ष उच्यते ॥७॥'**

**विवेकविलासे** उक्तम् -

**'बौद्धानां सुगतो देवो विश्वं च क्षणभङ्गुरम् ।**
**आर्यसत्याऽख्यया तत्त्व-चतुष्टयमिदं क्रमात् ॥८/२६५॥**

**दुःखमायतनं चैव, ततः समुदयो मतः ।**
**मार्गश्चैतस्य च व्याख्या, क्रमेण श्रूयतामतः ॥८/२६६॥'**

**षड्दर्शनसमुच्चये** उक्तम् -

**'दुःखं संसारिणः स्कन्धा-स्ते च पञ्च प्रकीर्त्तिताः ।**
**विज्ञानं वेदना सञ्ज्ञा, संस्कारो रूपमेव च ॥५॥'**

**विवेकविलासे** उक्तम् -

**'रागादीनां गणो यस्मात्, समुदेति नृणां हृदि ।**
**आत्मात्मीयस्वभावाख्यः, स स्यात्समुदयः पुनः ॥८/२६९॥'**

**षड्दर्शनसमुच्चये** उक्तम् -

**'पञ्चेन्द्रियाणि शब्दाद्या, विषयाः पञ्च मानसम् ।**
**धर्मायतनमेतानि, द्वादशायतनानि च ॥८॥'**

**विवेकविलासे** उक्तम् -

'क्षणिकाः सर्वसंस्कारा, इति या वासना स्थिरा ।
स मार्ग इति विज्ञेयः, स च मोक्षोऽभिधीयते ॥८/२७०॥

प्रत्यक्षमनुमानं च, प्रमाणद्वितयं पुनः ।
चतुःप्रस्थानिका बौद्धाः, ख्याता वैभाषिकादयः ॥८/२७१॥

अर्थो ज्ञानान्वितो वैभाषिकेण बहु मन्यते ।
सौत्रान्तिकेन प्रत्यक्षग्राह्योऽर्थो न बहिर्मतः ॥८/२७२॥

आचारसहिता बुद्धिर्योगाचारस्य सम्मता ।
केवलां संविदं स्वस्थां, मन्यन्ते मध्यमाः पुनः ॥८/२७३॥

रागादिज्ञानसन्तानवासनोच्छेदसम्भवा ।
चतुर्णामपि बौद्धानां मुक्तिरेषा प्रकीर्त्तिता ॥८/२७४॥

कृत्तिः कमण्डलुर्मौण्डयं, चीरं पूर्वाह्णभोजनम् ।
सङ्घो रक्ताम्बरत्वं च, शिश्रिये बौद्धभिक्षुभिः ॥८/२७५॥'

नैयायिकदर्शने शिवो देवता । तत्त्वानि षोडश प्रमाण-प्रमेय-संशय-प्रयोजन-दृष्टान्त-सिद्धान्ता-ऽवयव-तर्क-निर्णय-वाद-जल्प-वितण्डा-हेत्वाभास-च्छल-जाति-निग्रहस्थाननामानि । प्रमाणानि चत्वारि प्रत्यक्षानुमानोपमानागमाभिधानानि । नित्या-नित्यैकान्तवादः । मोक्षमार्गः षोडशतत्त्वज्ञानरूपः । मोक्षः षडिन्द्रिय-षड्विषय-षड्बुद्धि-सुख-दुःखशरीररूपैकविंशतिविधदुःखात्यन्तच्छेदरूपः । एवमादिस्वरूपं नैयायिकदर्शनमतम् । यदाहुः **षड्दर्शनसमुच्चये मलधारि-श्रीराजशेखरसूरिसूत्रिते** -

'अथ यौगमतं ब्रूमः, शैवमित्यपराभिधम् ।
ते दण्डधारिणः प्रौढ-कौपीनपरिधायिनः ॥८४॥

तेषां च शङ्करो देवः, सृष्टिसंहारकारकः ।
तस्यावताराः सारा ये, तेऽष्टादश तदर्चिताः ॥९०॥

अक्षपादो गुरुस्तेषां, तेन ते ह्यक्षपादकाः ।
उत्तमां संयमावस्थां, प्राप्ता नग्ना भ्रमन्ति ते ॥९५॥

प्रमाणानि च चत्वारि, प्रत्यक्षं लैङ्गिकं तथा ।
उपमानञ्च शाब्दञ्च, तत्फलानि पृथक् पृथक् ॥९६॥

तत्त्वानि षोडशामुत्र, प्रमाणादीनि तद्यथा ।
प्रमाणं च प्रमेयं च, संशयश्च प्रयोजनम् ॥९७॥

दृष्टान्तोऽप्यथ सिद्धान्तो-ऽवयवस्तर्कनिर्णयौ ।
वादो जल्पो वितण्डा च, हेत्वाभासाश्छलानि च ॥९८॥

जातयो निग्रहस्थाना-न्येषां व्ययस्तु दुस्तरः ।
आत्यन्तिकस्तु दुःखानां, वियोगो मोक्ष उच्यते ॥९९॥'

**विवेकविलासे** उक्तम् -

'शिवस्य दर्शने तर्का-वुभौ न्यायविशेषकौ ।
न्याये षोडशतत्त्वी स्यात्, षट्तत्त्वी च विशेषके ॥८/२८५॥

अन्योऽन्यतत्त्वान्तर्भावाद् द्वयोर्भेदोऽस्ति नास्ति वा ।
द्वयोरपि शिवो देवो नित्यः सृष्ट्यादिकारकः ॥८/२८६॥'

**हारिभद्रीयषड्दर्शनसमुच्चये** उक्तम् -

'आक्षपादमते देवः, सृष्टिसंहारकृच्छिवः ।
विभुर्नित्यैकसर्वज्ञो, नित्यबुद्धिसमाश्रयः ॥१३॥

प्रमाणं च प्रमेयं च, संशयश्च प्रयोजनम् ।
दृष्टान्तोऽप्यथ सिद्धान्ता-वयवौ तर्कनिर्णयौ ॥१४॥

वादो जल्पो वितण्डा च, हेत्वाभासाश्छलानि च ।
जातयो निग्रहस्थाना-नीति तत्त्वानि षोडश ॥१५॥'

**विवेकविलासे** उक्तम् -

'नैयायिकानां चत्वारि, प्रमाणानि मतानि च ।
प्रत्यक्षमागमोऽन्यच्चानुमानमुपमाऽपि च ॥८/२८७॥

विषयेन्द्रियबुद्धीनां, वपुषः सुखदुःखयोः ।
अभावादात्मसंस्थानं, मुक्तिर्नैयायिकैर्मता ॥८/३००॥'

वैशेषिकदर्शनेऽपि शङ्करो देवता । तत्त्वानि षड् द्रव्यगुणकर्मसामान्यविशेष-समवायाख्यानि । प्रमाणे द्वे प्रत्यक्षानुमानरूपे । नित्यानित्यैकान्तवादः । मोक्षमार्गः श्रवणमननिदिध्यासनसाक्षात्काररूपः । मोक्षः बुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्म-

संस्काररूपनवविशेषगुणात्यन्तोच्छेदे सति भवति । एवमादिस्वरूपं वैशेषिकदर्शनमतम् । यदवाचि **षड्दर्शनसमुच्चये**-

**'देवताविषयो भेदो, नास्ति नैयायिकैः समम् ।**
**वैशेषिकाणां तत्त्वे तु, विद्यतेऽसौ निर्दिश्यते ॥५९॥**

**द्रव्यं गुणस्तथा कर्म, सामान्यं च चतुर्थकम् ।**
**विशेषसमवायौ च, तत्त्वषट्कं तु तन्मते ॥६०॥**

**प्रमाणं च द्विधामीषां, प्रत्यक्षं लैङ्गिकं तथा ।**
**वैशेषिकमतस्यैष, सङ्क्षेपः परिकीर्त्तितः ॥६७॥'**

**श्रीराजशेखरसूरिकृतषड्दर्शनसमुच्चये** उक्तम् -

**'शिवेनोलूकरूपेण, कणादस्य मुनेः पुरः ।**
**मतमेतत् प्रकथितं, तत् औलूक्यमुच्यते ॥३०॥**

**वैशेषिकाणां यौगेभ्यो, मानतत्त्वगता भिदा ।**
**प्रत्यक्षमनुमानं च, मते तेषां प्रमाद्वयम् ॥१४॥'**

**विवेकविलासे** उक्तम् -

**'द्रव्यं गुणस्तथा कर्म, सामान्यं सविशेषकम् ।**
**समवायश्च षट्तत्त्वी, तद्व्याख्यानमथोच्यते ॥८/२९१॥**

**चतुर्विंशतिवैशेषिकगुणान्तर्गुणा नव ।**
**बुद्ध्यादयस्तदुच्छेदो, मुक्तिर्वैशेषिकी तु सा ॥८/३०१॥'**

साङ्ख्यदर्शने ईश्वरः देवः । केचन ईश्वरं न मन्यन्ते । तत्त्वानि पञ्चविंशतिविधानि । तद्यथा - आत्मा, प्रकृतिः, बुद्धिः (महान्), अहङ्कारः, पञ्च तन्मात्राणि गन्धरूपरसस्पर्शशब्दाभिधानि, पञ्च भूतानि पृथिव्यप्तेजोवाय्वाकाशाख्यानि, षड् बुद्धीन्द्रियाणि घ्राणरसनचक्षुस्त्वक्श्रोत्रमनःसञ्ज्ञानि, पञ्च कर्मेन्द्रियाणि पायूपस्थवचःपाणिपादाभिधानानि च । प्रमाणानि त्रीणि प्रत्यक्षानुमानागमरूपाणि । नित्यैकान्तवादः । मोक्षमार्गः पञ्चविंशतितत्त्वज्ञानरूपः । मोक्षः प्रकृतिवियोगात्पुरुषस्य स्वरूपेणावस्थानरूपः । एवमादिस्वरूपं साङ्ख्यदर्शनमतम् । यदवोचत् **षड्दर्शनसमुच्चये श्रीराजशेखरसूरिः**-

'साङ्ख्या निरीश्वराः केचित्, केचिदीश्वरदेवताः ।
ये ते निरीश्वरास्तेऽमी, नारायणपरायणाः ॥४२॥

प्रत्यक्षमनुमानञ्च, शाब्दञ्चेति प्रमात्रयम् ।
अन्तर्भावोऽत्र शेषाणां, प्रमाणानां सयुक्तिकः ॥४४॥

अमीषां साङ्ख्यसूरीणां, तत्त्वानां पञ्चविंशतिः ।
सत्त्वं रजस्तमश्चेति, ज्ञेयं तावद् गुणत्रयम् ॥४५॥

एतेषां या समाऽवस्था, सा प्रकृतिः किलोच्यते ।
प्रधानाव्यक्तशब्दाभ्यां, वाच्या नित्यस्वरूपिका ॥४६॥

ततः सञ्जायते बुद्धि-र्महानिति यकोच्यते ।
अहङ्कारस्ततोऽपि स्यात्, ततः षोडशको गणः ॥४७॥

स्पर्शनं रसनं घ्राणं, चक्षुः श्रोत्रञ्च पञ्चमम् ।
पञ्च बुद्धीन्द्रियाण्याहुस्-तथा कर्मेन्द्रियाणि च ॥४८॥

पायूपस्थवचःपाणि-पादाख्यानि मनस्तथा ।
अन्यानि पञ्चरूपाणि, तन्मात्राणीति षोडश ॥४९॥

रूपात्तेजो रसादापो, गन्धाद्भूमिः स्वरान्नभः ।
स्पर्शाद्वायुस्तथा चैवं, पञ्चभ्यः पञ्चभूतकम् ॥५०॥

एवं चतुर्विंशतितत्त्वरूपं, निवेदितं साङ्ख्यमते प्रधानम् ।
अन्यश्च कर्त्ता विगुणश्च, भोक्ता तत्त्वं पुमान् नित्यचिदभ्युपेतः ॥५१॥

प्रकृतेर्विरहो मोक्ष-स्तन्नाशे स स्वरूपगः ।
बध्यते मुच्यते चैव, प्रकृतिः पुरुषो न तु ॥५३॥'

श्रीहरिभद्रसूरिविरचित-षड्दर्शनसमुच्चये उक्तम् -

'साङ्ख्या निरीश्वराः केचित्, केचिदीश्वरदेवताः ।
सर्वेषामपि तेषां स्यात्, तत्त्वानां पञ्चविंशतिः ॥३६॥'

विवेकविलासे उक्तम् -

'साङ्ख्यैर्देवः शिवः कैश्चिन्-मतो नारायणः परैः ।
उभयोः सर्वमप्यन्य-त्तत्त्वप्रभृतिकं समम् ॥८/२७६॥

**साङ्ख्यानां स्युर्गुणाः सत्त्वं, रजस्तम इति त्रयः ।**
**साम्याऽवस्था भवत्येषां, त्रयाणां प्रकृतिः पुनः ॥८/२७८॥**

**प्रकृतेः स्यान्महत्तत्त्व-महङ्कारस्ततोऽपि च ।**
**पञ्च बुद्धीन्द्रियाणि स्यु-श्चक्षुरादीनि पञ्च च ॥८/२७९॥**

**कर्मेन्द्रियाणि वाक्पाणि-चरणोपस्थपायवः ।**
**मनश्च पञ्चतन्मात्राः, शब्दो रूपं रसस्तथा ॥८/२८०॥**

**स्पर्शो गन्धोऽपि तेभ्यः स्यात्, पृथ्व्याद्यं भूतपञ्चकम् ।**
**इयं प्रकृतिरेतस्याः, परस्तु पुरुषो मतः ॥८/२८१॥**

**पञ्चविंशतितत्त्वीयं, नित्यं साङ्ख्यमते जगत् ।**
**प्रमाणत्रितयं चात्र, प्रत्यक्षमनुमाऽऽगमः ॥८/२८२॥**

**यदैव जायते भेदः, प्रकृतेः पुरुषस्य च ।**
**मुक्तिरुक्ता तदा साङ्ख्यैः, ख्यातिः सैव च भण्यते ॥८/२८३॥'**

लोकायतापरनामनास्तिकदर्शनाभासे सर्वज्ञधर्माधर्मजीवपरलोकमोक्षा न सन्ति । प्रमाणेकं प्रत्यक्षरूपम् । एवमादिस्वरूपं नास्तिकमतम् । यदाहुः **षड्दर्शनसमुच्चये** -

**'लोकायता वदन्त्येवं, नास्ति देवो न निर्वृतिः ।**
**धर्माधर्मौ न विद्येते, न फलं पुण्यपापयोः ॥८०॥**

**किञ्च पृथ्वी जलं तेजो, वायुर्भूतचतुष्टयम् ।**
**चैतन्यभूमिरेतेषां, मानं त्वक्षजमेव हि ॥८३॥'**

**विवेकविलासे** उक्तम् -

**'पञ्चभूतात्मकं वस्तु, प्रत्यक्षं च प्रमाणकम् ।**
**नास्तिकानां मते नान्य-दात्माऽमुत्र शुभाशुभम् ॥८/३०४॥'**

इति षड्दर्शनमतरूपं तर्कषट्कं ज्ञेयम् ।

भाष्यते उच्यते इति भाषा । सा षड्विधा । तद्यथा - १ संस्कृतं, २ प्राकृतं, ३ शौरसेनी, ४ मागधी, ५ पैशाची, ६ अपभ्रंशश्च । उक्तञ्च **श्रीचण्डकविविरचिते प्राकृतलक्षणे** -

'संस्कृतं प्राकृतं चैवापभ्रंशोऽथ पिशाचिकी ।
मागधी शौरसेनी च षड् भाषाश्च प्रकीर्त्तिताः ॥'

रुद्रटकृतकाव्यालङ्कारेऽप्युक्तम् -

'प्राकृत-संस्कृत-मागध-पिशाचभाषाश्च शौरसेनी च ।
षष्ठोऽत्र भूरिभेदो देशविशेषादपभ्रंशः ॥'

षड्भाषाचन्द्रिकोपोद्घाते तु षड्भाषा इत्थं प्रकीर्त्तिताः-

'षड्विधा सा प्राकृती च शौरसेनी च मागधी ।
पैशाची चूलिकापैशाच्यपभ्रंश इति क्रमात् ॥

तत्र तु प्राकृतं नाम महाराष्ट्रोद्भवं विदुः ।
शूरसेनोद्भवा भाषा शौरसेनीति गीयते ॥

मगधोत्पन्नभाषां तां मागधीं सम्प्रचक्षते ।
पिशाचदेशनियतं पैशाचीद्वितयं भवेत् ॥

पिशाचजातमथवा पैशाचीद्वयमुच्यते ।
अपभ्रंशस्तु भाषा स्यादाभीरादिगिरां चयः ॥

तत्र तु प्राकृतं स्त्रीणां सर्वासां नियतं भवेत् ।
अधमे मध्यमे वाऽपि शौरसेनी प्रयुज्यते ॥

धीवराद्यतिनीचेषु मागधी विनियुज्यते ।
रक्षः पिशाचनीचेषु पैशाचीद्वितयं भवेत् ॥
अपभ्रंशस्तु चण्डालयवनादिषु युज्यते ।'

तत्र संस्कृतभाषेत्थं ज्ञेया -

'शान्तो दान्तो सदागुप्तो, मोक्षार्थी विश्ववत्सलः ।
निर्दम्भां यां क्रियां कुर्यात्, साध्यात्मगुणवृद्धये ॥२/७॥' - अध्यात्मसारः

प्राकृतभाषैवं ज्ञातव्या -

'भवसयसहस्सदुल्लहे, जाइजरामरणसागरुत्तारे ।
जिणवयणंमि गुणायर !, खणमवि मा काहिसि पमायं ॥१२३॥' - उपदेशमाला

(**छाया**- भवशतसहस्रदुर्लभे, जातिजरामरणसागरोत्तारे ।
जिनवचने गुणाकर !, क्षणमपि मा करिष्यसि प्रमादं ॥१२३॥)

शौरसेनी भाषैवमवगन्तव्या -

**'अम्हेहि तुह पसंसा किज्जदि अन्नेहि किज्जदे न कहं ।**
**कित्ती रमिस्सदि तुहा सग्गादु रसातलादो वि ॥७/९९॥' - प्राकृतद्व्याश्रयः**

(**छाया**- अस्माभिः तव प्रशंसा क्रियते अन्यैः क्रियते न कथम् ? ।
कीर्त्तिः रमिष्यते तव आ स्वर्गात् रसातलादपि ॥७/९९॥)

'**वृत्तिः** - हे महाराज ! **अस्माभिः** सकललोकनमस्करणीयाभिरित्यर्थः । **तव प्रशंसा** श्लाघा **क्रियते** अतः **कथम् अन्यैर्विबुधैः न क्रियते** । अपि तु विधीयत एव । तथा **तव कीर्त्तिः आ स्वर्गाद् आ रसातलादपि** स्वर्गं रसातलं च व्याप्य **रमिष्यते** विचरिष्यति ॥७/९९॥' - **पूर्णकलशगणिकृतवृत्तिः** ।

मागधी भाषैवमवसेया -

**'अदिशुस्तिदं निविस्टे चदुस्त-वग्गं विवय्यिद-कशाए ।**
**शावय्य-योग-लहिदे शाहू, शाहदि अणञ्ञ-मणे ॥८/२॥' - प्राकृतद्व्याश्रयः**

(**छाया**- अतिसुस्थितं निविष्टः चतुर्थ-वर्गं विवर्जितकषायः ।
सावद्ययोगरहितः साधुः, साधयति अनन्यमनाः ॥८/२॥)

**वृत्तिः** - **अतिसुस्थितम्** अतिसमाहितं यथा भवति एवं **निविष्टः** धर्मध्याननिरतः अत एव **विवर्जितकषायः** क्रोधादिरहितः । **सावद्ययोगरहितः** सपापव्यापारवर्जितः । **अनन्यमनाः** मोक्षैकतानमानसः **साधुः** संयतः **चतुर्थवर्गं** निर्वाणं **साधयति** निष्पादयति । आत्माधीनम् आधत्त इति यावत् ॥८/२॥' - **पूर्णकलशगणिकृतवृत्तिः** ।

पैशाची भाषेत्थं ज्ञेया -

**'सुद्धाकसाय-हितपक-जित-करन-कुतुम्ब-चेसटो योगी ।**
**मुक्क-कुटुम्ब-सिनेहो न वलति गन्तून मुक्ख-पतं ॥८/७॥' - प्राकृतद्व्याश्रयः**

(**छाया**- शुद्धाकषायहृदय-जितकरणकुटुम्बचेष्टो योगी ।
मुक्तकुटुम्बस्नेहो न वलते गत्वा मोक्षपदम् ॥८/७॥)

'**वृत्तिः** - शुद्धं निर्मलम् अकषायं क्रोधादिरहितं हृदयं यस्य । अत एव करणानि

इन्द्रियाणि तान्येव आत्मनो मोहजननात् कुटुम्बं तस्य चेष्टा स्वस्वविषये व्यापारः । जिता परास्ता करणकुटुम्बचेष्टा च येन स तथा । **मुक्तकुटुम्बस्नेहः** परित्यक्तबन्धुवर्गानुरागः **योगी** शुभध्यानैकतानः संयमी **मोक्षपदं गत्वा** प्राप्य **न वलते** न संसारे समायाति ॥८/७॥' - **पूर्णकलशगणिकृतवृत्तिः** ।

पैशाचीभाषाभेदरूपा चूलिकापैशाचिकी भाषेत्थं बोद्धव्या -

**'वन्थू सठासठेसु वि आलम्पित-उपसमो अनालम्फो ।**
**सव्वञ्ञ-लाच-चलने अनुझायन्तो हवति योगी ॥८/१२॥' - प्राकृतद्व्याश्रयः**

(**छाया**- बन्धुः शठाशठेषु अपि आलम्बितोपशमः अनारम्भः ।
सर्वज्ञराजचरणान् अनुध्यायन् भवति योगी ॥८/१२॥)

**'वृत्तिः - सर्वज्ञराजचरणान् अनुध्यायन् योगी** अशठेषु अमायाविषु शठेष्वपि **बन्धुः** हितपरत्वाद् बान्धवकल्पः **आलम्बितोपशमः** आश्रितशान्तभावः । **अनारम्भः** विवर्जित-सावद्यव्यापारः **अनालम्भो** वा परित्यक्तजीववधो **भवति** ॥८/१२॥' - **पूर्णकलश-गणिकृतवृत्तिः** ।

अपभ्रंशभाषेत्थं ज्ञातव्या -

**'करणाभासहुँ मणु उत्तारहु, करणाभासेहिँ मुक्खु न कसु हि वि ।**
**आसणु सयणु वि सव्वहो करणेहिँ, करणहुँ मुक्खु तो निरु सव्वस्सु वि ॥८/१७॥'**
**- प्रकृतद्व्याश्रयः**

(**छाया**- करणाभासेभ्यः मनः उत्तारयत्त, करणाभासैः मोक्षः न कस्यापि हि ।
आसनं शयनमपि सर्वस्य करणैः, करणेभ्यो मोक्षः ततो निश्चितं सर्वस्यापि ॥८/१७॥)

**'वृत्तिः** - भो लोकाः ! **करणाभासेभ्यः** यथोक्तपद्मासनादिविपरीतासनेभ्यः **मनः उत्तारयत** व्यावर्त्तयत । तानि मा कुरुतेत्यर्थः । **हि** यस्मात् कारणात् **करणाभासैः** कृत्वा **न कस्यापि मोक्षः** निवृत्तिर्भवति । तथा **सर्वस्य** योगिनः **करणैः** प्रशस्तपद्मासनादिभिः कृत्वा **आसनं** लगण्डादिभिश्च कृत्वा **शयनं** निद्रा भवति । **ततः** तस्मात् **करणेभ्यः सर्वस्यापि निरु** इति निश्चितम् **मोक्षः** । निषिद्धासनपरिहारेण कर्मक्षपणार्थं पद्मासनादीनि कुर्वन् मुक्तिम् आप्नोतीत्यर्थः ॥८/१७॥' - **पूर्णकलशगणिकृतवृत्तिः** ।

गुरुः षड्विधवचनदोषलेश्यावश्यसद्द्रव्यतर्कभाषाणां तात्त्विकं स्वरूपं जानाति ।
इत्थं षट्त्रिंशद्गुणौघविभूषितो गुरुरपराजितो भवतु ॥५॥

**इति चतुर्थी षट्त्रिंशिका समाप्ता ॥५॥**

# ચોથી છત્રીસી

હવે ચોથી છત્રીસી કહે છે -

**શબ્દાર્થ** - વચનના છ દોષો, છ લેશ્યાઓ, છ આવશ્યકો, છ દ્રવ્યો, છ તર્કો અને છ ભાષાઓના સ્વરૂપને જાણવા વડે છત્રીસ ગુણોવાળા ગુરુ જય પામો. (૫)

**પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ** - કહેવાય તે વચનો. દૂષિત કરે તે દોષો. વચનના દોષો તે વચનદોષો. તે છ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ અલીકવચન, ૨ હીલિતવચન, ૩ ખિંસિતવચન, ૪ કર્કશવચન, ૫ નાત્રકોપટ્ટનવચન અને અધીકરણોદીરકવચન. **પ્રવચન-સારોદ્ધાર**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - હીલિતા, ખિંસિતા, પરુષા, અલિકા તથા ગૃહસ્થની ભાષા, વળી છઠ્ઠી ભાષા ઉપશાંત અધિકરણના ઉલ્લાસને કરનારી છે. (૧૩૨૧)

**ટીકાર્થ** - કહેવાય તે ભાષા એટલે કે વચનો. ખરાબ ભાષા મોટા કર્મબંધમાં કારણભૂત છે. તે હીલિતા વગેરે ભેદથી છ પ્રકારની છે. તેમાં હીલિતા એટલે અસૂયાપૂર્વક અવગણના કરતા હે વાચક ! હે જ્યેષ્ઠાર્ય ! વગેરે કહેવું. ૧. ખિંસિતા એટલે જન્મ, કર્મ વગેરે ઉઘાડા કરવા, ૨. પરુષા એટલે હે દુષ્ટ શૈક્ષ ! વગેરે કર્કશવચન. ૩. અલીકા એટલે કેમ દિવસે બેઠા બેઠા ઊંઘે છે વગેરે પ્રશ્ન થવા પર હું ઊંઘતો નથી વગેરે કહેવું ૪ તથા ગૃહસ્થોની ભાષા તે ગાર્હસ્થી ભાષા. તે હે પુત્ર ! હે મામા ! હે ભાણેજ ! વગેરે રૂપ છે. ૫. વળી છઠ્ઠી ભાષા ઉપશાંત અધિકરણ ઉલ્લાસ સંજનની એટલે શાંત થયેલા ઝઘડાને ફરી પ્રવર્તાવનારી છે. (૧૩૨૧)'

તેમાં અલીકવચન ન બોલવું. **શ્રીદશવૈકાલિકસૂત્ર**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - લોકમાં સર્વસાધુઓ વડે મૃષાવાદ નિંદા કરાયેલ છે અને તે જીવો માટે અવિશ્વાસ છે. તેથી મૃષાવાદનું વર્જન કરવું. (૬/૧૨)

**ટીકાર્થ** - મૃષાવાદ સર્વ લોકમાં બધા સાધુઓ વડે નિંદાયેલ છે, કેમકે તે બધા વ્રતોનો અપકાર કરનાર છે અને પ્રતિજ્ઞા કરાયેલનું તેનાથી પાલન થતું નથી. મૃષાવાદી જીવોને માટે

અવિશ્વાસુ થાય છે. જે કારણથી આવું છે તે કારણથી મૃષાવાદનું વર્જન કરવું. (૬/૧૨)'

હીલિતવચન ન બોલવું. કહ્યું છે કે,

'અસૂયાપૂર્વક હે ગણી ! હે વાચક ! હે જ્યેષ્ઠાર્ય ! હે આચાર્ય ! વગેરે શબ્દો વડે અહીં જે આમંત્રણ કરવું એ હીલિતવચન ન બોલવું.'

ખિંસિતવચન ન બોલવું. **શ્રીદશવૈકાલિકસૂત્ર**માં અને **તેની ચૂર્ણિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - તથા હોલ, ગોલ, શ્વાન, વસુલ, દ્રમક કે દુર્ભગ એ પ્રમાણે તેને બુદ્ધિશાળી ન બોલે.

**ચૂર્ણિ** - 'હોલ' એ દેશ્યભાષામાં 'ભવિલ' કહેવાની જેમ નિષ્ઠુર આમંત્રણ છે. એ પ્રમાણે 'ગોલ' છે. દુષ્ટ ચેષ્ટાને લીધે કૂતરાની સાથે ઉપમા કહેવી. 'વસુલ' એ શુદ્રનો પરાભવ કરનારું વચન છે. ભોજન માટે ઘરે ઘરે ફરે તે દ્રમક એટલે રંક. દુર્ભગ એટલે અનિષ્ટ. આ અનિષ્ટવચનોને પણ બુદ્ધિશાળી ન કહે. (૭/૧૪)'

કર્કશવચન ન બોલવું. **શ્રીદશવૈકાલિકસૂત્ર**માં અને તેની **તિલકાચાર્ય રચિત વૃત્તિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - તથા મોટા જીવોનો ઉપઘાત કરનારી કર્કશ ભાષા સાચી હોવા છતાં ન બોલવી, કેમકે તેનાથી પાપ આવે છે. (૭/૧૧)

**ટીકાર્થ** - કોઈ પહેલા દાસ હોય અને પછી ક્યાંક જઈને પ્રધાન થાય તો તેની છાયાને પાડનારી 'તું દાસ હતો' એવી કર્કશ ભાષા સાચી હોવા છતાં ન બોલવી, કેમકે તેને અસમાધિ થવાથી પોતાનામાં પાપનું આગમન થાય છે. (૭/૧૧)'

સંબંધોને ઉઘાડનારુ વચન ન બોલવું. **શ્રીદશવૈકાલિકસૂત્ર**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - આર્યિકા, પ્રાર્યિકા, માતા, માસી, ફઈ, ભાણેજી, દીકરી, પૌત્રી, હલે હલે, અન્ના, ભટ્ટે, સ્વામિની, ગોમિની, હોલે ગોલે, વસુલા....આ પ્રમાણે સ્ત્રીને બોલાવવી નહીં. (૭/૧૫-૧૬)

**ટીકાર્થ** - હે આર્યિકા ! હે પ્રાર્યિકા ! હે અમ્બા ! હે માસી ! હે ફઈ ! હે ભાણેજી ! હે દીકરી ! હે પૌત્રી ! - આ આમંત્રણ વચનો છે. તેમાં માતાની કે પિતાની માતા તે આર્યિકા છે, તેની પણ જે બીજી માતા તે પ્રાર્યિકા. બાકીના નામો પ્રગટ અર્થવાળા જ છે. (૭/૧૫)

વળી 'હલે હલે !' એ પ્રમાણે કે 'અન્ને' એ પ્રમાણે તથા 'ભટ્ટ, સ્વામિનિ, ગોમિનિ, હોલે, ગોલે, વસુલે !' આ બધા વચનો પણ જુદા જુદા દેશોની અપેક્ષાએ આમંત્રણવચનો છે, જે વચનો ગૌરવ, કુત્સા વગેરેથી ગર્ભિત છે. માટે જ સાધુ ક્યાંય કોઈ સ્ત્રીને આ શબ્દોથી ન બોલાવે. (૭/૧૬)'

અધિકરણની ઉદીરણા કરનારું વચન ન બોલવું. કહ્યું છે કે,

'ખમાવેલા અને શાંત થયેલા ઝઘડાઓની ફરી ઉદીરણા જે કોઈ કરે છે તેનું વચન તે અધિકરણોદીરણવચન કહ્યું છે.'

જેનાથી આત્મા કર્મ સાથે જોડાય છે તે લેશ્યા, એટલે કે કૃષ્ણ વગેરે દ્રવ્યોના સંપર્કથી થતો આત્માનો વિશેષ પ્રકારનો પરિણામ. **પ્રાચીન ચોથા કર્મગ્રંથની વૃત્તિમાં શ્રીમલયગિરિસૂરિ મહારાજે** કહ્યું છે,

'જેનાથી આત્મા કર્મ સાથે જોડાય છે તે લેશ્યા, એટલે કે કાળા વગેરે દ્રવ્યોના સાન્નિધ્યથી થતો આત્માનો શુભ કે અશુભ વિશેષ પ્રકારનો પરિણામ. (૨)'

તે છ પ્રકારે છે. તે આ પ્રમાણે - ૧ કૃષ્ણલેશ્યા, ૨ નીલલેશ્યા, ૩ કાપોતલેશ્યા, ૪ તેજોલેશ્યા, ૫ પદ્મલેશ્યા અને ૬ શુક્લલેશ્યા. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં અને તેની **મહો. ભાવવિજયજી કૃત વૃત્તિ**માં કહ્યું છે -

'કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને છઠ્ઠી શુક્લલેશ્યા - આ લેશ્યાઓના યથાક્રમ નામો છે. (૩૪/૩)

પાંચ આશ્રવમાં પ્રવૃત્ત થયેલો, મન-વચન-કાયાની ગુપ્તિ વિનાનો, છ જીવનિકાયની હિંસા કરનારો હોવાથી તેમના વિષે વિરતિ વિનાનો, સ્વરૂપથી કે ભાવથી ઉત્કટ એવા સાવદ્ય ક્રિયારૂપ આરંભોમાં આસક્ત, બધાયનું અહિત ઇચ્છતો હોવાથી ક્ષુદ્ર, અચાનક વિચાર્યા વિના કાર્ય કરનારો એટલે કે ચોરી વગેરે ખરાબ કાર્યો કરનારો, આભવ-પરભવના નુકસાનોની શંકા વિનાના ભાવવાળો, જીવોને હણતા જરા ય શંકા ન કરતો હોવાથી નિર્દય, જેણે ઇન્દ્રિયોને જીતી નથી એવો - આ ક્રિયાઓથી યુક્ત પુરુષ, સ્ત્રી વગેરે કૃષ્ણલેશ્યાને જ પરિણમાવે એટલે કે તેવા પ્રકારના દ્રવ્યના સંપર્કથી સ્ફટિકની જેમ તે સ્વરૂપવાળો થાય. કહ્યું છે કે, 'કાળા વગેરે દ્રવ્યોના સાંનિધ્યથી સ્ફટિકની જેમ આત્માનો જે ભાવ થાય છે તેમાં આ 'લેશ્યા' શબ્દનો પ્રયોગ થાય છે.' (૩૪/૨૧,૨૨)

બીજાના ગુણોને સહન ન કરવારૂપ ઈર્ષ્યાવાળો, ગુસ્સાના અત્યંત કદાગ્રહવાળો, તપ

નહીં કરનારો, કુશાસ્ત્રોરૂપ અવિદ્યા ભણનારો, માયા કરનારો, ખરાબ આચાર સંબંધી લજ્જા વિનાનો, વિષયોમાં લંપટ, પ્રદ્વેષવાળો, લુચ્ચો, જાતિમદ વગેરેને કરવા વડે ખૂબ મત્ત થયેલો, રસમાં લોલુપ, સાતાને શોધનારો એટલે કે 'શી રીતે મને સુખ થાય ?' એવી બુદ્ધિવાળો, જીવોની હિંસારૂપ આરંભથી નહીં અટકેલો, બધાયનું અહિત ઇચ્છતો હોવાથી ક્ષુદ્ર, અચાનક વિચાર્યા વિના કાર્ય કરનારો - આ ક્રિયાઓથી યુક્ત પુરુષ, સ્ત્રી વગેરે નીલલેશ્યાને જ પરિણમાવે છે. (૩૪/૨૩,૨૪)

વચનથી વક્ર, ક્રિયાથી વક્ર રીતે આચરણ કરનારો, મનથી માયાવી, કોઈ પણ રીતે સરળ કરી ન શકાય એવો, પોતાના દોષોને છુપાવનારો, બધે બહાના કાઢીને પ્રવૃત્તિ કરનારો, અથવા આ બધા પર્યાયવાચી શબ્દો સમજવા, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય, બીજાને ત્રાસ થાય તેવું અને રાગ વગેરે દોષવાળું બોલનારો, ચોર, બીજાની સંપત્તિને સહન નહીં કરનારો - આ ક્રિયાઓથી યુક્ત જીવ કાપોતલેશ્યાને જ પરિણમાવે. (૩૪/૨૫,૨૬)

મન-વચન-કાયાથી અભિમાન વિનાનો, ચંચળતા વિનાનો, માયા વિનાનો, કુતૂહલ વિનાનો, જેણે ગુરુ વગેરેને ઉચિત પ્રવૃત્તિનો સારી રીતે અભ્યાસ કર્યો હોય એવો, જેણે ઇન્દ્રિયો-મનને દમ્યા છે એવો, સ્વાધ્યાય વગેરે યોગોને સેવનારો, વિહિત શાસ્ત્રોના ઉપચારરૂપ ઉપધાન કરનારો, જેને ધર્મ પ્રિય હોય એવો , ધર્મમાં દૃઢ, પાપથી ડરનારો, મુક્તિને શોધનારો - આ ક્રિયાઓથી યુક્ત જીવ તેજોલેશ્યાને જ પરિણમાવે. (૩૪/૨૭, ૨૮)

જેના ક્રોધ, માન, માયા, લોભ પાતળા હોય એવો, પ્રશાંત મનવાળો, આત્માનું દમન કરનારો, સ્વાધ્યાય વગેરે યોગોને સેવનારો, વિહિત શાસ્ત્રોના ઉપચારરૂપ ઉપધાન કરનારો, અલ્પ બોલનારો, ઉદ્ભટ ન હોવાથી ઉપશાંત આકારવાળો, જેણે ઇન્દ્રિયોને જીતી છે એવો આ ક્રિયાઓથી યુક્ત જીવ પદ્મલેશ્યાને જ પરિણમાવે. (૩૪/૨૯,૩૦)

આર્તધ્યાન-રૌદ્રધ્યાનને છોડીને ધર્મધ્યાન-શુક્લધ્યાનને કરનારો, પ્રશાંત મનવાળો, આત્માનું દમન કરનારો, સમિતિવાળો, ગુપ્તિઓ વડે અશુભ યોગોને રોકનારો, કષાયોનો ક્ષય કે ઉપશમ ન થયો હોવાથી સરાગી કે કષાયોનો ક્ષય કે ઉપશમ થયો હોવાથી વીતરાગી, ઉપશાંત, જેણે ઇન્દ્રિયોને જીતી છે એવો - આ ક્રિયાઓથી યુક્ત જીવ શુક્લલેશ્યાને જ પરિણમાવે છે. વિશિષ્ટ લેશ્યાની અપેક્ષાએ આ લક્ષણ કહ્યા છે. તેથી દેવ વગેરે આવા ન હોય તો પણ તેમનામાં તે તે લેશ્યાઓ હોવામાં વાંધો નથી. આમ બાર ગાથાઓનો અર્થ કહ્યો. (૩૪/૩૧,૩૨)'

આ લેશ્યાઓથી પરિણત જીવોના પરિણામોને બતાવનારા જાંબુના ફળ ખાવા

ઇચ્છનારા છ પુરુષોનું દૃષ્ટાંત અને ગામનો ઘાત કરવા નીકળેલા છ ચોરોનું દૃષ્ટાંત - આ બે દૃષ્ટાંતો **લોકપ્રકાશ**માંથી આ રીતે જાણવા -

'પ્રાણીઓમાં આ લેશ્યાઓના સદ્‌ભાવથી જેવી જાતનો અભિપ્રાય થાય છે તે હું સિદ્ધાન્તમાં આપેલા બે દૃષ્ટાંતોથી સમજાવું છું. (૩/૩૬૩)

(૧) દૃષ્ટાન્ત પહેલું-જાંબુના વૃક્ષનું-આ પ્રમાણે છે -

માર્ગ ભૂલેલા કોઈ છ માણસો કોઈ અટવીમાં જઈ ચઢ્યા. ત્યાં ભૂખ્યા થયેલા તેઓ ચારે દિશામાં ખાવાનું શોધવા લાગ્યા. એવામાં એકસ્થળે કોઈ ફળવાળું જાંબુનું ઝાડ હતું. એ એમની દૃષ્ટિએ પડ્યું. એ જાણે પવનથી હાલતાં પલ્લવોવડે મુસાફરોને પોતાના તરફ આવવાનું કહેતું હોય એમ જણાતું હતું. એ વૃક્ષ જોઈને છમાંથી એક માણસ કહેવા લાગ્યો - આ વૃક્ષને મૂળથી ઉખેડીને સુખેથી, વિના શ્રમે એનાં ફળ-જાંબુડાં ખાઈએ. બીજો બોલ્યો - આવું પ્રૌઢ વૃક્ષ શા માટે પાડી નાખવું ? એની મોટી શાખાઓ છે એ કાપીએ-એમાં જ ફળો છે. એટલે વળી ત્રીજો કહેવા લાગ્યો - આવી મોટી ડાળીઓ ફરી ક્યારે થશે ? માટે ફળથી ભરેલી નાની ડાળી જ નીચે પાડીએ. વળી ચોથાએ સૂચવ્યું - નાની શાખાઓ ભલે રહી. આપણે ફળથી ભરેલા ગુચ્છા-લુંબ જ ઇચ્છા મુજબ તોડીએ. પાંચમાએ કહ્યું - આપણે ગુચ્છાની આવશ્યકતા નથી. ફળોનું જ પ્રયોજન છે, માટે ફળોને તોડીએ. સારી બુદ્ધિવાળા છઠ્ઠાએ કહ્યું - આપણે આ ભૂમિ પર પડેલા ફળોને ખાઈએ. તેથી પાડવાનું પાપ નહીં થાય. (૩/૩૬૪-૩૭૧)

આ દૃષ્ટાન્તમાં છ માણસો કહ્યાં એમાં છએની 'ક્રમે ક્રમે જુદી જુદી લેશ્યા' હતી. પહેલાની 'કૃષ્ણ', બીજાની 'નીલ'-એમ અનુક્રમે છઠ્ઠાની 'શુક્લલેશ્યા' સમજવી. (૩/૩૭૨)

હવે (૨) બીજું દૃષ્ટાંત-ચોરી કરવા નીકળેલા છ ચોરોનું-આ પ્રમાણે છે -

કેટલાક ભયંકર દુષ્ટ ચોર લોકો એક વખત કોઈ ગામ ભાંગવા માટે જતા હતા. જતાં જતાં એક-બીજાએ આ પ્રમાણે વિચાર કર્યો. એમનામાંથી એક દુષ્ટ ચોર બોલ્યો - આજે તો જે કોઈ પ્રાણી નજરે પડે એને મારી નાંખવાં - બે પગું હોય કે ચારપગું હોય (મનુષ્ય હોય કે ઢોર હોય). બીજો બોલ્યો-ચોપગાંઓએ આપણો શો અપરાધ કર્યો છે ? કંઈ નહિં-માટે આપણે તો જેની સામે વિરોધ હોય તે મનુષ્યોને મારવા. ત્રીજાએ કહ્યું - આપણે સ્ત્રીઓની હત્યા ન કરવી, કેમકે સ્ત્રીહત્યા નિન્દિત છે. ચોથો વિશેષ ચતુર હતો, એ બોલ્યો - જેમની પાસે શસ્ત્રો ન હોય એવા બિચારા રાંકને મારવાથી આપણને શું પ્રયોજન ? માટે શસ્ત્રવાળા હોય એમને જ મારવા. એટલે પાંચમાએ પોતાનો મત આપ્યો - શસ્ત્રસજ્જ નાસી જતા હોય

તેમને મારવાથી આપણને શું ફળ ? જે શસ્ત્રવાળો આપણી સામે યુદ્ધમાં ઊતરે એને જ મારવો. છેવટે બુદ્ધિમાન છઠ્ઠાએ સ્પષ્ટ રીતે કહ્યું - આપણે પારકું દ્રવ્ય ઉઠાવી લેવાનું એક મોટું પાપ તો કરીએ છીએ. ત્યાં વળી બીજું પરના પ્રાણ હરી લઈએ તો આપણી શી ગતિ થાય ? માટે આપણે ફક્ત ધન જ લેવું. કોઈના પ્રાણ લેવા નહિ. જાંબુના વૃક્ષના દૃષ્ટાન્તમાં જેમ છ જણની કૃષ્ણલેશ્યાથી માંડીને છેક શુક્લલેશ્યા સુધીની લેશ્યા બતાવી તેમ આ દૃષ્ટાંતમાં પણ છએ ચોરોની છ પ્રકારની ચઢતી ચઢતી લેશ્યા સમજવી. (૩/૩૭૩-૩૮૦)'

સાધુ અને શ્રાવક અહોરાત્રમાં જે અવશ્ય કરે છે તે આવશ્યક છે. **શ્રીઅનુયોગદ્વારસૂત્ર**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે,

'જે કારણથી સાધુએ અને શ્રાવકે અહોરાત્રમાં અવશ્ય કરવા યોગ્ય છે તે કારણથી આવશ્યક કહેવાય છે.'

આવશ્યક છ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ સામાયિક, ૨ ચતુર્વિંશતિસ્તવ, ૩ વંદન, ૪ પ્રતિક્રમણ, ૫ કાઉસ્સગ્ગ અને ૬ પચ્ચક્ખાણ. **શ્રીઅનુયોગદ્વારસૂત્ર**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - આવશ્યકનો આ સંક્ષેપમાં સમૂહાર્થ કહ્યો. હવે એક-એક અધ્યયન કહીશ. તે આ પ્રમાણે - ૧ સામાયિક, ૨ ચતુર્વિંશતિસ્તવ, ૩ વંદન, ૪ પ્રતિક્રમણ, ૫ કાઉસ્સગ્ગ અને ૬ પચ્ચક્ખાણ. (૭)

**ટીકાર્થ** - આવશ્યક પદથી કહેવા યોગ્ય શાસ્ત્રનો આ પૂર્વે કહેલા પ્રકારવાળો સમુદાયાર્થ સંક્ષેપથી કહ્યો. અહીંથી આગળ એક એક અધ્યયન કહીશ એ પ્રમાણે ગાથાનો અર્થ છે. તે કહેવા માટે જ કહે છે - તે આ પ્રમાણે - સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણ. (૭)'

તેમાં સામાયિકનું સ્વરૂપ **આવશ્યકનિર્યુક્તિ**માં અને **મલયગિરિ મહારાજે** રચેલ **તેની વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'જે સાધુનો આત્મા મૂળગુણોરૂપ સંયમમાં, ઉત્તરગુણોરૂપ નિયમમાં અને અનશન વગેરે રૂપ બાર પ્રકારના તપમાં પોતાના વિશેષ પ્રકારના વીર્યોલ્લાસથી સારી રીતે નજીક કરાયો હોય તેવા અપ્રમાદી સાધુને સામાયિક હોય છે એટલે કે સંયમ, નિયમ અને તપમાં સારી રીતે જોડાયેલા સાધુને સંપૂર્ણ સામાયિક હોય છે એમ સર્વજ્ઞોએ કહ્યું છે. સૂત્રમાં 'सामाणिओ' શબ્દમાં સ દીર્ઘ છે તે પ્રાકૃતપણાને લીધે. (૭૯૬)

બેઇન્દ્રિય વગેરે ત્રસ જીવો અને પૃથ્વી વગેરે સ્થાવર જીવો - એમ બધા જીવોને વિષે જે આત્મા સમ છે એટલે કે મધ્યસ્થ છે એટલે કે પોતાની જેમ બીજાને જુવે છે તેને સામાયિક હોય છે એમ સર્વજ્ઞોએ કહ્યું છે. (૭૯૭)'

ચતુર્વિંશતિસ્તવનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું -

'અહીં અવસર્પિણીકાળમાં આ ભરતક્ષેત્રમાં ઋષભનાથ વગેરે ચોવીસ તીર્થંકરોએ પરમપદનો માર્ગ બતાવ્યો. (૧) તેથી હંમેશા તે ચોવીસે પરમપુરુષોની જે સ્તવના કરાય છે તેને ચતુર્વિંશતિસ્તવ કહે છે. (૨) તે ભાવસ્તવ અને દ્રવ્યસ્તવના ભેદથી બે પ્રકારે શ્રુતમાં કહ્યો છે. ભાવસ્તવ સાધુઓને હોય છે. ગૃહસ્થોને યથાયોગ્ય બન્ને હોય છે. (૩)'

વંદનનું સ્વરૂપ **શ્રીગુરુવંદનભાષ્ય**માં આ પ્રમાણે કહ્યું છે -

'હવે ગુરુવંદન ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે - ફેટાવંદન, છોભવંદન અને દ્વાદશાવર્તવંદન. પહેલું વંદન મસ્તક નમાવવા વગેરેથી થાય છે. બીજું વંદન બે પૂર્ણ ખમાસમણાથી થાય છે. ત્રીજું વંદન બે વાંદણાથી થાય છે. તેમાં પહેલું વંદન સકલસંઘમાં પરસ્પર થાય છે, બીજું વંદન દર્શની (વ્રતધરો)ને થાય છે અને ત્રીજું વંદન પદ પર રહેલાને થાય છે. (૨)'

**શ્રીપ્રવચનસારોદ્ધાર**માં અને **તેની વૃત્તિ**માં વંદનને યોગ્ય પાંચ વ્યક્તિઓ કહ્યા છે. તે આ પ્રમાણે -

**'ગાથાર્થ** - આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને રત્નાધિક - નિર્જરા માટે આમને કૃતિકર્મ (વંદન) કરવું. (૧૦૨)

**ટીકાર્થ** - અધિકારી એટલે વંદનને યોગ્ય પાંચ છે - આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને રત્નાધિક. આ પાંચને નિર્જરા માટે વંદન કરવું. તેમાં કલ્યાણની ઇચ્છાવાળાઓ વડે જે સેવાય છે તે આચાર્ય છે. તે સૂત્ર અને અર્થ ઉભયને જાણનારા છે, બધા શુભ લક્ષણોથી લક્ષિત શરીરવાળા છે અને ગાંભીર્ય, સ્થૈર્ય, ધૈર્ય વગેરે ગુણોના સમૂહરૂપ મણીથી ભૂષિત છે. જેની નજીકમાં આવીને ભણાય તે ઉપાધ્યાય છે. તેમનું સ્વરૂપ આ પ્રમાણે છે, 'સમ્યક્ત્વ, જ્ઞાન અને સંયમથી યુક્ત, સૂત્ર, અર્થ અને તે બન્નેની વિધિને જાણનારા, આચાર્યસ્થાનને યોગ્ય એવા ઉપાધ્યાય સૂત્રની વાચના આપે છે. સાધુઓને યથાયોગ્ય રીતે શુભ યોગોમાં પ્રવર્તાવે તે પ્રવર્તક છે. કહ્યું છે કે, 'તપ, સંયમ યોગોમાં જે યોગ્ય હોય તેને ત્યાં પ્રવર્તાવે, અસમર્થને પાછો ફેરવે, ગણની ચિંતા કરે તે પ્રવર્તક. (૧)' તથા જ્ઞાન વગેરેમાં સીદાતા સાધુઓને આલોક અને પરલોકના અપાયો બતાવીને સ્થિર કરે તે સ્થવિર.

કહ્યું છે કે, 'પ્રવર્તકે વ્યાપૃત કરેલા અર્થોમાં સ્થિર કરવાથી સ્થવિર કહેવાય છે. બળ હોવા છતાં જે જેમાં સીદાય છે તેને તેમાં સ્થિર કરે છે. (૧)' રત્નાધિક એટલે પર્યાયથી મોટા. આમને વંદન કરવું. (૧૦૨)'

**શ્રીપ્રવચનસારોદ્ધારની વૃત્તિમાં** પ્રતિક્રમણનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે -

'પ્રતિ એ ઉપસર્ગ વિરુદ્ધ અને પ્રતિકૂળ અર્થમાં વર્તે છે. ક્રમ્ ધાતુનો અર્થ ચાલવું એવો છે. તેને ભાવમાં લ્યુટ્ પ્રત્યય લાગવાથી ક્રમણ શબ્દ બને છે. વિરુદ્ધ કે પ્રતિકૂળ ચાલવું તે પ્રતિક્રમણ. તેથી આ અર્થ છે - શુભ યોગોમાંથી અન્ય અશુભ યોગમાં ગયેલાનું શુભયોગોમાં જ જવું તે વિરુદ્ધ ગમન. કહ્યું છે કે, 'પ્રમાદને વશ થઈને પોતાના સ્થાનમાંથી જે બીજા સ્થાનમાં ગયેલાનું ફરી તે જ સ્થાનમાં જવું તે પ્રતિક્રમણ કહેવાય છે. (૧)' અથવા પ્રતિકૂળ રીતે ગમન કરવું તે પ્રતિક્રમણ. કહ્યું છે કે, 'ક્ષાયોપશમિક ભાવમાંથી ઔદયિકને વશ ગયેલો. તેમાં પણ પ્રતિકૂળ ગમનથી તે જ અર્થ કહ્યો છે. (૧)' અથવા પ્રતિ શબ્દ વીપ્સા અર્થમાં છે. દરેકમાં જવું તે પ્રતિક્રમણ. કહ્યું છે કે, 'અથવા શલ્યરહિત સાધુનું મોક્ષરૂપી ફળ આપનારા દરેક શુભયોગોમાં પ્રવર્તવું તે પ્રતિક્રમણ જાણવું. (૧)' (૧૭૫)'

**આવશ્યકનિર્યુક્તિમાં અને હરિભદ્રસૂરિકૃત તેની વૃત્તિમાં** કહ્યું છે કે,

**'ગાથાર્થ** - પહેલા અને છેલ્લા તીર્થંકરોનો ધર્મ પ્રતિક્રમણ સહિત છે. મધ્યમ તીર્થંકરોના ધર્મમાં કારણે પ્રતિક્રમણ છે. (૧૨૪૪)

**ટીકાર્થ** - પહેલા અને છેલ્લા તીર્થંકરોનો ધર્મ પ્રતિક્રમણ સહિત છે. તેમના તીર્થના સાધુએ ગમનમાં, સ્થંડિલ વગેરેના ત્યાગમાં અને બન્ને સમય અપરાધ થાય કે ન થાય અવશ્ય પ્રતિક્રમણ કરવું જોઈએ, કેમકે તે શઠ છે અને પ્રમાદની બહુલતાવાળો છે. આ જ સ્થાનોમાં અજિતનાથ ભગવાનથી માંડીને પાર્શ્વનાથ ભગવાન સુધીના મધ્યમ તીર્થંકરોના સાધુઓએ અપરાધ થયે છતે જ પ્રતિક્રમણ કરવાનું હોય છે, કેમકે તેઓ શઠ નથી અને પ્રમાદ રહિત છે. (૧૨૪૪)

**ગાથાર્થ** - મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અસંયમનું પ્રતિક્રમણ, કષાયોનું પ્રતિક્રમણ અને અશુભ યોગોનું પ્રતિક્રમણ. (૧૨૫૦)

**ટીકાર્થ** - મિથ્યાત્વ મોહનીય કર્મ પુદ્ગલોના વિશેષ પ્રકારના સાંનિધ્યથી થતો આત્માનો પરિણામ તે મિથ્યાત્વ. તેનું પ્રતિક્રમણ તે પ્રતિક્રમણ કરવા યોગ્ય છે. જે જાણીને, અજાણતા કે સહસાકારથી મિથ્યાત્વ પામ્યો તેનું પ્રતિક્રમણ કરવું. એવો અર્થ છે. તે જ રીતે અસંયમસંબંધી પ્રતિક્રમણ. પ્રાણાતિપાત વગેરે સ્વરૂપ અસંયમ પ્રતિક્રમણ કરવા યોગ્ય છે.

જેમનો શબ્દાર્થ પૂર્વે બતાવ્યો છે તે ક્રોધ વગેરે કષાયોનું પ્રતિક્રમણ. કષાયો પ્રતિક્રમણ કરવા યોગ્ય છે. મન-વચન-કાયાના અશુભ યોગોનું પ્રતિક્રમણ. મન-વચન-કાયાના અશુભ યોગો પ્રતિક્રમણ કરવા યોગ્ય છે. (૧૨૫૦)

**ગાથાર્થ** - પ્રતિષિદ્ધના કરણમાં, કૃત્યોના અકરણમાં, અશ્રદ્ધામાં અને વિપરીત પ્રરૂપણામાં પ્રતિક્રમણ છે. (૧૨૭૧)

**ટીકાર્થ** - નિવારણ કરાયેલા અકાલસ્વાધ્યાય વગેરે અતિચારોના આસેવનમાં પ્રતિક્રમણ છે, વિપરીત જવું એવી વ્યુત્પત્તિ થવાથી. કાલસ્વાધ્યાય વગેરે સેવવા યોગ્ય યોગોના અનાસેવનમાં પ્રતિક્રમણ છે. તથા કેવલી ભગવંતે પ્રરૂપેલા પદાર્થોની અશ્રદ્ધા કરવામાં પ્રતિક્રમણ છે. પદાર્થને બીજી રીતે કહેવારૂપ વિપરીત પ્રરૂપણામાં પ્રતિક્રમણ છે. (૧૨૭૧)

**ગાથાર્થ** - દૈવસિક, રાત્રિક, ઇત્વર, યાવત્કથિક, પાક્ષિક, ચાતુર્માસિક, વાર્ષિક અને અનશનમાં પ્રતિક્રમણ હોય છે. (૧૨૪૭)

**ટીકાર્થ** - પ્રતિક્રમણ શબ્દનો અર્થ પૂર્વે કહ્યો છે. દિવસે થયેલું તે દૈવસિક. રાત્રે થયેલું તે રાત્રિક. અલ્પકાળમાટેનું દૈવસિક વગેરે તે જ ઇત્વર. જીવનપર્યંતનું વ્રત વગેરે રૂપ તે યાવજ્જીવિક. એક પખવાડિયા (૧૫ દિવસ)ના અતિચારોથી થયેલું તે પાક્ષિક. પ્રશ્ન - દૈવસિક પ્રતિક્રમણથી જ આત્મા શુદ્ધ થયે છતે પાક્ષિક વગેરે પ્રતિક્રમણો શા માટે છે ? જવાબ - અહીં ઘરનું દૃષ્ટાંત છે - 'જેમ ઘર દરરોજ શુદ્ધ કરાયેલું હોય છે છતાં પણ પક્ષોની સંધીએ વિશેષ પ્રકારે તે શુદ્ધ કરાય છે. એમ અહીં પણ જાણવું. (૧)' એ પ્રમાણે ચાતુર્માસિક અને સાંવત્સરિક. એ પ્રતીત જ છે. અનશનમાં પ્રતિક્રમણ થાય છે, કેમકે તે નિવૃત્તિરૂપ છે. આમ ગાથાનો સામુદાયિક અર્થ થયો. (૧૨૪૭).'

**પ્રવચનસારોદ્ધાર**ની **વૃત્તિ**માં કહ્યું છે કે,

'સ્થાન-મૌન-ધ્યાન ક્રિયા સિવાય અને ઉચ્છ્વાસ વગેરે સિવાય અન્ય ક્રિયાઓને આશ્રયીને 'નમો અરિહંતાણં' એવું વચન બોલવા પૂર્વે કાયાનો જે ત્યાગ તે કાયોત્સર્ગ. (૨૪૭)'

કાયોત્સર્ગનું સ્વરૂપ **આવશ્યકનિર્યુક્તિ** અને **તેની વૃત્તિ**માંથી આ રીતે જાણવું -

**'ગાથાર્થ** - તે કાઉસ્સગ્ગ બે પ્રકારે જાણવો - ચેષ્ટામાં અને અભિભવમાં. પહેલો કાઉસ્સગ્ગ ભિક્ષાચર્યામાં છે અને બીજો કાઉસ્સગ્ગ ઉપસર્ગ આવી પડવામાં છે. (૧૪૫૨)

**ટીકાર્થ** - તે કાઉસ્સગ્ગ બે પ્રકારે - ચેષ્ટામાં અને અભિભવમાં જાણવો. તેમાં પહેલો કાઉસ્સગ્ગ ભિક્ષાચર્યા વગેરેના વિષયમાં છે. તે આ પ્રમાણે - તે ચેષ્ટાવિષયક જ છે. બીજો

અભિભવ કાઉસ્સગ્ગ દિવ્ય વગેરે ઉપસર્ગોની સાથે જોડાવા પર થાય છે. દિવ્ય વગેરે ઉપસર્ગોથી હરાવાયેલ મુનિ ત્યારે જ આ કાઉસ્સગ્ગ કરે છે એવો ભાવ છે. અથવા ઉપસર્ગોનું અભિયોજન એટલે 'મારે ઉપસર્ગો સહન કરવાના છે, તેમનો ભય ન રાખવો' એવો નિશ્ચય. તેમાં બીજો કાઉસ્સગ્ગ કરાય છે. (૧૪૫૨)

**ગાથાર્થ** - અભિભવ કાઉસ્સગ્ગ ઉત્કૃષ્ટથી એક વર્ષનો અને જઘન્યથી અંતર્મુહૂર્તનો હોય છે. ચેષ્ટા કાઉસ્સગ્ગનું કાળપ્રમાણ આગળ કહીશ. (૧૪૫૮)

**ટીકાર્થ** - એક વર્ષ એ ઉત્કૃષ્ટ પ્રમાણ છે. બાહુબલીજીએ એક વરસ સુધી કાઉસ્સગ્ગ કર્યો હતો. અભિભવકાઉસ્સગ્ગમાં જઘન્ય કાલપરિમાણ અંતર્મુહૂર્ત છે. ચેષ્ટા કાઉસ્સગ્ગનું અનેક ભેદવાળું કાલપરિમાણ આગળ કહીશું. એ પ્રમાણે ગાથાનો અર્થ છે. (૧૪૫૮)

**ગાથાર્થ** - ચાર, બે, બાર, વીસ અને ચાલીસ ઉદ્યોતો (લોગસ્સ) દેવસી, રાઈ, પક્ખી, ચૌમાસી અને વાર્ષિક પ્રતિક્રમણમાં હોય છે. (૧૫૩૧)

**ટીકાર્થ** - હવે દેવસી વગેરે પ્રતિક્રમણોમાં ઉદ્યોતકર (લોગસ્સ)નું પ્રમાણ કહેવાની ઇચ્છાવાળા કહે છે - 'ચત્તારી' એ ગાથાના અર્થની ભાવના કરેલી છે. (૧૫૩૧)

**ગાથાર્થ** - જેમ કાઉસ્સગ્ગમાં સારી રીતે રહેલાના બધા અંગો ભાંગે છે તેમ સુવિહિતો આઠ પ્રકારના કર્મસમૂહને ભેદે છે. (૧૫૫૧)

**ટીકાર્થ** - કાઉસ્સગ્ગમાં સારી રીતે રહે છતે જેમ અંગોપાંગો ભાંગે છે એમ સાધુઓ ચિત્તના નિરોધ વડે આઠ પ્રકારના જ્ઞાનાવરણીય વગેરે કર્મસમૂહને ભેદે છે. એ ગાથાનો અર્થ છે. (૧૫૫૧)'

**શ્રીપ્રવચનસારોદ્ધાર**માં અને **તેની વૃત્તિ**માં પચ્ચક્ખાણનું સ્વરૂપ આ રીતે બતાવ્યું છે-

**'ટીકાર્થ** - હવે ચોથુ પચ્ચક્ખાણ દ્વાર. તેમાં અવિરતિના સ્વરૂપ વગેરેથી પ્રતિકૂળ એવી આગાર કરવા સ્વરૂપ મર્યાદા વડે કહેવું તે પચ્ચક્ખાણ. તે બે પ્રકારે છે - મૂળગુણરૂપ અને ઉત્તરગુણરૂપ. મૂલગુણ એટલે સાધુઓના પાંચ મહાવ્રતો અને શ્રાવકોના અણુવ્રતો. ઉત્તરગુણો એટલે સાધુઓના પિંડવિશુદ્ધિ વગેરે અને શ્રાવકોના ગુણવ્રતો, શિક્ષાવ્રતો. મૂળગુણો પચ્ચક્ખાણરૂપ છે, કેમકે હિંસા વગેરેની નિવૃત્તિરૂપ છે. પિંડવિશુદ્ધિ વગેરે અને દિગ્વ્રત વગેરે રૂપ ઉત્તરગુણો પચ્ચક્ખાણરૂપ છે, કેમકે પ્રતિપક્ષની નિવૃત્તિરૂપ છે...તેમાં ઉત્તરગુણરૂપ પચ્ચક્ખાણ દરરોજ ઉપયોગી હોવાથી કહેવાય છે. તે દસ પ્રકારે છે. તે કહે છે-

**ગાથાર્થ** - ભાવી, અતીત, કોટીસહિત, નિયંત્રિત, સાગાર, આગારરહિત,

પરિમાણવાળુ, નિરવશેષ આઠમુ, સંકેત અને દસમુ અદ્ધા પચ્ચક્ખાણ છે. સંકેત પચ્ચક્ખાણ આઠ પ્રકારે છે, અદ્ધા પચ્ચક્ખાણ દસ પ્રકારે છે. (૧૮૭, ૧૮૮)

**ટીકાર્થ** - ભાવી એટલે અનાગત, અતીત એટલે પૂર્વકાળે કરવું, કોટિસહિત, ચ સમુચ્ચય માટે છે, નિયન્ત્રિત, ચ પૂર્વેની જેમ, સાગાર એટલે જે આગારો સહિત હોય છે, અનાગાર એટલે આગાર વિનાનું, પરિમાણવાળુ, આઠમુ નિરવશેષ છે, સંકેત એટલે સંકેત કરાયેલ નવમુ, તથા દસમુ અદ્ધા પચ્ચક્ખાણ છે. તેમાં જે સંકેત પચ્ચક્ખાણ છે તે આઠ પ્રકારે છે અને જે અદ્ધા પચ્ચક્ખાણ છે તે દસ પ્રકારે છે એમ ગાથાનો સંક્ષેપ અર્થ છે. (૧૮૭, ૧૮૮)

**ગાથાર્થ** - અંગુઠો, ગાંઠ, મુઠ્ઠિ, ઘર, પસીનો, ઉચ્છ્વાસ, પાણીના બિંદુ, દીવો સંબંધી-પચ્ચક્ખાણની વચ્ચે અને અભિગ્રહોમાં પણ આ કરવું. (૨૦૦)

**ટીકાર્થ** - તે આ પ્રમાણે થાય છે - કોઈક શ્રાવક પોરસી વગેરે પચ્ચક્ખાણ કરીને ખેતર વગેરેમાં ગયેલો કે ઘરમાં રહેતો પોરસી વગેરે પચ્ચક્ખાણ પૂર્ણ થવા છતાં પણ જ્યાં સુધી હજી પણ ભોજનસામગ્રી થઈ નથી ત્યાં સુધી 'એક ક્ષણ પણ પચ્ચક્ખાણ વિનાનો ન થાઉં' એમ વિચારી અંગુઠા વગેરેને ચિહ્ન કરે છે, જ્યાંસુધી અંગુઠો, મુઠ્ઠિ કે ગાંઠ ન છોડું કે ઘરમાં ન પ્રવેશું કે પસીનાના બિંદુઓ સુકાય નહીં કે જ્યાંસુધી આટલા ઉચ્છ્વાસ ન થાય કે પાણી વગેરેની માચીમાં જ્યાંસુધી આ જલબિંદુઓ સુકાતા નથી કે જ્યાંસુધી દીવો બુઝાતો નથી ત્યાં સુધી હું જમીશ નહીં. એ જ કહે છે - અંગુઠો, ગાંઠ, મુઠ્ઠિ, ઘર, પસીનો, ઉચ્છ્વાસ, જલબિંદુ અને દીવો - આ સમાહાર દ્વન્દ્વ છે. જોઈક્ખ શબ્દ દેશ્ય છે. તેનો અર્થ દીવો થાય છે. તેના વિષયમાં ક્રિયા બધે યથાયોગ્ય જોડવી. પચ્ચક્ખાણની વચ્ચે આ કરવું. કોઈએ પોરસી વગેરે ન કર્યું હોય પણ માત્ર અભિગ્રહ જ કરાય છે જ્યાં સુધી ગાંઠ વગેરેને ન છોડે વગેરે, તેમાં પણ આ હોય છે. તથા સાધુને પણ આ હોય છે, જેમકે - હજી પણ ગુરુદેવ માંડલીમાં બેઠા નથી કે બીજુ સાગારિક વગેરે કંઈક કારણ થયું તેથી પચ્ચક્ખાણનો સમય પૂરો થવા છતાં પણ પચ્ચક્ખાણ રહિત ન થાઉં એમ વિચારી અંગુઠા વગેરેને સાધુ પણ કરે છે. (૨૦૦)

**ગાથાર્થ** - નવકારશી, પોરસી, પુરિમઢ્ઢ, એકાસણું, એકલઠાણું, આયંબિલ, અભક્તાર્થ, ચરમ, અભિગ્રહ અને વિગઈ. (૨૦૨)

**ટીકાર્થ** - અહીં 'ભીમ એટલે ભીમસેન' એ ન્યાયથી નમસ્કાર શબ્દ પછી સહિત શબ્દ જાણવો. તેથી નમસ્કાર એટલે નમસ્કારસહિત. નમસ્કારસહિતના વિષયમાં, પોરસીના વિષયમાં, પુરિમઢ્ઢના વિષયમાં, એકાસણાના વિષયમાં, આયંબિલના વિષયમાં, ઉપવાસના

વિષયમાં, અભિગ્રહના વિષયમાં, વિગઈના વિષયમાં, અહીં સાતમી વિભક્તિ એકવચનનો લોપ થયેલો જાણવો, આ દસ ભેદવાળુ અદ્ધા પચ્ચક્ખાણ છે. (૨૦૨)'

તે તે પર્યાયોને પામે તે દ્રવ્યો. વિદ્યમાન એવા તે દ્રવ્યો તે સદ્દ્રવ્યો. તે ગુણો અને પર્યાયોવાળા હોય છે. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં કહ્યું છે -

'ગુણો અને પર્યાયોવાળુ હોય તે દ્રવ્ય. (૫/૩૬)'

તે દ્રવ્યો છ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ કાળ, ૫ પુદ્ગલાસ્તિકાય અને ૬ જીવાસ્તિકાય. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં અને તેની **મહો. ભાવવિજયજી કૃત વૃત્તિ**માં કહ્યું છે -

'ગુણોનો આશ્રય દ્રવ્ય છે એમ કહ્યું. તેમાં દ્રવ્ય કેટલા પ્રકારનું છે એ કહે છે -

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, સમય વગેરે રૂપ કાળ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય - આ દ્રવ્યો જાણવા. અહીં પ્રસંગ પામીને લોકનું સ્વરૂપ પણ કહે છે - સર્વજ્ઞ અને સર્વદર્શી એવા જિનેશ્વર ભગવંતો ઉપર કહેલા દ્રવ્યોના સમૂહને લોક એમ છે. (૨૮/૭)

ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોને જ ભેદથી કહે છે -

જિનેશ્વર ભગવંતોએ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્યો એક-એક કહ્યા છે અને કાળ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય દ્રવ્યો અનંત છે. ભૂતકાળ-ભવિષ્યકાળની અપેક્ષાએ કાળ અનંત છે. (૨૮/૮)

દ્રવ્યોના લક્ષણો કહે છે -

બીજા દેશની પ્રાપ્તિરૂપ ગતિ એ ધર્માસ્તિકાયનું લક્ષણ છે, એટલે કે પોતાની જાતે ગમન માટે તૈયાર થયેલા જીવો અને પુદ્ગલોને ગતિમાં સહાય કરનારું દ્રવ્ય તે ધર્માસ્તિકાય. સ્થિતિ એ અધર્માસ્તિકાયનું લક્ષણ છે, એટલે કે પોતાની મેળે જ સ્થિતિના પરિણામવાળા થયેલા જીવો અને પુદ્ગલોને સ્થિતિક્રિયામાં ઉપકાર કરનારું દ્રવ્ય તે અધર્માસ્તિકાય. બધા દ્રવ્યોના આધારરૂપ આકાશાસ્તિકાયનું લક્ષણ અવગાહના છે, એટલે કે અવગાહના કરવા તૈયાર થયેલા જીવ વગેરેને અવગાહના (જગ્યા) આપનારુ દ્રવ્ય તે આકાશાસ્તિકાય. (૨૮/૯)

ભાવો તે તે રૂપે વર્તે છે. તેમને જે વર્તાવે છે તે વર્તના. તે વર્તના એ કાળનું લક્ષણ છે, એટલે કે વૃક્ષ વગેરેના પુષ્પોને ખીલવા વગેરેના નિયમિતપણાનું કારણ કાળ છે. મતિજ્ઞાન વગેરે રૂપ ઉપયોગ એ જીવનું લક્ષણ છે. એથી જ વિશેષને ગ્રહણ કરનારા જ્ઞાન વડે,

સામાન્ય ગ્રહણ કરનારા દર્શન વડે, સુખથી અને દુઃખથી જીવ જણાય છે. (૨૮/૧૦)

હવે શિષ્યોને વધુ દૃઢ સંસ્કાર પડે એ માટે કહેલું લક્ષણ ફરી કહીને બીજું લક્ષણ કહે છે - જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય એટલે સામર્થ્ય, ઉપયોગ એટલે અવધાનવાળાપણું એ જીવનું લક્ષણ છે. આ લક્ષણથી જીવ બીજાથી ભિન્ન તરીકે જણાય છે. (૨૮/૧૧)

હવે પુદ્ગલનું લક્ષણ કહે છે -

શબ્દ, અંધકાર, ઉદ્યોત એટલે રત્ન વગેરેનો પ્રકાશ, પ્રભા એટલે ચંદ્ર વગેરેની કાંતિ, ઠંડકગુણવાળી છાયા, આતપ એટલે સૂર્યના બિંબમાંથી નીકળતો ઉષ્ણ પ્રકાશ, કાળો વગેરે વર્ણ, કડવો વગેરે રસ, સુગંધ વગેરે ગંધ અને ઠંડો વગેરે સ્પર્શ, સંબંધ, ભેદ વગેરે સ્કંધ વગેરે રૂપ પુદ્ગલોનું લક્ષણ છે, કેમકે આમનાથી તે જણાય છે. 'इति' શબ્દ 'आदि' શબ્દના અર્થવાળો છે. તેનાથી સંબંધ, ભેદ વગેરે લીધા. 'वा' શબ્દ સમુચ્ચય માટે છે. (૨૮/૧૨)'

તર્કો એટલે છ દર્શનોના મતો. દર્શનો છ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ જૈનદર્શન, ૨ મીમાંસકદર્શન, ૩ બૌદ્ધદર્શન, ૪ નૈયાયિકદર્શન, ૫ વૈશેષિકદર્શન અને ૬ સાંખ્ય-દર્શન. **ષડ્દર્શનસમુચ્ચય**માં અને **સોમતિલકસૂરિ કૃત તેની વૃત્તિ**માં કહ્યું છે કે,

**'ગાથાર્થ** - બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, જૈન, વૈશેષિક અને જૈમિનીય - અહો ! આ દર્શનોના નામો છે. (૩)

**ટીકાર્થ** - 'અહો' શબ્દ ઈષ્ટના આમંત્રણમાં વપરાયો છે. દર્શનોના એટલે મતોના આ નામો છે એમ સંગ્રહ છે. 'જાણવા' આ ક્રિયા 'હોય છે' વગેરેની જેમ ન કહી હોવા છતાં પણ જાણવી. તેમાં બુદ્ધ જેનો દેવતા છે તે બૌદ્ધદર્શન એટલે કે સૌગતદર્શન. નૈયાયિકદર્શન એટલે પશુપતિ (શંકર)નું દર્શન. તેમાં ન્યાય એટલે પ્રમાણમાર્ગ. તેનાથી યુક્ત તે નૈયાયિકદર્શન એવી વ્યુત્પત્તિ થાય છે. સાંખ્યદર્શન એટલે કપિલઋષિનું દર્શન. આ નામ આદિપુરુષને લીધે થયું છે. જેના જિન એ દેવતા છે તે જૈનદર્શન એટલે કે આર્હતદર્શન. વૈશેષિકદર્શન એટલે કણાદઋષિનું દર્શન. દર્શન, દેવતા વગેરેનું સામ્ય હોવા છતાં પણ નૈયાયિકો કરતા દ્રવ્ય, ગુણ વગેરે સામગ્રીથી વિશિષ્ટ હોવાથી વૈશેષિકદર્શન કહેવાય છે. જૈમિનીયદર્શન એટલે જૈમિનિઋષિનો મત એટલે કે ભાટ્ટદર્શન. 'च' સમુચ્ચયને દેખાડે છે. આમ શિષ્યે છ દર્શનોના નામો જાણવા. (૩)

**ગાથાર્થ** - કેટલાક આચાર્યો નૈયાયિકમત કરતા વૈશેષિકોનો ભેદ માનતા નથી, તેમના મતે આસ્તિકવાદીઓ પાંચ જ છે. (૭૮)

**ટીકાર્થ** - કેટલાક આચાર્યો નૈયાયિકમત કરતા વૈશેષિકોનો ભેદ માનતા નથી, કેમકે

બન્ને દર્શનના અધિષ્ઠાતા દેવ એક હોવાથી તેઓ જુદું દર્શન માનતા નથી. તેમના મતની અપેક્ષાએ આસ્તિકવાદીઓ પાંચ જ છે. (૭૮)

તેથી દર્શનોની છ સંખ્યા જગતમાં પ્રસિદ્ધ છે. તે શી રીતે ફળવાળી થાય ? એ કહે છે -

**ગાથાર્થ** - તેમના મતે છઠ્ઠા દર્શનની સંખ્યા લોકાયતમતને ઉમેરવાથી થાય છે. તેથી તેનો મત કહેવાય છે. (૭૯)

**ટીકાર્થ** - જેઓ નૈયાયિકો અને વૈશેષિકો એકરૂપ હોવાથી તેમનો અભેદ માને છે તેઓ પાંચ દર્શનને જ કહે છે. તેમના મતે છઠ્ઠા દર્શનની સંખ્યા લોકાયતમત ઉમેરવાથી પૂરાય છે. તુ નો અર્થ છે વળી. કિલ એટલે શ્રેષ્ઠ આપ્તની પરંપરાથી. તે કારણથી તેમના મતને ચાર્વાકમત કહેવાય છે. તેનું સ્વરૂપ કહેવાય છે. (૭૯)'

છ દર્શનોના મતો આ પ્રમાણે જાણવા - તેમાં જૈનદર્શનમાં અરિહંત દેવતા છે. તત્ત્વો જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ નામના નવ છે. પ્રમાણ પ્રત્યક્ષ અને પરોક્ષ નામના બે છે. નિત્યાનિત્ય વગેરે અનેકાંતવાદ છે. મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રરૂપ છે. મોક્ષ બધા કર્મોનો ક્ષય થવા પર શુદ્ધસ્વરૂપમાં રહેલ આત્મારૂપ છે. મુક્તાત્મા લોકના અગ્રભાગે રહે છે. આવા સ્વરૂપવાળો જૈનદર્શનનો મત છે. **ષડ્દર્શન-સમુચ્ચય**માં કહ્યું છે -

'તેમાં રાગ-દ્વેષ રહિત, જેમણે મોહરૂપી મહામલ્લને હણ્યો છે એવા, કેવળજ્ઞાન-કેવળદર્શનને ધારણ કરનારા જિનેન્દ્ર એ દેવતા છે. (૪૫) તેના મતમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ એ નવ તત્ત્વો છે. (૪૭) તથા પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રમાણ મનાયેલા છે. અહીં પ્રમાણનો વિષય અનંતધર્મવાળી વસ્તુ છે. (૫૫) તથાભવ્યત્વનો પાક થવાથી જેને આ ત્રણ થાય સમ્યગ્જ્ઞાનક્રિયાના યોગથી તે મોક્ષનું ભાજન બને છે. (૫૪)'

મીમાંસકદર્શનમાં સર્વજ્ઞ દેવતા નથી. નિત્ય વેદવાક્યોથી તત્ત્વોનો નિર્ણય થાય છે. પ્રમાણો પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ અને અભાવ નામના છ છે. નિત્ય વગેરે એકાંતવાદ છે. મોક્ષમાર્ગ વેદમાં કહેલ અનુષ્ઠાનરૂપ છે. મોક્ષ નિત્ય અને નિરતિશય સુખના પ્રગટ થવારૂપ છે. આવા સ્વરૂપવાળો મીમાંસકદર્શનનો મત છે. **ષડ્દર્શનસમુચ્ચય**માં કહ્યું છે -

'જૈમિનીયો કહે છે કે સર્વજ્ઞ વગેરે વિશેષણોવાળો કોઈ પણ દેવ નથી જેનું વચન

પ્રમાણ થાય. (૬૮) તેથી અતીન્દ્રિય પદાર્થોના સાક્ષાત્ દ્રષ્ટાનો અભાવ હોવાથી નિત્ય વેદવાક્યો થકી સાચાપણાનો નિશ્ચય થાય છે. (૬૯) પ્રત્યક્ષ, અનુમાન, શાબ્દ, ઉપમા સાથે, અર્થાપત્તિ અને અભાવ-જૈમિનિના મતમાં આ છ પ્રમાણો છે. (૭૨)'

**વિવેકવિલાસમાં** કહ્યું છે -

'કર્મમીમાંસક અને બ્રહ્મમીમાંસક એમ બે પ્રકારે મીમાંસકો હોય છે. તેમાં વેદાંતીઓ બ્રહ્મને માને છે અને ભટ્ટ (કુમારિલ ભટ્ટ) તથા પ્રભાકર કર્મને માને છે. (૮/૨૫૮) પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમા, અર્થાપત્તિ અને અભાવ - આ છ પ્રમાણો ભટ્ટના મતમાં છે. (૮/૨૫૯) પ્રભાકરના મતમાં એક અભાવ-અનુપલબ્ધિ-સિવાય બાકીના પાંચ પ્રમાણો છે. અદ્વૈતવાદી વેદાંતી પણ એમ જ માને છે. (૮/૨૬૦)'

બૌદ્ધદર્શનમાં સુગત દેવતા છે. તત્ત્વો દુઃખ, આયતન, સમુદય અને માર્ગરૂપ ચાર આર્યસત્યો છે. પ્રમાણ પ્રત્યક્ષ અને અનુમાન નામના બે છે. ક્ષણિકએકાંતવાદ છે. મોક્ષ 'બધુ ક્ષણિક છે અને બધુ આત્મા રહિત છે' એવી વાસનાથી ક્લેશના સમુદાયને છેદવારૂપ અને દીવાની જેમ જ્ઞાનપરંપરાનો ઉચ્છેદ થવારૂપ છે. આવા સ્વરૂપવાળો બૌદ્ધદર્શનનો મત છે. **ષડ્દર્શનસમુચ્ચય**માં અને તેની **અજ્ઞાતકર્તૃક અવચૂરિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - તેમાં બૌદ્ધમતમાં દુઃખ વગેરે ચાર આર્યસત્યોના પ્રરૂપક એવા સુગત એ દેવતા છે. (૪)

**અવચૂરિ** - દુઃખ, દુઃખસમુદાય, માર્ગ અને નિરોધરૂપ ચાર આર્યસત્યોરૂપ તત્ત્વોના કહેનારા સુગત છે.

**ગાથાર્થ** - તથા સૌગતદર્શનમાં પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણ જાણવા, કેમકે સમ્યગ્જ્ઞાન બે પ્રકારે છે. (૯) બધા સંસ્કારો ક્ષણિક છે એવી જે વાસના તે અહીં માર્ગ જાણવો. નિરોધ મોક્ષ કહેવાય છે. (૭)'

**વિવેકવિલાસમાં** કહ્યું છે -

'બૌદ્ધોને સુગત નામના દેવ છે. તેઓ વિશ્વને ક્ષણભંગુર માને છે. તેઓ આર્યસત્ય નામથી ચાર તત્ત્વ માને છે. તે અનુક્રમે આ પ્રમાણે છે - દુઃખ, આયતન, સમુદય અને માર્ગ. આ ચાર તત્ત્વોની વ્યાખ્યા અનુક્રમે સાંભળો. (૮/૨૬૫, ૮/૨૬૬)'

**ષડ્દર્શનસમુચ્ચય**માં કહ્યું છે -

'સંસારી જીવોના જે સ્કંધો તે દુઃખ કહેવાય છે. તે સ્કંધો પાંચ પ્રકારના કહ્યા છે. તે આ

પ્રમાણે - વિજ્ઞાનસ્કંધ, વેદનાસ્કંધ, સંજ્ઞાસ્કંધ, સંસ્કારસ્કંધ અને રૂપસ્કંધ. (૫)'

**વિવેકવિલાસ**માં કહ્યું છે -

'જેનાથી મનુષ્યોના હૃદયમાં રાગ-દ્વેષાદિકનો સમૂહ ઉત્પન્ન થાય છે, તે આત્મીય-આત્મીય સ્વભાવ (પોતપોતાનો સ્વભાવ) એવા નામનો સમુદય કહેવાય છે. (૮/૨૬૯)'

**ષડ્દર્શનસમુચ્ચય**માં કહ્યું છે -

'પાંચ ઇન્દ્રિયો, તેના પાંચ શબ્દાદિક વિષયો, એક મન અને એક ધર્માયતન - આ પ્રમાણે બાર આયતન કહેવાય છે. (૮)'

**વિવેકવિલાસ**માં કહ્યું છે -

'સર્વે સંસ્કારો ક્ષણિક છે - એક ક્ષણવાર જ રહેવાના છે, એ પ્રમાણે જે સ્થિર વાસના-મનની પરિણતિ થાય, તે માર્ગ કહેવાય છે એમ જાણવું, અને તે જ મોક્ષ કહેવાય છે. (૮/૨૭૦) બૌદ્ધો પ્રત્યક્ષ અને અનુમાન એવા બે પ્રમાણને માને છે. વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર અને માધ્યમિક એવા બૌદ્ધના ચાર પ્રકાર છે. (૮/૨૭૧) સર્વે પદાર્થો જ્ઞાનસહિત છે એમ વૈભાષિક માને છે અને સૌત્રાંતિક લોકો કેવળ પ્રત્યક્ષ પ્રમાણથી ગ્રહણ કરી શકાય એવી બાહ્ય વસ્તુને માનતાં નથી. (૮/૨૭૨) યોગાચાર મતવાળાને આચાર સહિત બુદ્ધિ સંમત છે. તથા માધ્યમિક મતવાળા કેવળ પોતાને વિષે જ રહેલી સંવિદ્ (જ્ઞાન)ને માને છે. (૮/૨૭૩) રાગાદિક જ્ઞાનના સંતાનની (પરંપરાની) વાસનાનો ઉચ્છેદ થવાથી મુક્તિ થાય છે, એમ ઉપર કહેલા ચારે પ્રકારના બૌદ્ધો કહે છે. (૮/૨૭૪)'

નૈયાયિકદર્શનમાં શિવ દેવતા છે. તત્ત્વો પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન નામના સોળ છે. પ્રમાણ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ નામના ચાર છે. નિત્ય અને અનિત્ય એકાંતવાદ છે. મોક્ષમાર્ગ સોળ તત્ત્વોના જ્ઞાનરૂપ છે. મોક્ષ છ ઇન્દ્રિયો, છ વિષયો, છ બુદ્ધિ, સુખ, દુઃખ, શરીર રૂપ એકવીસ પ્રકારના દુઃખના અત્યંત છેદ રૂપ છે. આવા સ્વરૂપવાળો નૈયાયિકદર્શનનો મત છે. **મલધારીશ્રીરાજશેખરસૂરિ મહારાજે** રચેલ **ષડ્દર્શનસમુચ્ચય**માં કહ્યું છે -

'હવે શૈવ એવા બીજા નામવાળા યૌગમતને કહું છું. તેઓ દંડને ધારણ કરનારા અને મોટા કેસરી વસ્ત્રને પહેરનારા છે. (૮૪) સૃષ્ટિ અને સંહાર કરનારા શંકર તેમના દેવ છે.

તેમના જે સારા અઢાર અવતારો છે તે પૂજાયેલા છે. (૯૦) તેમના ગુરુ અક્ષપાદ છે. તેથી તેઓ અક્ષપાદક કહેવાય છે. ઉત્તમ સંયમ અવસ્થાને પામેલા તેઓ નગ્ન ભમે છે. (૯૫) પ્રમાણ ચાર છે - પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દ. તેમના ફળો જુદા જુદા છે. (૯૬) અહીં પ્રમાણ વગેરે સોળ તત્ત્વો છે. તે આ પ્રમાણે - પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન-આમનો વ્યય મુશ્કેલ છે. દુઃખોના આત્યંતિક વિયોગને મોક્ષ કહેવાય છે. (૯૯)'

**વિવેકવિલાસમાં** કહ્યું છે -

'શિવના દર્શનમાં નૈયાયિક અને વૈશેષિક એવા બે તર્ક છે. તેમાં નૈયાયિકને વિષે સોળ તત્ત્વો અને વૈશેષિકને વિષે છ તત્ત્વો માનેલા છે. (૮/૨૮૫) એકબીજાના તત્ત્વોમાં પરસ્પર સમાવેશ થવાથી આ બન્ને મતમાં ભેદ છે પણ ખરો અને નથી પણ - અર્થાત્ અભેદ જેવું પણ છે. તથા બન્નેના શિવ દેવ છે. તે નિત્ય છે અને સૃષ્ટિ, સ્થિતિ તથા સંહારના કર્તા છે. (૮/૨૮૬)'

**હરિભદ્રસૂરિરચિત ષડ્દર્શનસમુચ્ચયમાં** કહ્યું છે -

'નૈયાયિકના મતમાં દેવને જગત્નો કર્તા અને નાશ કરનાર માનેલો છે. તથા તે સર્વવ્યાપક, સર્વજ્ઞ અને નિત્ય બુદ્ધિના આશ્રયવાળો છે. (૧૩) પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છળ, જાતિ અને નિગ્રહસ્થાન - આ સોળ તત્ત્વો - પદાર્થો નૈયાયિકમતમાં છે. (૧૪, ૧૫)'

**વિવેકવિલાસમાં** કહ્યું છે -

'નૈયાયિકોના મતમાં ચાર પ્રમાણ માનેલા છે. તે આ પ્રમાણે - પ્રત્યક્ષપ્રમાણ, આગમપ્રમાણ, અનુમાનપ્રમાણ અને ઉપમાપ્રમાણ. (૮/૨૮૭) વિષયો, ઇન્દ્રિયો, બુદ્ધિ, શરીર, સુખ અને દુઃખ - આટલી વસ્તુનો અત્યંત અભાવ થવાથી આત્માનું જે આત્મસ્વરૂપમાં જ રહેવું તે મુક્તિ કહેવાય છે એમ નૈયાયિકો માને છે. (૮/૩૦૦)'

વૈશેષિકદર્શનમાં પણ શંકર દેવતા છે. દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય નામના છ દ્રવ્યો છે. પ્રત્યક્ષ અને અનુમાનરૂપ બે પ્રમાણ છે. નિત્ય અને અનિત્ય એકાંતવાદ છે. શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સાક્ષાત્કારરૂપ મોક્ષમાર્ગ છે. બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કારરૂપ નવ વિશેષ ગુણોનો અત્યંત ઉચ્છેદ થવા પર મોક્ષ થાય છે. આવા સ્વરૂપવાળો વૈશેષિકદર્શનનો મત છે. **ષડ્દર્શન-**

**સમુચ્ચય**માં કહ્યું છે -

'વૈશેષિકોનો નૈયાયિકોની સાથે દેવતાના વિષયમાં ભેદ નથી, તત્ત્વમાં તો ભેદ છે, એ બતાવાય છે. (૫૯) તેમના મતમાં દ્રવ્ય, ગુણ, કર્મ, ચોથું સમાન્ય, વિશેષ અને સમવાય એ છ તત્ત્વો છે. (૬૦) એમના મતે પ્રમાણ બે પ્રકારે છે - પ્રત્યક્ષ અને અનુમાન. વૈશેષિકમતનો આ સંક્ષેપ કહ્યો. (૬૭)'

**શ્રીરાજશેખરસૂરિકૃત ષડ્દર્શનસમુચ્ચય**માં કહ્યું છે -

'ઘુવડનું રૂપ ધારણ કરેલા શિવજીએ, કણાદ નામના મુનિની આગળ, આ મતનું કથન કર્યું હતું. તેથી તે મત ઔલૂક્યમત કહેવાય છે. (૩૦) વૈશેષિકોનો યૌગો (નૈયાયિકો)થી પ્રમાણતત્ત્વની બાબતમાં મતભેદ છે. તેમના મતમાં પ્રત્યક્ષ અને અનુમાન એમ બે જ પ્રમાણ છે. (૧૪)'

**વિવેકવિલાસ**માં કહ્યું છે -

'દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય - આ છ તત્ત્વો-પદાર્થો વૈશેષિકોના મતમાં છે. તેનું વ્યાખ્યાન હવે કહેવાય છે. (૮/૨૯૧) વૈશેષિકના ચોવીશ ગુણોની અંદર રહેલા બુદ્ધિ વગેરે (એટલે બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર) નવ ગુણોનો જે સર્વથા નાશ તે મુક્તિ કહેવાય છે, એમ વૈશેષિક માને છે. (૮/૩૦૧)'

સાંખ્યદર્શનમાં ઈશ્વર દેવ છે. કેટલાક ઈશ્વરને માનતા નથી. તત્ત્વો પચીસ પ્રકારના છે. તે આ પ્રમાણે - આત્મા, પ્રકૃતિ, બુદ્ધિ (મહાન), અહંકાર, ગંધ-રૂપ-રસ-સ્પર્શ-શબ્દ નામના પાંચ તન્માત્ર, પૃથ્વી-જળ-તેજ-વાયુ-આકાશ નામના પાંચ ભૂતો, નાક-જીભ-આંખ-ત્વચા-કાન-મન નામની છ બુદ્ધિઇન્દ્રિયો અને ગુદા-પ્રજનનેન્દ્રિય-વચન-હાથ-પગ નામની પાંચ કર્મેન્દ્રિયો. પ્રત્યક્ષ, અનુમાન અને આગમરૂપ ત્રણ પ્રમાણો છે. નિત્ય એકાંતવાદ છે. પચીસ તત્ત્વોના જ્ઞાનરૂપ મોક્ષમાર્ગ છે. પ્રકૃતિનો વિયોગ થવાથી પુરુષનું સ્વરૂપમાં રહેવું તે મોક્ષ છે. આવા સ્વરૂપવાળો સાંખ્યદર્શનનો મત છે. **ષડ્દર્શન-સમુચ્ચય**માં **શ્રીરાજશેખરસૂરિ મહારાજે** કહ્યું છે -

'કેટલાક સાંખ્યો ઈશ્વરને માનતા નથી. કેટલાક સાંખ્યો ઈશ્વરને દેવતા માને છે. જેઓ ઈશ્વરને માનતા નથી તે આ નારાયણમાં પરાયણ છે. (૪૨) પ્રત્યક્ષ, અનુમાન અને શાબ્દ એ ત્રણ પ્રમા છે. આ ત્રણમાં શેષ પ્રમાણોનો અંતર્ભાવ યુક્તિસંગત છે. (૪૪) આ સાંખ્યદર્શનના આચાર્યોના મતે પચીસ તત્ત્વો છે અને સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો

**वृत्तिः** - **'उप्पत्तिया'** गाहा, व्याख्या - उत्पत्तिरेव प्रयोजनं यस्याः सा **औत्पत्तिकी,** आह - क्षयोपशमः प्रयोजनमस्याः, सत्यं, किन्तु स खल्वन्तरङ्गत्वात्सर्वबुद्धिसाधारण इति न विवक्ष्यते, न चान्यच्छास्त्रस्वकर्माभ्यासादिकमपेक्षत इति । विनयो-गुरुशुश्रूषा स कारण-मस्यास्तत्प्रधाना वा **वैनयिकी** । अनाचार्यकं कर्म, साचार्यकं शिल्पं, नित्यव्यापारः कर्म, कादाचित्कं शिल्पं कर्मजेति कर्मणो जाता **कर्मजा,** परि-समन्तात् नमनं परिणामः सुदीर्घकालपूर्वापरार्थावलोकनादिजन्य आत्मधर्म इत्यर्थः स कारणमस्यास्तत्प्रधाना वा **पारिणामिकी** । बुध्यतेऽनयेति **बुद्धिः** मतिरित्यर्थः, सा **चतुर्विधोक्ता** तीर्थकरगणधरैः, किमिति ? यस्मात् **पञ्चमी नोपलभ्यते** केवलिनाऽप्यसत्त्वादिति गाथार्थः ।

ओत्पत्तिक्या लक्षणं प्रतिपादयन्नाह -

**पुव्वं अदिट्ठमस्सुअ-मवेइयतक्खणविसुद्धगहिअत्था ।**
**अव्वाहयफलजोगा, बुद्धी उप्पत्तिआ नाम ॥६०॥**

(**छाया**- पूर्वं अदृष्टाश्रुतावेदिततत्क्षणविशुद्धगृहीतार्था ।
अव्याहतफलयोगा, बुद्धिः औत्पत्तिकी नाम ॥६०॥)

**वृत्तिः** - **पूर्वमिति** बुद्ध्युत्पादात् प्राक् स्वयमदृष्टः अन्यतश्चाश्रुतः अवेदितो - मनसाऽप्यनालोचितः तस्मिन्नेव क्षणे विशुद्धो यथावस्थितः गृहीतो-ऽवधारितः अर्थः - अभिप्रेतपदार्थो यया सा तथा, इहैकान्तिकमिहपरलोकाविरुद्धं फलान्तराबाधितं चाव्याहत-मुच्यते, फलं-प्रयोजनम् अव्याहतं च तत्फलं चाव्याहतफलं, योगोऽस्या अस्तीति योगिनी, अव्याहतफलेन योगिनी **अव्याहतफलयोगिनी**, अन्ये पठन्ति-**अव्याहतफलयोगा** अव्याहतफलेन योगोऽस्याः **साऽव्याहतफलयोगा बुद्धिः औत्पत्तिकी नामेति** गाथार्थः ॥६०॥

**भरनित्थरणसमत्था, तिवग्गसुत्तत्थगहिअपेआला ।**
**उभओ लोगफलवई, विणयसमुत्था हवइ बुद्धी ॥६४॥**

(**छाया**- भरनिस्तरणसमर्था, त्रिवर्गसूत्रार्थगृहीतप्रमाणा ।
उभयलोकफलवती, विनयसमुत्था भवति बुद्धिः ॥६४॥)

**वृत्तिः** - '**भरनित्थ**' गाहा - इहातिगुरुकार्यदुर्निर्वहत्वाद्भर इव भरस्तन्निस्तरणे समर्था **भरनिस्तरणसमर्था**, त्रयो वर्गास्त्रिवर्गमिति लोकरूढेर्धर्मार्थकामाः तदर्जनपरोपायप्रति-पादननिबन्धनं सूत्रं, तदन्वाख्यानं त्वर्थः, पेयालं-प्रमाणं सारो वा, त्रिवर्गसूत्रार्थयोर्गृहीतं प्रमाणं सारो वा यया सा तथाविधा । अथवा त्रिवर्गस्त्रैलोक्यम् । आह - त्रिवर्गसूत्रार्थगृहीतसारत्वे सत्यश्रुतनिश्रितत्वं विरुद्ध्यत इति, न हि श्रुताभ्यासमन्तरेण त्रिवर्गसूत्रार्थगृहीतसारत्वं सम्भवति, अत्रोच्यते - इह प्रायोवृत्तिमङ्गीकृत्याश्रुतनिश्रितत्वमुक्तम्, अतः स्वल्पश्रुत-निश्रितभावेऽपि न कश्चिद्दोष इति **उभयलोकफलवती** ऐहिकामुष्मिकफलवती **विनय-समुत्था** विनयोद्भवा **भवति बुद्धिरिति** गाथार्थः ॥६४॥

**उवओगदिट्ठसारा, कम्मपसंगपरिघोलणविसाला ।**
**साहुक्कारफलवई, कम्मसमुत्था हवइ बुद्धी ॥६७॥**

(**छाया**- उपयोगदृष्टसारा, कर्मप्रसङ्गपरिघोलनविशाला ।
साधुकारफलवती, कर्मसमुत्था भवति बुद्धिः ॥६७॥)

**वृत्तिः** - '**उवयोग०**' गाहा-उपयोजनमुपयोगः विवक्षिते कर्मणि मनसोऽभिनिवेशः, सारः-तस्यैव कर्मणः परमार्थः, उपयोगेन दृष्टः सारो ययेति समासः, अभिनिवेशोपलब्ध-कर्मपरमार्थेत्यर्थः, कर्मणि प्रसङ्गः-कर्मप्रसङ्गः प्रसङ्गोऽभ्यासः, परिघोलनं विचारः, कर्मप्रसङ्गपरिघोलनाभ्यां विशाला **कर्मप्रसङ्गपरिघोलनविशाला** अभ्यासविचारविस्तीर्णेति भावार्थः । साधुकृतमिति सुष्ठुकृतमिति विद्वद्भ्यः प्रशंसा-साधुकारः, तेन फलवतीति समासः, साधुकारेण वाऽशेषमपि फलं यस्याः सा तथा । **कर्मसमुत्था** कर्मोद्भवा **भवति बुद्धि**रिति गाथार्थः ॥६७॥

**अणुमाणहेउदिट्ठंत-साहिआ वयविवागपरिणामा ।**
**हिअनिस्सेअसफलवइ-बुद्धी परिणामिआ नाम ॥६९॥**

(**छाया**- अनुमानहेतुदृष्टान्त-साधिका वयोविपाकपरिणामा ।
हितनिःश्रेयसफलवती बुद्धिः पारिणामिकी नाम ॥६९॥)

**वृत्तिः** - '**अणुमाण**' गाहा-अनुमानहेतुदृष्टान्तैः साध्यमर्थं साधयतीति **अनुमानहेतु-दृष्टान्तसाधिका** । इह लिङ्गज्ञानमनुमानं स्वार्थमित्यर्थः, तत्प्रतिपादकं वचो हेतुः परार्थमित्यर्थः, अथवा ज्ञापकमनुमानं, कारको हेतुः, दृष्टमर्थमन्तं नयतीति दृष्टान्तः । आह - अनुमानग्रहणादेव दृष्टान्तस्य गतत्वादलमुपन्यासेन, न, अनुमानस्य तत्त्वत एकलक्षणत्वात् उक्तं च - '**अन्यथाऽनुपपन्नत्वं, यत्र तत्र त्रयेण किम्**' इत्यादि, साध्योपमाभूतश्च दृष्टान्तः, उक्तं च - '**यः साध्यस्योपमाभूतः, स दृष्टान्तः कथ्यते**' इति । कालकृतो देहावस्थाविशेषो वय इत्युच्यते तद्विपाकेन परिणामः पुष्टता यस्याः सा तथाविधा, हितम् अभ्युदयः तत्कारणं वा, निःश्रेयसं-मोक्षः तन्निबन्धनं वा, हितनिःश्रेयसाभ्यां फलवती **बुद्धिः पारिणामिकी** इति गाथार्थः ॥६९॥'

**प्रथमकर्मग्रन्थवृत्ता**वुक्तं- '**तत्रोत्पत्तिकी बुद्धिर्यथा रोहकस्य, वैनयिकी बुद्धिः पददर्शनात्करिण्यादिज्ञायकच्छत्रस्येव, कर्मजा कर्षकस्येव, पारिणामिकी श्रीवज्र-स्वामिन इव ।' ( गाथा ४ वृत्तिः ।)**

एतानि कथानकानि **नन्दिसूत्रस्य मलयगिरिसूरिविरचितवृत्तौ** सङ्क्षेपेणोक्तानि । तथाहि -

'कतिपयदिनानन्तरं रोहकबुद्धिपरीक्षानिमित्तं सामान्यतो ग्रामप्रधानपुरुषानुद्दिश्यैवमा-दिष्टवान् - यथा युष्मद्ग्रामस्य बहिरतीव महती शिला वर्त्तते तामनुत्पाट्य राजयोग्य-

मण्डपाच्छादनं कुरुत, तत एवमादिष्टे सकलोऽपि ग्रामो राजादेशं कर्त्तुमशक्यं परिभावयन्नाकुलीभूतमानसो बहिः सभायामेकत्र मिलितवान्, पृच्छति स्म परस्परं - किमिदानीं कर्त्तव्यं ?, दुष्टो राजादेशोऽस्माकमापतितो, राजादेशाकरणे च महाननर्थोपनिपातः, एवं च चिन्तया व्याकुलीभूतानां तेषां मध्यन्दिनमागतं, रोहकश्च पितरमन्तरेण न भुङ्क्ते, पिता च ग्राममेलापके मिलितो वर्त्तते, ततः स क्षुधा पीडितः पितुः समीपे समागत्य रोदितुं प्रावर्त्तत-पीडितोऽहमतीव क्षुधा, ततः समागच्छ गृहे भोजनायेति, भरतः प्राह - वत्स ! सुखितोऽसि त्वं, न किमपि ग्रामकष्टं जानासि, स प्राह - पितः ! किं किं तदिति ?, ततो भरतो राजादेशं सविस्तरमचीकथत्, ततो निजबुद्धिप्रागल्भ्यवशात् झटिति कार्यस्य साध्यतां परिभाव्य तेनोक्तं - माऽऽकुलीभवत यूयं, खनत शिलाया राजोचितमण्डपनिष्पादनायाधस्तात् स्तम्भांश्च यथास्थानं निवेशयत भित्तीश्चोपलेपनादिना प्रकारेणातीव रमणीयाः प्रगुणीकुरुत, तत एवमुक्ते सर्वैरपि ग्रामप्रधानपुरुषैर्भव्यमिति प्रतिपन्नं, गतः सर्वोऽपि ग्रामलोकः स्वस्वगृहे भोजनाय, भुक्त्वा च समागतः शिलाप्रदेशे, प्रारब्धं तत्र कर्म, कतिपयदिनैश्च, निष्पादितः परिपूर्णो मण्डपः कृता च शिला तस्याच्छादनं, निवेदितं च राज्ञे राजनियुक्तैः पुरुषैः - देव ! निष्पादितो ग्रामेण देवादेशः, राजा प्राह - कथमिति ?, ततस्ते सर्वमपि मण्डपनिष्पादनप्रकारं कथयामासुः, राजा प्रपच्छ - कस्येयं बुद्धिः ?, तेऽवादिषुः - देव ! भरतपुत्रस्य रोहकस्य । एषा रोहकस्यौत्पत्तिकी बुद्धिः ॥६३॥

क्वचित्पुरे कोऽपि सिद्धपुत्रकः, तस्य द्वौ शिष्यौ निमित्तशास्त्रमधीतवन्तौ, एको बहुमानपुरस्सरं गुरोर्विनयपरायणो यत्किमपि गुरुरुपदिशति तत्सर्वं तथेति प्रतिपद्य स्वचेतसि निरन्तरं विमृशति, विमृशतश्च यत्र क्वापि सन्देह उपजायते तत्र भूयोऽपि विनयेन गुरुपादमूलमागत्य पृच्छति, एवं निरंतरं विमर्शपूर्वं शास्त्रार्थं तस्य चिन्तयतः प्रज्ञा प्रकर्षमुपजगाम, द्वितीयस्त्वेतद्गुणविकलः, तौ चान्यदा गुरुनिर्देशात् क्वचित्प्रत्यासन्ने ग्रामे प्रवृत्तौ, पथि च कानिचित् महान्ति पदानि तावदर्शतां, तत्र विमृश्यकारिणा पृष्टं-भोः कस्यामूनि पदानि ?, तेनोक्तं - किमत्र प्रष्टव्यं हस्तिनोऽमूनि पदानि ?, ततो विमृश्यकारी प्राह-मैवं भाषिष्ठाः, हस्तिन्या अमूनि पदानि, सा च हस्तिनी वामेन चक्षुषा काणा, तां चाधिरूढा गच्छति काचिद्राज्ञी, सा च सभर्तृका गुर्वी च प्रजने कल्या, अद्य श्वो वा प्रसविष्यति, पुत्रश्च तस्या भविष्यति, तत एवमुक्ते सोऽविमृश्यकारी ब्रूते-कथमेतदवसीयते ?, विमृश्यकारी प्राह **ज्ञानं प्रत्ययसार**मित्यग्रे प्रत्ययतो व्यक्तं भविष्यति, ततः प्राप्तौ तौ विवक्षितं ग्रामं, दृष्ट्वा चावासिता तस्य ग्रामस्य बहिःप्रदेशे महासरस्तटे राज्ञी, परिभाविता च हस्तिनी वामेन चक्षुषा काणा । अत्रान्तरे च काचिद्दासचेडी महत्तमं प्रत्याह-वर्द्धाप्यसे राज्ञः पुत्रलाभेनेति, ततः शब्दितो

विमृश्यकारिणा द्वितीयः-परिभावय दासचेडीवचनमिति, तेनोक्तं-परिभावितं मया सर्वं, नान्यथा तव ज्ञानमिति, ततस्तौ हस्तपादान् प्रक्षाल्य तस्मिन् महासरस्तटे न्यग्रोधतरोरधो विश्रामाय स्थितौ, दृष्टौ च कयाचिच्छिश्रोन्यस्तजलभृतघटिकया वृद्धस्त्रिया, परिभाविता च तयोराकृतिः ततश्चिन्तयामास-नूनमेतौ विद्वांसौ, ततः पृच्छामि देशान्तरगतनिजपुत्रागमनमिति, पृष्टं तया, प्रश्नसमकालमेव च शिरसो निपत्य भूमौ घटः शतखण्डशो भग्नः, ततो झटित्येवाविमृश्यकारिणा प्रोचे - गतस्ते पुत्रो घट इव व्यापत्तिमिति, विमृश्यकारी ब्रूते स्म-मा वयस्यैवं वादीः, पुत्रोऽस्या गृहे समागतो वर्त्तते, याहि मातर्वृद्धे ! स्त्रि ! स्वपुत्र-मुखमवलोकय, तत एवमुक्ता सा प्रत्युज्जीवितेवाशीर्वादशतानि विमृश्यकारिणः प्रयुञ्जाना स्वगृहं जगाम, दृष्टश्चोद्धूलितजङ्घः स्वपुत्रो गृहमागतः, ततः प्रणता स्वपुत्रेण, सा चाशीर्वादं निजपुत्राय प्रायुङ्क्त, कथयामास च नैमित्तिकवृत्तान्तं, ततः पुत्रमापृच्छ्य वस्त्रयुगलं रूपकांश्च कतिपयानादाय विमृश्यकारिणः समर्प्पयामास, अविमृश्यकारी च खेदमावहन् स्वचेतसि अचिन्तयत्-नूनमहं गुरुणा न सम्यक् परिपाठितः, कथमन्यथाऽहं न जानामि ?, एष जानातीति, गुरुप्रयोजनं कृत्वा समागतौ द्वौ गुरोः पार्श्वे, तत्र विमृश्यकारी दर्शनमात्र एव शिरो नमयित्वा कृताञ्जलिपुटः सबहुमानमानन्दाश्रुप्लावितलोचनो गुरोः पादावन्तरा शिरः प्रक्षिप्य प्रणिपपात, द्वितीयोऽपि च शैलस्तम्भ इव मनागप्यनमितगात्रयष्टिर्मात्सर्यवह्नि-सम्पर्क्कतो धूमायमानोऽवतिष्ठते, ततो गुरुस्तं प्रत्याह - रे किमिति पादयोर्न पतसि ?, स प्राह - य एव सम्यक् पाठितः स एव पतिष्यति, नाहमिति, गुरुराह - कथं त्वं न सम्यक् पाठितः ?, ततः स प्राचीनं वृत्तान्तं सकलमचीकथत्, यावदेतस्य ज्ञानं सर्वं सत्यं न ममेति, ततो गुरुणा विमृश्यकारी पृष्टः-कथय वत्स ! कथं त्वयेदं ज्ञातमिति ?, ततः स प्राह - मया युष्मत्पादादेशेन विमर्शः कर्त्तुमारब्धो - यथैतानि हस्तिरूपस्य पदानि सुप्रतीतान्येव, विशेषचिन्तायां तु किं हस्तिन उत हस्तिन्याः ?, तत्र कायिकीं दृष्ट्वा हस्तिन्या इति निश्चितं, दक्षिणे च पार्श्वे वृत्तिसमारूढवल्लीवितान आलूनविशीर्ण्णो हस्तिनीकृतो दृष्टो न वामपार्श्वे ततो निश्चिक्ये - नूनं वामेन चक्षुषा काणेति, तथा नान्य एवंविधपरिकरोपेतो हस्तिन्या-मधिरूढो गन्तुमर्हति ततोऽवश्यं राजकीयं किमपि मानुषं यातीति निश्चितं, तच्च मानुषं क्वचित्प्रदेशे हस्तिन्या उत्तीर्य शरीरचिन्तां कृतवत्, कायिकीं दृष्ट्वा राज्ञीति निश्चितं, वृक्षावलग्नरक्तवस्त्रदशालेशदर्शनात् सभर्तृका, भूमौ हस्तं निवेश्योत्थानाकारदर्शनाद्गुर्व्वी, दक्षिणचरणनिस्सहमोचननिवेशदर्शनात्प्रजने कल्येति । वृद्धस्त्रियाः प्रश्नानन्तरं घटनिपाते चैवं विमर्शः कृतो - यथैष घटो यत उत्पन्नस्तत्रैव मिलितस्तथा पुत्रोऽपीति । तत एवमुक्ते गुरुणा स विमृश्यकारी चक्षुषा सानन्दमीक्षितः प्रशंसितश्च, द्वितीयं प्रत्युवाच - तव दोषो यन्न

विमर्शं करोषि, न मम, वयं हि शास्त्रार्थमात्रोपदेशेऽधिकृताः विमर्शे तु यूयमिति । विमृश्यकारिणो वैनयिकी बुद्धिः १ । ६५॥

'**करिसग**'त्ति अत्रोदाहरणं - कोऽपि तस्करो रात्रौ वणिजो गृहे पद्माकारं खातं खातवान्, ततः प्रातरलक्षितस्तस्मिन्नेव गृहे समागत्य जनेभ्यः प्रशंसामाकर्ण्णयति, तत्रैकः कर्षको-ऽब्रवीत् - किं नाम शिक्षितस्य दुष्करत्वं ?, यद्येन सदैवाभ्यस्तं कर्म स तत्प्रकर्षप्राप्तं करोति नात्र विस्मयः, ततः स तस्कर एतद्वाक्यममर्षवैश्वानरसन्धुक्षणसममाकर्ण्य जज्वाल कोपेन, ततः पृष्टवान् कमपि पुरुषं - कोऽयं कस्य वा सत्क इति ?, ज्ञात्वा च तमन्यदा क्षुरिकामाकृष्य गतः क्षेत्रे तस्य पार्श्वे, रे ! मारयामि त्वां सम्प्रति, तेनोक्तं - किमिति ?, सोऽब्रवीत् - त्वया तदानीं न मम खातं प्रशंसितमितिकृत्वा, सोऽब्रवीत्-सत्यमेतत्, यो यस्मिन् कर्मणि सदैवाभ्यासपरः स तद्विषये प्रकर्षवान् भवति, तत्राहमेव दृष्टान्तः, तथाहि - अमून् मुद्गान् हस्तगतान् यदि भणसि तर्हि सर्वानप्यधोमुखान् पातयामि यद्वा ऊर्द्ध्वमुखान् अथवा पार्श्वस्थितानिति, ततः सोऽधिकतरं विस्मितचेताः प्राह - पातय सर्वानप्यधो-मुखानिति, विस्तारितो भूमौ पटः, पातिताः सर्वेऽप्यधोमुखा मुद्गाः, जातो महान् विस्मयश्चौरस्य, प्रशंसितं भूयो भूयस्तस्य कौशलमहो विज्ञानमहो विज्ञानमिति, वदति चोरो - यदि नाधोमुखाः पातिता अभविष्यन् ततो नियमात् त्वामहममारयिष्यमिति । कर्षकस्य चौरस्य च कर्म्मजा बुद्धिः ॥७०॥

'**वइर**' त्ति वज्रस्वामिनो बालभावेऽपि वर्त्तमानस्य मातरमवगणय्य सङ्घबहुमानकरणं सा पारिणामिकी बुद्धिः १५ ॥७३॥'

गुरुश्चतुर्विधाभिर्बुद्धिभिः समृद्धो भवति ।

एवं षट्त्रिंशद्गुणगणमण्डितो गुरुरजेयो भवतु ॥७॥

**इति षष्ठी षट्त्रिंशिका समाप्ता ।**

● ● ●

+ **सम्मद्दिट्ठी जीवो गच्छइ, नियमा विमाणवासीसु ।**
**जइ न विगयसम्मत्तो, अहव न बद्धाउओ पुव्वं ॥**

સમ્યગ્દૃષ્ટિ જીવ અવશ્ય વૈમાનિક દેવલોકમાં જાય જો તેનું સમ્યક્ત્વ જતું ન રહ્યું હોય તો અથવા તેણે પૂર્વે આયુષ્ય બાંધેલું ન હોય તો.

# છટ્ઠી છત્રીસી

હવે છટ્ઠી છત્રીસી કહે છે -

**શબ્દાર્થ** - આઠ પ્રકારના જ્ઞાનાચાર, આઠ પ્રકારના દર્શનાચાર, આઠ પ્રકારના ચારિત્રાચાર, આઠ પ્રકારના વાદીના ગુણોથી યુક્ત અને ચાર પ્રકારની બુદ્ધિથી સમૃદ્ધ - આમ છત્રીસગુણોવાળા ગુરુ જય પામો. (૭)

**પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ** - જ્ઞાન એટલે જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી થનારો જીવનો ભાવ. તેના આચારો તે જ્ઞાનાચારો. તે આઠ પ્રકારે છે. તે આ પ્રમાણે - ૧ કાળ, ૨ વિનય, ૩ બહુમાન, ૪ ઉપધાન, ૫ અનિહ્નવ, ૬ વ્યંજન, ૭ અર્થ અને ૮ તે ઉભય. **દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિ**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'હવે જ્ઞાનાચારને કહે છે.

**(૧) કાલ :** અંગપ્રવિષ્ટ, અંગબાહ્ય વગેરે જે જે શ્રુતના અભ્યાસ માટેનો જે જે શાસ્ત્રીયકાળ હોય, તે તે શ્રુતનો તે તે કાળમાં જ સ્વાધ્યાય કરવો અન્યકાળે નહિ, કેમકે એ તીર્થંકરની આજ્ઞા છે. વળી ખેતી વગેરે પણ કાળમાં કરીએ તો ફલ અને અકાળે કરીએ તો ફલાભાવ દેખાય જ છે.

આમાં કથાનક આ છે કે

એક સાધુ સાંજનું કાલગ્રહણ લઈને પહેલો પ્રહર પસાર થઈ ગયા બાદ પણ ઉપયોગ ન રહેવાથી કાલિક શ્રુતનો પાઠ કરે છે, સમ્યગ્દૃષ્ટિ દેવતા વિચારે છે કે, ''બીજો હલકો દેવતા આ સાધુને હેરાન ન કરે !...'' એટલે કુંડમાં છાસ લઈને ''છાશ લો, છાશ લો'' એમ તે સાધુની આગળ વારંવાર ગમનાગમન કરે છે. તેના દ્વારા લાંબા કાળ સુધી સાધુને સ્વાધ્યાયનો વ્યાઘાત કરે છે.

સાધુએ કહ્યું કે, ''અણપઢ ! આ વળી ક્યો છાસ વેંચવાનો કાળ છે ? સમય તો જો.'' દેવતાએ પણ કહ્યું કે, ''અહો ! આ ક્યો કાલિકશ્રુતનો સ્વાધ્યાય કરવાનો કાળ છે.'' પછી સાધુએ જાણ્યું કે, ''આ સામાન્ય સ્ત્રી નથી'' એટલે એણે ઉપયોગ મૂક્યો. ખબર પડી કે

અડધી રાત થઈ છે. એણે મિચ્છામિદુક્કડમ્ આપ્યું. દેવતાએ કહ્યું કે, 'આવું ન કરીશ. એવું ન બને કે હલકાં દેવતા પરેશાન કરે. તેથી કાલમાં સ્વાધ્યાય કરવો, અકાલમાં નહિ.'

(૨) **વિનય** : શ્રુતગ્રહણ કરનારાએ ગુરુનો વિનય કરવો. વિનય એટલે ઊભા થવું, ગુરુના પગ ધોવા વગેરે. અવિનયથી ગ્રહણ કરેલુ શ્રુત નિષ્ફળ બને છે. આમાં ઉદાહરણ - શ્રેણિકરાજાને પત્ની ચેલ્લણા કહે છે કે ''એક થાંભલાવાળો પ્રાસાદ કરો..'' દ્રુમપુષ્પિકા અધ્યયનમાં આ કથાનક કહી દીધું છે. તેથી વિનયથી ભણવું, અવિનયથી નહિ.

(૩) **બહુમાન** : શ્રુતગ્રહણમાં ઉદ્યમી બનેલાએ ગુરુ ઉપર બહુમાન કરવું. બહુમાન એટલે ગુરુ પ્રત્યે આંતરિક ભાવપ્રતિબન્ધ = અનુરાગ, સદ્ભાવ. બહુમાન હોય તો શ્રુત બહુ જ ઝડપથી અધિક ફળ આપનારું બને.

વિનય અને બહુમાનમાં ચતુર્ભંગી છે.

(૧) એકને વિનય છે, બહુમાન નથી. (૨) બીજાને બહુમાન છે, વિનય નથી. (૩) ત્રીજાને વિનય પણ છે, બહુમાન પણ છે. (૪) ચોથાને વિનય પણ નથી, બહુમાન પણ નથી.

આમાં વિનય અને બહુમાન એ બંનેમાં જે ભેદ છે, તે દેખાડવા માટે આ દૃષ્ટાન્ત છે. પર્વતની એક ગુફામાં શિવ છે. તેને બ્રાહ્મણ અને ભીલ પૂજે છે. બ્રાહ્મણ છાણનો લેપ, ઝાડું મારવું, પોતું કરવું...વગેરેમાં યત્નવાળો છે અને પવિત્ર થઈને પૂજા કરે છે, પછી વિનયપૂર્વક સ્તુતિ કરે છે. પરંતુ બહુમાન નથી. ભીલ તે શિવને વિશે ભાવથી પ્રતિબદ્ધ છે અને ગળાનાં પાણીથી એને નવડાવે છે. (મોઢામાં પાણી ભરી લાવે અને એ શિવલિંગ પર નાંખે. વિશેષ સમજણ ન હોવાથી આવું કરે...) નવડાવીને બેસે. શિવ તેની સાથે આલાપ, સંલાપ, કથાદિ કરે. (એકવાર બોલવું તે આલાપ, વારંવાર બોલવું તે સંલાપ...)

એકવાર બ્રાહ્મણે તે બેની વાતચીતનો શબ્દ સાંભળ્યો. તેણે શિવની સેવા કરીને ઠપકો આપ્યો કે, ''તું આવો જ કટપૂતનાશિવ છે કે જે તું આવા એંઠા પાણીથી નવડાવનારાની સાથે વાતો કરે છે.'' પછી શિવ કહે છે કે, ''આ મને બહુ માને છે. તું એ રીતે બહુમાનવાળો નથી.''

એકવાર શિવ પોતાની આંખો કાઢી નાંખીને રહ્યા છે. બ્રાહ્મણ આવ્યો, રડીને શાંત થયો. ભીલ આવ્યો, શિવની આંખ ન દેખાઈ એટલે પોતાની આંખો બાણનાં અણિદાર ભાગથી ઉખેડી નાંખીને શિવને લગાડી દે છે. પછી શિવે બ્રાહ્મણને પ્રતીતિ કરાવી (કે આનું બહુમાન જોરદાર છે...)

આમ જ્ઞાનવાળાઓના વિનય અને બહુમાન બંને કરવા.

**(૪) ઉપધાન :** શ્રુત ગ્રહણ કરવા ઇચ્છનારાએ ઉપધાન કરવા. જે જ્ઞાનાદિગુણોને આત્માની નજીકમાં ધારી આપે = ઉપકાર કરે તે ઉપધાન. અહીં ઉપધાન એટલે તપ. જે અધ્યયનમાં આગાઢયોગાદિ જે ઉપધાન કહ્યાં હોય, તે અધ્યયનમાં તે તપ કરવો. ઉપધાનપૂર્વક શ્રુતગ્રહણ જ સફળ થાય.

આમાં ઉદાહરણ આ છે - એક આચાર્ય હતા. તે વાચના આપવાથી ખૂબ થાકેલા હતા. એટલે તે સજ્ઝાયમાં પણ ખોટે ખોટી અસજ્ઝાયની ઘોષણા કરવા માંડ્યા. આ રીતે જ્ઞાનાંતરાય બાંધીને કાલ કરીને દેવલોકમાં ગયા. તે દેવલોકમાંથી આયુષ્ય ક્ષય થવાથી ચ્યવ્યા, ભરવાડનાં કુલમાં આવ્યા. ભોગો ભોગવે છે. એમને એક દીકરી થઈ. તે અત્યંત રૂપવતી હતી. તે બધા ગાયોને ચરાવવા માટે અન્યત્ર પ્રત્યન્ત ગામોમાં = સામાન્યગામોમાં જાય છે. તે છોકરીનાં પિતાનું ગાડું બધા ગાડાઓની આગળ ચાલે છે. તે છોકરી તે ગાડાનાં આગળનાં ભાગમાં = મુખ ઉપર બેઠેલી હોય છે. યુવાનોએ વિચાર્યું કે ''પાછળ રહેલા આપણાં ગાડા છોકરીનાં ગાડાની સમાન કરીને છોકરીને જોઈએ.'' તેઓએ આગળ જવા માટે ગાડાઓને ઉન્માર્ગે આગળ વધાર્યા. ત્યાં વિષમસ્થાનોમાં એ ગાડાઓ આમ તેમ પડીને ભાંગી ગયા. તેથી લોકોએ તે સ્ત્રીનું નામ અશકટા પાડ્યું. તે છોકરીનાં પિતાનું નામ અશકટપિતા થયું. તે પિતાને આ પ્રસંગ જ વૈરાગ્ય કરનારો બન્યો. તે છોકરી એક પુરુષને પરણાવીને એણે દીક્ષા લીધી, છેક ઉત્તરાધ્યયનમાં चत्तारि परमंगाणि એ ત્રીજા અધ્યયન સુધી ભણી લીધું. ચોથા 'असंखयं अध्ययन'નો ઉદ્દેશો થયો, ત્યારે પૂર્વભવનું જ્ઞાનાવરણીયકર્મ ઉદયમાં આવ્યું. સાધુ ભણે છે, છતાં કંઈ યાદ રહેતું નથી. આચાર્યે કહ્યું કે, ''છઠ્ઠ કરી લે, તને આની અનુજ્ઞા કરાવી દઉં.'' (આ અપવાદમાર્ગ હતો.) તે સાધુ કહે, ''આનો જોગ કેવા પ્રકારનો છે ?'' આચાર્ય કહે, ''(ઉત્સર્ગમાર્ગ તો) જ્યાં સુધી આ અધ્યયન ન ભણાય ત્યાં સુધી આંબિલ કરવા પડે.'' તે કહે, ''હું આ રીતે જ ભણીશ.'' આ રીતે ભણતા એણે ૧૨ વર્ષે બાર શ્લોક મોઢે કર્યા. ત્યાં સુધી આંબિલ કર્યા. (અધ્યયનનાં કુલ ૧૩ શ્લોક છે.) ત્યારે તેનું જ્ઞાનવરણીયકર્મ ક્ષય પામ્યું. આમ જે રીતે અશકટપિતાએ આગાઢયોગ પાળ્યો, તે રીતે સમ્યક્ રીતે યોગ પાળવો જોઈએ.

ઉપધાનદ્વાર પૂર્ણ થયું.

**(૫) અનિહ્નવન :** શ્રુતને ગ્રહણ કરી ચૂકેલાએ વિદ્યાગુરુનો નિહ્નવ ન કરવો. જે શ્રુત જેની પાસે ભણ્યું હોય, ત્યાં તેનું જ નામ લેવું, બીજાનું નહિ. જો બીજાનું નામ આપે તો ચિત્તની મલિનતા પ્રાપ્ત થાય.

આમાં દૃષ્ટાન્ત છે - એક હજામની અસ્ત્રાની સામગ્રી વિદ્યાનાં સામર્થ્યથી આકાશમાં અદ્ધર રહે છે. એક પરિવ્રાજક તેને ઘણી સેવાઓથી સેવીને તેની પાસેથી તે વિદ્યા મેળવી પછી અન્ય સ્થાને જઈને પોતાના ત્રિદંડને આકાશમાં રાખે છે, એના કારણે ઘણા લોકો એની પૂજા કરે છે. રાજાએ પૂછ્યું કે, ''ભગવન્ ! શું આ વિદ્યાનો અતિશય છે ? કે તપનો અતિશય છે ?'' તે કહે છે કે, ''વિદ્યાનો અતિશય છે.'' રાજાએ પૂછ્યું ''કોની પાસેથી આ મેળવ્યો ?'' તે કહે છે કે, ''હિમાલય ઉપર ફલાહાર કરનારા ઋષિની પાસેથી મેં આ મેળવ્યો છે.'' આ પ્રમાણે એ બોલ્યો કે તરત જ સંક્લેશની દુષ્ટતાનાં કારણે તે ત્રિદંડ ધડ્ કરતું પડી ગયું.

આ પ્રમાણે જે આત્મા અલ્પજ્ઞાનવાળા આચાર્યનો અપલાપ કરી (એમનું નામ છુપાવીને) બીજાનું નામ કહે છે તેને ચિત્તસંક્લેશરૂપ દોષને કારણે તે વિદ્યા પરલોકને માટે થતી નથી. (અર્થાત્ પરલોકમાં એનું હિત થતું નથી...)

**(૬-૭-૮) સૂત્ર, અર્થ અને તદુભયને** આશ્રયીને ભેદ-ફેરફાર ન કરવો. કહેવાનો ભાવ એ છે કે શ્રુત માટે પ્રયત્ન કરતાં, શ્રુતના ફલને ઇચ્છતાં વ્યક્તિએ સૂત્રભેદ, અર્થભેદ અને ઉભયભેદ ન કરવો.

તેમાં વ્યંજનભેદ આ પ્રમાણે કે धम्मो मंगलमुक्किट्ठं આવું બોલવાનું હોય ત્યાં, એના સમાનાર્થી શબ્દો બોલે કે पुण्णं कल्लाणमुक्कोसं

અર્થભેદ આ પ્રમાણે કે ''आवन्ती केयावन्ती लोगंसि विप्परामुसन्ति'' આવું આચારાંગનું સૂત્ર છે. એનો ખરો અર્થ એ છે કે ''જેટલા કોઈક લોકો આ પાખંડિલોકમાં વિપરામર્શ કરે છે...'' એને બદલે કોઈક આમાં સૂત્ર બદલ્યા વિના જ અર્થ બદલી નાંખે છે કે 'आवन्ती- અવંતિદેશમાં केया- દોરડી वान्ता- પડી ગઈ. લોક વિચારે છે કે, ''કુવામાં પડી છે.''

ઉભયભેદ તો સૂત્ર અને અર્થ બંનેનાં યાથાત્મ્યનો = વાસ્તવિકસ્વરૂપનો નાશ કરવાથી થાય. તે આ પ્રમાણે : ''धर्मो मङ्गलमुत्कृष्टः अहिंसा पर्वतमस्तके'' આમાં સૂત્રનો ભેદ પણ થાય અને અર્થનો ભેદ પણ થાય છે.

આમાં દોષ એ છે કે વ્યંજનનો ભેદ થાય એટલે અર્થનો ભેદ થાય. અર્થનો ભેદ થાય એટલે ક્રિયાનો ભેદ થાય અને ક્રિયાનો ભેદ થાય એટલે મોક્ષનો અભાવ થાય, મોક્ષનો અભાવ થાય એટલે દીક્ષા નકામી બને.

આમાં ઉદાહરણ अंधीयतां कुमारः છે. સૂત્રભેદ, અર્થભેદ, ઉભયભેદ આ ત્રણેયમાં આ જ દૃષ્ટાન્ત ઘટાડી દેવું. આ દૃષ્ટાન્ત પ્રસિદ્ધ હોવાથી અને અનુયોગ દ્વારોમાં કહેલું હોવાથી

અહીં એ દેખાડેલ નથી.

આમ કાલાદિ ભેદ દ્વારા આઠ પ્રકારનો જ્ઞાનાચાર-જ્ઞાનની આસેવનાનો પ્રકાર છે.

જ્ઞાનાચાર કહેવાઈ ગયો.'

(સટીક દશવૈકાલિકસૂત્રના મુનિશ્રી ગુણહંસવિજયજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

ગુરુ આઠ પ્રકારના જ્ઞાનાચારોથી યુક્ત હોય છે.

દર્શન એટલે સમ્યક્ત્વ. તેના આચારો તે દર્શનાચારો. તે આઠ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ નિઃશંકિત, ૨ નિષ્કાંક્ષિત, ૩ નિર્વિચિકિત્સ, ૪ અમૂઢદૃષ્ટિ, ૫ ઉપબૃંહણા, ૬ સ્થિરીકરણ, ૭ વાત્સલ્ય અને ૮ પ્રભાવના. **દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિ**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'દર્શનાચાર આઠ પ્રકારનો છે. એની જ ગાથા કહે છે.

(૧) **નિઃશંકિત :** શંકા એટલે શંકિત. જેમાંથી શંકિત - શંકા નીકળી ગઈ છે એ નિઃશંકિત કહેવાય. અર્થાત્ દેશશંકા અને સર્વશંકાથી રહિત જીવ તે નિઃશંકિત.

તેમાં દેશશંકા આ પ્રમાણે કે બધા જીવોમાં જીવત્વ સમાન હોવા છતાં એવું શા માટે કે એક ભવ્યજીવ અને બીજો અભવ્યજીવ...આ પ્રમાણે શંકા કરે. (અહીં જીવત્વ માન્યું છે, એટલે એની શંકા નથી. પણ ભવ્યત્વાદિની શંકા છે, એટલે આ દેશશંકા છે.)

સર્વશંકા આ પ્રમાણે કે દ્વાદશાંગીરૂપ આખુંય શ્રુત પ્રાકૃતભાષામાં ગુંથાયેલ હોવાથી એ કાલ્પનિક હશે. (જો શ્રુતનાં બનાવનાર વિદ્વાન હોત તો સંસ્કૃત જેવી ઊંચી ભાષામાં જ શ્રુતરચના કરત ને ? આવી સામાન્ય લોકભોગ્ય ભાષામાં શ્રુતની રચના કરી છે. એટલે લાગે છે કે એ માણસ કોઈ જ્ઞાની નહિ હોય, પણ માત્ર કલ્પનાઓ દ્વારા આ શ્રુતની રચના કરી હશે...આમાં આખીય દ્વાદશાંગી ખોટી હોવાની શંકા છે. એટલે આ સર્વશંકા કહેવાય.)

આ શંકા કરનારો વિચારતો નથી કે પદાર્થો બે પ્રકારનાં છે. હેતુગ્રાહ્ય અને અહેતુગ્રાહ્ય. તેમાં જીવનું અસ્તિત્વ વગેરે પદાર્થો હેતુગ્રાહ્ય છે. યુક્તિ દ્વારા એ પદાર્થો સિદ્ધ થઈ શકે છે. જ્યારે ભવ્યત્વ વગેરે પદાર્થો હેતુગ્રાહ્ય નથી.

(**પ્રશ્ન :** કેમ ! શા માટે એ પદાર્થો હેતુગ્રાહ્ય નથી ? શું આ પદાર્થોની સિદ્ધિ માટેનાં કોઈ હેતુ જ નથી ?)

**ઉત્તર :** (ના, ના, એના હેતુ તો છે. પરંતુ) ભવ્યત્વાદિ પદાર્થોની સિદ્ધિ કરનારા જે હેતુઓ છે તે આપણાં બધાનાં જ્ઞાન કરતાં ઊંચા જ્ઞાનનો વિષય બનનારા છે. એટલે એ પદાર્થો આપણે હેતુથી જાણી શકતા નથી. (ટૂંકમાં એ હેતુઓ છે તો ખરા, પણ કેવલજ્ઞાનાદિ દ્વારા જ એ જાણી શકાય. એટલે આપણે માટે તો ભવ્યત્વાદિપદાર્થો શ્રદ્ધાગ્રાહ્ય છે. યુક્તિગ્રાહ્ય નથી.)

તથા દ્વાદશાંગીનું પ્રાકૃતભાષામાં ગુંથન કરેલ છે, એ પણ એટલા માટે કે એ બાલાદિસાધારણ છે. (અર્થાત્ જો સંસ્કૃતાદિભાષામાં એની રચના કરે, તો બાલજીવો એને જલ્દી સમજી ન શકે, અને તો પછી એમના ઉપર ઉપકાર ન થઈ શકે. જ્યારે આ દ્વાદશાંગી તો બાલાદિ બધા જીવોને ઉપયોગી બને એ માટે છે. એટલે એની રચના પ્રાકૃતભાષામાં કરી છે. એ વખતની લોકભાષા પ્રાકૃત હતી, એટલે બાલ, સ્ત્રી વગેરે માટે આ ગ્રંથો ઉપકારી બની રહ્યા.)

કહ્યું છે કે 'બાલ, સ્ત્રી, મૂઢ અને મૂર્ખ અને જે ચારિત્રેચ્છાવાળા જીવો છે, તેઓ ઉપર ઉપકાર કરવા માટે તત્ત્વજ્ઞોએ પ્રાકૃતસિદ્ધાન્ત બનાવ્યો છે.''

એટલે પ્રાકૃતભાષામાં હોવા માત્રથી એ કાલ્પનિક - અસત્ ન મનાય.

વળી આ સિદ્ધાન્ત દૃષ્ટ-અવિરુદ્ધ અને ઈષ્ટ-અવિરુદ્ધ છે, એટલે પણ એ કાલ્પનિક નથી. પરંતુ વાસ્તવિક છે. સાચો છે એમ માનવું.

(**ભાવાર્થ :** સિદ્ધાન્તમાં જે પદાર્થો પ્રરૂપેલા છે, એનાથી વિરુદ્ધ કશું પ્રત્યક્ષથી દેખાતું નથી. દા.ત. જો શાસ્ત્રમાં કીડીને પાંચ ઇન્દ્રિય કહી હોત તો કીડીમાં પ્રત્યક્ષથી ત્રણ જ ઇન્દ્રિયો અનુભવાય છે, એટલે શાસ્ત્રવચન પ્રત્યક્ષવિરુદ્ધ = દૃષ્ટવિરુદ્ધ બનત. પણ આવું કોઈ પણ વચન નથી.

ઈષ્ટ - અવિરુદ્ધ એટલે જિનાગમોનાં કોઈપણ બે વચનો પરસ્પર વિરોધી નથી. એક વચનનો બીજા વચન સાથે વિરોધ આવતો નથી. દા.ત. ''કોઈપણ જીવોને મારવા નહિ.'' એમ વચન છે અને જો ''યજ્ઞમાં ૫૦૦ બકરા કાપી નાંખવા'' એવું પણ વચન હોત તો આ બીજા વચન સાથે પહેલા વચનને વિરોધ આવે છે. એટલે તે ઈષ્ટવિરુદ્ધ બની જાય. ઈષ્ટ = શાસ્ત્રનું જ અન્ય વચન. પરંતુ જિનાગમો આવા ઈષ્ટ-વિરુદ્ધ નથી. ભલે આપણને તે તે બે વચનો વચ્ચે વિરોધ દેખાય, પણ સ્યાદ્વાદનો બોધ હોય તો એ બે વચનો વચ્ચે અવિરોધ સમજાય.)

શંકા નુકસાનકારી છે, એ સંબંધમાં પેય-અપેય દૃષ્ટાન્ત છે. તે આવશ્યકમાં જે પ્રમાણે

કહ્યું છે, તે પ્રમાણે સમજી લેવું.

આમ નિઃશંકિત જીવ પોતે જ અરિહંતશાસનને પામેલો છતો દર્શનનું આચરણ કરતો હોવાથી દર્શનાચારની પ્રધાનતાની વિવક્ષા દ્વારા દર્શનાચાર કહેવાય છે.

(**ભાવાર્થ** : જીવ પોતે દર્શનાચારવાળો છે, દર્શનાચાર નથી. છતાં અહીં તો જીવને જ દર્શનાચાર કહ્યો છે. એનું કારણ એ કે એ દર્શનાચાર પાળે તો છે જ, અને એટલે અહીં દર્શનાચારને મુખ્ય તરીકે ગણી એની જ વિવક્ષા કરી આ જીવને જ દર્શનાચાર કહી દીધો છે.)

દર્શનવાળાને જ દર્શનરૂપ - દર્શનાચારરૂપ દર્શાવવા દ્વારા દર્શન અને દર્શનીનો અભેદ જણાવ્યો છે. જો તે બે વચ્ચે એકાન્તે ભેદ માનો તો અદર્શનીને જેમ દર્શનનું ફલ નથી મળતું એમ દર્શનીને પણ દર્શનનું ફલ ન મળે અને તો પછી મોક્ષનો અભાવ જ થઈ જાય.

(મિથ્યાત્વીને સમ્યક્ત્વનું ફળ નથી મળતું, કેમકે મિથ્યાત્વી સમ્યક્ત્વથી એકાંતે જુદો છે. તો હવે જો સમ્યક્ત્વીને પણ સમ્યક્ત્વથી એકાંતે જુદો માનો, તો મિથ્યાત્વીની જેમ સમ્યક્ત્વીને પણ ફળ ન મળે. આ આપત્તિ ન આવે એ માટે સમ્યક્ત્વી અને સમ્યક્ત્વનો પરસ્પર કથંચિત્ અભેદ માનવો જોઈએ.)

આ રીતે બાકીનાં પદોમાં (નિષ્કાંક્ષિત...આદિ ત્રણ પદોમાં) પણ વિચારી લેવું. (એમાં પણ આચારવાળા જીવને જ આચારરૂપ કહી દીધો છે, એટલે એ બધામાં ઉપરની યુક્તિઓ જોડી દેવી.)

(૨) **નિષ્કાંક્ષિત** : દેશકાંક્ષા અને સર્વકાંક્ષાથી રહિત હોય તે નિષ્કાંક્ષિત કહેવાય..

દેશકાંક્ષા આ પ્રમાણે કે દિગંબરાદિ કોઈક એક દર્શનની ઇચ્છા કરે.

સર્વકાંક્ષા આ પ્રમાણે કે બધા જ દર્શનની ઇચ્છા કરે. (બધા ધર્મોની આરાધના કરું એટલે મને બધા ફલો મળે...)

આ કાંક્ષાવાળો જીવ એમ ન વિચારે કે અન્યદર્શનમાં તો ષડ્જીવનિકાયની હિંસા છે અને અસત્પ્રરૂપણા છે. એમ બૌદ્ધાદિ સર્વમતમાં આ બંને વસ્તુ છે.

દેશ-સર્વકાંક્ષાસંબંધમાં રાજા અને મંત્રીનું ઉદાહરણ આવશ્યકનિર્યુક્તિમાં દર્શાવ્યા પ્રમાણે જાણવું.

(૩) **વિચિકિત્સા** : મતિનો વિભ્રમ એ વિચિકિત્સા, જેમનામાંથી મતિવિભ્રમ નીકળી

ગયો છે, તે નિર્વિચિકિત્સ કહેવાય.

એ મતિવિભ્રમ આવો હોય કે, ''જિનદર્શન તો સાચું જ છે. પરંતુ એમાં પ્રવૃત્તિ કરનારા એવા પણ મને આ જિનદર્શન દ્વારા ફળ મળશે કે નહિ ? કેમકે ખેડૂત વગેરેમાં ક્રિયાની બંને બાબતોની ઉપલબ્ધિ થાય છે. એટલે કે ખેડૂતો ખેતીક્રિયા કરે, તો એમાં કોઈકને ફળ મળે છે, કોઈકની ખેતી નિષ્ફળ જાય છે. તો એ રીતે મારી પણ આ ક્રિયાઓ નિષ્ફળ તો નહિ જાય ને ?''

આવા પ્રકારનાં મતિવિભ્રમથી રહિત હોય તે નિર્વિચિકિત્સ.

એને આવો નિશ્ચય હોય કે ''અવિકલ = સંપૂર્ણ ઉપાય ઉપેયવસ્તુ = સાધ્યવસ્તુને અપાવડાવનાર ન બને એવું ન બને. અર્થાત્ ખેડૂતોને જો ખેતી કરવામાં પાણી, સારું બીજ, મહેનત વગેરે બધા ઉપાયો પ્રાપ્ત થાય તો અવશ્ય ફળ મળે જ છે. જ્યાં ખેતી નિષ્ફળ થઈ છે, ત્યાં કોઈકને કોઈક કારણોની ગેરહાજરી જ કામ કરી ગઈ છે. એટલે સંપૂર્ણ ઉપાય હોય, તો ફલ મળે જ.''

(न ह्यविकल्प उपायः એ પ્રમાણે પાઠ છે. પરંતુ अविकल પાઠ વાસ્તવિક લાગે છે. છતાં જો છપાયેલા પાઠ પ્રમાણે જ અર્થ કરવો હોય તો આ પ્રમાણે - વિકલ્પ = ઉપર દર્શાવેલ મતિવિભ્રમ. આવા મતિવિભ્રમરહિત ઉપાય કાર્યસાધક બને જ, અથવા તો અવિકલ્પ = નિશ્ચિત = સાચો ઉપાય ફલસાધક બને જ...)

આમાં ઉદાહરણ વિદ્યાસાધકનું છે. તે જેમ આવશ્યકમાં દર્શાવેલ છે, એમ સમજી લેવું.

અથવા તો

निर्विज्जुगुप्सः એમ શબ્દ લો. એટલે કે સાધુની જુગુપ્સાથી રહિત.

આમાં ઉદાહરણ શ્રાવકપુત્રી છે, તે પણ આવશ્યકમાં જ જેમ દર્શાવેલ છે, તેમ સમજવું.

(૪) **અમૂઢદૃષ્ટિ** : બાલતપસ્વીનાં તપ, વિદ્યાનાં અતિશયનાં દર્શન દ્વારા જેની દૃષ્ટિ (=સમ્યક્ત્વ) સ્વરૂપમાંથી ચલિત નથી થઈ તે અમૂઢદૃષ્ટિ. (અર્થાત્ મિથ્યાત્વીઓનાં તપાદિ જોઈને પણ જે જૈનદર્શનમાં શ્રદ્ધા ગુમાવતો નથી તે અમૂઢદૃષ્ટિ.)

આમાં ઉદાહરણ સુલસા શ્રાવિકા છે.

તે આ પ્રમાણે - લૌકિકઋષિ (પરિવ્રાજક) અંબડ રાજગૃહ નગરીમાં જતો હતો, ત્યારે

પ્રમુએ ઘણાં ભવ્યજીવોને સ્થિર કરવા માટે એને કહ્યું કે, ''સુલસાને પૃચ્છા કરજે.'' અંબડ વિચારે છે કે, ''સુલસા પુણ્યશાળી છે કે અરિહંત એની પૃચ્છા કરે છે.'' પછી અંબડે પરીક્ષા માટે તેની પાસે ભોજનની માંગણી કરી. તેણીએ ન આપ્યું. ત્યારબાદ તેણે ઘણાં બ્રહ્માદિરૂપો વિકુર્વ્યા. તો પણ તેણીએ ન આપ્યું. એ સંમોહન ન પામી.

આ રીતે કુતીર્થિકોની ઋદ્ધિ જોઈને મૂઢદૃષ્ટિવાળા ન થવું.

આટલો દર્શનાચારનિર્દેશ ગુણીપ્રધાન કર્યો. અર્થાત્ દર્શનાચારાવાળાને = ગુણીને જ ગુણ = આચાર રૂપ દર્શાવ્યો. હવે ગુણપ્રધાન દર્શનાચારનિર્દેશ કરે છે. ઉપબૃંહણા...વગેરે.

**(૫) ઉપબૃંહણા** - તેમાં ઉપબૃંહણા એટલે સમાન ધર્મવાળાઓનાં સદ્ગુણોની પ્રશંસા દ્વારા તે સદ્ગુણોની વૃદ્ધિ કરવી.

**(૬) સ્થિરીકરણ** - સ્થિરીકરણ એટલે ધર્મમાંથી સીદાતા જીવોને ધર્મમાં જ સ્થાપવા.

ઉપબૃંહણામાં ઉદાહરણ આ પ્રમાણે છે કે રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા છે. આ બાજુ શક્ર દેવરાજ તેના સમ્યક્ત્વની પ્રશંસા કરે છે. એક દેવ એની શ્રદ્ધા નથી કરતો. એ નગરની બહાર નીકળેલા શ્રેણિકની આગળ નૂતનસાધુનું રૂપ કરીને માછલાઓ પકડે છે. ત્યારે શ્રેણિક તે સાધુને અટકાવે છે. વળી અન્યસ્થાને શ્રેણિકની આગળ ગર્ભવતી સાધ્વીજી ઉપસ્થિત થયા, ત્યારે શ્રેણિક એમને ઓરડામાં રાખીને જેમ કોઈ ન જાણે એ રીતે સૂતિગૃહ કરાવે છે. પછી જે કંઈપણ સૂતિકર્મ છે તે બધું જ જાતે જ કરે છે. ત્યારપછી તે દેવ સાધ્વીના રૂપને ત્યાગીને દિવ્ય દેવસ્વરૂપ દેખાડે છે અને કહે છે કે ''શ્રેણિક ! તને જન્મ-જીવનનું ફલ સુલબ્ધ છે (અર્થાત્ તારો જન્મ સફળ થયો) કે જે તારી પ્રવચનની ઉપર આટલી ભક્તિ છે.'' આ પ્રમાણે પ્રશંસા કરીને દેવ ગયો.

આ રીતે સાધર્મિકોની ઉપબૃંહણા કરવી જોઈએ.

સ્થિરીકરણમાં ઉદાહરણ આ પ્રમાણે છે કે ઉજ્જૈનીમાં આર્ય અષાઢાચાર્ય કાલ કરનારા સાધુઓને સંદેશો આપે છે = શીખવાડે છે કે ''દેવ થઈને તમે મને દર્શન આપજો..'' આ આખું કથાનક જે રીતે ઉત્તરાધ્યયનમાં કહ્યું છે, તે આખું જ એ જ પ્રમાણે સમજવું.

જે રીતે તે આર્ય અષાઢ સ્થિર કરાયા, એમ જે ભવ્યજીવો હોય તેને સ્થિર કરવા.

**(૭) વાત્સલ્ય** : વાત્સલ્ય એટલે સાધર્મિકો ઉપર પ્રીતિ અને ઉપકાર કરવો.

**(૮) પ્રભાવના** : ધર્મકથાદિ દ્વારા જિનશાસનની પ્રસિદ્ધિ કરવી.

તેમાં વાત્સલ્યમાં ઉદાહરણ આર્યવજ્રસ્વામી છે. એમણે દુકાળમાં સંઘને ત્યાંથી બહાર કાઢ્યો...એ બધું જ આવશ્યકાનુસારે જાણી લેવું.

પ્રભાવનામાં તે આર્યવજ્રસ્વામી જ દૃષ્ટાન્ત છે. એમણે અગ્નિશિખા (સ્થળ વિશેષ)થી સૂક્ષ્મકાયિકોને = પુષ્પોને લાવીને શાસનની પ્રભાવના કરી...આ કથાનક આવશ્યકાનુસારે કહેવું.

આ પ્રમાણે સાધુએ પણ સર્વપ્રયત્નથી શાસનની પ્રભાવના કરવી.

આ આઠ પ્રકારનો દર્શનાચાર છે. આઠ પ્રકારો તો નિઃશંકિત વગેરે કહી જ દીધા છે.

**પ્રશ્ન :** આ છેલ્લા આચારોનો નિર્દેશ ગુણપ્રધાન છે. એમાં ઉપબૃંહણાદિ ગુણોને જ પ્રધાન રાખીને એને આચાર કહ્યા છે. એવું શા માટે ?

**ઉત્તર :** ગુણ અને ગુણી વચ્ચે અપેક્ષાએ ભેદ છે, એવું દર્શાવવા માટે ગુણપ્રધાન આ નિર્દેશ કરેલો છે. જો બંને વચ્ચે એકાન્તે અભેદ માનીએ, તો ગુણનો નાશ થાય એટલે ગુણીનો પણ નાશ થાય એમ જ માનવું પડે અને એ રીતે તો બધું શૂન્ય થઈ જવાની આપત્તિ આવે. (આત્માનાં જ્ઞાનોપયોગાદિ કોઈક ગુણનો નાશ થાય એટલે એનાથી એકાન્તે અભિન્ન એવા આત્માનો પણ નાશ થાય. એટલે બધા જ આત્મા નાશ પામી જાય એટલે ક્રમશઃ આખું જગત આત્મા વિનાનું થઈ જવાની આપત્તિ આવે.)'

(સટીક દશવૈકાલિકસૂત્રના મુનિશ્રી ગુણહંસવિજયજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

ગુરુ આઠ પ્રકારના દર્શનાચારથી યુક્ત હોય છે.

બધા સાવદ્ય યોગોનો ત્યાગ તે ચારિત્ર છે. તેનો આચાર તે ચારિત્રાચાર. તે આઠ પ્રકારનો છે. તે આ પ્રમાણે - પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓમાં એકાગ્રતાવાળા યોગોથી યુક્તપણું. **દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિ**માં અને **તેની વૃત્તિ**માં કહ્યું છે -

**'ગાથાર્થ** - પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ વડે એકાગ્રતાવાળા યોગોથી યુક્ત એ આઠ પ્રકારનો ચારિત્રાચાર જાણવો. (૧૮૫)

**ટીકાર્થ** - હવે ચારિત્રાચારને કહે છે - પ્રણિધાન એટલે ચિત્તની સ્વસ્થતા. યોગો એટલે વ્યાપારો. પ્રણિધાન જેમાં પ્રધાન છે એવા યોગો તે પ્રણિધાનયોગો. તેમનાથી યુક્ત તે પ્રણિધાનયોગયુક્ત. એ સામાન્યથી અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ હોય છે, એથી કહે છે - પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ વડે જે પ્રણિધાનયોગોથી યુક્ત, આવા યોગોથી યુક્ત એટલે

આવા યોગવાળો જ, અથવા પાંચ સમિતિઓમાં અને ત્રણ ગુપ્તિઓમાં એટલે કે એમને આશ્રયીને જે પ્રણિધાનયોગયુક્ત છે એ ચારિત્રાચાર છે, આચાર અને આચારવાનનો કંઈક અભેદ હોવાથી, તે આઠ પ્રકારનો જાણવો, સમિતિ અને ગુપ્તિના ભેદથી. સમિતિ અને ગુપ્તિનું શુભ પ્રવૃત્તિ-નિવૃત્તિ સ્વરૂપ જેમ પ્રતિક્રમણમાં કહ્યું છે તેમ જાણવું એમ ગાથાનો અર્થ છે. (૧૮૫)'

ગુરુ આઠ પ્રકારના ચારિત્રાચારથી યુક્ત હોય છે.

વાદી એટલે આચાર્ય. તેમના આચારવાન વગેરે ગુણો તે વાદીગુણો. તે આઠ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ આચારવાન, ૨ અવધારણાવાન, ૩ વ્યવહારવાન, ૪ અપવ્રીડક, ૫ કારક, ૬ નિર્યાપક, ૭ અપાયદર્શી અને ૮ અપરિસ્રાવી. **સંવેગરંગશાળા**માં કહ્યું છે -

'આચારવાન, અવધારણાવાન, વ્યવહારવાન, અપવ્રીડક, પ્રકુર્વી, નિર્યાપક, અપાયદર્શી અને અપરિસ્રાવી જાણવો. (૪૬૩૫) પાંચ પ્રકારના આચારને જે નિરતિચારપણે આચરે અને બીજા પાસે આચરાવે અને બરાબર બતાવે એ આચારવાન છે. (૪૬૩૬) ચૌદપૂર્વી, દસપૂર્વી, નવપૂર્વી, મહાબુદ્ધિમાન, સાગરની જેમ ગંભીર, કલ્પ-વ્યવહારને ધારણ કરનારો આધારવાન કહેવાય છે. (૪૬૩૯) તત્ત્વથી વિસ્તારપૂર્વક પાંચ પ્રકારના વ્યવહારને જે જાણે છે, જેણે ઘણીવાર આલોચના જોઈ હોય અને કરાવી હોય તે વ્યવહારવાન છે. (૪૬૫૭) ઓજસ્વી, તેજસ્વી, વચસ્વી, વિસ્તરેલી કીર્તિવાળા, સિંહ જેવા આચાર્યને જિનેશ્વરોએ અપવ્રીડક કહ્યા છે. (૪૬૬૪) અહીં સારી રીતે સમજાવવા છતાં પણ તીવ્ર ગારવ વગેરેને લીધે કોઈ સાધુ પોતાના દોષોની બરાબર આલોચના ન કરે તો અપવ્રીડક ગુરુએ તેની શરમ દૂર કરવી. અથવા જેમ સિંહણ પેટમાં ગયેલું શિયાળીનું માંસ વમે છે તેમ આચાર્ય અનુદ્યત સાધુના દોષો કર્કશ વાણીઓવડે કઢાવે. તે તેની માટે કડવા ઔષધની જેમ પથ્ય થાય છે. (૪૬૬૬-૪૬૬૭-૪૬૬૮) પોતાના પરિશ્રમને ગણકાર્યા વિના જે આચાર્ય હંમેશા સાધુની સંભાળમાં વર્તે છે તે અહીં પ્રકુર્વક છે. (૪૬૭૪) નિર્યાપક સાધુને સમાધિ કરવા માટે સ્નિગ્ધ, મધુર, હૃદયને ગમે એવી, દૃષ્ટાંત અને હેતુથી યુક્ત એવી કથા કહે. (૪૬૮૧) જો કોઈ વિવેક વિનાનો બરાબર ઉપયોગવાળો થઈને આલોચના ન કરે તો તેને જે અપાય બતાવવાપૂર્વક આ પ્રમાણે કહે, 'આલોચના ન કરવા પર આલોકમાં શઠ એવી સંભાવના થાય છે અને અપકીર્તિ થાય છે, વળી પરલોકમાં માયાવીપણાને લીધે અસાર એવા સંસારની અંદર ભમવાનું થાય છે. આ ભવમાં કરેલી ભાવવિનાની કષ્ટ

ક્રિયાઓ પણ કુગતિનું કારણ છે.' તે જ આચાર્ય અપાયદર્શી કહેવાય છે. (૪૬૮૭, ૪૬૮૮, ૪૬૮૯) લોઢાના પાત્રમાં નાંખેલા પાણીની જેમ આલોચના કરાયેલા અતિચારો જેમનામાંથી ઝરતા નથી તેમને અપરિસ્રાવી કહે છે. (૪૭૦૭)'

ગુરુ આઠ પ્રકારના આચારવાન વગેરે ગુણોથી યુક્ત હોય છે.

જેનાથી બોધ પમાય છે તે બુદ્ધિ છે. તે ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે - ૧ ઔત્પત્તિકી, ૨ વૈનયિકી, ૩ કર્મજ અને ૪ પારિણામિકી. **શ્રીનંદિસૂત્ર**માં અને તેની **હરિભદ્રસૂરિ રચિત વૃત્તિ**માં કહ્યું છે -

'ઔત્પત્તિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી એમ ચાર પ્રકારની બુદ્ધિ તીર્થંકરોએ અને ગણધરોએ કહી છે. પાંચમી બુદ્ધિ ન હોવાથી કેવલી પણ જાણતા નથી. જેનું કારણ ઉત્પત્તિ જ છે તે ઔત્પત્તિકી બુદ્ધિ. **પ્રશ્ન** - ઔત્પત્તિકી બુદ્ધિનું કારણ તો ક્ષયોપશમ છે, તો પછી ઉત્પત્તિ જ તેનું કારણ કેમ કહ્યું ? **જવાબ** - તમારી વાત સાચી છે. ક્ષયોપશમ એ અંતરંગ (અંદરનું) કારણ હોવાથી તે બધી બુદ્ધિઓનું સામાન્ય કારણ છે. એટલે તેની વિવક્ષા નથી કરાતી. ઔત્પત્તિકી બુદ્ધિ બાહ્ય એવા શાસ્ત્ર, પોતાના કાર્યનો અભ્યાસ વગેરે કારણોની અપેક્ષા રાખતી નથી, માત્ર ઉત્પત્તિથી જ તે થાય છે, માટે ઔત્પત્તિકી બુદ્ધિ કહેવાય છે. જેનું કારણ ગુરુની સેવા રૂપ વિનય છે અથવા જેમાં વિનય પ્રધાન છે એવી બુદ્ધિ તે વૈનયિકી બુદ્ધિ. આચાર્યની સહાય વિના જાતે શીખાય તે કર્મ. આચાર્ય પાસેથી શીખાય તે શિલ્પ. કર્મ એટલે રોજની ક્રિયા. શિલ્પ ક્યારેક કરાય. કર્મથી થયેલી બુદ્ધિ તે કર્મજા બુદ્ધિ. ચારે બાજુથી નમવું તે પરિણામ. ઘણા લાંબા કાળ સુધી આગળ-પાછળના કાર્યોને જોવા વગેરેથી ઉત્પન્ન થયેલો આત્માનો ધર્મ તે પરિણામ. જેનું કારણ પરિણામ છે અથવા જેમાં પરિણામ પ્રધાન છે તે પારિણામિકી બુદ્ધિ. જેનાથી જણાય તે બુદ્ધિ એટલે મતિ. (૫૯)

ઔત્પત્તિકી બુદ્ધિનું લક્ષણ બતાવતા કહે છે -

બુદ્ધિ ઉત્પન્ન થયા પહેલા પોતે નહીં જોયેલા, બીજા પાસેથી નહીં સાંભળેલા, મનથી પણ નહીં વિચારાયેલા ઈષ્ટ પદાર્થને તે જ ક્ષણે બરાબર જાણનારી અને અવ્યાહત ફળના યોગવાળી બુદ્ધિ તે ઔત્પત્તિકી બુદ્ધિ. જેનું ફળ અવશ્ય મળે, જે આલોક-પરલોકથી વિરુદ્ધ ન હોય અને જે બીજા ફળથી બાધિત ન હોય તે અવ્યાહત. (૬૦)

હવે વૈનયિકી બુદ્ધિનું લક્ષણ બતાવતા કહે છે -

મુશ્કેલીથી પાર પાડી શકાય એવા ઘણા મોટા કાર્યરૂપ ભારને પાર ઊતરવામાં સમર્થ,

ધર્મ-અર્થ-કામ રૂપ ત્રણ વર્ગના અથવા ત્રણલોકરૂપ ત્રણ વર્ગના સૂત્ર અને અર્થના પ્રમાણને કે સારને ગ્રહણ કરનારી, આલોક અને પરલોકમાં ફળ આપનારી, વિનયથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ તે વૈનયિકી બુદ્ધિ. ધર્મ-અર્થ-કામને મેળવવામાં તત્પર એવા ઉપાયોને બતાવનારું હોય તે સૂત્ર. તેનું વિવેચન તે અર્થ. **પ્રશ્ન** - જો વૈનયિકી બુદ્ધિ ત્રણ વર્ગના સૂત્ર અને અર્થના સારને ગ્રહણ કરનારી હોય તો તેના અશ્રુતનિશ્રિતપણામાં વિરોધ આવે, કેમકે શ્રુતના અભ્યાસ વિના ત્રણ વર્ગના સૂત્ર અને અર્થના સારને ગ્રહણ કરવાપણું સંભવતું નથી. **જવાબ** - અહીં બુદ્ધિને અશ્રુતનિશ્રિત કહી છે તે બહુલતાને આશ્રયીને કહી છે, એથી અહીં વૈનયિકી બુદ્ધિ થોડા શ્રુતથી નિશ્રિત હોવા છતાં પણ કોઈ દોષ નથી. (૬૪)

હવે કર્મજા બુદ્ધિનું લક્ષણ બતાવતા કહે છે -

કાર્યમાં મનની એકાગ્રતારૂપ ઉપયોગ વડે કાર્યના સારને એટલે પરમાર્થ (પરિણામ)ને જોનારી એટલે કે મનની એકાગ્રતાથી કાર્યના પરમાર્થને જાણનારી, કાર્યના અભ્યાસ અને વિચારથી વિશાળ થયેલી, 'સારું કર્યું, સારું કર્યું' એવી વિદ્વાનોની પ્રશંસાથી ફળવાળી અથવા જેનું બધું ફળ સારું છે એવી, કર્મથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ તે કર્મજા બુદ્ધિ. (૬૭)

હવે પારિણામિકી બુદ્ધિનું લક્ષણ બતાવતા કહે છે -

અનુમાન-હેતુ-દૃષ્ટાંતથી સાધ્ય પદાર્થને સાધનારી, વયની પરિપક્વતાથી પુષ્ટ થયેલી, અભ્યુદય કે તેના કારણ અને મોક્ષ કે તેના કારણ રૂપ ફળવાળી બુદ્ધિ તે પારિણામિકી બુદ્ધિ છે. અનુમાન એટલે લિંગનું જ્ઞાન એટલે કે સ્વાર્થ અનુમાન. તેનું પ્રતિપાદન કરનાર વચન તે હેતુ એટલે કે પરાર્થ અનુમાન. અથવા જણાવે તે અનુમાન અને કરાવે તે હેતુ. જોયેલા અર્થને પૂર્ણ કરે તે દૃષ્ટાંત. **પ્રશ્ન** - અનુમાનના ગ્રહણથી દૃષ્ટાંતનું ગ્રહણ થઈ જ જાય છે. તેથી દૃષ્ટાંતનો ઉલ્લેખ કરવાથી સર્યું. **જવાબ** - ના, હકીકતમાં અનુમાન એક જ લક્ષણવાળુ (અવયવવાળુ) છે. કહ્યું છે. 'જ્યાં બીજી રીતે ન ઘટવા રૂપ 'અન્યથાઽનુપપન્નત્વ' હોય ત્યાં ત્રણ (અવયવો)ની શું જરૂર છે ?' વગેરે. અને દૃષ્ટાંત સાધ્યની ઉપમારૂપ છે. કહ્યું છે, 'જે સાધ્યની ઉપમારૂપ હોય તે દૃષ્ટાંત કહેવાય છે.' કાળવડે કરાયેલી શરીરની વિશેષ પ્રકારની અવસ્થા તે વય. (૬૯)'

**પહેલા કર્મગ્રંથની વૃત્તિ**માં કહ્યું છે, 'તેમાં ઔત્પત્તિકી બુદ્ધિ રોહકની જેમ, વૈનયિકી બુદ્ધિ પરદર્શનમાંથી હાથણી વગેરેને જાણનારા છાત્રની જેમ, કર્મજ બુદ્ધિ ખેડુતની જેમ અને પારિણામિકી બુદ્ધિ શ્રીવજ્રસ્વામીની જેમ જાણવી.' (ગાથા ૪ ની વૃત્તિ)

આ કથાનકો **નંદિસૂત્રની મલયગિરિસૂરિરચિત વૃત્તિ**માં સંક્ષેપથી કહ્યા છે. તે આ પ્રમાણે -

'કેટલાક દિવસ પછી રોહકની બુદ્ધિની પરીક્ષા કરવા માટે રાજાએ સામાન્યથી ગામના મુખ્ય માણસોને ઉદ્દેશીને હુકમ કર્યો - 'તમારા ગામની બહાર ઘણી મોટી શિલા છે. તેને ઉપાડ્યા વિના રાજાને યોગ્ય મંડપ કરવો.' તેથી આ પ્રમાણે હુકમ થવા પર 'રાજાનો હુકમ પાળવો અશક્ય છે' એમ વિચારીને આકુળ મનવાળું થયેલું આખું ય ગામ બહાર સભામાં ભેગું થયું. એકબીજાને પૂછવા લાગ્યા - 'હવે શું કરવું ? રાજાનો દુષ્ટ હુકમ આપણી ઉપર આવ્યો છે અને રાજાના હુકમનું પાલન નહીં કરીએ તો મોટી આફત આવશે.' આવી ચિંતાથી તેઓ વ્યાકુળ થયેલા હતા ત્યાં બપોર થઈ ગઈ. રોહક પિતાજી વિના જમતો ન હતો. પિતાજી ગામના મેળાવડામાં ગયેલા હતા. તેથી ભૂખ્યો થયેલો તે પિતા પાસે આવીને રડવા લાગ્યો - 'હું ભૂખથી ખૂબ પીડાઉં છું. તેથી ભોજન માટે ઘરે આવો.' ભરતે કહ્યું - 'વત્સ ! તું સુખી છે. ગામની કંઈ પણ ચિંતા તું જાણતો નથી.' તે બોલ્યો - 'પિતાજી શું ચિંતા છે ?' પછી ભરતે રાજાનો હુકમ વિસ્તારથી કહ્યો. તેથી પોતાની બુદ્ધિની પ્રૌઢતાને લીધે જલ્દીથી કાર્ય સાધી શકાય એવું છે એમ વિચારીને તેણે કહ્યું - 'તમે આકુળ ન થાઓ. રાજાને ઉચિત મંડપ બનાવવા માટે શિલાની નીચે ખોદો અને યોગ્ય સ્થાને થાંભલા મૂકો અને લેપ વગેરે પ્રકાર વડે સુંદર દિવાલો તૈયાર કરો.' તેણે આમ કહે છતે ગામના બધા મુખ્ય પુરુષોએ 'સારું' એમ કહી સ્વીકાર્યું. ગામના બધા ય લોકો જમવા માટે પોતપોતાના ઘરે ગયા. જમીને બધા શિલા હતી તે જગ્યાએ આવ્યા. ત્યાં કાર્ય શરૂ કર્યું. કેટલાક દિવસોમાં સંપૂર્ણ મંડપ બની ગયો. શિલાને તેનું આચ્છાદન (ઢાંકણુ) બનાવ્યું. રાજાના નિમેલા પુરુષોએ રાજાને જણાવ્યું - 'દેવ ! ગામે રાજાના હુકમનું પાલન કર્યું છે.' રાજાએ કહ્યું - 'કેવી રીતે ?' પછી તેમણે મંડપ બનાવવાના બધીય રીત કહી. રાજાએ પૂછ્યું - 'આ કોની બુદ્ધિ હતી ?' તેમણે કહ્યું - 'દેવ ! ભરતના પુત્ર રોહકની.' આ રોહકની ઔત્પત્તિકી બુદ્ધિ. (૬૩)

કોઈક નગરમાં કોઈક સિદ્ધપુત્ર રહેતો હતો. તેના બે શિષ્યો નિમિત્તશાસ્ત્ર ભણ્યા. એક શિષ્ય બહુમાનપૂર્વક અને ગુરુના વિનયમાં તત્પર થઈને ગુરુ જે કંઈ પણ ઉપદેશ આપે છે તે બધુ 'તહત્તિ' કહીને સ્વીકારીને પોતાના મનમાં સતત વિચારે છે. વિચારતા જ્યાં ક્યાંય પણ સંદેહ થાય છે ત્યાં ફરી પણ વિનયથી ગુરુ પાસે આવીને પૂછે છે. આમ સતત વિચારણાપૂર્વક શાસ્ત્રના અર્થને ચિંતવતા એવા તેની બુદ્ધિ પ્રકૃષ્ટ બની. બીજો શિષ્ય આ ગુણો વિનાનો હતો. એકવાર તે બન્ને ગુરુની આજ્ઞાથી નજીકના કોઈક ગામમાં જવા માટે

નીકળ્યા. રસ્તામાં તેમણે કેટલાક મોટા પગલા જોયા. ત્યાં વિચારીને કરનારાએ પૂછ્યું - 'અરે ! આ કોના પગલા છે ?' બીજા શિષ્યે કહ્યું - 'એમાં શું પૂછવાનું ? આ પગલા હાથીના છે.' તેથી વિચારીને કરનારો શિષ્ય બોલ્યો - 'આમ નહીં બોલતો. આ પગલા હાથણીના છે. તે હાથણી ડાબી આંખે કાણી છે. તેની ઉપર આરુઢ થઈને કોઈક રાણી જાય છે. તે રાણીનો પતિ જીવતો છે. તે રાણી ગર્ભિણી છે અને જન્મ આપવાની તૈયારીમાં છે, આજે કે કાલે જન્મ આપશે. તેણીને પુત્ર થશે.' આમ કહે છતે તે વિચાર્યા વિના કરનારો શિષ્ય કહે છે - 'આ કેવી રીતે જાણે છે ?' વિચારીને કરનારો કહે છે - 'જ્ઞાન સાબિતીની પ્રધાનતાવાળુ છે' એ વચનથી આગળ સાબિતીથી વ્યક્ત થશે. પછી તે બન્ને વિવક્ષિત ગામમાં પહોંચ્યા. તે ગામની બહારની જગ્યામાં મોટા સરોવરના કિનારે આવાસ કરીને રહેલી રાણીને બેઠેલી અને ડાબી આંખે કાણી હાથણીને જોઈ. એ વખતે કોઈક દાસીએ રાજાને કહ્યું - 'રાજાને પુત્રના લાભથી વધાવાય છે.' તેથી વિચારીને કરનારા શિષ્યે બીજા શિષ્યને બોલાવીને કહ્યું - 'દાસીનું વચન સાંભળ.' તેણે કહ્યું - 'મેં બધું સાંભળ્યું. તારું જ્ઞાન ખોટું નથી.' પછી તે બન્ને હાથ-પગ ધોઈને તે સરોવરના કિનારે વડની નીચે આરામ કરવા માટે બેઠા. જેના માથા પર પાણી ભરેલો ઘડો મૂકાયો છે એવી કોઈક ઘરડી સ્ત્રીએ તે બન્નેને જોયા. તેણીએ તે બન્નેની આકૃતિ બરાબર જોઈને પછી વિચાર્યું - 'નક્કી આ બન્ને વિદ્વાન છે. તેથી બીજા દેશમાં ગયેલો મારો પુત્ર ક્યારે આવશે ? તે પૂછું.' તેણીએ પૂછ્યું. પૂછતી વખતે જ માથા પરથી પડીને ઘડો જમીન ઉપર પડ્યો અને સેંકડો ટુકડામાં ભાંગ્યો. તેથી વિચાર્યા વિના કરનારાએ જલ્દીથી કહ્યું - 'ઘડાની જેમ તારો પુત્ર નાશ પામ્યો છે.' વિચારીને કરનારાએ કહ્યું, 'હે મિત્ર ! આમ નહીં બોલતો. આનો પુત્ર આના ઘરમાં આવી ગયો છે. હે માતા હે વૃદ્ધ સ્ત્રી ! જાઓ પોતાના પુત્રનું મુખ જુઓ'. તેથી આમ કહેવાયેલી તે સ્ત્રી જાણે કે જીવમાં જીવ આવ્યો હોય તેમ વિચારીને કરનારાને સેંકડો આશીર્વાદો આપતી પોતાના ઘરે ગઈ. તેણીએ ઘરે આવેલા, ધૂળવાળી જંઘાવાળા પોતાના પુત્રને જોયો. પુત્રે માતાને પ્રણામ કર્યા. તેણીએ પોતાના પુત્રને આશીર્વાદ આપ્યા અને નિમિત્તિયાની હકીકત કહી. પછી પુત્રને પૂછીને બે વસ્ત્રો અને કેટલાક રૂપિયા લઈને વિચારીને કરનારા શિષ્યને આપ્યા. વિચાર્યા વિના કરનારાએ પોતાના મનમાં ખેદ પામતા વિચાર્યું - 'નક્કી ગુરુએ મને બરાબર ભણાવ્યો નહીં, નહીંતર મને કેમ ખબર ન પડે ? આ તો જાણે છે.' ગુરુનું કાર્ય કરીને તે બન્ને ગુરુ પાસે આવ્યા. ત્યાં ગુરુના દર્શનમાત્ર થવા પર માથુ નમાવીને, હાથ જોડીને, બહુમાનપૂર્વક, આનંદના આંસુથી ભીની થયેલી આંખવાળો વિચારીને કરનારો ગુરુના બે પગની વચ્ચે માથુ નાંખીને પગમાં પડ્યો. બીજો શિષ્ય તો

પથ્થરના થાંભલાની જેમ શરીરને જરાય નમાવ્યા વિના ઈર્ષ્યાના અગ્નિના સંપર્કથી જાણે કે ધૂમાળા નીકળતા હોય એવું આચરણ કરે છે. તેથી ગુરુએ તેને કહ્યું - 'અરે ! કેમ પગમાં પડતો નથી ?' તેણે કહ્યું - 'જેને બરાબર ભણાવ્યો તે જ પગમાં પડશે, હું પગમાં નહીં પડું.' ગુરુએ કહ્યું - 'કેમ તને બરાબર નથી ભણાવ્યો ?' તેથી તેણે પૂર્વની બધી હકીકત કહી. પછી કહ્યું - 'આનું બધું જ્ઞાન સાચું છે, મારું નહીં.' પછી ગુરુએ વિચારીને કરનારાને પૂછ્યું - 'હે વત્સ ! કહે તેં શી રીતે આ જાણ્યું ?' તેથી તેણે કહ્યું - 'મેં તમારી કૃપાથી વિચાર કર્યો કે, 'આ હાથીરૂપ પશુના પગલા છે એ વાત તો પ્રતીત જ છે. વિશેષ વિચાર કર્યો કે, 'શું આ હાથીના પગલા છે કે હાથણીના પગલા છે ?' ત્યાં મૂત્રને જોઈને હાથણીના પગલા છે એમ નક્કી કર્યું. જમણી બાજુ વાડ ઉપર ચડેલી વેલડીઓનો વિસ્તાર હાથણીએ કાપી નાંખેલો જોયો, ડાબી બાજુએ નહીં. તેથી નક્કી કર્યું કે, 'હાથણી નક્કી ડાબી આંખે કાણી છે.' આવા પરિવાર સાથે હાથણી ઉપર બેસીને બીજો કોઈ જવાને યોગ્ય નથી. તેથી 'અવશ્ય રાજાનો કોઈ માણસ જાય છે' એમ નક્કી કર્યું. તે મનુષ્યે કોઈક જગ્યાએ હાથણી ઉપરથી ઊતરીને શરીરની ચિંતા (લઘુ નીતિ) કરી. મૂત્ર જોઈને 'રાણી છે' એ પ્રમાણે નક્કી કર્યું. ઝાડ પર લાગેલા લાલ રંગના વસ્ત્રની દશીઓના ટુકડા દેખાવાથી 'તેનો પતિ જીવતો છે' એમ નક્કી કર્યું. ભૂમિ ઉપર હાથ મૂકીને ઊભા થવાના આકારને જોઈને 'ગર્ભિણી છે' એમ નક્કી કર્યું. જમણો પગ ભારપૂર્વક મૂકવાના આકારને જોવાથી 'નજીકમાં જન્મ આપનારી છે' એમ નક્કી કર્યું. ઘરડી સ્ત્રીના પ્રશ્ન પછી ઘડો પડ્યો ત્યારે આ પ્રમાણે વિચાર કર્યો કે 'આ ઘડો જેમાંથી ઉત્પન્ન થયેલો તેમાં જ ભળ્યો તેમ પુત્ર પણ માતાને મળશે.' તેથી આમ કહે છતે ગુરુએ વિચારીને કરનારાને આંખથી આનંદપૂર્વક જોયો અને તેની પ્રશંસા કરી. બીજા શિષ્યને કહ્યું - 'તારો દોષ છે કે તું વિચાર નથી કરતો, મારો દોષ નથી. અમારી જવાબદારી તો માત્ર શાસ્ત્રના અર્થનો ઉપદેશ આપવાની છે, વિચાર કરવાની જવાબદારી તો તમારી છે.' વિચારીને કરનારાની આ વૈનયિકી બુદ્ધિ. (૬૫)

'करिसग' એ પ્રમાણે અહીં ઉદાહરણ - કોઈક ચોરે રાત્રે વાણીયાના ઘરમાં કમળ આકારનું ખાતર પાડ્યું. પછી સવારે નહીં ઓળખાયેલો તે તે જ ઘરમાં આવીને લોકો પાસેથી પ્રશંસા સાંભળે છે. ત્યાં એક ખેડુત બોલ્યો - 'શીખેલા માટે શું મુશ્કેલ છે ? જે કાર્યનો જે હંમેશા અભ્યાસ કરે છે તે પ્રકર્ષવાળા તે કાર્યને કરે છે. એમાં આશ્ચર્ય નથી.' તેથી તે ચોર ગુસ્સાની આગમાં ફૂંક મારવા સમાન આ વાક્યને સાંભળીને ગુસ્સાથી બળ્યો. પછી તેણે કોઈક પુરુષને પૂછ્યું - 'આ કોણ છે ? અથવા આ કોના સંબંધી છે ?' તેને જાણીને એકવાર છુરી કાઢીને ખેતરમાં તેની પાસે ગયો - 'અરે ! તને હમણા મારી નાંખું છું'

તેણે કહ્યું - 'કેમ ?' તે બોલ્યો - 'ત્યારે તેં મારા ખાતરની પ્રશંસા ન કરી માટે.' તે બોલ્યો - 'આ વાત સાચી છે. જે જે કર્મના અભ્યાસમાં હંમેશા તત્પર હોય છે તે તે વિષયમાં પ્રકર્ષવાળો થાય છે. તેમાં હું જ દૃષ્ટાંત છું. તે આ પ્રમાણે - જો તું કહે તો હાથમાં રહેલા આ બધા મગના દાણાને ઊંધા નાંખું અથવા સીધા નાંખું અથવા આડા નાંખું.' તેથી વધુ આશ્ચર્યચકિત મનવાળો તે બોલ્યો - 'બધા મગને ઊંધા નાંખો.' જમીન ઉપર કપડું પાથર્યું. તેણે બધા મગ ઊંધા પાડ્યા. ચોરને ઘણું આશ્ચર્ય થયું. તેણે તેની કુશળતાની વારંવાર 'અહો વિજ્ઞાન, અહો વિજ્ઞાન' એમ કહીને પ્રશંસા કરી. ચોર બોલ્યો - 'જો ઊંધા ન પડ્યા હોત તો અવશ્ય હું તને મારી નાંખત.' આ ખેડુતની અને ચોરની કર્મજા બુદ્ધિ. (૭૦)

બાળપણમાં રહેલા એવા પણ વજ્રસ્વામીએ માતાને અવગણીને સંઘનું બહુમાન કર્યું તે પારિણામિકી બુદ્ધિ છે. (૭૩)'

ગુરુ ચાર પ્રકારની બુદ્ધિઓથી સમૃદ્ધ હોય છે.

આમ છત્રીસ ગુણોના સમૂહથી શોભિત ગુરુ અજેય થાઓ. (૭)

**આમ છટ્ઠી છત્રીસી સમાપ્ત થઈ.**

●●●

+ **लब्भइ सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो ।**
**इक्कं नवरि न लब्भइ, दुल्लहं रयणसम्मत्तं ॥**

દેવોનું માલિકપણું મળે, અધિપતિપણું મળે એમાં સંદેહ નથી, પણ એક ન મળે - દુર્લભ એવું સમ્યક્ત્વરત્ન.

+ **पयमक्खरं पि इक्कं, जो न रोएइ सुत्तनिद्दिट्ठं ।**
**सेसं रोयंतो वि हु, मिच्छद्दिट्ठी जमालि व्व ॥**

સૂત્રમાં કહેલ એક પદ કે અક્ષરની પણ જે શ્રદ્ધા નથી કરતો તે બાકીનું બધું ય શ્રદ્ધા કરતો હોવા છતાં પણ જમાલીની જેમ મિથ્યાદૃષ્ટિ છે.

+ **ते धन्ना ताण नमो ते चिय चिरजीविणो बुहा ते उ ।**
**जं निरइयारमेयं धरंति सम्मत्तवररयणं ॥**

જેઓ અતિચારરહિત સમ્યક્ત્વરૂપી શ્રેષ્ઠ રત્નને ધારણ કરે છે તેઓ ધન્યવાદને પાત્ર છે, તેમને નમસ્કાર થાઓ, તેઓ લાંબુ જીવનારા છે અને તેઓ પંડિત છે.

श्रीरत्नशेखरसूरिविनिर्मितम्

# गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाकुलकम्

प्रेमीयवृत्तितद्गुर्जरभावानुवादसमलङ्कृतम्

## प्रथमो भागः

( प्रथमवृत्ततः सप्तमवृत्तपर्यन्तः )

समाप्तः

जइवि हु सूरिवराणं, सम्मं गुणकित्तणं करेउं जे।
सक्कोवि नेव सक्कइ, कोऽहं पुण गाढमूढमई ।।३८।।

तहवि हु जहासुआओ, गुरुगुणसंगहमयाउ भत्तीए।
इय छत्तीसं छत्तीसियाउ, भणियाउ इह कुलए ।।३९।।

– गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाकुलकम्

જો કે સૂરિવરોના ગુણોનું સારી રીતે કીર્તન કરવા શક્ક પણ સમર્થ નથી,
તો પછી ગાઢ રીતે મૂઢમતિવાળો હું કોણ? (૩૮)

છતાં પણ શાસ્ત્રોને અનુસારે ભક્તિથી ગુરુના ગુણોના સંગ્રહરૂપ
આ છત્રીસ છત્રીસીઓ આ કુલકમાં કહી છે. (૩૯)

– ગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકાકુલક

MULTY GRAPHICS
(022) 23872222 • 23884222